સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૪ ▪ Volume 68 ▪ Issue 2
▪ વિક્રમ સંવત ૨૦૮૧ ▪ પૌષ સુદ-૧૪ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દિલ્હીને ‘આપ-દા’ સરકારથી મુક્ત કરોઃ અમિત શાહ

## દરેક ઝૂંપડપટ્ટીવાસીને પાકું ઘર આપવાની બાંયધરી આપી

નવી દિલ્હીઃ ભાજપના નેતા અમિત શાહે જણાવ્યું હતું કે દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણીમાં ઝૂંપડપટ્ટીવાસીઓ દિલ્હીને ‘આપ-દા’ (આમ આદમી પાર્ટીની) સરકારથી મુક્ત કરાવીને તેઓ આ ‘મુક્તિ સંગ્રામના યોદ્ધા’ બનશે.

અમિત શાહે અહીં જેએનએલ સ્ટેડિયમ ખાતે ‘ઝૂગ્ગી બસ્તી પ્રધાન સંમેલન’માં દરેક ઝૂંપડપટ્ટીવાસીને પાકું ઘર આપવાની બાંયધરી આપી હતી. કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે ભાજપ જો દિલ્હી વિધાનસભાની ચૂંટણી જીતશે, તો ગરીબો માટે હાલમાં ચાલતી કોઇ કલ્યાણ યોજનાને બંધ નહિ કરે અને ઝૂંપડપટ્ટીવાસીઓને પાકા ઘર આપશે. દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠક માટે પાંચમી ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે અને મતગણતરી આઠ ફેબ્રુઆરીએ યોજાશે. અમિત શાહે જણાવ્યું હતું કે અયોધ્યાના રામમંદિરમાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠાને (હિંદુ કેલેન્ડરની તિથિ મુજબ) એક વર્ષ પૂરું થયું છે. મોદી સરકાર ગરીબોને ઘરમાં ટોઇલેટ બાંધવામાં સહાય કરી રહી છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે દિલ્હીમાંની આમ આદમી પાર્ટીની સરકારે છેલ્લાં દસ વર્ષના શાસન દરમિયાન ‘આપદા’ સર્જી હતી. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે ઝૂંપડપટ્ટીવાસીઓને દગો દીધો હતો અને તેઓની સ્થિતિ બગાડી હતી.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે આમ આદમીની સરકાર દિલ્હીની ઝૂંપડપટ્ટીમાં ટોઇલેટ્સને બદલે પોતાના ‘શીશ મહેલ’ બાંધી રહી છે. મોદી સરકાર ગરીબોને સસ્તાં ઘર, રેશન, દવા, કરજ, રાંધણગૅસ આપી રહી છે, જ્યારે કેજરીવાલે આમાંથી કંઇ નથી કર્યું.

તેમણે જણાવ્યું હતું કે દિલ્હીમાંની ‘આપ’ની સરકાર યમુના નદીની સફાઇ પણ કરાવી નથી શકી અને ‘શીશ મહેલ’ બાંધવા ‘પાપ’ આચરી રહી છે. (એજન્સી)■

# અમેરિકાના અનેક રાજ્યમાં ભારે હિમવર્ષાઃ કટોકટી જાહેર

## સેંકડો ફ્લાઇટ રદ અથવા મોડી પડીઃ શાળાઓ બંધ



એટલાન્ટાઃ અમેરિકાના ટેક્સાસ, ઓક્લાહોમા સહિતના અનેક રાજ્યમાં થઇ રહેલી ભારે હિમવર્ષાને લીધે કેટલાક રાજ્યમાં ઇમર્જન્સી (કટોકટી) જાહેર કરાઇ હતી, સેંકડો ફ્લાઇટ રદ કરાઇ હતી અથવા મોડી પડી હતી અથવા બીજે વાળવાની ફરજ પડી હતી.

ઘણી જગ્યાએ શુક્રવારે રસ્તા પર બરફના થર જામી ગયા હોવાથી વાહનવ્યવહાર માટે બંધ થઇ ગયા હતા અથવા લપસણા બન્યા હતા.

આર્કાન્સાસ અને નોર્થ કેરોલીનામાં સ્થાનિક વહીવટીતંત્રે હિમવર્ષામાં ફસાયેલા લોકોને અને તેઓના વાહનોને સલામત સ્થળે લઇ જવામાં સહાય કરવા માટે નેશનલ ગાર્ડ્સની મદદ લેવાનું શરૂ કર્યું હતું. આર્કાન્સાસમાં ઘણી જગ્યાએ અંદાજે ૩૧ સેન્ટિમીટર જેટલો બરફ પડ્યો હતો.

ટેનેસીમાં મેમ્ફિસ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતે સાત ઈંચથી વધારે બરફ પડ્યો હતો.

લુઇસિયાના, મિસિસિપી, અલબામા અને જ્યોર્જિયામાં પણ પરિસ્થિતિ શુક્રવારે વણસી હતી.

મધ્ય ઓક્લાહોમા અને ઉત્તર ટેક્સાસમાં ઘણી જગ્યાએ બરફનું તોફાન આવ્યું હતું. કેટલાક સ્થળે ત્રણ દિવસથી ભારે હિમવર્ષા થઇ રહી છે.

નોર્થ કેરોલીના, ડેલાસ-ફોર્ટ વર્થ અને નેશવિલેના વિમાનમથકે અસંખ્ય ફ્લાઇટ રદ કરાઇ હતી અથવા કેટલીક ફ્લાઇટને બીજે વાળવામાં આવી હતી.

ટેક્સાસના ગવર્નરે લોકોને શક્ય હોય ત્યાં સુધી વાહન નહિ ચલાવવાની સલાહ આપી હતી. અલબામામાં ઘણી શાળા બંધ કરી દેવાઇ હતી. એટલાન્ટામાં કેટલાક ફ્રીવે ઇન્ટરચેન્જીસ વાહનવ્યવહાર માટે બંધ કરાયા હતા. (એજન્સી)■

# અયોધ્યાના મંદિરમાં રામલલાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી

## ત્રણ દિવસનો મહોત્સવઃ છપ્પન ભોગ, અભિષેક, આરતી, યજ્ઞ, રામકથાનું આયોજન, મંદિરને ફૂલો, રોશનીથી શણગારાયું

અયોધ્યાઃ અહીંના રામમંદિરમાં રામલલાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી ૧૧ જાન્યુઆરી, શનિવારે શરૂ થઇ હતી. આ મહોત્સવ ત્રણ દિવસ સુધી ચાલશે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મંદિરમાં રામલલાના દર્શન કરીને તેમનો અભિષેક કર્યો હતો તેમ જ આરતી ઉતારી હતી.

રામલલાનું મંદિર અંદાજે પચાસ ક્વિન્ટલ ફૂલોથી શણગારાયું હતું. રામલલાને છપ્પન ભોગ ચઢાવાયો હતો અને બાદમાં તે પ્રસાદ તરીકે દર્શનાર્થીઓમાં વહેંચાયો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪માં ૨૨ જાન્યુઆરીએ રામલલાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને હિંદુ પંચાગ મુજબ ત્યારે પૌષ માહના શુકલ પક્ષની દ્વાદશી તિથિ હતી. તેને કૂર્મ તિથિ પણ કહેવાય છે અને આ તિથિ ચાલુ વર્ષે ૨૦૨૫માં ૧૧ જાન્યુઆરીએ આવતી હોવાથી પ્રથમ વર્ષગાંઠ તે દિવસથી ઊજવવાનું શરૂ કરાયું હતું.

મંદિરમાં રાતે ભવ્ય રોશની કરાઇ હતી. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

મોદીએ સોશિયલ મીડિયા ‘એક્સ’ પર લખ્યું હતું કે હું રામમંદિરમાંની રામલલાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે બધાને શુભેચ્છા પાઠવું છું. અનેક સદી દરમિયાન અસંખ્ય લોકોના બલિદાન બાદ આ મંદિરનું નિર્માણ થયું હતું અને તે દેશના ભવ્ય સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું તેમ જ વિકસિત ભારત માટેની કટિબદ્ધતાનું પ્રતીક છે.

યોગી આદિત્યનાથે પણ સોશિયલ મીડિયા ‘એક્સ’ પર ‘જય જય શ્રી રામ’ લખ્યું હતું.

ત્રણ દિવસ સુધી ચાલનારી ઉજવણીમાં ભાગ લેવા ઓછામાં ઓછા ૧૧૦ મહાનુભાવને પણ આમંત્રણ અપાયું છે. અહીં રોજ ‘રામકથા’ સંભળાવાય છે અને ‘યજ્ઞ’ કરાય છે. (એજન્સી)



**આરતી-પૂજાઃ** અયોધ્યાના રામમંદિરમાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠાની (હિંદુ કેલેન્ડરની તિથિ મુજબ) પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે આરતી-પૂજા કરી રહેલા ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (પીટીઆઇ)



**પતંગપ્રેમઃ** અમૃતસરમાં શનિવારે લોહડી તહેવારની ઉજવણી કરવા બાઇક પર પતંગો લઇ જતાં પતંગપ્રેમીઓ. (પીટીઆઇ)

# વેનેઝુએલામાં વિરોધ વચ્ચે માડુરોએ પ્રમુખ તરીકે સોગંદ લીધા

કારાકસ : વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માડુરોને શુક્રવારે નવી મુદત માટે સોગંદ લેવડાવામાં આવ્યા હતા. માડુરોએ આ રીતે નવેસરના વિરોધ અને અમેરિકા અને બીજા દેશોના ઠપકા છતાં તેમનું દમનકારી શાસન લંબાવ્યું છે. અમેરિકા અને બીજા દેશો માને છે કે ગયા વર્ષની ચૂંટણી તેમણે આંચકી લીધી હતી.

વેનેઝુએલાના લેજિસ્લેટીવ પેલેસમાં માડુરોએ સોગંદ લીધા હતા અને જોરદાર પ્રવચન આપ્યું હતું. ગયા વર્ષની વિવાદાસ્પદ ચૂંટણી બાદ માડુરોને સાથ આપનારા સુરક્ષા દળોએ સોગંદવિધિ સમારોહ વખતે તેમનું રક્ષણ કર્યું હતું. માડુરોની તરફેણ કરતા ટી-શર્ટ પહેરેલા તેમના સમર્થકો બાજુની ગલીમાં અને નજીકના પ્લાઝામાં એકઠા થયા હતા. માડુરોએ પોતાની સરખામણી ગોલીયાથ સામે લડી રહેલા બાઈબલમાંના ડેવિડ સાથે કરી હતી. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે મારા હરીફો અને અમેરિકામાંના ટેકેદારો મારા નવા કાર્યકાળને ‘વિશ્વયુદ્ધ’માં ફેરવી દીધો છે. તેમણે કહ્યું હતું કે મારા વિરોધીઓ ત્રીજી વાર માટેની છ વર્ષની મારી મુદત અટકાવવામાં અસફળ રહ્યા છે. આ વેનેઝુએલાની શાંતિ અને સાર્વભૌમત્વનો મોટો વિજય છે. તેમણે કહ્યું હતું કે મને અમેરિકાની સરકાર કે લેટિન અમેરિકાની સામ્રાજયવાદી સરકારોએ પ્રમુખ બનાવ્યો નથી. મને લોકોએ ચૂંટ્યો છે..હું લોકોનો છું અને મારી સત્તા ઈતિહાસમાંથી અને લોકોમાથી આવે છે. મારું આખું જીવન, શરીર અને આત્મા દેશના લોકોને સમર્પિત છે. એક બાજુ કારાકસમાં માડુરોના સમર્થકોએ તેમને ટેકો આપ્યો હતો તો બીજી બાજુ વેનેઝુએલાના સેંકડો લોકોએ ગલીઓમાં ભેગા થઈને માડુરોએ સત્તા કબજે કરી એનો વિરોધ કર્યો હતો. આ વિરોધ શાંતિથી થયો હતો. જોકે વિરોધ પ્રદર્શનનો અંત થયો કે ભૂતપૂર્વ સાંસદ મારિયા કોરિના મચાડોએ આક્ષેપ કર્યો હતો કે સુરક્ષા દળોએ મને અટકમાં લીધી હતી. મચાડોના ચૂંટણી લડવા પર સરકારે પ્રતિબંધ મૂક્યો હતો. ■

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં

## ૪૭ દેશના ૧૪૩ અને ભારતના બાવન પતંગબાજોએ ભાગ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો. આ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ અને ભારતનાં ૧૧ રાજ્યોમાંથી બાવન પતંગબાજોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ગુજરાતનાં ૧૧ શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. દર વર્ષે દેશ અને દુનિયાના એમ્બેસેડર્સ આ પતંગ મહોત્સવ જોવા ગુજરાત આવે છે. આ વર્ષે કુલ ૧૧ જેટલા દેશોના એમ્બેસેડર ગુજરાત આવ્યા છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાયણના આ તહેવારને ‘આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ’ તરીકે વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. એટલું જ નહિ પતંગોના આ પર્વને આધુનિક આયામો આપ્યા અને સાથોસાથ પ્રવાસન સાથે આ ઉત્સવને પણ જોડ્યો છે. પતંગોત્સવ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ગયો છે. દર વર્ષે દેશ અને દુનિયાના એમ્બેસેડર્સ આ પતંગ મહોત્સવ જોવા ગુજરાત આવે છે. આ વર્ષે કુલ ૧૧ જેટલા દેશોના એમ્બેસેડર ગુજરાત આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે વિશ્વમાં ગુજરાતને ઓળખ મળી છે. અમદાવાદ, નડિયાદ, ખંભાત તેમ જ સુરત કાઈટ મેન્યુફેક્ચરિંગના હબ બન્યા છે. એટલું જ નહિ, આજે દેશના પતંગ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતમાંથી દર વર્ષે પતંગો અમેરિકા, યુ.કે., કેનેડા જેવા દેશોમાં એક્સપોર્ટ પણ થાય છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પ્રવાસન પ્રધાન મૂળુભાઈ બેરાએ કહ્યું કે, ગુજરાત રાજ્યમાં દર વર્ષે આયોજિત થનાર આ પતંગ મહોત્સવ સૌને વિકાસની દિશામાં ઊડવાની પ્રેરણા આપે છે. આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ■



**પતંગોત્સવઃ** અમદાવાદમાં શનિવારે ‘આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ’ના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને અન્ય અધિકારીઓ. (પીટીઆઇ)

# છત્તીસગઢ સાયલો ક્રેશઃ ત્રણ કામદારોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા, મૃતકોની સંખ્યા વધીને ચાર થઈ

મુંગેલી : છત્તીસગઢના મુંગેલી જિલ્લામાં એક સ્મેલ્ટિંગ પ્લાન્ટમાં ૪૨ કલાકની કામગીરી બાદ શનિવારે ત્રણ કામદારના મૃતદેહ કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, જેના કારણે મૃત્યુઆંક ચાર થયો હતો. મુંગેલી જિલ્લાના રામબોડ ગામ નજીક સ્થિત કુસુમ સ્મેલ્ટર્સ પ્રાઇવેટ લિમિટેડમાં ગુરુવારે, ૩૫૦ ટનથી વધુ વજનનું ફ્લાય એશ સ્ટોરેજ સ્ટ્રક્ચર તૂટી પડતાં એક મજૂરનું મોત થયું હતું અને એક ઘાયલ થયો હતો.

મુંગેલીના પોલીસ અધિક્ષક ભોજરામ પટેલે જણાવ્યું હતું કે, “૪૦૦થી વધુ કર્મચારીઓ સહિત અનેક એજન્સીઓની બચાવ ટીમોએ શોધખોળ શરૂ કરી હતી. મશીનો, ક્રેન અને ગેસ કટરનો ઉપયોગ કરીને શોધ અને બચાવ કામગીરી ગુરુવારે બપોરે શરૂ કરવામાં આવી હતી. ૪૨ કલાક ચાલેલી બચાવ કામગીરી દરમિયાન, લોખંડનું માળખું ખસેડાયું હતું અને ફ્લાય એશ દૂર કરવામાં આવી હતી, જેના કારણે શનિવારે સવારે ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા, એમ પટેલે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ત્રણ મૃતક કામદારોની ઓળખ બિલાસપુર જિલ્લાના રહેવાસી જયંત સાહુ (૩૫), બાલોદાબજાર જિલ્લાના રહેવાસી પ્રકાશ યાદવ (૨૦) અને જાંજગીર-ચંપા જિલ્લાના રહેવાસી અવધેશ કશ્યપ (૩૨) તરીકે થઈ છે. ગુરુવારે માર્યા ગયેલા મજૂરની ઓળખ મનોજ કુમાર ધૃતલાહરે (૩૫) તરીકે થઈ છે. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૨-૧-૨૦૨૫ થી તા. ૧૮-૧-૨૦૨૫

ગ્રહગોચરઃ આ સપ્તાહમાં સૂર્યનારાયણ તા. ૧૪મીએ મકર રાશિમાં સંક્રમણ કરે છે. વક્રી મંગળ કર્ક રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. માર્ગીબુધ ધનુ રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ વક્રી ગતિએ વૃષભ રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શુક્ર કુંભ રાશિમાં અતિચારી ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મિથુન રાશિમાં રહે છે. તા. ૧૪મીએ કર્ક, તા. ૧૬મીએ સિંહ, તા. ૧૮મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં તથા લાંબા સમયના નાણારોકાણના કામકાજમાં સફળતા મેળવશો. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૮ શુભ જણાય છે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય છે. મિલકતના લેવડદેવડના કામકાજ સફળ રહેશે. સપ્તાહના અંતે સંતાનના મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે મહિલાઓને સફળતા જણાશે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટેના પ્રયત્નો આ સપ્તાહમાં સફળતા દર્શાવે છે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. સપ્તાહના અંતિમ ચાર સત્ર શૅરબજારના કામકાજ માટે લાભદાયી જણાશે. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૬, ૧૭ શુભ જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય છે. નવા કામકાજનો પ્રારંભ પણ થાય. નાણાંની આવક આ સપ્તાહમાં સરળતાથી પ્રાપ્ત કરશો. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી પણ સફળ નીવડશે. ગૃહિણીઓને સંતાનના કામકાજ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિત રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાય છે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૮ શુભ જણાય છે. તા. ૧૪મી, ૧૫મીએ કાર્યક્ષેત્રે વાટાઘાટો સફળ નીવડશે. જૂની નાણાંની ઉઘરાણીની વસૂલી સફળતાથી પૂર્ણ કરી શકશો. કારોબારના વિકાસ માટેના પ્રયત્નો સફળ નીવડશે. કારોબારમાં કાર્યક્ષમતા, આવડત, અનુભવ પૂર્ણપણે ઉપયોગી પુરવાર થશે. મહિલાઓને કુટુંબના સભ્યોનો સહયોગ મળી રહેશે. વિદ્યાર્થીઓ નબળા વિષયમાં માર્ગદર્શન મેળવશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના લેવડદેવડના કામકાજમાં સફળતા મેળવશો. નોકરી માટે તા. ૧૪, ૧૫, ૧૭ સકારાત્મક પરિણામો દર્શાવે છે. નોકરીના ભાગીદારનો સહયોગ મેળવશો. નોકરીમાં યશ મેળવશો. કારોબારની નાણાંની આવક નિયમિત જળવાશે. જૂનાં કાનૂની સવાલોનો ઉકેલ આવશે. મહિલાઓને પરિવારની જવાબદારીઓમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે તથા સહપરિવાર યાત્રા પ્રવાસ પણ શક્ય જણાય છે. વિદ્યાર્થીઓને કુટુંબીજનોનો સહયોગ અધ્યયનમાં પ્રાપ્ત થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણની મનેચ્છા ગોચરફળ સાકાર થતી દર્શાવે છે. નોકરીમાં તા. ૧૨, ૧૩, ૧૮ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં યશસ્વીપણું અનુભવશો. સપ્તાહમાં સામાજિક, કૌટુંબિક પ્રતિષ્ઠા ઉમેરાશે. કાર્યક્ષેત્રે આયોજનો સફળ નીવડશે. મહિલાઓને સંતાનની જવાબદારી પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નબળા વિષયમાં જરૂરી માર્ગદર્શન મેળવશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં યશ, પ્રતિષ્ઠા, માન, આવડત અને અનુભવ પરત્વે આત્મવિશ્વાસ પણ દઢ બનશે. તા. ૧૪, ૧૫, ૧૬ નોકરી માટે અનુકૂળ જણાય છે. નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. ભાગીદારના વિવાદો દૂર થશે. કારોબારના મિત્રોમાં સંપ વધશે. પરિવર્તનો અને નવીનતાને અપનાવવાના પ્રયત્નોમાં સફળતા મેળવશો. અર્થવ્યવસ્થા વધુ સુદઢ બનશે. મહિલાઓના સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો અનુભવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયનું જ્ઞાન મેળવવામાં અનુકૂળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું જ્ઞાન, નવીન કાર્યપદ્ધતિને અનુસરશો. તા. ૧૪, ૧૫, ૧૬, નોકરીમાં પ્રગતિ દર્શાવે છે. નોકરીની જવાબદારીઓ પૂર્ણ કરી શકશો. વેપારમાં નવા નિયમો અપનાવી શકશો. નાણાંવ્યવસ્થાને વધુ સક્ષમ, પ્રવાહી અને ઉપયોગી બનાવી શકશો. ભાગીદારીના કામકાજ સફળ બની રહેશે. મહિલાઓને નબળા આરોગ્યમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૧૬, ૧૭, ૧૮ નોકરીના કામકાજમાં સફળતા દર્શાવે છે. નોકરીના જટીલ પ્રકારના કામકાજમાં સહકાર્યકરો અને ઉપરી અધિકારી પણ ઉપયોગી થશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. નવા કારોબારનો પ્રારંભ થાય. નાણાંઆવકના સાધનનો ઉમેરો થશે. ગૃહિણીઓના વ્યવહાર યશસ્વી પુરવાર થશે. વિદ્યાર્થીઓને શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થાય.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાંવ્યવસ્થા વધુ સબળ પુરવાર થશે. વેપારના કામકાજ પણ સફળતાથી જાળવી શકશો. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૭, ૧૮ શુભ જણાય છે. રાજકારણ અને સમાજસેવાની પ્રવૃત્તિઓમાં પ્રગતિ અને સફળતાનો સંતોષ મેળવશો. વાહનની ખરીદીમાં જન્મકુંડળીના આધારે નિર્ણયો લેવા જરૂરી છે. ગૃહિણીઓને પ્રાસંગિક જવાબદારીમાં પુરુષાર્થની આવશ્યકતા છતાંય અન્યનો સહયોગ મેળવી સફળતા મેળવી શકશો. વિદ્યાર્થીઓ નવા વિષયનું જ્ઞાન મેળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક વેપાર, સાપ્તાહિક વેપાર તથા રોકાણના નિર્ણયોનો પણ અમલ કરી શકશો. બજારને સમજવામાં પડતી મુશ્કેલીમાં માર્ગદર્શન પણ મેળવશો. નોકરી માટે પ્રવાસ પણ શક્ય જણાય છે. આ સપ્તાહમાં કુટુંબની અર્થવ્યવસ્થા જાળવવાના નિર્ણયો પણ સફળતાથી લઈ શકશો. મહિલાઓને પડોશ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા જાળવવામાં સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું જ્ઞાન મેળવશો. કાર્યદક્ષતા, અનુભવ, આત્મવિશ્વાસ દ્વારા બજારના દૈનિક કામકાજમાં ધ્યાન આપી શકશો. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૭ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોનો સહયોગ મેળવશો. નાણાંઆવકના નવા સાધનો સ્થાપિત કરી શકશો. કોર્ટ–કાનૂની ગતિવિધિઓ આ સપ્તાહમાં પૂર્ણ થશે. નિયમિતતા જાળવવા માટે મહિલાઓને નોકરીમાં ઉપરી અધિકારી ઉપયોગી થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા મિત્રો પ્રાપ્ત કરશે તથા અધ્યયનમાં માર્ગદર્શન પણ પ્રાપ્ત કરી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનું રોકાણ નાણાંપ્રાપ્તિ માટે ઉપયોગી પુરવાર થશે. નોકરીમાં તા. ૧૨, ૧૩, ૧૭, ૧૮ સકારાત્મક પરિણામો દર્શાવે છે. નોકરીમાં પરિવર્તનો પણ શક્ય જણાય છે. ભાઈ–બહેનો સાથે આ સપ્તાહમાં સંપ જળવાશે. સપ્તાહમાં યશ મેળવશો. સપ્તાહની મહિલાઓની પ્રવૃત્તિઓ સફળ બનતી જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો અનુકૂળ પુરવાર થશે.

## આજનું પંચાંગ

(સૌર હેમંતઋતુ પ્રારંભ), રવિવાર, તા. ૧૨–૧–૨૦૨૫,પારસી ૬ઠ્ઠો શહેરેવર માસારંભ

ભારતીય દિનાંક ૨૨, માહે પૌષ, શકે ૧૯૪૬

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ– ૧૪

જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ–૧૪

પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩

મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬

મીસરી રોજ ૧૩મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬

નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૧૧–૨૪ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૧, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

ભરતી :સવારે ક.૧૦–૧૯ રાત્રે ક. ૨૩–૪૦

ઓટઃ બપોરે ક. ૧૬–૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૫૪ (તા.૧૨)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ – ચતુર્દશી. પારસી ૬ઠ્ઠો શહેરેવર માસારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૦૨. (તા. ૧૩).

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી માતાનું પૂજન, ગાયત્રી હવન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, પુરુષ સુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શીવ પૂજા, રાહુ દેવતાનું પૂજન, અગરનાં ઔષધીય પ્રયોગો, ખેરનું વૃક્ષ વાવવું, ચંદ્ર બળ જોઇ સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરમાં પાટ અભિષેક પૂજા, ધજા–કળશ–પતાકા ચઢાવવી. બગીચાનાં કામકાજ, નિત્ય થતાં દુકાન, વેપાર, પશુ લે–વેચ, સ્થાવર લેવડ દેવડ, ખેતીવાડીનાં કામકાજ, બી વાવવું.

આચમનઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ ભીરુ સ્વભાવનાં, ચંદ્ર–બુધ પ્રતિયુતિ ચાલાક, મંગળ–નેપ્ચૂન ત્રિકોણ ઉત્સાહી, ચંદ્ર–શુક્ર ત્રિકોણ કળાપ્રેમી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ, ચંદ્ર–બુધ પ્રતિયુતિ, મંગળ–નેપ્ચૂન ત્રિકોણ (તા. ૧૩), ચંદ્ર–શુક્ર ત્રિકોણ (તા. ૧૩).

ગ્રહગોચરઃ સૂર્ય–ધનુ, વક્રી મંગળ–કર્ક, બુધ–ધનુ, વક્રી ગુરુ–વૃષભ, શુક્ર– કુંભ, માર્ગી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ–મેષ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૨–૧–૨૦૨૫ થી તા. ૧૮–૧–૨૦૨૫

રવિવાર, પૌષ સુદ–૧૪, વિ. સં. ૨૦૮૧, તા. ૧૨મી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૧૧–૨૪ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. પારસી ૬ઠ્ઠો શહેરેવર માસારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૦૨. (તા. ૧૩). શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, પૌષ સુદ–૧૫, તા. ૧૩મી નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૧૦–૩૭ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮–૧૮ સુધી (તા. ૧૪મી), પછી કર્ક રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂર્ણિમા. શાકંભરી પૂર્ણિમા, પુષ્યાભિષેક યાત્રા, અંબાજીનો પ્રાક્ટોત્સવ, શાકંભરી નવરાત્રિ સમાપ્ત, માઘ સ્નાનારંભ, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬–૨૪ સુધી, લોહરી (કાશ્મીર), ભોગી (દક્ષિણ ભારત) અન્વાધાન. સામાન્ય દિવસ.

મંગળવાર, પૌષ વદ–૧, તા. ૧૪મી, નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૧૦–૧૬ સુધી, પછી પુષ્ય. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, ધનુર્માસ સમાપ્ત, મકર સંક્રાંતિ, નિરયન સૂર્ય મકર રાશિમાં સવારે ક. ૦૮–૫૪, મું. ૪૫, સમર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ ૦૮–૫૪થી સૂર્યાસ્ત. તૈ પોંગલ (કેરાલા), પોંગલ (દક્ષિણ ભારત), માઘબિહુ (આસામ), મકરાદિસ્નાન, તૈલ સંક્રાંતિ.પ્રયાગરાજમાં કુંભમેળાનું પ્રથમ શાહી સ્નાન માંગલિક , સાંસારિક શુભ કાર્ય વર્જ્ય છે.ધર્મ પર્વ નિયમ પાલનનો શ્રેષ્ઠ પર્વયોગ.

બુધવાર, પૌષ વદ–૨, તા. ૧૫મી, નક્ષત્ર પુષ્ય સવારે ક. ૧૦–૨૭ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. કરિદિન. શુભ કાર્યો વર્જ્ય છે.

ગુરુવાર, પૌષ વદ–૩, તા. ૧૬મી, નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૧૧–૧૬ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સવારે ક. ૧૧–૧૬ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. શ્રી દયાનંદગીરી ગુરુ બ્રહ્મગીરી યાને શ્રી મુંડિયાસ્વામી પુણ્યતિથિ. ભદ્રા બપોરે ક. ૧૫–૩૯ થી મધ્યરાત્રિ પછી ક. ૨૮–૦૬. શુભ દિવસ.લગ્ન,ખાત મુહૂર્ત.

શુક્રવાર, પૌષ વદ–૪, તા. ૧૭મી, નક્ષત્ર મઘા ૧૨–૪૪ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૧–૩૧, સામાન્ય દિવસ.લગ્ન.

શનિવાર, પૌષ વદ–૫, તા. ૧૮મી નક્ષત્ર પૂર્વા ફાલ્ગુની બપોરે ક. ૧૪–૫૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૧–૨૭ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. પંચમી વૃદ્ધિ તિથિ છે. શુભ કાર્ય વર્જ્ય છે.

# ઓડિયાના વિદ્વાને પીએમ નરેન્દ્ર મોદી પર સંસ્કૃતમાં 'મહાકાવ્ય' લખ્યું

બહેરામપુર (ઓડિશા) : ઓડિશાના ગંજમ જિલ્લાના એક સંસ્કૃત વિદ્વાને સંસ્કૃત ભાષામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જીવન અને કાર્યો પર 'મહાકાવ્ય' લખ્યું છે.

રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટી, તિરુપતિના સહયોગી પ્રોફેસર સોમનાથ દાશ દ્વારા લખાયેલ અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, ગુજરાત દ્વારા પ્રકાશિત ૭૦૦ પાનાની કૃતિ 'નરેન્દ્ર આરોહણમ' ગયા અઠવાડિયે વેરાવળ ખાતે આયોજિત યુવા મહોત્સવમાં રજૂ કરવામાં આવી હતી.

આ પુસ્તકમાં અંગ્રેજી અને હિન્દી વર્ણનો સાથે ૧૨ પ્રકરણોમાં ૧,૨૦૦ શ્લોક છે. તેમાં મોદીના જીવન પ્રવાસ, તેમના બાળપણનાં કાર્યો, ગુજરાતમાં મુખ્ય પ્રધાન તરીકે અને તેમના બીજા કાર્યકાળ સુધીના વડા પ્રધાન તરીકેનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

૪૮ વર્ષીય એસોસિયેટ પ્રોફેસરે કહ્યું કે, ''ગુજરાતના એક સામાન્ય પરિવારમાં જન્મેલા, મોદીએ તેમના જીવનમાં ઘણા ઉતાર–ચઢાવ જોયા અને આજકાલ વિશ્વના તમામ યુવાનો માટે એક આદર્શ બન્યા છે. તેમની તપસ્વી રાજકીય યાત્રા અને જીવનમાં સંઘર્ષ હંમેશાં ઇતિહાસમાં અંકિત રહેશે. તેથી મેં આવા વ્યક્તિત્વના જીવન અને કાર્યોને સંસ્કૃતમાં લખવાનું નક્કી કર્યું.''

દાશે કહ્યું કે તેમને પુસ્તક પૂર્ણ કરવામાં ચાર વર્ષથી વધુ સમય લાગ્યો, જે માટે સંસ્કૃત પ્રોફેસરો સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓએ પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં.

દાશે કહ્યું કે જોકે તેઓ ક્યારેય મોદીને મળ્યા નથી, અને તેમણે વિવિધ પુસ્તકો, જર્નલો, તેમનાં ભાષણો અને તેમના માસિક રેડિયો વાર્તાલાપ 'મન કી બાત' અને અન્યમાંથી વડા પ્રધાનના જીવન અને કાર્યો પર સામગ્રી એકત્રિત કરી છે.

# મોદી આજે આખો દિવસ યુવાનો સાથે વિતાવશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી રવિવારનો આખો દિવસ યુવાનો સાથે વિતાવવાના છે. તેઓ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે યોજાનારી ઉજવણીમાં ભાગ લેશે.

આ પ્રસંગે યોજાનારા 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ'માં એક લાખ યુવાનથી વધુ યુવાનો ભાગ લે એવી આશા છે. મોદી તેમાંના આશરે ૩,૦૦૦ યુવાનને જાતે મળીને તેઓની સાથે વાતચીત પણ કરશે. મોદીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે હું રવિવારનો આખો દિવસ દેશભરમાંથી આવેલા 'મારા યુવાન મિત્રો'ની સાથે વિતાવવાનો છું. હું તેઓની સાથે વાતચીત કરીશ અને બપોરનું ભોજન પણ તેઓ સાથે જ લઇશ.

તેમણે જણાવ્યું હતું કે હું જે યુવાનોને મળવાનો છું, તેઓ વિજ્ઞાન, ટૅક્નોલૉજી, શોધખોળ, સંસ્કૃતિ અને અન્ય વિવિધ ક્ષેત્રે ઘણો રસ ધરાવે છે અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપી રહ્યા છે.

રાષ્ટ્રીય યુવા મહોત્સવ પારંપરિક રીતે યોજવાની પ્રણાલીને મોદી તોડવાના છે અને આખો દિવસ યુવાનોની સાથે વિતાવીને વિચારની આપલે કરશે. આ પ્રસંગે ૧૦ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરાશે. (એજન્સી)



**અદ્ભુત કરતબઃ**

બેંગલૂરુમાં ૭૭મા ભારતીય લશ્કર દિનની તૈયારીના ભાગરૂપે 'નૉ યોર આર્મી' (તમારા લશ્કરને ઓળખો) પ્રદર્શન દરમિયાન અદ્ભુત કરતબ બતાવી રહેલા કોર્પ્સ ઑફ મિલિટરી પોલીસના જવાનો. (પીટીઆઇ)

# લુધિયાણામાં આપના ધારાસભ્યનું શંકાસ્પદ હાલતમાં મૃત્યુ

લુધિયાણાઃ આમ આદમી પાર્ટીના લુધિયાણા પશ્ચિમના ધારાસભ્ય ગુરપ્રીત ગોગી બસ્સીનું શુક્રવારે મોડી રાતે ઘરે શંકાસ્પદ હાલતમાં ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું. ગોળી તેમના માથામાં વાગી હતી, પરંતુ કોણે ચલાવી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

ડીસીપી જસકરણ સિંહ તેજાએ જણાવ્યું કે, ગુરપ્રીત ગોગીનું હૉસ્પિટલ પહોંચતા સુધીમાં મૃત્યુ થઈ ગયું હતું. ઘટના રાતે લગભગ ૧૨ વાગે બની હતી. મોતનું સાચું કારણ જાણવાપોસ્ટ મોર્ટમ કરવામાં આવશે. ગોળીનો અવાજ સાંભળીને ઘરના સભ્યો તથા સુરક્ષામાં તહેનાત લોકો રૂમમાં પહોંચ્યા હતા. જ્યાં તેઓ લોહીલુહાણ પડ્યા હતા. તેમને તરત જ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તપાસીને મૃત જાહેર કર્યા હતા.

# માંડવિયાએ રાષ્ટ્રીય યુવા મહોત્સવ ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું

નવી દિલ્હી : રમતગમત પ્રધાન મનસુખ માંડવિયાએ શનિવારે અહીં વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ અને રાષ્ટ્રીય યુવા મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું.

ભારત મંડપમ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ભારતભરના ૩૦૦૦થી વધુ યુવા નેતાઓ વિવિધ વિષયોની ચર્ચાઓ અને સર્જનાત્મક સ્પર્ધાઓ માટે ભેગા થાય છે.

ઉપસ્થિત નોંધપાત્ર વ્યક્તિઓમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્ય કક્ષાના પ્રધાન

રક્ષા ખડસે, મહિન્દ્રા ગ્રૂપના ચેરમેન આનંદ મહિન્દ્રા, ઇસરોનાં વડા એસ. સોમનાથ અને પત્રકાર પાલકી શર્મા ઉપાધ્યાયનો સમાવેશ થાય છે.

માંડવિયાએ પોતાના સંબોધનમાં ભારતના ભવિષ્યને ઘડવામાં યુવાનોની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે કહ્યું કે આજનો કાર્યક્રમ યુવાનો દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે અને યુવાનો માટે છે અને સહભાગીઓને રાષ્ટ્રની પ્રગતિમાં સક્રિયપણે યોગદાન આપવા વિનંતી કરી હતી.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ૧૨ જાન્યુઆરીએ, કાર્યક્રમના સમાપન દિવસે વડા પ્રધાન અને પસંદગીના યુવા નેતાઓ વચ્ચેની વાતચીત હશે.

૩,૦૦૦ સહભાગીઓમાંથી, ૨૦ અપવાદરૂપ યુવા નેતાઓને બપોરના ભોજનમાં વડા પ્રધાનને મળવાની અને મહિલા સશક્તિકરણ અને અન્ય મુખ્ય પડકારો જેવા મુદ્દાઓ પર તેમના નવીન વિચારો રજૂ કરવાની તક મળશે.

# બંગાળઃ હૉસ્પિટલમાં બાળકોને જન્મ આપ્યા બાદ એક મહિલાનું મોત, ચારની હાલત ગંભીર

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં મિદનાપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ(એમએમસીએચ)માં બાળકોને જન્મ આપ્યા બાદ એક મહિલાનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ચારની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. આ જાણકારી એક અધિકારીએ શનિવારે આપી હતી.

મૃતક મહિલાના પરિવારજનોએ આરોપ લગાવ્યો હતો કે નસમાં(આઇવી) પ્રવાહી તરીકે આપવામાં આવેલ રિંગર લેક્ટેટ એક્સપાયર થયેલું હતું. જે તેના મૃત્યુ માટે જવાબદાર હતું. તેઓએ કોતવાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બુધવારે બાળકને જન્મ આપ્યા બાદ શુક્રવારે મહિલાનું મોત નીપજ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે એક મહિલાના મૃત્યુ અને ચાર અન્ય મહિલાઓની તબિયત લથડ્યા બાદ મૃતકના પતિ દ્વારા કોતવાલી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ બાદ રાજ્યના આરોગ્ય વિભાગે આ મામલાની તપાસ માટે ૧૩ સભ્યોની પેનલની રચના કરી છે.

રાજ્યના આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે મિદનાપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલાનું મૃત્યુ થયું છે. કેટલાકની હાલત ગંભીર છે. પરિવારના સભ્યોએ આરોપ લગાવ્યો છે કે નસમાં(આઇવી) પ્રવાહી તરીકે આપવામાં આવતું રિંગર લેક્ટેટ(આરએલ) એક્સપાયર થયેલું હતું. અમને મૃતક મહિલાના પતિ અને અન્ય મહિલા દર્દીઓના પરિવારના સભ્યો તરફથી ફરિયાદો મળી છે.

આ મામલે તપાસ આરંભી દેવાઇ છે. હોસ્પિટલનાં સૂત્રોના જણાવ્યા મુજબ આરએલના નમૂના લેવામાં આવ્યા છે અને ડ્રગ કંટ્રોલ વિભાગના રિપોર્ટની રાહ જોવાઇ રહી છે. તેમણે કહ્યું કે રિપોર્ટ મળ્યા પછી મામલો સ્પષ્ટ થઇ જશે. મૃતક મહિલા દ્વારા જન્મેલું બાળક હજુ પણ એમએમસીએચમાં દાખલ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

# જો બાઇડન બુધવારે રાષ્ટ્રને સંબોધશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના વિદાય લઇ રહેલા પ્રમુખ જો બાઇડન બુધવારે ઑવલ ઑફિસ ખાતેથી રાષ્ટ્રને સંબોધશે. આ તેમનું વિદાય વખતનું પ્રવચન રહેશે.

જો બાઇડને અમેરિકાના ચૂંટાયેલા નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પ્રમુખ પદના શપથ વીસમી જાન્યુઆરીએ લે, તેના પાંચ દિવસ પહેલાં રાષ્ટ્રને સંબોધવાનું નક્કી કર્યું હતું. બાઇડન ૨૦ જાન્યુઆરીએ બપોરે પ્રમુખનો હોદ્દો છોડશે.

બાઇડને રુઝવેલ્ટ રૂમ ખાતે શુક્રવારે જણાવ્યું હતું કે હું નથી માનતો કે પ્રમુખપદની સ્પર્ધામાંથી મારા નીકળી જવાથી ડોનલ્ડ ટ્રમ્પને ચૂંટણી જીતવામાં ફાયદો થયો હોય. હું અને કમલા હેરીસ ચૂંટણીમાં કદાચ ટ્રમ્પને હરાવી શક્યા હોત. મેં ચૂંટણીમાંની ઉમેદવારી પાછી ખેંચી, કારણ કે મને વિશ્વાસ હતો કે કમલા જીતશે, પણ એવું નહોતું થયું. હવે જરૂર આપણા પક્ષને વધુ મજબૂત બનાવવાની છે.

પ્રેસ સેક્રેટરી કેરીન જીન–રિયરે પત્રકારોને જણાવ્યું હતું કે જો બાઇડને અંદાજે પચાસ વર્ષ સુધી વિવિધ હોદ્દા પર રહીને દેશની સેવા કરી હતી. દેશની ભાવિ પ્રગતિ માટેના તેમના વિચાર સ્પષ્ટ છે. તેમણે અનેક વૈશ્વિક મુદ્દે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. (એજન્સી)

# દિલ્હી ચૂંટણી પહેલા પાર્ટીઓની મહિલા મતદારોને રેવડી આપવાની હોડ

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા, બધી મુખ્ય પાર્ટીઓ સીધી રોકડ ટ્રાન્સફર દ્વારા મહિલા મતદારોને આકર્ષિત કરી રહી હોય તેવું લાગે છે.

મુખ્ય રાજકીય દાવેદારો, ભારતીય જનતા પાર્ટી (ભાજપ), આપ અને કૉંગ્રેસ, દરેકે મહિલાઓ માટે નાણાકીય સહાય યોજનાઓનું વચન આપ્યું છે, જે દિલ્હીના મતદારોના ૪૬.૨ ટકા છે. દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા ૬ જાન્યુઆરીના રોજ પ્રકાશિત અંતિમ મતદાર યાદી અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં કુલ ૧૫૫૨૪૮૫૮ નોંધાયેલા મતદારો છે, જેમાં ૮૩૪૯૬૪૫ પુરુષ મતદારો અને ૭૧૭૩૯૫૨ મહિલા મતદારો છે.

મહિલા મતદારોને આકર્ષવા આપે મહિલાઓને દર મહિને ૨૧૦૦ રૂપિયાનું વચન આપ્યું છે

એના પ્રતિકાર તરીકે, ભાજપે મહિલાઓ માટે માસિક રૂ. ૨૫૦૦ની સહાયનો પ્રસ્તાવ મૂક્યો છે.

કૉંગ્રેસે પાછળ ન રહીને, પોતે ચૂંટાય તો મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

આ જાહેરાતોનો મતદાર નોંધણી ગતિશીલતા પર નોંધપાત્ર પ્રભાવ પડ્યો છે. ૧૬ ડિસેમ્બરથી ૬ જાન્યુઆરી દરમિયાન, દિલ્હીના મુખ્ય ચૂંટણી કાર્યાલયને નવા મતદાર નોંધણી માટે અભૂતપૂર્વ ૫.૧ લાખ અરજીઓ મળી હતી, જેમાંથી લગભગ ૭૦ ટકા (આશરે ૩.૪ લાખ) મહિલાઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

# આસામમાં ૧૦ મહિનાના અને પોંડિચેરીમાં ત્રણ વર્ષના બાળકને એચએમપીવીની અસર

ડિબ્રુગઢઃ આસામમાં ૧૦ મહિનાના બાળકમાં હ્યુમન મેટાન્યૂમોવાયરસ (એચએમપીવી) સંક્રમણનો પહેલો કેસ સામે આવ્યો છે. જે આ સિઝનનો પહેલો કેસ છે. આ જાણકારી અધિકારીઓએ શનિવારે આપી હતી. આ સિવાય પોંડિચેરીમાં પણ ત્રણ વર્ષના બાળકને એચએમપીવી થયો હોવાની થણ થઇ હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર બાળક દિબ્રુગઢમાં આસામ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં(એએમસીએચ) સારવાર હેઠળ છે. હવે તેની હાલત સ્થિર છે. એએમસીએચના સુપરિન્ટેન્ડેન્ટ ડો. ધ્રુબજ્યોતિ ભુયાને જણાવ્યું કે બાળકને ચાર દિવસ પહેલા શરદી અને ખાંસીનાં લક્ષણો સાથે સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું કે લાહોવાલસ્થિત આઇસીએમઆર–આરએમઆરસી તરફથી ટેસ્ટ રિઝલ્ટ મળ્યા બાદ શુક્રવારે એચએમપીવી સંક્રમણની પુષ્ટિ થઇ હતી. ઇન્ફ્લ્યુએન્ઝા અને ફ્લૂ સંબંધિત કેસોના પરીક્ષણ માટે નમૂનાઓ નિયમિતપણે ભારતીય તબીબી સંશોધન પરિષદને મોકલવામાં આવે છે. તે એક નિયમિત તપાસ હતી, જે દરમિયાન એચએમપીવી સંક્રમણની જાણ થઇ હતી. તે એક સામાન્ય વાયરસ છે અને ચિંતા કરવાની કોઇ જરૂર નથી. આઇસીએમઆર–પ્રાદેશિક તબીબી સંશોધન કેન્દ્ર, એનઇ, લાહોવાલ(ડિબ્રુગઢ)ના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. વિશ્વજિત બોરકાકોટીએ જણાવ્યું કે ૨૦૧૪થી અમે ડિબ્રુગઢ જિલ્લામાં ૧૧૦ એચએમપીવી કેસ શોધી કાઢ્યા છે. આ સિઝનનો પહેલો કેસ છે. તે દર વર્ષે જોવા મળે છે. તેમાં કંઇ નવું નથી. અમને એએમસીએચ તરફથી સેમ્પલ મળ્યું છે અને તે એચએમપીવી પોઝિટિવ જણાયું છે.

# ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ મુદ્દે બે વર્ષમાં ૨૩૦૩ ફરિયાદો નોંધાઈઃ હાઈ કોર્ટમાં સરકારે રિપોર્ટ રજૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉત્તરાયણમાં પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરી, ગ્લાસકોટેડ નાયલોન દોરી તેમ જ ચાઈનીઝ તુક્કલ પર હાઈ કોર્ટ અને પોલીસ ઑથોરિટી દ્વારા પ્રતિબંધ મુકાયો હોવા છતાં તેનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવા મુદ્દે કરાયેલી અરજીઓ અંગે રાજ્ય સરકાર તરફથી હાઈ કોર્ટમાં રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં સરકાર દ્વારા કહેવાયું હતું કે, ચાઇનીઝ, નાયલોન કે ઘાતક દોરીઓનાં વેચાણ કે ઉપયોગ અને ઉત્પાદન સંબંધી કિસ્સાઓમાં છેલ્લાં બે વર્ષમાં રાજ્યભરમાં કુલ ૨૩૦૩થી વધુ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

સરકારે હાઈ કોર્ટમાં રજૂ કરેલા રિપોર્ટમાં કહ્યું હતું કે, ઉત્તરાયણ પર્વ પર પશુ-પક્ષીઓ અને નાગરિકોની સલામતી માટે પોલીસ દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાઈ કોર્ટમાં થયેલી અરજીમાં રાજ્યના ગૃહવિભાગ તરફથી આંકડાકીય માહિતી સાથેનો એક્શન ટેકન રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. હાઈ કોર્ટે અગાઉ ચારેય મહાનગરોના પોલીસ કમિશનરો પાસે અત્યાર સુધી શું કામગીરી કરી અને ક્યા પ્રકારનાં પગલાં લેવાયાં તેનો વિગતવાર રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો હતો. જે અંતર્ગત રાજ્ય સરકારના ગૃહ વિભાગ તરફથી વિગતવાર સોંગદનામું રજૂ કરી આંકડાકીય માહિતી સાથેનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

સરકારે રિપોર્ટમાં જણાવ્યું કે, ચાઇનીઝ, નાયલોન કે પ્લાસ્ટિક કોટેડ દોરીઓનાં ઉત્પાદન, વેચાણ કે ઉપયોગ સંબંધી ગુનાઓને લઈ તા. ૧-૧-૨૦૨૩થી તા.૧૫-૧-૨૦૨૪ દરમ્યાન અમદાવાદ સહિત રાજ્યભરમાં કુલ ૨૧૫૫ અને તા. ૧૬-૧-૨૦૨૪થી તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી કુલ ૧૪૮ ફરિયાદો મળી બે વર્ષમાં કુલ ૨૩૦૩ ફરિયાદો નોંધવામાં આવી છે. જેમાં સૌથી વધુ ૪૫૧થી વધુ ફરિયાદો તો એકલા અમદાવાદમાં જ નોંધાઈ છે. જેની સામે તા. ૧-૧-૨૦૨૩થી તા. ૧૫-૧-૨૦૨૪ દરમ્યાન ૧૮૮૨ આરોપીઓ અને તા. ૧૬-૧-૨૦૨૪થી તા. ૩૧-૧૨-૨૦૨૪ દરમ્યાન ૨૪૩ આરોપીઓની ધરપકડ સાથે કુલ ૨૧૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં અમદાવાદમાંથી જ ૩૭૧થી વધુ આરોપીઓ પકડાયા છે. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓની કાર્યશાળા યોજાઈ

અમદાવાદઃ ગુજરાત સરકારે તાજેતરમાં નવી નવ મહાનગરપાલિકાઓને મંજૂરી આપી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આ મહાનગરપાલિકાઓની એક દિવસની કાર્યશાળા યોજાઈ હતી. રાજ્યમાં હાલની મહાનગરપાલિકાઓ નવી રચાયેલી મહાનગરપાલિકાઓના મેન્ટર તરીકે એક વર્ષ સુધી કાર્ય કરશે. નવી રચાયેલી દરેક મહાનગરપાલિકાઓને વહીવટી ક્ષમતા વૃદ્ધિ અને સફાઈ સહિતના સિટી બ્યુટીફિકેશન કાર્યો માટે રૂા. ૨૦ કરોડની ગ્રાન્ટ અપાશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, રાજ્યના ઇતિહાસમાં એકસાથે ૯ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય શહેરી વિકાસની ગતિ માટેની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ૯ નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતરણ થયું છે એટલે આ ટ્રાન્ઝિશનલ સમયગાળા દરમિયાન નાગરિકોને મળતી તમામ સેવા-સુવિધાઓ યથાવત્ મળતી રહે તે સુનિશ્ચિત કરવાની ખાસ હિમાયત કરી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર નવી રચાયેલી મહાનગરપાલિકાઓની વહીવટી ક્ષમતા વૃદ્ધિ તેમ જ રોજબરોજની વહીવટી કામગીરીમાં યોગ્ય માર્ગદર્શન અને મેનપાવર ટ્રેનિંગ માટે હાલની પાંચ મોટી મહાનગરપાલિકાઓને એક વર્ષ સુધી નવી મહાનગરપાલિકાઓના મેન્ટર તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય અનુસાર, અમદાવાદ મહાનગરપાલિકા નવરચિત નડિયાદ અને સુરેન્દ્રનગર મહાપાલિકા માટે, વડોદરા મહાનગરપાલિકા આણંદ મહાપાલિકા માટે, સુરત મહાનગરપાલિકા વાપી અને નવસારી માટે તથા રાજકોટ મહાનગરપાલિકા મોરબી અને ગાંધીધામ માટે તેમ જ જામનગર મહાનગરપાલિકા પોરબંદર માટે અને ગાંધીનગર મહાનગરપાલિકા મહેસાણા માટે મેન્ટર તરીકે કાર્યરત રહેશે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, મહાનગરપાલિકાની રચના થયા બાદ રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટ તથા બાગ-બગીચા જેવાં સુવિધાકારી કામોથી હાથ ધરવાનું દાયિત્વ નવનિયુક્ત કમિશનરોએ નિભાવવાનું છે. નવી મહાનગરપાલિકાઓ પોતાનાં નગરોના વિકાસનો રોડ મેપ તૈયાર કરે. વિકાસ કામો માટે નાણાંની જરૂરિયાત અંગે પણ રાજ્ય સરકારમાં રજૂઆત કરે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, વિકાસ કામો માટે નાણાંની કોઈ કમી ક્યારેય ન રહે તેવું નાણાં વ્યવસ્થાપન કરેલું છે. મુખ્ય પ્રધાને નવી રચાયેલી પ્રત્યેક મહાનગરપાલિકાઓને વહીવટી ક્ષમતા વૃદ્ધિ, ઑફિસ સ્ટ્રેન્થનિંગ તથા અન્ય સુવિધાઓ માટે રૂા.૧૦ કરોડ અને શહેરી સફાઈ સહિતના સિટી બ્યુટીફિકેશન કામો માટે રૂા.૧૦ કરોડ મળીને કુલ ૨૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી હતી.

# ઉત્તરાયણ પહેલાં ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહીઃ ૨૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૧૪ અને ૧૫ જાન્યુઆરી બે દિવસ લોકો ધાબા પર ચઢીને ઉત્તરાયણની ઉજવણી કરે છે. અમદાવાદ હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં માવઠું થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વ દિશા તરફથી આવતા પવનોને બદલે હવે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે રાજસ્થાનમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. આ ઉપરાંત એક ટ્રફ પણ રાજસ્થાનથી લઈને અરબ સાગર સુધી લંબાયો છે. જેને કારણે ઉત્તર ગુજરાતના જિલ્લામાં હળવા વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ ગુજરાતની ઉપરના ભાગેથી પસાર થયું છે, જેથી તાપમાનમાં પણ મોટા ફેરફારની શક્યતાઓ નહિવત્ છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં બે દિવસ દરમિયાન છૂટાછવાયા હળવા વરસાદની શક્યતાઓ છે. ઉત્તરાયણ પહેલાં માવઠાથી રાજ્યનાં કેટલાંક શહેરો ભીંજાઈ શકે છે. આ ઉપરાંત પવનની ગતિ પણ ૧૦થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેશે અને પવનની દિશા ઉત્તર તથા ઉત્તર પૂર્વ તરફથી રહેશે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું કે આગામી ૧૪ અને ૧૫ જાન્યુઆરીના દિવસે પવનની ગતિ સામાન્ય રહેવાની શક્યતા છે. ઠંડીનું પ્રમાણ પણ બે દિવસ દરમિયાન સારા પ્રમાણમાં રહેશે. કારણ કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થતાં તાપમાનનો પારો ગગડી શકે છે. તેથી ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન પણ ગુજરાતમાં ઠંડકનો અનુભવ થશે. ■

# ઑલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં ૧૨ રાજ્યો અને છ કેન્દ્રીય પોલીસ દળોના ૮૦ કર્મચારીઓએ ભાગ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાણંદ ખાતે ૨૮મી ઑલ ઇન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સ્વસ્થ મન અને સ્વસ્થ જીવન માટે વ્યાયામ અને ખેલકૂદ જરૂરી છે. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, ઑલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા યોજાતી આવી સ્પર્ધાઓ પોલીસકર્મીઓને ફિઝિકલી ફીટ રાખે છે અને તેમના સંકલનને વધુ મજબૂત બનાવે છે. આવી સ્પર્ધાઓથી વિવિધ રાજ્યના પોલીસ કર્મચારીઓને એકબીજા સાથે સમય વિતાવવાનો અવસર પ્રાપ્ત થાય છે. વર્ષ ૨૦૩૬માં ઑલિમ્પિકની યજમાની માટે દેશ તૈયારી કરી રહ્યો છે ત્યારે ગુજરાતમાં પણ સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રશિક્ષણ સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ મજબૂત કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. સ્પોર્ટ્સમાં રાજ્યના પોલીસકર્મીઓ પણ સક્રિયપણે જોડાય તે માટે રાજ્યમાં સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના સહયોગથી ત્રણ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સેન્ટર ઑફ એક્સેલન્સ ઈન સ્પોર્ટ્સ સ્થાપવાનું પણ આયોજન છે. રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગત એક વર્ષમાં ગુજરાત પોલીસે ઑલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપ, ઑલ ઈન્ડિયા પોલીસ બેન્ડ કોમ્પિટિશન, ઑલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટ જેવી રાષ્ટ્રીય સ્તરની ત્રણ અલગ અલગ સ્પર્ધાઓની યજમાની કરી છે. રાજ્યમાં પ્રથમ વખત યોજાઈ રહેલી ઑલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં ૧૨ રાજ્યો અને ૬ કેન્દ્રીય પોલીસ દળોના ૮૦ જેટલા પોલીસકર્મીઓએ ભાગ લીધો છે. ૯થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સાણંદના કલ્હાર બ્લુ અને ગ્રીન્સ ગોલ્ફ ક્લબ ખાતે યોજાયેલી ૨૮મી ઑલ ઇન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં ગુજરાત, આંધ્ર પ્રદેશ, આસામ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, તેલંગાણા, પશ્ચિમ બંગાળ સહિતનાં રાજ્યો તથા સીઆઈએસએફ, સીઆરપીએફ, આસામ રાઈફલ્સ, બીએસએફ, આઈટીબીપી, આઈબી જેવાં પોલીસ દળોના પોલીસકર્મીઓએ ભાગ લીધો હતો. ■

# પોલીસ બંદોબસ્ત સાથે બેટ દ્વારકામાં ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવાયુંઃ ખાનગી વાહનો પર પ્રતિબંધ

અમદાવાદઃ બેટ દ્વારકામાં ગેરકાયદે દબાણો પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા બેટ દ્વારકામાં તમામ ખાનગી વાહનો પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. શનિવારે ૫૦ રહેણાક અને કૉમર્શિયલ બાંધકામો તોડી પાડવામાં આવ્યાં હતાં. આ વિસ્તારમાં ૨૦૨૨માં પહેલી વાર બુલડોઝર ફેરવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

દ્વારકા એસડીએમ અમોલ આવટેએ જણાવ્યું હતું કે દ્વારકા અને બેટ દ્વારકામાં કોરિડોરના પ્રોજેક્ટને ધ્યાનમાં રાખી નગરપાલિકાએ છેલ્લા ૧૫ દિવસમાં ૨૫૦ નોટિસ આપી હતી. જે અનુસંધાને દ્વારકાનું જે લાઇટ હાઉસ છે ત્યાં ૧૫૦ સ્ક્વેર મીટરની જમીન ખાલી કરાવાઈ છે, જેની અંદાજિત કિંમત દોઢ કરોડ છે. હાથીગેટ પાસે જે ગેરકાયદે બાંધકામ હતાં, જેમાં ૨૦૦ સ્ક્વેર મીટરની જમીન, જેની કિંમત ૩ લાખ થાય છે એને ૩/૧/૨૦૨૪ના ખાલી કરાવાઈ હતી. મેઇન રોડ દ્વારકા જેના પર અંદાજિત ૫૦૦ સ્ક્વેર મીટરની જમીન ઉપર જે ગેરકાયદે દબાણ થયું હતું એને પણ ૩/૧/૨૦૨૪ના રોજ ખાલી કરાવાયું હતું. એની કિંમત અંદાજિત ૫ કરોડ રૂપિયા છે.

શનિવારે સવારથી જ શરૂ કરાયેલા ડિમોલિશનમાં ઓખામંડળના બેટ દ્વારકા નજીકના બાલાપર ખાતે આશરે ૪૫૦ જેટલા આસામીને અપાયેલી નોટિસો બાદ આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. કામગીરી દરમિયાન એક હજાર પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. તે ઉપરાંત દરિયાઈ પેટ્રોલિંગ તેમ જ સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત રખાઈ હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે પોલીસતંત્ર દ્વારા સંપૂર્ણપણે સાવચેતી તેમ જ સીસી ટીવી અને ડ્રોન કેમેરાની મદદથી બાજનજર રાખવામાં આવી હતી. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ બેટ દ્વારકામાં ડિમોલિશન અંગે સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે, બેટ દ્વારકા દેશભરના કરોડો લોકોની આસ્થાની ભૂમિ છે. શ્રીકૃષ્ણની ભૂમિ પર કોઈ પણ ગેરકાયદે દબાણ નહિ થવા દઈએ. આપણી આસ્થા અને સંસ્કૃતિની રક્ષા કરવી એ આપણી જવાબદારી છે. તેમણે મેગા ડિમોલિશનની કામગીરીના ડ્રોન વીડિયો પણ શેર કર્યા હતા. ■

# નવસારીની પૂર્વ પટ્ટીના ખેડૂતો દીપડાના ભય વચ્ચે રાત્રે ખેતી કરવા મજબૂરઃ દિવસે વીજળી આપવાની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લામાં દીપડા અને ભૂંડનો ત્રાસ વધી જતાં રાત્રિના સમયે ખેતી કરવી ખેડૂતો માટે મોટો પડકાર બની ગયો છે. નદીઓની કોતરો નજીક હોવાથી દીપડાઓ માટે ખેતરો આશ્રયસ્થાન બની ગયાં છે. વળી, જંગલી ભૂંડનાં ઝૂંડ પણ પાકને નુકસાન પહોંચાડે છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતોએ રાત્રે પિયત માટે જૂથમાં જવું પડે છે અને સુરક્ષા માટે લાકડી કે અન્ય હથિયારો સાથે રાખવાં પડે છે.

ખેડૂતોના જણાવ્યા પ્રમાણે સરકારની કિસાન સૂર્યોદય યોજના હોવા છતાં, જિલ્લાનાં ગામડાઓમાં દિવસે વીજળી ન મળવાથી ખેડૂતોની મુશ્કેલીઓ વધી છે. આ વિસ્તારોમાં કોતરો અને ખેતરોમાં દીપડા અને ભૂંડે પોતાનાં ઠેકાણાં બનાવી દીધાં હોવાથી અનેક ખેડૂતો પર હુમલાઓના બનાવો બને છે. જેના કારણે ખેડૂતોમાં ભય ફેલાયો હતો. ખેડૂત રાત્રે ખેતરે જઈ શકતો નથી જેના કારણે પિયતમાં અનિયમિતતા સર્જાય છે અને પાકને નુકસાન થાય છે. આ સમસ્યાના નિવારણ માટે ખેડૂતોએ દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની માગ કરી હતી.

નવસારી જિલ્લાનાં પૂર્વ પટ્ટીનાં ગામડાઓના ખેડૂતો દ્વારા સ્થાનિક ધારાસભ્યને અનેક વાર રજૂઆતો કરીને સરકારને પોતાની વ્યથા જણાવી હતી. એક તરફ સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટેના પ્રયાસો કરી રહી છે. ખેડૂતો વૈજ્ઞાનિક પદ્ધતિ અને પ્રાકૃતિક ખેતી અપનાવી વાતાવરણ સામે બાથ ભીડી શકે એની તૈયારી છે. બીજી તરફ ખેડૂતોને સમયે વીજળી ન મળતાં પડતી મુશ્કેલીનો નિવેડો લાવવામાં થતો વિલંબ સરકારી સપનાને ઝાંખપ લગાવી રહ્યો છે. ■

# ભુજમાં ઑનલાઈન ગેમની લતે ચઢેલા કિશોરે ગેમ હારી જતાં ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભુજના મોખાણા ગામે ઓનલાઈન ગેમની લતે ચઢેલા ૧૭ વર્ષના કિશોરે ગેમ હારી જતાં ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરી લીધો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. તે ઉપરાંત જિલ્લામાં એક જ દિવસમાં અલગ-અલગ ત્રણ સ્થળોએ અપમૃત્યુના ત્રણ બનાવોમાં ત્રણ યુવાનોએ જીવ ગુમાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ભુજના મોખાણા ગામમાં ૧૭ વર્ષનો કાર્તિક મેરિયા મોબાઈલમાં ઑનલાઈન ગેમની લતે ચઢ્યો હતો. તેણે ગેમ હારી જતાં ગત ચોથી જાન્યુઆરીએ નિંદામણ બાળવાની ઝેરી દવા ગટગટાવી લેતાં તેને ભુજની જનરલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં આઠમી જાન્યુઆરીએ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

આ ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે, હતભાગી કિશોર ઘરે મોબાઈલમાં કોઈ ગેમ રમતાં તે હારી ગયો હતો. જેના આઘાતમાં તેણે આત્મહત્યા કરી લીધી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. હતભાગીનો મોબાઈલ કબજે લેવામાં આવ્યો છે. આ કિશોર કઈ ગેમ રમતો હતો તે તપાસ દરમિયાન બહાર આવશે.

બીજી તરફ કચ્છ જિલ્લામાં એક જ દિવસમાં અલગ-અલગ ત્રણ સ્થળોએ થયેલાં અપમૃત્યુના ત્રણ બનાવોમાં ત્રણ યુવાનોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં ઉપરોક્ત બનાવ સહિત અબડાસા તાલુકાના નલિયા ગામમાં મહિસાગરના વતની ૨૮ વર્ષીય લાલાભાઈ માલીવાડ સેન્ટ્રિંગનું કામ કરતા હતા તે દરમિયાન તેઓ ચોથા માળેથી નીચે પટકાતાં ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ભુજ તાલુકાના ભરાસર ગામના જેન્તી કોલી નામના યુવકને કોઈ કારણસર પડી જતાં ગંભીર ઈજાઓ થઈ હતી.

ફાયર વિભાગની ટીમે તેમને બેભાન અવસ્થામાં જી.કે. જનરલ હૉસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ સારવાર શરૂ થાય તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે ત્રણેય બનાવોમાં અકસ્માત મોતની નોંધ કરીને આગળની તપાસ શરૂ કરી હતી. ■

# લેટરકાંડ મુદ્દે અમરેલી બંધને મિશ્ર પ્રતિસાદઃ ન્યાયની લડત ચાલુ રાખવા સુરતમાં ધરણાં યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટર કાંડ મુદ્દે પાટીદાર યુવતીને ન્યાય અપાવવા ધરણાં પર બેઠેલા કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ શનિવારે બપોર સુધી સ્વૈચ્છિક અમરેલી બંધનું એલાન આપ્યું હતું. આ બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અધિક જિલ્લા મૅજિસ્ટ્રેટ દ્વારા આગામી ૨૨મી તારીખ સુધી કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી.

લેટરકાંડમાં ન્યાય માટે કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ શનિવારે બપોરે ધરણાં પૂર્ણ કર્યાં હતાં. ત્યાર બાદ તેમણે કહ્યું હતું કે, સુરતમાં સોમવારે ધરણાં કરીને લડાઈને આગળ ધપાવીશું. સામાજિક, રાજકીય લોકો જોડાઈને તેમાં સહકાર આપે. જવાબદારો સામે સરકાર પગલાં ભરે તેવી મુખ્ય પ્રધાનને અપીલ કરું છું. ન્યાયની અપીલમાં ગુજરાતના લોકોને જોડાવા અપીલ કરું છું. પરેશ ધાનાણીએ અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાનો નાર્કો ટેસ્ટ કરાવવાની માગ કરી હતી. જે બાદ તેમણે અમરેલીના એસપી અને પોલીસ તંત્રને હર્ષ સંઘવીએ કોના ઈશારે સૂચનાઓ આપી અને વરઘોડો કઢાવ્યો તેવો વેધક સવાલ કર્યો હતો. પરેશ ધાનાણીએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી,નાયબ દંડક કૌશિક વેકરિયા, એસપી આ ત્રણને કેટલી વખત વૉટ્સઍપ કોલ ઉપર વાત થઈ તેની તપાસ કરવા માગ કરી હતી. ■

# અમદાવાદની સાબરમતી જેલમાંથી હત્યાના ગુનામાં આજીવન કેદની સજા પામેલો કેદી ફરાર થઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પોલીસ જાપ્તામાંથી કેદીઓ ફરાર થઈ જવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવે છે, પરંતુ અમદાવાદની સાબરમતી જેલની ઓપન જેલમાંથી હત્યાના ગુના હેઠળ આજીવન કેદની સજા પામેલો કેદી ફરાર થઈ જતાં પોલીસે ફરિયાદ નોંધી આરોપીને પકડવાના પ્રયાસો શરૂ કર્યા હતા.

સાબરમતી જેલના જેલર ગ્રુપ-૨ બાબુભાઈ પ્રજાપતિની ફરિયાદ પ્રમાણે ૧૦ જાન્યુઆરીના રોજ તેઓ જેલર ગ્રુપ- ૨ તરીકે ઓપન જેલ ખાતે ફરજ બજાવતા હતા. ઓપન જેલમાં કામ કરતા પાકા કામના કેદી મનુજી સુંડાજી ઠાકોરને હત્યાના ગુનામાં આજીવન કેદની સજા થઈ હોવાથી તેને ઓપન જેલમાં રાખવામાં આવ્યો હતો. ૧૦ જાન્યુઆરીએ મનુજી ઠાકોર બીમાર હતો. આશરે ૪.૪૫ વાગ્યે ફરજ પરના સિપાઈ પ્રદ્યુમનસિંહ ચૌહાણને તેણે જેલની બહારના ભાગે આવેલા જેલ દવાખાના પર સારવાર માટે મોકલવા જણાવ્યું હતું. સારવાર માટે ગયેલો મનુજી ઠાકોર પરત આવ્યો ન હતો. તેની જાણ ફરિયાદીને કરવામાં આવી હતી. ત્યાર બાદમાં ઓપન જેલ ખાતે રાખવામાં આવેલા કુલ ૧૪ આરોપીઓની ગણતરી કરી હતી.

આ ગણતરી દરમિયાન ૧૩ પાકા કેદીઓ હાજર મળી આવ્યા હતા. ત્યારે પાકા કામનો કેદી મનુજી ઠાકોર હાજર નહીં હોવાથી સિનિયર અધિકારીને રિપોર્ટ કર્યો હતો. ત્યાર બાદ ફરીથી હાજર સ્ટાફના કર્મચારીનાઓને સાથે રાખી જેલની આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી, પણ આરોપી મળી આવ્યો ન હતો. જેથી રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં ભાગી ગયેલા આરોપીને પકડવા માટે પ્રયાસ શરૂ કરવામાં આવ્યો હતો. ■

# દાહોદના વેપારીની દુકાનમાં છ નકલી આવકવેરા અધિકારીઓની રેડઃ બે શખસો ઝડપાયા, ચાર ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં કચ્છના ગાંધીધામમાં નકલી ઈડીના અધિકારીઓએ રેડ પાડી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. હવે પંચમહાલના દાહોદમાં આવકવેરા વિભાગના છ નકલી અધિકારીઓએ રેડ પાડીને નાણાં ધીરનાર વેપારી પાસે મામલો રફેદફે કરવા ૨૫ લાખની માગ કરી હતી. વેપારીએ ડરથી બે લાખ રૂપિયા આપી દીધા હતા. ત્યાર બાદ આ લોકો નકલી અધિકારીઓ હોવાનું જણાઈ આવતાં તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે આ છ ઈસમો પૈકી બે લોકોને પકડી પાડ્યા હતા અને ફરાર થઈ ગયેલા ચાર લોકોને પકડવા ચક્રો ગતિમાન કર્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે દાહોદ જિલ્લાના ફતેપુરાના સુખસરમાં મેઈન બજારમાં લાઈસન્સથી નાણાં ધીરધારનો વેપાર કરતા અલ્પેશભાઈ પ્રજાપતિની દુકાનમાં ગત તા. ૧૦મી જાન્યુઆરીએ બપોરે ૬ જેટલા ઈસમો આવકવેરા વિભાગના નકલી ઑફિસર બનીને આવ્યા હતા. આ નકલી અધિકારીઓ વેપારીને કહેવા લાગ્યા કે, અમે ઈન્કમ ટૅક્સ ઑફિસર છીએ, તમારી દુકાન અને ઘરમાં સર્ચ કરવાનું છે, તમારી વિરુદ્ધ અરજી આવેલી છે. આ દરમિયાન અધિકારીઓએ વેપારી પાસે રહેલા દાગીના જપ્ત નહીં કરવા ૨૫ લાખ રૂપિયાની માગ કરી હતી, પરંતુ વેપારીએ પોતાની પાસે આટલા રૂપિયા નહીં હોવાનું જણાવી આ ઈસમોને બે લાખ રૂપિયા આપ્યા હતા.

આ દરમિયાન વેપારીને તેમના સંબંધીનો ફોન આવ્યો હતો કે, તમારી દુકાને આવેલા અધિકારીઓ નકલી છે. જેથી વેપારીએ સુખસર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સુખસર પોલીસે તપાસ શરૂ કરીને નકલી ઈન્કમ ટૅક્સ ઑફિસર બનીને આવેલા ૬ પૈકી ભાવેશ બીપીનચંદ્ર આચાર્ય અને અબ્દુલ સુલેમાનને ઝડપી પાડ્યા હતા. જ્યારે ફરાર થઈ ગયેલા ચાર લોકોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં હતાં. ■

# અમદાવાદમાં દોડતી બીઆરટીએસ બસોના ડ્રાઈવરો વિરુદ્ધ ચાર વર્ષમાં મુસાફરોએ ૭૯૨ ફરિયાદો કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં દોડતી બીઆરટીએસ બસોના ડ્રાઈવરો વિરુદ્ધ ૪ વર્ષમાં મુસાફરો દ્વારા ૭૯૨ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં છ મહિનાના સમયગાળામાં ડ્રાઈવરો વિરુદ્ધ અયોગ્ય રીતે બસ ચલાવવાની ૮૫, ડ્રાઈવરો દ્વારા મુસાફરો સાથે ગેર વર્તણૂકની ૭૧ તેમ જ પેસેન્જર સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હોવા અંગેની ૮ ફરિયાદ સહિત કુલ ૧૭૪ ફરિયાદ કરવામાં આવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન હસ્તકના જનમાર્ગ લિ. દ્વારા શહેરમાં બીઆરટીએસની ૨૫૦થી પણ વધુ બસ દોડાવવામાં આવે છે. આ બસોનું સંચાલન પ્રાઈવેટ કૉન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવે છે. જનમાર્ગ લિ. દ્વારા દોડાવવામાં આવતી બસના મુસાફરો બસના ડ્રાઈવરની વર્તણૂકથી લઈ અન્ય બાબતો અંગે તંત્ર સમક્ષ ફરિયાદ કરી શકે એ માટે જનમાર્ગ તરફથી ટૉલ ફ્રી નંબર ઉપરાંત વૉટસઍપ નંબર, જનમાર્ગ કંટ્રોલ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી.પણ આપવામાં આવેલા છે.

શહેરના એક વકીલ અતિક સૈયદે માગેલી માહિતી બાદ જનમાર્ગ તરફથી આપવામાં આવેલી વિગત મુજબ, પેસેન્જરને ઈજા, ડ્રાઈવરની ગેર વર્તણૂક, અયોગ્ય રીતે બસ ચલાવવી, દુર્વ્યવહાર કરવા જેવી ફરિયાદ મુસાફરો તરફથી કરવામાં આવતી હોય છે.

બીઆરટીએસની ઓપરેશન બ્રાન્ચ દ્વારા બસ ડ્રાઈવરને એક કે બે દિવસ માટે ટ્રાફિક જંકશન ઉપર ગંભીર ગુનો જણાય તો ફરજમુક્ત કરવામાં આવે છે, પરંતુ તંત્ર તરફથી મુસાફરો દ્વારા કરવામાં આવતી ડ્રાઈવરો વિરુદ્ધની ફરિયાદનો કોઈ રેકોર્ડ રાખવામાં આવતો નથી. ચાર વર્ષમાં ચાર્ટડ સ્પીડ લિ.ના એકમાત્ર પ્રમોદભાઈ નામના ડ્રાઈવરને ફરજ ઉપરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ■

# ચેરિટી તંત્રની કચેરીઓના અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે મોકલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ચેરિટી તંત્રના વહીવટમાં પારદર્શિતા લાવવાના હેતુથી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ની કલમ-૮ હેઠળ ચેરિટી તંત્રની કચેરીઓમાં થતી ન્યાયિક અને અર્ધન્યાયિક કામગીરીમાં થયેલા અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે. આ નકલ પક્ષકારોને રજિસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા પણ મોકલવામાં આવશે. કૅબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધી હુકમોના માત્ર સારાંશની નકલ મોકલવામાં આવતી હતી, પરંતુ હાલની કાનૂની જરૂરિયાતોને અનુલક્ષીને હવેથી સમગ્ર હુકમની નકલ રજિસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા વિનામૂલ્યે મોકલવામાં આવશે. આ નિયમ તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ પહેલના અમલથી ચેરિટી તંત્રના વહીવટમાં વધુ પારદર્શિતા આવશે તેમ જ પક્ષકારો માટે ન્યાયની સુલભતા સુનિશ્ચિત થશે. ■

# નાટ્ય દર્પણ

## એક રમત સમય સાથે

રંગમંચ પ્રોડક્શનનું - પિપલ એન્ટરટેઈનમેન્ટ - આસિફ પટેલ નિર્મિત ઈમ્તિયાઝ પટેલ લિખિત પ્રથમ ભટ્ટ-પ્રિતેષ સોઢા આલેખિત વિપુલ વિઠલાણી દિગ્દર્શિત-અભિનિત 'એક રમત સમય સાથે' કલાકારોઃ ગાયત્રી રાવલ, શૈલજા શુકલ, તેજસ શાહ, રૂપેશ મકવાણા, નાયશા ફોઝદાર અને પરાગ શાહ છે. આ રવિવાર, તા. ૧૨ જાન્યુઆરી બપોરે ૩.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ ખાતે ભજવાશે.

## બ્લફમાસ્ટર ગુજ્જુભાઈ

સિદ્ધાર્થ રાંદેરિયા પ્રોડક્શનનું ચિત્રક શાહ, કિરણ માલવણકર પ્રસ્તુત પ્રવિણ સોલંકી લિખિત સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શીત-અભિનિત. જુઠું બોલવું એ દરેક પતિનો હક છે અને માની લેવું એ પત્નીની ફરજ છે! કલાકારોઃ સિદ્ધાર્થ રાંદેરિયા, તેજલ વ્યાસ, હિમાંશુ ઉપાધ્યાય, જીતેન્દ્ર સુમરા, જ્યુથિકા શાહ, રિદ્ધિ વોરા, જય દેસાઈ, રામમિલન રજક, તેજસ શાહ અને નિલેશ જોષી છે. આ રવિવાર, તા. ૧૨ જાન્યુઆરી બપોરે ૩.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

## ઐશ્વર્યા બ્યુટી પાર્લર



અમરદિપ સર્જિત વિશાલ ગોરડિયા પ્રસ્તુત ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત સ્નેહા દેસાઈ લિખિત વિપુલ મહેતા દિગ્દર્શિત રોહિણી હટ્ટંગડી અભિનિત 'ઐશ્વર્યા બ્યુટી પાર્લર. કલાકારોઃ નિયતિ રાજવાડે, હેમા નિકમ, રાજકમલ દેશપાંડે, કેરવી ઉદાણી, ચાર્મી કેલૈયા, પ્રતિક શર્મા છે. શુભારંભ પ્રયોગઃ આ રવિવાર, તા. ૧૨ જાન્યુઆરી સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ ખાતે અને આવતો રવિવાર, તા. ૧૯ જાન્યુઆરી સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

## ધ જેમી લિવર શો

શો પિપલ પ્રસ્તુત કૌસ્તુભ ત્રિવેદી અને હર્ષકુમાર બધેકા નિર્મિત કોમેડીના અનોખા અવલોકનો અને અનેક નવીન નકલો માટે જેમી લીવર શો સાથે અણનમ હાસ્યના હુલ્લડ માટે થઈ જાવ તૈયાર. આ રવિવાર, તા. ૧૨જાન્યુઆરી રાત્રે ૯.૦૦ ક. પ્રબોધન ઠાકરે ઓડિટોરિયમ, બોરીવલી ખાતે ભજવાશે.

## ટીકુ પીકુ ચીકુ

સ્પર્શ પ્રોડક્શનનું 'માધુરી દીક્ષિત' નાટકની ભવ્ય સફળતા બાદ... ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત રિદ્ધિ ઉમેશ શુકલ-સૌમ્ય જોષી-ચેતન ગાંધી નિર્મિત હેમંત જાંગલી લિખિત પ્રથમ ભટ્ટ આલેખિત પાર્થ સુનિતા દેસાઈ દિગ્દર્શિત પ્રતાપ સચદેવ અભિનિત 'ટીકુ પીકુ ચીકુ'. કલાકારોઃ યતીન પરમાર, પ્રીતા પંડ્યા, કપિલ ભુતા, ભાવેશ પાટીલ, વિશાલ દલાલ, રિધમ કનાડિય, દેવાંગ ભટ્ટ, દર્શન કેરલેકર, કરણ ધુરી. આ રવિવાર, તા. ૧૨ જાન્યુઆરી સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

# રવિન્દ્ર ચવાણની મહારાષ્ટ્ર ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ વિધાનસભ્ય રવિન્દ્ર ચવાણને મહારાષ્ટ્ર રાજ્ય ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે આ સંદર્ભમાં એક અખબારી યાદીમાં જાહેરાત કરી છે. તેથી, રવિન્દ્ર ચવાણ હવે શિરડીમાં આયોજિત ભાજપની પદાધિકારીઓની બેઠકના અધ્યક્ષસ્થાને રહેશે.

અગાઉની સરકારમાં જાહેર બાંધકામ ખાતાના પ્રધાનપદ સંભાળનારા રવિન્દ્ર ચવાણને કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. એવી ચર્ચા હતી કે આ અંગે થોડા નારાજ ચવાણને પ્રદેશ પ્રમુખની જવાબદારી સોંપવામાં આવશે. જોકે, તેમને કારોબારી ક્ષેત્રીય અધ્યક્ષપદની જવાબદારી સોંપવામાં આવી છે. ચંદ્રશેખર બાવનકુળે હજુ પણ ભાજપના પ્રદેશ પ્રમુખ છે. તેમણે હજુ સુધી પ્રદેશ પ્રમુખ પદ છોડ્યું નથી.

રવિન્દ્ર ચવાણ ડોમ્બિવલી વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ ૨૦૦૯ થી સતત ૪ વખત આ મતવિસ્તારમાંથી જીત્યા છે. થોડા મહિના પહેલા યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેઓ ૫૦,૦૦૦ થી વધુ મતોથી જીત્યા હતા. આ દરમિયાન, તેમણે એકનાથ શિંદેની સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી હતી. તેમને જાહેર બાંધકામ ખાતાની જવાબદારી સોંપવામાં આવી હતી.

રવીન્દ્ર ચવાણને ૨૦૦૨માં ભાજપ દ્વારા કલ્યાણ ઉપજિલ્લા પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી હતી. ૨૦૦૫માં, તેમણે કોંગ્રેસના ઉમેદવારને હરાવ્યા હતા અને કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે પ્રવેશ મેળવ્યો હતો. તેઓ ૨૦૦૭માં સ્થાયી સમિતિના અધ્યક્ષ બન્યા. ૨૦૦૯માં, કલ્યાણ વિધાનસભા મતવિસ્તારને વિભાજીત કરીને એક અલગ મતવિસ્તાર ડોમ્બિવલી બનાવવામાં આવ્યો. ત્યારબાદ થયેલી દરેક વિધાનસભાની ચૂંટણીમાં રવિન્દ્ર ચવાણનો દબદબો રહ્યો અને મોટી જીત પણ મેળવી. પછી ૨૦૧૬માં, તેમને રાજ્ય કક્ષાના પ્રધાન તરીકે કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા હતા. ■

# ગિરગામમાં પિસ્તોલની ધાકે દોઢ કરોડ રૂપિયાની લૂંટઃ રાજસ્થાનથી ત્રણની ધરપકડ

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં ગુલાલવાડી સર્કલ ખાતે કુરિયર કંપનીના કર્મચારીને પિસ્તોલની ધાક દાખવીને દોઢ કરોડ રૂપિયા લૂંટ્યા બાદ આંખમાં મરચાંની ભૂકી નાખી ફરાર થયેલા બે લૂંટારા સહિત ત્રણને પોલીસે રાજસ્થાનથી ઝડપી પાડ્યા હતા.

આરોપીની ઓળખ યુવરાજ સિંહ રાજપૂત (૨૨), અનુરાગ રાજપૂત (૨૦) અને હરજીરામ ગુજ્જર (૩૬) તરીકે થઇ હતી. આમાંથી અનુરાગ રાજપૂત મુંબઈમાં સ્થાયી થયેલો છે અને કુરિયર કંપની માટે કામ કરતો હતો.

ભૂલેશ્વરમાં રહેતા અને કુરિયર કંપનીમાં કામ કરતા ઇન્દરકુમાર પ્રજાપતિને તેના માલિક હરીશ પ્રજાપતિએ ૨૦ ડિસેમ્બરે બે બેગ આપી હતી અને કહ્યું હતું કે તેમાં ૧૦ લાખ રૂપિયા છે, જે એક વ્યક્તિ સુધી પહોંચાડવાના છે. ઇન્દરકુમાર તેના સાથી અનુરાગ રાજપૂત સાથે બેગ લઇને સાંજના ગુલાલવાડી સર્કલ ખાતેની સોસાયટીમાં પ્રવેશ્યો ત્યારે તેની પાછળ બે લૂંટારા પણ ઘૂસ્યા હતા અને તેમણે પિસ્તોલની ધાક દાખવી રોકડ ભરેલી બેગ ઝૂંટવી લીધી હતી. બાદમાં બંને જણની આંખમાં મરચાંની ભૂકી નાખી લૂંટારા ફરાર થઇ ગયા હતા. આ ઘટના બાદ વી.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

માલિકે બંને બેગ સોંપતી વખતે કહ્યું હતું કે તેમાં ૧૦ લાખ રૂપિયા છે. જોકે બાદમાં માલિક પોલીસ સમક્ષ હાજર થયો હતો અને જણાવ્યું હતું કે બેગમાં દોઢ કરોડ રૂપિયા હતા. દરમિયાન પોલીસ ટીમે સીસીટીવી કેમેરાના ફૂટેજ અને કૉલ ડેટા તપાસતાં યુવરાજ રાજપૂતની સંડોવણી બહાર આવી હતી. જોકે તેણે રાજસ્થાન ગયા બાદ મોબાઇલ બંધ કરી દીધો હતો. આથી પોલીસ રાજસ્થાન પહોંચી હતી અને સિરોહીથી તેને પકડી પાડ્યો હતો. પૂછપરછમાં તેના ભાઇ અનુરાગની ભૂમિકા બહાર આવી હતી. તેણે જ રોકડ અંગે માહિતી આપી હતી અને બાદમાં લૂંટની યોજના બનાવવામાં આવી હતી. બંને ભાઇની પૂછપરછમાં ગુજ્જરની સંડોવણી હોવાનું જાણવા મળતાં તેને અમદાવાદથી તાબામાં લેવાયો હતો.

આરોપીઓની પૂછપરછ કરતાં માંડવા ગામમાં પોલીટેક્નિક કોલેજ અને સ્ટેડિયમ નજીક એક ઊંડા ખાડામાં રોકડ છુપાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ત્યાંથી ૧.૪૯ કરોડ રૂપિયા જપ્ત કર્યા હતા. ■

# વાશીમમાં સ્કૂટરસવારની મારપીટ કરી ૧.૧૫ કરોડની રોકડ લૂંટનારો પકડાયો

લાતુરઃ વાશીમ જિલ્લામાં સ્કૂટરસવારની મારપીટ કરીને ૧.૧૫ કરોડની રોકડ ભરેલી બેગ લૂંટનારા આરોપીને ક્રાઇમ બ્રાન્ચે લાતુરથી પકડી પાડ્યો હતો.

આરોપીની ઓળખ સ્વપ્નીલ પારસરામ પવાર (૨૮) તરીકે થઇ હતી, જેને શુક્રવારે ઔરા રોડ પર લગ્ન મંડપ નજીકથી તાબામાં લેવાયો હતો. આરોપી પવારે ગુરુવારે હિંગોલી ગેટ ફ્લાયઓવર નજીક સ્કૂટરસવારને આંતર્યો હતો. સ્કૂટરસવારની મારપીટ કરીને આરોપીએ રોકડ ભરેલી બેગ લૂંટી હતી. આ પ્રકરણે ગુનો દાખલ થયા બાદ ક્રાઇમ બ્રાન્ચે પણ તપાસ આદરી હતી અને આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીને બાદમાં વાશીમ પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

# પુણે-નાશિક રેલવે પ્રોજેક્ટ માટે જીએમઆરટીને નહીં ખસેડાય

પુણેઃ આગામી પુણે-નાશિક રેલ પ્રોજેક્ટ માટે જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (જીએમઆરટી) ને સ્થળાંતરિત કરવામાં આવશે નહીં, એમ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે રેલવે પ્રોજેક્ટની ગોઠવણીમાં ફેરફાર કરવો એ એકમાત્ર વિકલ્પ છે.

જીએમઆરટી પુણે-નાસિક હાઇવે પર પુણેથી લગભગ ૬૦ કિ.મી. દૂર નારાયણગાંવ નજીક ખોડાદ ગામમાં સ્થિત છે.

એનસીપી (એસપી)ના સાંસદ અમોલ કોલ્હેએ તાજેતરમાં પ્રોજેક્ટની સુવિધા માટે જીએમઆરટી ના સ્થળાંતરિતનો પ્રસ્તાવ મૂક્યો હતો.

"નાસિક અને પુણે વચ્ચે સ્થિત જીએમઆરટી, પ્રોજેક્ટ માટે એક પડકાર હતો. તે માત્ર ભારતનો ટેલિસ્કોપ નથી, પરંતુ ૨૩ દેશોનો પણ છે. આપણે આ તમામ દેશોને ટેલિસ્કોપ શિફ્ટ કરવા માટે મનાવવા પડે. શિફ્ટિંગનો અર્થ એ છે કે ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનની સૌથી શક્તિશાળી સુવિધાને નબળી પાડવી. તેથી જ અમે જીએમઆરટીને તેના વર્તમાન સ્થાન પરથી ન ખસેડવાનો નિર્ણય કર્યો," વૈષ્ણવે જણાવ્યું હતું. ■

# શરદ પવાર હોશિયાર છે, રાજકારણમાં કંઈ પણ અશક્ય નથી; ફડણવીસનું સૂચક નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અંગે શરદ પવાર દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા નિવેદન પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે શરદ પવાર ઘણા હોશિયાર છે. શરદ પવારે કહ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) જવાબદાર છે. ફડણવીસે આનો જવાબ આપતાં કહ્યું હતું કે, 'શરદ પવાર ઘણા હોશિયાર છે. ક્યારેક તમારે તમારા વિરોધીના પણ વખાણ કરવા પડે છે.'

તેમણે એમ પણ કહ્યું હતું કે આરએસએસે વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવેલા ફેક નેરેટિવને ધ્વસ્ત કરી નાખ્યા બાદ શરદ પવારે આ પ્રશંસા કરી છે.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો સંપૂર્ણપણે અલગ નીકળ્યા, મહાયુતિએ વિધાનસભાની ચૂંટણીમાં સ્પષ્ટ જીત મેળવી. શરદ પવાર સાહેબ ખૂબ જ સ્માર્ટ છે. તેમણે આનો અભ્યાસ કર્યો હશે કે શું આપણે આટલા મોટા પાયે જે વાતાવરણ બનાવ્યું હતું તે એક મિનિટમાં તૂટી શકે છે.

તો આ કરી શકે તેવી શક્તિ કોણ છે? તેમને સમજાયું કે આ શક્તિ એવી શક્તિ નથી જે નિયમિતપણે રાજકારણમાં જોડાય છે, તે એવી શક્તિ છે જે ફક્ત રાષ્ટ્રીય બાબતોમાં જોડાય છે. ફડણવીસે કહ્યું કે તેમણે આ વાતને ધ્યાનમાં રાખીને તેમને લાગ્યું હશે કે પોતાના વિરોધીના વખાણ કરવા જોઈતા હતા, અને મને લાગે છે કે આથી જ તેમણે પ્રશંસા કરી હશે. (પીટીઆઈ) ■

પાચમાં પાનાનું ચાલુ

## પચીસ લાખના

ટીમે ગુરુવારે ટોરેસની ચાર ઓફિસ સહિત છ સ્થળે રેઇડ પાડી હતી. આ કાર્યવાહીમાં અત્યાર સુધી રોકડ, સોનું અને સ્ટોન સહિત નવ કરોડ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કંપની દ્વારા ૧૪ જેટલી કાર જે લોકોને આપવામાં આવી હતી, તેમને ઓળખી કાઢવામાં આવ્યા છે અને તપાસમાં માટે બોલાવવામાં આવ્યા છે.

રોકાણકારો ફરિયાદ નોંધાવવા માટે આગળ આવે એ માટે શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં સેલ શરૂ કરવામાં આવ્યું છે અને પોલીસ પાસે ૭૦૦થી વધુ લોકોની ફરિયાદ આવી છે, જેમાં તેમણે ૨૪થી ૨૫ કરોડ ગુમાવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## પવઈમાં

આથી પોલીસે એડીઆર દાખલ કર્યો હતો. જોકે વિન્ડોમાંથી તે ચોક્કસ કઇ રીતે પડી તે જાણવા પોલીસે સીસીટીવી ફૂટેજ મગાવ્યા હતા. અમારી તપાસમાં આ આત્મહત્યાનો કેસ નથી એ પણ સ્થાપિત થયું છે, એમ પોલીસે કહ્યું હતું. ■

## મુંબઈ મૅરથન

એમ હિરેન્દ્રભાઈ જણાવે છે.

હિરેન્દ્રભાઈએ ૨૦૦૯ના માત્ર એક વર્ષમાં ૩૨ મૅરથનમાં ભાગ લીધો હતો, જેમાંથી સૌથી લાંબી ૧૦૦ કિલોમીટરની અલ્ટ્રા મૅરથન સ્વિટ્ઝરલૅન્ડમાં પૂરી કરી હતી. ૪૨ કિલોમીટરથી વધુ લાંબી મૅરથનને અલ્ટ્રા મૅરથન કહેવામાં આવે છે.

## મેટ્રો લાઈન

આવેલાં છે. મેટ્રો ૭ અંધેરી પૂર્વથી દહીંસર પૂર્વ સુધી ૧૬.૫ કિ.મી.ની લાંબી લાઈન છે અને તેમાં ૧૩ સ્ટેશનો આવેલાં છે. દરરોજ અઢી લાખથી વધુ મુસાફરોને આ લાઈન સેવા આપશે, જ્યારે ઓપરેશન શરૂ થયું ત્યારથી અત્યાર સુધી ૧૫ કરોડથી વધુ સંખ્યામાં લોકોએ પ્રવાસ કર્યો છે.

ડ્રાઈવરલેસ, સક્ષમ ટ્રેનસેટ્સ, સીબીટીસી સિગ્નલિંગ, પ્લેટફોર્મ સ્ક્રીન ડોર અને નવી ટિકિટિંઓગ સિસ્ટમ જેવી અત્યાધુનિક ટેકનોલોજીને અમલમાં મૂકવાના એમએમઆરડીએના પ્રયાસો મુંબઈને સુરક્ષિત અને ઈકો-ફ્રેન્ડલી બનાવે છે. ■

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી હાલ બોરીવલી હસમુખરાય ગોકળદાસ પંચમીયા (ઉં.વ. ૭૫) તા. ૯-૧-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે ચિંતન અને તેજલના પિતા. પ્રવિણાબેનના પતિ. મુલચંદભાઇ તથા સ્વ. વિમળાબેન, કાંતાબેન, લતાબેન, દિવ્યાબેન, જયોતિબેન, મીનાબેનના ભાઇ. સાવરકુંડલાવાળા સ્વ.મુળજીભાઇ ત્રિભોવન દેસાઇના જમાઇ. રાજેશભાઇ, અતુલભાઇ, અલકાબેન, પીયુષાબેનના કાકા. પ્રાર્થનસભા સોમવાર, તા. ૧૩-૧-૨૫ના બપોરે ૩થી ૫. ઠે. મમતા હાઇટ્સ, અદાણી ઇલેક્ટ્રિકની સામે, નીલ ટાવરની સામે, દેવીદાસ ક્રોસ લેન, બોરીવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી (હાલ અમેરિકા) સ્વ. નાનાલાલ કુંવરજીના પુત્ર મહેન્દ્રભાઇ (ઉ. વ. ૮૦) તા. ૧૦-૧-૨૫ના મુંબઇ મુકામે અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. રાજીવ, હેમાંગ તથા નિલી વિનયભાઇ શાહના પિતા. સ્વ. મનસુખભાઇ, સ્વ. મહિપતભાઇ, સ્વ. વસુમતિબેન ગુણવંતરાય શાહ તથા પ્રતિભાબેન પરેશકુમાર સંઘવીના ભાઇ. સ્વ. રતિલાલ ઝવેરચંદ ઝવેરીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રામપુર ભંકોડા નિવાસી હાલ ઘાટકોપર અ.સૌ. મિનાક્ષીબેન શાહ (ઉં. વ. ૭૨) ગુરુવાર તા. ૯.૧.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કિર્તીભાઈ કચરાદાસ શાહના ધર્મપત્ની, કોમલ સંજય, નિશા ભાવેશ, પુર્વી દર્શનના માતુશ્રી. વીંછીયા નિવાસી સ્વ.દલિચંદ ભાઈચંદ ગોસલિયાના સુપુત્રી. જતીન, ભાવેશ, ચંદ્રિકા, સ્વ. માયા, કલ્પના, સ્વાતિના બહેન. ક્રિશા-દિવ્ય, ક્રીના, દીપ તથા સાહિલના નાની. જીતેંદ્ર, પંકજ, રસીલા, સ્વ.અરુણા, સ્વ.જયાના ભાભી. પ્રાર્થનાસભા સોમવાર તા.૧૩.૧.૨૦૨૫ના ૧૦.૦૦ થી ૧૧.૩૦. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડીયાનગર, ઘાટકોપર પૂર્વ

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

જામનગર પીઠડીયા નિવાસી હાલ બોરીવલી સ્વ.સાકરચંદ પોપટલાલ સંઘવીના પુત્રવધૂ તથા દિલીપભાઈ સંઘવીના ધર્મપત્ની નીલમબેન (ઉં. વ. ૬૭) તે ૯/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પૂજા સંઘવીના માતુશ્રી. જયંતભાઈ, મીનાબેન ભુપતકુમાર દોશી, કલ્પનાબેન અશોકભાઈ મહેતાના ભાભી. પિયરપક્ષે સ્વ.વિજયાબેન મગનલાલ સંઘવી નાગપુરવાળાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ખાખરા હડમતીયા, હાલ મીરારોડ સ્વ.રમણીકલાલ શાંતિલાલ દોશીના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૦) ૯/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. નિખિલ, નીતા મિતેષ શેઠના માતુશ્રી. ચીમનભાઈ, નરેશભાઈ, ચંદુભાઈ, વિનયભાઈ, સ્વ.જયસુખભાઇ, રાજુભાઈ, ચંપાબેન, શારદાબેનના ભાભી. સ્વ.રતિલાલ લવજીભાઈ મહેતાના દીકરી. લતાબેન, ઉષાબેન, રેખાબેન, નીલાબેન, ભાવનાબેન, બીનાબેન, નીતિનભાઈના બહેન. પ્રાર્થનાસભા ૧૩/૧/૨૫ના ૩ થી ૫. દશા શ્રીમાળી. સ્થા જૈન ઉપાશ્રય, સેક્ટર ૬, શાંતિનગર, મીરારોડ.

**સ્થાનકવાસી જૈન**

ચોટીલા નિવાસી હાલ બોરીવલી સ્વ.પુષ્પાબેન જીવરાજ ખંધારના પુત્ર અશ્વિનભાઇ (ઉં. વ. ૫૭) ૧૦/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મીનલબેનના પતિ. રાજ-આયુષી અને દેવાંશી ધવલભાઈના પિતા. સ્વ.કિશોરભાઈ, સ્વ.ભુપેન્દ્રભાઈ, સ્વ.વિનીતભાઈ, અજરામર સંપ્રદાયના નયનાબાઈ મ. સા.ના નાનાભાઈ, અરવિંદ ભાઈ શાંતિલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૧૨/૧/૨૫ના ૧૦ થી ૧૨. કાંદિવલી સ્થા. જૈન ઉપાશ્રય, ચોથા માળે, એસ.વી. રોડ, લોહાણા મહાજનવાડીની સામે, કાંદિવલી વેસ્ટ.

**વિશા નીમા જૈન**

મહુધા નિવાસી હાલ અંધેરી સુરેશભાઈ ભણસાલી (ઉં. વ. ૭૭) તા.૦૯.૦૧.૨૫નાં અરિહંતશરણ પામ્યા છે. જે સ્વ. મણીબેન શાંતિલાલ ભણસાલીનાં પુત્ર. વિજેતાબેનનાં પતિ. શ્રીપાલ, મયુરીનાં પિતા. રીટા, શીતલનાં કાકા. અ.સૌ. મુક્તિ, ધીમંતકુમાર, પરેશકુમાર, માલવકુમારનાં સસરા. લૌકિક વ્યવહાર બંધ છે. ૪૦૧, અખીલેશ્વર, ન્યૂ નાગરદાસ ક્રોસ રોડ, અંધેરી( ઈસ્ટ).

**ક. દ. ઓ. જૈન**

રાપર ગઢવારી હાલે ઘાટકોપર ખીમજી મોતા (ઉં. વ. ૮૨) તા. ૭/૧/૨૦૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. અ.સૌ.ગુણવંતીબેનના પતિ. મા.માનબાઈ મુલજી મોતાના સુપુત્ર. મા. પાનબાઈ હીરજી નાગડાના જમાઈ. સંદીપ, સૌ. જાગૃતિના પિતાશ્રી. સૌ.જયશ્રી, લલિત ધરમશી (સુથરી)ના સસરા. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. પ્રાર્થના રાખેલ નથી. ૬/૨૪, શ્રી નારાયણ સોસાયટી, રાઈફલ રેન્જ, ગોલીબાર રોડ, ઘાટકોપર (વેસ્ટ).

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

વડાલ નિવાસી હાલ વિલેપાર્લે શારદાબેન મણીલાલ ધોળકિયા (ઉં. વ. ૯૨) શુક્રવાર તા.૧૦.૧.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મહેન્દ્રભાઈ, પીયુષભાઈ, હર્ષા દીપક વાસા, કલ્પના અશોક શાહના માતુશ્રી. કવિતાબેન તથા ગ્રીષ્માબેનના સાસુ. રાજન, ઈશા આલોક શાહ, સમકિત, મનન, ધ્રુવિન શાહ, સોહિલ, મેઘલના દાદી-નાની. મૈત્રીના દાદીસાસુ. નરભેરામ ગાંગજી દોશીના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મેરાઉના સુભાષ ઉમરશી વીરા (ઉં. વ. ૬૬) તા. ૧૧-૦૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સાકરબેન ઉમરશી દેવજી વીરાના સુપુત્ર. સ્વ. પુષ્પાના પતિ. ઉર્વીના પિતા. સ્વ. જયવંતી, ઇંદીરા, સરોજ, હર્ષા, ભારતી, કસ્તુરના ભાઇ. નાના ભાડીયાના લક્ષ્મીબેન ધનજી જેસંગ છેડાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨.૦૦ થી ૩.૩૦.

કુંદરોડીના જયંતીલાલ રતનશી ગડા (શાહ) (ઉં. વ. ૭૪) તા. ૮-૧-૨૫ના અવસાન પામેલ છે. ભાનુમતી રતનશીના સુપુત્ર. ઇલાગીરી (સન્યાસી)ના સંસાર પક્ષે પતિ. કુણાલ, સંયમના પિતા. લક્ષ્મીચંદ, રાજેશ (પપુ)ના મોટા ભાઇ. નડીયાદ તારાબેન વિઠ્ઠલદાસ મણીલાલ શાહના જમાઇ. પ્રા. શ્રી. વ. સ્થા.જૈન શ્રા.કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦.

મોટા આસંબીયાના અ.સૌ. બીના દિપેન ગોગરી (ઉં. વ. ૫૨) તા. ૯.૧.૨૫ ના અવસાન પામેલ છે. સુશીલા (સાકર) જયંત ખીમજીના પુત્રવધુ. દિપેનના ધર્મપત્ની. મોક્ષના મમ્મી. નિર્મળાબેન નેણશી નરશી રાંભિયાના સુપુત્રી. હસમુખ, શાંતિલાલ, જયેશના બેન. પ્રા : માટુંગા ક.વી.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦).

કોટડા રોહાના પુષ્પાબેન મોહનલાલ પાસડ (શાહ) (ઉં. વ. ૮૫) તા.૯-૧- ૨૫ના અવસાન પામેલ છે. રતનબેન રવજી દેવશીના પુત્રવધુ. મોહનલાલના પત્ની. રાજેશ, સંજયના માતા. ચાંગડાઈ રતનબેન વેરશી ગેલાભાઈ નાગડાના સુપુત્રી. કાંતિલાલ, પ્રદીપ, મુલબાઈ વેરશી, લક્ષ્મીબેન લાલજી, લીલાવંતી હીરજી, કુસુમબેન મહેન્દ્ર, રમીલાબેન વેરશીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ : સંજય મોહનલાલ શાહ,૧૩૦૨, પ્રાઈમ રોઝ, કૌશલ્ય હોસ્પિટલની પાસે, પાંચ પખાડી, થાણા (વેસ્ટ).

ચુનડીના હીરજી વિજપાર ગંગર (ઉં. વ. ૯૨) તા. ૯-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પાનબાઈ વિજપારના પુત્ર. તારાબેનના પતિ. રાજેશ, વિપુલ, વાસંતીના પિતાશ્રી. મુરજીના ભાઈ. દેશલપુર લક્ષ્મીબેન રામજી ગાલાના જમાઈ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. રાજેશ ગંગર, ૮૦૧, લીલીયમ, મહિન્દ્રા ગાર્ડન્સ, એસ. વી. રોડ, ગોરેગામ (વે).

# હિન્દુ મરણ

**શ્રીમાળી બ્રાહ્મણ**

કચ્છ અંજાર નિવાસી હાલ ઘાટકોપર સ્વ.રાજેન્દ્ર મનહરલાલ દવે અને કલ્પનાબેનની સુપુત્રી. તે ઉજ્જવલની બહેન કુમારી દિશા (ઉં. વ. ૩૪)નું તારીખ ૧૦/૦૧/૨૦૨૫ના અવસાન થયું છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ સુમરી રોહા હાલે માટુંગા નિવાસી સ્વ. ઝવેરબેન (દેવકાબેન) જીવરામ ગંગારામ કોઠારીના સુપુત્ર વિજયભાઇ (ઉં. વ. ૭૨) શુક્રવાર, તા. ૧૦-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રતનબેન જેઠાબાબુ સોમેશ્વર, વસંતબેન ભગવાનદાસ તન્ના સુધાબેન (શાંતાબેન) સુબોધભાઇ ચોથાણી, મહાલક્ષ્મી (લચ્છુબેન)ના ભાઇ. તે પંકજ, નીના, સંજય, કલ્પના, અજય, ચેતના, સમીર, હેતલ, પૂર્વી તથા પરેશના મામા. હર્ષદભાઇ પટેલના પરમમિત્ર. તે અરવિંદ, સ્વ. સુરેશ, નરેન્દ્ર, સ્વ. હેમંતના કાકાઇભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી ભાટીયા**

ઉદય જમનાદાસ મર્ચન્ટ (ઉં. વ. ૮૯) તે જમનાદાસ ખીમજીના પુત્ર. તે દેવજી જેટમલના જમાઇ. તે નલિનીના પતિ. તે સ્વ. અલ્પાના પિતા. તે સ્વ. ભાનુ મર્ચન્ટ, સ્વ. ધરમસિંહ, સ્વ. મધુરી સંપતના ભાઇ. તે સ્વ. પંકજ, ચેતન, ધિરેનના કાકા. તા. ૧૦-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌ. પ્રથા બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

જામનગર નિવાસી હાલ બેંગલોર કનકરાય અનંતરાય પારેખ (ઉં. વ. ૯૩) તે સ્વ. પુષ્પાબેનના પતિ. અ. સૌ. પલ્લવીબેન પંકજ કુરાણી તથા કલ્પેશ પારેખના પિતાશ્રી. અ. સૌ. નીતા કલ્પેશ પારેખ તથા પંકજ કુરાણીના સસરા. રીયા, સાગર, જીગરના દાદા/નાના. લલિતચંદ્ર વજીરના વેવાઇ. નીલાબેન શેઠ, સ્વ. મહેન્દ્રભાઇ તથા ચંદ્રકાંતભાઇના ભાઇ. તા. ૧-૧-૨૫ના બેંગલોર ખાતે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ.કાકુભાઈ રામજી ભીંડે ગામ કિડાણા હાલ થાણાના ધર્મપત્ની ગં.સ્વ.શાંતાબેન (જીતુબેન) (ઉં. વ. ૮૬) તા. ૧૧- ૧- ૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ.નારણજી જેઠમલ આઠક્કર

# પારસી મરણ

ફ્રેની રૂસ્તમ વાંકડીયા તે મરહુમ રૂસ્તમ ફિરોઝશાહ વાંકડીયાના વિધવા. તે મરહુમો આલામાય તથા સાવકશા ફરામરોઝ ગાટીના દીકરી. તે અરનાવાઝ ફિરદોશ વાંકડીયા, ફિરોઝ રૂસ્તમ વાંકડીયાના મમ્મી. તે ફિરદોશ અંકલેશ્વરીયા ને ફીરૂઝા વાંકડીયાના સાસુજી. તે આદરબાદ, જરૂ તથા મરહુમ જમશેદના બહેન. તે નતાશા ને તરીનીશના બપયજી. (ઉં. વ. ૯૫) રે. ઠે. ૪૦૨/૨, મહેરાબાદ બેહરામ બાગ, પારસી કોલોની, ઓશીવારા, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે જોગેશ્વરી મધ્યે બહેરામબાગ અગિયારીમાં.

ગામ મોટી ચિરઈના પુત્રી. સ્વ.લાલજી રામજી, સ્વ.લીલાવંતીબેન લક્ષ્મીદાસ, સ્વ.કાંતાબેન વિશનજીના ભાભી. પ્રેમીલાબેન સુરેશભાઈ, ગં.સ્વ.રેખાબેન મહેશભાઈ, સ્વ.મધુબેન પ્રદીપભાઈ, જયંતીભાઈ, વિજયભાઈના માતુશ્રી. સરોજબેન, વીણાબેનના સાસુમા, મહેશભાઈ, મંજુબેનના મોટાબેન. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા.૧૨-૧-૨૫ના ૫:૩૦ થી ૭. સારસ્વતવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ પશ્ચિમ. બહેનોએ એજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ બાલાગામ હાલ મુંબઈ સ્વ.જયાબેન જમનાદાસ દત્તાણીના પુત્ર જયસુખભાઇ (ઉં. વ. ૭૪) તે સ્વ.સુમનબેનના પતિ. વૈશાલી, પિન્કેશ તથા ખુશ્બુના પિતા. દિપેશભાઈ મોદી, કાજલ, આશિષ મોદીના સસરા. સ્વ.હેમેન્દ્રભાઈ, સ્વ.સરલાબેન, રમાબેનના ભાઈ, સાસરાપક્ષે ખાપોલીવાળા સ્વ.લીલાવંતીબેન મનજીભાઇ વિઠલાણીના જમાઈ. તા. ૧૦/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૩/૧/૨૫ના ૫ થી ૬.૩૦. શ્રી હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, ઠાકુરદ્વાર મુંબઈ.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ અંધેરી વિજયાબેન તથા પ્રવીણભાઈ જમનાદાસ શેઠના પુત્રવધુ તથા જયભાઈના ધર્મપત્ની સેજલબેન (ઉં. વ. ૫૪) તે દિવ્યમના માતુશ્રી. ખેવનાના સાસુ. મહુવાવાળા નીલાબેન તથા રમેશભાઈ જયંતીલાલ શેઠના દીકરી. કેતન, હિમાંશુ, ચેતના દિલીપભાઈ સંઘવી તથા ફાલ્ગુની હિમાંશુ મહેતાના બહેન. ૫/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**વીરપુર દશાનીમા વણિક**

સ્વ.કૃષ્ણકાંત હરિલાલ દેસાઈના ધર્મપત્ની લીલાબેન (ઉં. વ. ૮૩) બાલાસિનોર નિવાસી સાકરલાલ ઘારિયાના દીકરી, હિતેશી, હેતલ, સ્વ.ભાવેશ, હેમંતના માતુશ્રી. કમલેશ, દીપેશ, કાજલ, પ્રિયંકાના સાસુ. કેયુર, વિશ્રી, હર્ષના નાની. ૬/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૨/૧/૨૫ના ૫ થી ૭. વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય, શંકરમંદિરની સામે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

બોરીવલી નિવાસી ગુણવંતરાય ખીમજીભાઈ પરમારના ધર્મપત્ની અ.સૌ.ઉર્મિલાબેન (ઉં. વ. ૬૪) ગામ મહુવાવાળા કેતન, અમિત, નીલમ તુષાર પીઠવાના માતુશ્રી. ભાવિકા તથા ઉર્વશીના સાસુ. સ્વ.બાબુભાઇ, ધીરુભાઈ, કાંતિભાઈના ભાઈના પત્ની. સ્વ.પ્રાગજીભાઈ ગોવિંદભાઇ મકવાણા ગામ રાજુલાવાળાના દીકરી. પ્રાર્થનાસભા ૧૩/૧/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

સ્વ.મનુભાઈ ધરમશી તન્ના હાલ નાલાસોપારાના ધર્મપત્ની મધુકાંતા મનુભાઈ તન્ના (ઉં. વ. ૯૨) સ્વ.દેવજી બારાઈના સુપુત્રી. કનક-કિશોર, મનસ્વી-ધીરજ, સ્વ.જયશ્રી-દીપક, અલકા-ચિરાગ, પક્ષા-અમર, ધર્મિષ્ઠા-દીપકના માતુશ્રી. સ્વ.શશીકાંત, પ્રકાશ ધરમશીના ભાભી. દેવાંગ, સ્વ.ભાવેશ, સ્વ.હીતેશ, હીરલ, વિક્કી, પિંકી, ધીરેન, પુજા, ડેનીસ, રાજના નાની. ૧૦/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૨-૧-૨૫ રવિવારના ૪-૬. શ્રી ક.વી.ઓ. મિત્ર મંડળ, કરસન લધુનીસર જૈન ધર્મ સ્થાનક રામદેવ ઝેરોક્ષની ઉપર, ૧લે માળે, તુલીજ રોડ, ચાર રસ્તા, નાલાસોપારા ઈસ્ટ.

**લોહાણા**

મૂળ ગામ માધવપુર હાલ બોરીવલી નવનીતભાઈ (ઉં. વ. ૬૮) શુક્રવાર તા.૧૦/૦૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ.કાન્તાબેન મોહનલાલ લાલજીભાઈ રૂપારેલીયાના દીકરા, દિનાબહેનના પતિ. સ્વ. પ્રતાપભાઈ, નારાયણભાઈ, હીનાબહેન ચેતનભાઇ માવાણી, દેવિકાબહેન જયેશભાઈ કારિયાના ભાઈ. કેયુરભાઈ (કીર્તનભાઈ), પૂજાબહેન જનકભાઈ દોશીના પિતાશ્રી. સ્વ.છોટુભાઈ ગોરધનદાસ શિંગાળાના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, તા.૧૨/૦૧/૨૫ના ૫ થી ૭. આંગન હોલ, કેન્દ્ર ગાર્ડન એપાર્ટમેન્ટ, ટી.પી.એસ. રોડ, એમ. કે. સ્કુલની બાજુમાં, બોરીવલી પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. નલિની હીરાલાલ શેઠ (ઉં. વ. ૭૫) હાલે વડોદરા સ્વ. હીરાલાલ પ્રાગજી શેઠના ધર્મપત્ની. સ્વ. સાકરબાય લાલજી દરબારના સુપુત્રી, સ્વ. હસ્તાબેન પ્રાગજી શેઠની પુત્રવધુ. ટીના તથા નિશાંતના માતોશ્રી, શૈલેષભાઈ, કરુણાના સાસુ. રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૨/૧/૨૫ના ૫ થી ૭. રામબાગ વાડી, માટુંગા.

**હાલાઇ લોહાણા**

હરીપર નિવાસી હાલ મુંબઇ ગુણવંતીબેન ગોવિંદજી કોટેચાના પુત્રી આશાબેન (ઉં. વ. ૭૦) તે સુરેશભાઇ, હિતેનભાઇ, નયનાબેન, જીતેન્દ્રકુમાર તન્નાના બેન. જયશ્રીબેન, ફાલ્ગુનીબેનના નણંદ. સમીર, રોનક, પુજા ગૌરાંગ ચંદારાણા, રિદ્ધિ આદિત્ય ગુપ્તા, ખુશાલી કલ્પય કોટેચાના ફઇ. બીંદી પ્રતીક શેઠ, નિધી કુનાલ તન્નાના માસી. તા. ૧૦-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔ. સહસ્ત્ર ઝાલાવાડી હદિયાણા ચૌવીશી બ્રાહ્મણ**

મુંબઇ નિવાસી હાલ ઘાટકોપર ધર્મેન્દ્રભાઇ ક્રિપાશંકર શુકલના ધર્મપત્ની અ. સૌ. ભારતીબેન (ઉં. વ. ૮૫) તે સ્વ. મોહનભાઇ રેવાશંકર પંડ્યાનાં પુત્રી. કુસુમબેન, સ્વ. કુમુદ, સ્વ. રેખાબેનનાં મોટાં બહેન. સ્વ. જયશ્રીબેન, હર્ષાબેન, બકુલભાઇ, માયાબેન અને હિમાંશુનાં માતુશ્રી. પરાક્ષીબેન બકુલભાઇ શુકલ, અરવિંદભાઇ, કેતનભાઇ અને અરુણભાઇનાં સાસુ. અદિતી, આયુષીના દાદી. તા ૯-૧-૨૫ના બુધવારના કૈલાસવાસી થયાં છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૧-૨૫ના સોમવારના ૫થી ૭. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ વાડી, જોશી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ).

## એમવીએનું

તાકાત પર લડીશું.'

મુખ્ય પ્રધાન ફડણવીસની પ્રશંસા કરતા સંજય રાઉતે કહ્યું, 'એ સાચું છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં હંમેશા પરંપરા અને સંસ્કૃતિનું પાલન કર્યું છે. વિપક્ષે સરકારના સારા કાર્યને સકારાત્મક દૃષ્ટિકોણથી જોવું જોઈએ. તેથી જ અમે તેમના કાર્યની પ્રશંસા કરી છે. ગઢચિરોલીમાં દેવેન્દ્ર ફડણવીસે સારી શરૂઆત કરી છે, મહારાષ્ટ્રમાં એક પરંપરા છે કે રાજકારણ વ્યક્તિગત દુશ્મનાવટ વિના કરવું જોઈએ, પરંતુ એ સ્વીકારવું પડશે કે ભાજપે કમનસીબે તે પરંપરાનું ઉલ્લંઘન કર્યું હતું. તેમણે તેમના રાજકીય હરીફો સામે ખોટા કેસ દાખલ કર્યા હતા. તેમણે ઈડી અને સીબીઆઈનો દુરુપયોગ કર્યો હતો.

ભાજપ સાથેની મિત્રતા અંગે રાઉતે કહ્યું હતું કે, 'કોઈ કાયમી દુશ્મન નથી હોતો અને કોઈ કાયમી મિત્ર નથી હોતો. અમે પચીસ વર્ષથી મિત્રો હતા. અમે ભાજપના સૌથી વિશ્વસનીય મિત્રો હતા, પરંતુ હવે કોઈ મિત્રો નથી. મહારાષ્ટ્રમાં ઘણા દિગ્ગજ નેતાઓ હતા જેમણે ક્યારેય બદલાની રાજનીતિ કરી નથી. જો તેઓ વાતાવરણ સંતુલિત કરશે, તો અમે તેમનું સ્વાગત કરીશું.' ■

## ટીકુ તલસાણિયાને

વધુ ફિલ્મોમાં અભિનય કરનારા તેઓ તેમની કોમિક સેન્સને કારણે ખૂબ જ પ્રખ્યાત થયા છે. તેમણે આમિર ખાન (અંદાજ અપના અપના) અને શાહરુખ ખાન (દેવદાસ) જેવા દિગ્ગજ કલાકાર સાથે પણ કામ કર્યું છે.

શુક્રવારે તેમની અચાનક તબિયત લથડી હતી અને તેમને શહેરની ટોચની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં તેમને હાર્ટ એટેક આવ્યો હોવાની વાત ફેલાઈ હતી, પણ તેમનાં પત્ની દીપ્તિએ ટીકુ તલસાણિયાને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હોવાની અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવ્યું હતું. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# એમવીએનું અચ્યુતમ્ કેશવમ્...

## પહેલાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી અલગ લડવાની વાત અને હવે ફડણવીસ પર પ્રશંસાના ફૂલો વરસાવીને સંજય રાઉત શું વ્યક્ત કરી રહ્યા છે?

નાગપુર: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે નાગપુરમાં મોટી જાહેરાત કરી અને કહ્યું હતું કે શિવસેના (યુબીટી) રાજ્યની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પોતાના દમ પર લડશે. આની સાથે જ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે રાજ્યના મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસની મોંફાટ પ્રશંસા કરી હતી. ૨૦૧૯માં બંને પક્ષોની યુતિ મુખ્ય પ્રધાનને મુદ્દે તૂટ્યા બાદ પહેલી વખત સંજય રાઉતે જાહેરમાં ફડણવીસની પ્રશંસા કરી હોવાથી હવે અનેક અટકળો લાગી રહી છે, જેમાં એમવીએ ભંગાણ તરફ આગળ વધી રહ્યું હોવાનો પણ સમાવેશ થાય છે.

ગઢચિરોલીમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોની પ્રશંસા કરતાં સંજય રાઉતે નાગપુરમાં કહ્યું હતું કે વિપક્ષે સરકારના સારા કામને સકારાત્મક દૃષ્ટિકોણથી જોવું જોઈએ.

સંજય રાઉતને મ્યુનિસિપલ ચૂંટણીઓ વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે, 'અમે સીધી લડાઈ લડીશું, પણ અમારી પોતાની તાકાત પર.' શિવસેનાના સાંસદ સંજય રાઉતે એમ પણ કહ્યું હતું કે, 'મુંબઈથી નાગપુર સુધી, મ્યુનિસિપલ ચૂંટણીઓ અમારા પોતાના દમ પર લડીશું. અમે મુંબઈ અને નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનો સામે અમારી પોતાની (જુઓ પાનું ૪) ▸▸

# ૨૦મી વાર મુંબઈ મૅરથનમાં ભાગ લેવા જર્મનીથી આવી રહ્યા છે ગુજરાતી વેપારી



મુંબઈ: જર્મનીમાં રહેતા ગુજરાતી વેપારી હિરેન્દ્ર કુરાનીનું ૨૩ વર્ષ પહેલાં વજન વધવા લાગ્યું. ફાંદ વધતી જોઈને તેમણે દોડવાનું નક્કી કર્યું અને પછી તો જાણે તેને સંકલ્પ બનાવી દીધો. ૬૯ વર્ષના હિરેન્દ્રભાઈ અત્યાર સુધીમાં ૨૧૧ મૅરથન પૂરી કરી ચૂક્યા છે અને ૧૯ જાન્યુઆરીએ મુંબઈમાં આયોજિત મૅરથનમાં દોડવા માટે જર્મનીથી આવવાના છે. મુંબઈમાં યોજાતી મૅરથોનમાં તેઓ ૨૦મી વાર ભાગ લેવા આવી રહ્યા છે.

હિરેન્દ્રભાઈ છેલ્લાં ૪૬ વર્ષથી જર્મનીમાં રહે છે અને ઈન્ડસ્ટ્રિયલ પૅકેજિંગ પ્રોડક્ટ્સનો વ્યવસાય ધરાવે છે. તેમના પિતા ગુજરાતના પોરબંદર જિલ્લાના ઢાંકના વતની. જર્મની જતાં પહેલાં હિરેન્દ્રભાઈ મુંબઈના સાંતાક્રુઝ પરિસરમાં મોટા ભાઈ કનકરાય કુરાની સાથે રહેતા.

જર્મનીથી ફોન પર વાત કરતાં હિરેન્દ્રભાઈ જણાવે છે, 'વ્યવસાય માટે હું ભારતથી માલની આયાત કરાવું છું. વર્ષમાંથી ત્રણથી ચાર વાર ભારત આવવાનું બને. હું હજુ ભારતીય પાસપોર્ટ ધરાવું છું અને મૅરથન માટે ૧૭ જાન્યુઆરીએ ભારત પહોંચી જઈશ.'

હિરેન્દ્રભાઈ હાફ મૅરથનમાં ભાગ લેતા નથી. અત્યાર સુધીમાં વિવિધ દેશોમાં ૨૧૧ ફુલ મૅરથન તેમણે પૂરી કરી છે. ગયા વર્ષે, ૨૦૨૪માં નવ મૅરથનમાં તેમણે ભાગ લીધો હતો, જેમાંથી એક, ૨૪ નવેમ્બરે અમદાવાદમાં અને પછી સિંગાપોરમાં એક મૅરથન પૂરી કરી હતી. બાકીની બધી મૅરથન જર્મનીમાં પૂરી કરી હતી.

'વજન વધવાને કારણે મેં દોડવાનું શરૂ કર્યું હતું, પરંતુ પછી મૅરથનમાં ભાગ લેવાનો અનેરો આનંદ મળવા લાગ્યો. મુંબઈમાં અત્યાર સુધીમાં મેં ૧૯ મૅરથનમાં ભાગ લીધો છે. એ સિવાય ડેન્માર્ક, નેધરલૅન્ડ્સ, દુબઈ, ન્યૂ યોર્ક, સાન ફ્રાન્સિસ્કોમાં પણ મૅરથન દોડ્યો છું,' (જુઓ પાનું ૪) ▸▸

# ટીકુ તલસાણિયાને બ્રેઈન સ્ટ્રોક: તબિયત હવે સ્થિર



મુંબઈ: ટીવીજગતમાં અને પછી મોટે પડદે કોમેડી રોલમાં કાઠું કાઢી ઘરે ઘરે પ્રખ્યાત થયેલા મૂળ ગુજરાતી રંગભૂમિના કલાકાર ટીકુ તલસાણિયાને શુક્રવારે રાતે હાર્ટ અટેક આવ્યો હોવાના અહેવાલ આવ્યા હતા. જોકે તેમને હાર્ટ અટેક નહીં, પણ બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. હાલમાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું તેમનાં પત્ની દીપ્તિ તલસાણિયાએ જણાવ્યું હતું.

શુક્રવારે રાતે એક ફિલ્મના પ્રીમિયર સમયે તેમને છાતીમાં દુખાવાનું શરૂ થયું હતું, એવું તેમની સાથી કલાકાર રશ્મી દેસાઈએ જણાવ્યું હતું. જોકે તેમને સમયસર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને સારવાર મળી રહેતાં તેમની તબિયત સુધારા પર છે. ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં અમીટ છાપ ઊભી કરનારા ટીકુ તલસાણિયા 'ગોલમાલ હૈ ભૈ સબ

ગોલમાલ હૈ, ઝિંદગી બાકી હૈ મેરે દોસ્ત, સજન રે ફિર ઝૂઠ મત બોલો અને ઉતરાણ જેવી સિરિયલોમાં એક્ટિંગ કરીને લોકોનાં હૃદયમાં વસે છે. અઢીસોથી (જુઓ પાનું ૪) ▸▸

**ટોરેસ સ્કૅમ**

# પચીસ લાખના ભાડા પર લેવાયેલી દાદરની ઓફિસને લાગ્યું સીલ



**લાગ્યું સીલ:** ટોરેસ કંપનીની દાદર વેસ્ટમાં આવેલી ઓફિસમાં શનિવારે સીલ લગાડવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

મુંબઈ: ટોરેસ બ્રાન્ડ ચલાવતી કંપની દ્વારા મુંબઈ, નવી મુંબઈ, મીરા-ભાયંદરમાં સ્ટોર્સ શરૂ કર્યા બાદ રોકાણ પર સપ્તાહે ૬થી ૧૧ કરોડના વ્યાજે વળતરની લાલચે રોકાણકારો સાથે ૧,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસની તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે દાદરની ઓફિસ ૨૫ લાખ રૂપિયા માસિક ભાડા પર લેવામાં આવી હતી. દાદરની આ ઓફિસ શનિવારે સીલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા આ કેસની તપાસ કરવામાં આવી રહી છે અને પોલીસ (જુઓ પાનું ૪) ▸▸

# પવઈમાં ૧૧મા માળેથી પટકાતાં મહિલાનું મોત

### ૨૭ વર્ષની જિનલ વોરા વીમા કંપનીમાં કામ કરતી હતી

મુંબઈ: પવઇ વિસ્તારમાં વીમા કંપનીની ૨૭ વર્ષની મહિલા કર્મચારીનું ઓફિસની પેન્ટ્રી ખાતે ઇમરજન્સી વિન્ડોમાંથી અકસ્માતે નીચે પટકાતાં મૃત્યુ થયું હતું.

ગુરુવારે રાતે બનેલી આ ઘટનામાં મૃત્યુ પામેલી મહિલા કર્મચારીની ઓળખ જિનલ વોરા તરીકે થઇ હતી, જે બોરીવલી પૂર્વમાં રહેતી હતી. જિનલ ઇમરજન્સી વિન્ડો નજીક કૉફી પીતી હતી ત્યારે તે અકસ્માતે નીચે પડી ગઇ હતી.

સુપ્રીમ બિઝનેસ પાર્ક ખાતે ૧૦મા માળે ગાર્ડનમાં પડતાં જિનલના માથામાં ગંભીર ઇજા પહોંચી હતી. બનાવની જાણ થતાં ત્યાંનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને જિનલને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં શુક્રવારે સવારે તેનું મૃત્યુ થયું હતું.

એ દિવસમાં મેનેજરનો જન્મદિવસ હોવાથી ઓફિસના કર્મચારીઓ ડેકોરેશનમાં વ્યસ્ત હતા ત્યારે આ ઘટના બની હતી. પોલીસે ઓફિસના સ્ટાફનાં નિવેદન નોંધ્યાં હતાં અને સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ મગાવ્યા હતા.

આરંભિક તપાસમાં કશું શંકાસ્પદ જણાયું નથી અને કોઇ વિધિસર ફરિયાદ નોંધાઇ નથી. (જુઓ પાનું ૪) ▸▸

# મેટ્રો લાઈન ૭ અને ટૂ-એની ટ્રેનો ફુલ સ્પીડમાં દોડશે

### ૮૦ કિ.મી.ની સ્પીડ માટે સીસીઆરએસનું સર્ટિફિકેટ મળ્યું

મુંબઈ: મુંબઈની મેટ્રો લાઈન ૭ (રેડ લાઈન) અને ટૂ-એ (યેલો લાઈન)ને ચીફ કમિશનર ઓફ રેલ સેફ્ટી (સીસીઆરએસ)નું સલામતી સર્ટિફિકેટ મળ્યું છે. આથી હવે ટ્રેનો ૮૦ કિ.મી.ની ઝડપની પૂર્ણ ક્ષમતા સાથે દોડશે, એવું એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

અખબારી યાદી અનુસાર આ સિદ્ધિ અધિકૃતતા દરમિયાન નક્કી કરવામાં આવેલી તમામ શરતોનું સફળ પાલન દર્શાવે છે. સીસીઆરએસના સર્ટિફિકેટ બાદ બે મેટ્રો લાઈન જે અગાઉ ૫૦થી ૬૦ કિ.મીની. ઝડપે દોડતી હતી તે હવે તેની ૮૦ કિ.મી.ની પૂરી ક્ષમતા સાથે દોડશે.

એમએમઆરડીએ દ્વારા સંચાલિત મુંબઈના સૌથી વ્યસ્ત માર્ગો પર ભીડને હળવી કરવા માટે આ બે લાઈનો મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

ટૂ-એ મેટ્રો દહીંસરથી ડીએન નગર સુધી ૧૮.૬ કિ.મી.ની લાંબી લાઈન ધરાવે છે અને એમાં ૧૭ સ્ટેશનો (જુઓ પાનું ૪) ▸▸

# રિવોલ્વરની ધાકે વસઈમાં જ્વેલર્સની દુકાનમાંથી ૪૫ લાખની લૂંટ કરાઇ

પાલઘર: પાલઘર જિલ્લાના વસઇમાં બે લૂંટારાએ ઝવેરીને રિવોલ્વરની ધાક દાખવી તથા તેના પર હુમલો કર્યા બાદ દુકાનમાંથી ૪૫ લાખ રૂપિયાના દાગીના લૂંટ્યા હતા. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર વસઇના અગરવાલ વિસ્તારમાં શુક્રવારે રાતે ૯ વાગ્યે આ ઘટના બની હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર પૂર્ણિમા ચૌગુલેએ જણાવ્યું હતું કે રાતે દુકાન બંધ કરવાના સમયે લૂંટારા અંદર ઘૂસી આવ્યા હતા. એક લૂંટારાએ મોઢા પર માસ્ક પહેર્યું હતું, જ્યારે બીજાએ હેલ્મેટ પહેર્યું હતું.

ઝવેરી દુકાન બંધ કરી રહ્યો હતો ત્યારે લૂંટારાએ અંદર ઘૂસીને તેને રિવોલ્વરની ધાક દાખવી ધમકાવ્યો હતો. તેઓ ઝવેરીને તિજોરી પાસે લઇ ગયા હતા અને અંદર રાખેલા દાગીના કાઢી લીધા હતા. બાદમાં તેમણે ઝવેરીના માથામાં રિવોલ્વરથી હુમલો કર્યો હતો. ■

# વિન્ટેજ, ક્લાસિક અને સુપર કાર્સનું થાણેમાં અદ્ભુત પ્રદર્શન

## 'રેમન્ડ ૧૦૦ ઓટોફેસ્ટ'

### ત્રણ દિવસના ઓટોફેસ્ટનો આજે છેલ્લો દિવસ છે, જવાનું ચૂકતા નહીં








અમારી કંપનીના પ્રવાસને ૧૦૦ વર્ષ પૂરા થયા છે, તેની યાદમાં આ ત્રણ દિવસના ભવ્ય ઓટોફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગૌતમ સિંઘાનિયા, રેમન્ડ ગ્રૂપ






(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિન્ટેજ કાર અને વિન્ટેજ બાઈકના શોખીન હોય તો થાણેમાં ચાલી રહેલા 'રેમન્ડ ૧૦૦ ઓટોફેસ્ટ' જોવા જજો. આજે એનો છેલ્લો દિવસ છે તો ત્યાં પહોંચી જજો. થાણેમાં શુક્રવારથી ત્રણ દિવસનું ઓટોફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સુપર કાર, વિન્ટેજ કાર અને ક્લાસિક કારની સાથે જ સુપર બાઈક, વિન્ટેજ બાઈક અને સ્પોર્ટ્સ કાર જોવા મળી રહી છે. લગભગ ૫૩૦થી વધુ વિન્ટેજ કારનો ભવ્ય નજારો એક જ જગ્યાએ જવલ્લે જ જોવા મળે છે. ઓટોફેસ્ટમાં સૌથી જૂની કાર ૧૯૧૪ની સાલની છે. આ ઓટોફેસ્ટમાં દેશના જુદા જુદા શહેરોમાંથી આવેલી વિન્ટેજ કારની ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં પણ નોંધ લેવામાં આવી છે.

થાણેમાં શુક્રવાર ૧૦ જાન્યુઆરીથી ચાલુ થયેલા ઓટોફેસ્ટમાં બે દિવસ દરમિયાન મોટી સંખ્યામાં સ્કૂલના બાળકો સહિત નાગરિકો હાજરી આપી ચૂક્યા છે. આજે રવિવારે છેલ્લો દિવસ છે ત્યારે મોટી સંખ્યામાં લોકો વિન્ટેજ કાર અને બાઈક જોવા હાજરી આપે એવી શક્યતા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ રવિવારે સવારના ઓટોફેસ્ટમાં હાજર રહેવાના છે. એક અંદાજ મુજબ ઓટોફેસ્ટમાં પહેલા દિવસે સ્કૂલનાં ૧૭,૦૦૦ બાળકો અને ૨૪,૮૦૦થી વધુ નાગરિકો આવ્યા હતા. તો શનિવારે મોડી રાત સુધીમાં ૩૦,૦૦૦થી વધુ લોકોએ ઓટોફેસ્ટમાં હાજરી પુરાવી હતી. રવિવારે આમાં વધારો જોવા મળે એવું આયોજકોનું માનવું છે.

ઓટોફેસ્ટનું આયોજન રેમન્ડ ગ્રૂપ અને સુપર કાર ક્લબ ગેરેજ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં વિન્ટેજ એન્ડ ક્લાસિક કાર ક્લબ ઓફ ઈન્ડિયાનો પણ સહકાર રહ્યો છે. રેમન્ડ ગ્રૂપના ગૌતમ સિંઘાનિયાના જણાવ્યા મુજબ અમારી કંપનીના પ્રવાસને ૧૦૦ વર્ષ પૂરા થયા છે, તેની યાદમાં આ ત્રણ દિવસના ભવ્ય ઓટોફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. થાણેમાં આ પ્રકારના ઓટોફેસ્ટનું પહેલી વખત આયોજન કરવામાં આવ્યું છે. ઓટોફેસ્ટમાં ગૌતમ સિંઘાનિયાની અનેક સુપર કારને પણ સામેલ કરવામાં આવી છે.


સુપરકાર અને સુપરબાઈકથી લઈને વિન્ટેજ ક્લાસિક એવાં ૫૦૦થી વધુ વાહનો એક જ છત નીચે જોવા મળી રહ્યા છે. આ કાર્યક્રમમાં ગ્લોબલ રેસિંગ આઈકોન મિકા હાકિનન અને નારાયણ કાર્તિકેયનની સાથે જ મોટર સ્પોર્ટ્સના દિગ્ગજ ગૌરવ ગિલ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ક્રિકેટર રવિ શાસ્ત્રીની ઓડી ૧૦૦ છે, જે સુપર કાર ક્લબ ગેરજ દ્વારા રિસ્ટોર કરવામાં આવી છે. ૧૯૮૫માં બેન્સન એન્ડ હેજિસ કપ જીતનારી ભારતીય ટીમના ઓલરાઉન્ડર રવિ શાસ્ત્રીને આ કાર મેન ઓફ ધ સિરીઝના એવોર્ડ તરીકે મળી હતી. ■



## સૌથી જૂની કાર ૧૯૧૪ની

વિન્ટેજ એન્ડ ક્લાસિક કાર ક્લબ ઓફ ઈન્ડિયાના ચેરમેન નીતિન ડોસા પોતે વિન્ટેજ કારના શોખીન છે અને તેમના પોતાના કાફલામાં મોટી સંખ્યામાં વિન્ટેજ કારનો સમાવેશ થાય છે. તેમના પોતાના પર્સનલ કલેક્શનમાંથી અહીં ઓટોફેસ્ટમાં ૧૭ વિન્ટેજ કાર લાવવામાં આવી છે. નીતિન ડોસાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ઓટોફેસ્ટમાં અમુક કાર દેશની આઝાદી પહેલાની તો અમુક આઝાદી બાદની કારનો સમાવેશ છે. ઓટોફેસ્ટમાં લગભગ ૫૩૦ કાર છે, જે દિલ્હી, અમદાવાદ, લખનૌ, જયપુર સહિત દેશના અનેક રાજ્યોમાંથી લાવવામાં આવી છે. આ પ્રદર્શનમાં સૌથી જૂની કાર ૧૯૧૪ની વુલ્ઝલી છે જે મારી છે. એ સિવાય બીજી ૧૯૬૨ની એક મર્સિડીઝ બેન્ઝ ૧૯૦ એસએલ છે. બીજી કાર ૧૯૩૭ની પૅકર્ડ ૧૨૦ છે, જે દેશની આઝાદી બાદ ૧૯૫૨માં પાકિસ્તાન ગઈ હતી અને ત્યાંથી પાછી ભારત આવી હતી. ■







(તસવીરો: અમય ખરાડે)

# બર્થ-ડે બૉય રાહુલ દ્રવિડ કેમ ‘ધ વૉલ’ અને ‘મિસ્ટર ડિપેન્ડેબલ’ કહેવાતો એના આ રહ્યા પાંચ કારણ...

બેન્ગલૂરુ: ભારતના બૅટિંગ-લેજન્ડ અને સફળ હેડ-કોચ રાહુલ દ્રવિડનો ગઈ કાલે બાવનમો જન્મદિન હતો. ક્રિકેટજગતમાં ‘ધ વૉલ’ તરીકે જાણીતા દ્રવિડે કૅપ્ટન તેમ જ બૅટર તરીકે ૧૬ વર્ષની શાનદાર કરીઅર માણી હતી. હેડ-કોચ તરીકે તેણે ગયા વર્ષે જૂનમાં ભારતને ટી-૨૦નું વર્લ્ડ કપ ટાઇટલ અપાવ્યું હતું. ગઈ કાલના આ પ્રસંગે દ્રવિડ કયા પાંચ કારણસર ટીમ ઇન્ડિયા માટે ‘મિસ્ટર ડિપેન્ડેબલ’ હતો એના પર એક નજર કરીશું.

રાહુલ શરદ દ્રવિડનો જન્મ ૧૯૭૩ની ૧૧મી જાન્યુઆરીએ મધ્ય પ્રદેશના ઇન્દોર શહેરમાં થયો હતો. નાનપણથી જ ક્રિકેટ રમવાનો શોખ હોવાથી તેણે પરિવારના સપોર્ટથી એમાં તાલીમ લેવાની શરૂ કરી હતી અનો ૧૯૯૦માં ૧૭ વર્ષની ઉંમરે તેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી. કર્ણાટક વતી તે ત્યારે પહેલી મૅચ રમ્યો હતો.

એપ્રિલ, ૧૯૯૬માં સિંગાપોરમાં શ્રીલંકા સામેની વન-ડેથી તેણે આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી હતી અને જૂનમાં લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે રમીને તેણે ટેસ્ટ-કરીઅર શરૂ કરી હતી. ૧૬ વર્ષની ટેસ્ટ-કારકિર્દીમાં તેણે ૩૬ સેન્ચુરી તથા ૬૩ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૩૧,૨૫૮ બૉલનો સામનો કરીને ૧૩,૨૮૮ રન બનાવ્યા હતા જેમાં ૨૧ સિક્સર તેમ જ ૧,૬૫૪ ફોર સામેલ હતી. તેણે ૨૧૦ કૅચ પકડ્યા હતા. તે એકમાત્ર ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ રમી શક્યો હતો, પરંતુ તેની વન-ડે કરીઅર પણ શાનદાર હતી. તેણે ૩૪૪ વન-ડેમાં ૧૫,૨૮૫ બૉલનો સામનો કરીને ૧૦,૮૮૯ રન બનાવ્યા હતા જેમાં ૪૨ સિક્સર અને ૯૫૦ ફોરનો સમાવેશ હતો. તે ક્યારેક વિકેટકીપર પણ બન્યો હતો અને વન-ડે કરીઅરમાં તેના નામે ૧૪ સ્ટમ્પિંગ તેમ જ ૧૯૬ કૅચ લખાયા છે. એક અરસામાં તે કૅપ્ટન્સી, વિકેટકીપિંગ અને બૅટિંગ એમ ત્રણેય જવાબદારી એકસાથે સંભાળતો હતો. તેણે ઑફ સ્પિનની કમાલથી ટેસ્ટમાં એક અને વન-ડેમાં ચાર વિકેટ લીધી હતી. આઇપીએલમાં તે બૅન્ગલૂરુ તેમ જ રાજસ્થાન વતી રમ્યો હતો.

દ્રવિડ હાલમાં જ રાજસ્થાન રૉયલ્સનો હેડ-કોચ બન્યો છે. પાંચ કારણ એવા છે જેને લીધે રાઇટ-હૅન્ડ બૅટર રાહુલ દ્રવિડ ટીમ ઇન્ડિયાના ‘મિસ્ટર ડિપેન્ડેબલ’ તરીકે ઓળખાતો હતો: (૧) રાહુલ દ્રવિડ ૧-૭માં કોઈ પણ ક્રમે સારી બૅટિંગ કરી શકતો હતો. ટીમને જરૂર પડે અને સમય જેટલો ઉપલબ્ધ હોય એ મુજબ તે ટીમ-મૅનેજમેન્ટ દ્વારા નક્કી કરાતા ક્રમે બૅટિંગ કરતો હતો. (૨) વન-ડે ક્રિકેટમાં ટીમ ઇન્ડિયામાં વધુ એક સ્પેશિયાલિસ્ટ બૅટર સમાવી શકાય એ માટે તેણે વિકેટકીપિંગની જવાબદારી સ્વીકારી હતી અને તે કાબેલ વિકેટકીપર હતો. ૨૦૦૩ના વન-ડે વર્લ્ડ કપમાં તેણે વિકેટકીપિંગની વધારાની જવાબદારી સંભાળી હતી જેને કારણે ટીમમાં એક્સ્ટ્રા બૅટર તરીકે મોહમ્મદ કૈફનો સમાવેશ થઈ શક્યો હતો. (૩) બૅટિંગ-ટેક્નિક તેમ જ નૅચરલ ગેમ માટે જાણીતા દ્રવિડે કેટલીક મૅચમાં ટીમને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જોરદાર ફટકાબાજી પણ કરી હતી અને ભારતને જિતાડ્યું હતું. (૪) દ્રવિડ સ્લિપમાં અસરદાર ફીલ્ડિંગ માટે જાણીતો હતો, પરંતુ ટીમની જરૂરિયાત પ્રમાણે તે કોઈ પણ સ્થાને સારી ફીલ્ડિંગ કરી શકતો હતો. (૫) ક્રીઝમાં કલાકોના કલાકો ચીટકી જવાની દ્રવિડમાં ક્ષમતા હતી જેનાથી હરીફ ટીમના બોલર્સ કંટાળી જતા હતા. તેની સામે અનેક તરકીબો અજમાવવા છતાં તેને આઉટ નહોતા કરી શકતા. છેવટે સ્થિતિ એ આવતી કે બોલર્સ થાકીને લોથપોથ થઈ જતા અને દ્રવિડ એનો ફાયદો ઉઠાવીને ઝડપથી રન બનાવીને ટીમને લક્ષ્યાંક અપાવતો હતો.

ઉલ્લેખનીય છે કે દ્રવિડને બાવનમા જન્મદિન નિમિત્તે અનેક સાથી ક્રિકેટરોના તેમ જ વર્તમાન ખેલાડીઓની સોશિયલ મીડિયામાં શુભકામના મળી હતી.

### ટેસ્ટમાં સૌથી બૉલનો સામનો કોણે કર્યો?

(૧) રાહુલ દ્રવિડ: ૩૧,૨૫૮ બૉલ
(૨) સચિન તેન્ડુલકર: ૨૯,૪૩૭ બૉલ
(૩) જૅક કૅલિસ: ૨૮,૯૦૩ બૉલ
(૪) એસ. ચંદરપૉલ: ૨૭,૩૯૫ બૉલ
(૫) ઍલન બોર્ડર: ૨૭,૦૦૨ બૉલ ■

# મોહમ્મદ શમીનો ૧૪ મહિનાનો વનવાસ પૂરો: સૂર્યા કૅપ્ટન, અક્ષર વાઇસ-કૅપ્ટન

## ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ ટીમની જાહેરાત, ટેસ્ટ ટીમના ચાર ખેલાડી પણ સામેલ

મુંબઈ: ૩૪ વર્ષીય પેસ બોલર મોહમ્મદ શમી ૧૪ મહિને ફરી ભારત વતી રમવા આવી રહ્યો છે. આગામી બાવીસમી જાન્યુઆરીએ ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ માટે આજે જાહેર કરવામાં આવેલી ટીમમાં તેનો સમાવેશ કરાયો છે. ત્યાર પછી ઇંગ્લૅન્ડ સામે જ રમાનારી ત્રણ મૅચની વન-ડે શ્રેણી માટેની ટીમની જાહેરાત હજી બાકી છે. સૂર્યકુમાર ટી-૨૦ ટીમનો કૅપ્ટન અને ઑલરાઉન્ડર અક્ષર પટેલ વાઇસ-કૅપ્ટન છે.

૨૨ જાન્યુઆરી-૨ ફેબ્રુઆરી સુધીની પાંચ ટી-૨૦ કોલકાતા, ચેન્નઈ, રાજકોટ, પુણે, મુંબઈમાં રમાશે. ત્યાર પછી ૬, ૯ અને ૧૨ ફેબ્રુઆરીની ત્રણ વન-ડે અનુક્રમે નાગપુર, કટક, અમદાવાદમાં રમાશે. ફેબ્રુઆરીની વન-ડે ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમની જાહેરાત માટે આઇસીસી તરફથી ૧૨મી જાન્યુઆરીનો આખરી દિવસ અપાયો હતો.

૩૪ વર્ષનો શમી ભારત વતી છેલ્લે અમદાવાદમાં ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં રમ્યો હતો. ભારતનો ફાઇનલમાં છ વિકેટે પરાજય થયો હતો. ભારત વિશ્વ કપ નહોતું જીતી શક્યું, પરંતુ આખી ટૂર્નામેન્ટમાં મોહમ્મદ શમીની ૨૪ વિકેટ હાઇએસ્ટ હતી. ત્યાર બાદ તે પગની ઘૂંટીની ઈજાને કારણે ઘણા મહિનાઓ સુધી નહોતો રમી શક્યો. તેણે ઇંગ્લૅન્ડ જઈને પગમાં સર્જરી કરાવી હતી. શમીને ઘૂંટીની ઈજામાંથી મુક્તિ મળી હતી, પણ પછીથી તેના ઘૂંટણમાં સોજો થયો હતો. જોકે ડોમેસ્ટિક મૅચોમાં રમ્યા બાદ હવે તેને ફરી આંતરરાષ્ટ્રીય મૅચ માટે મેદાન પર ઊતરવાનો મોકો મળ્યો છે.

ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝ માટેની ટીમમાં ઈજાગ્રસ્ત જસપ્રીત બુમરાહ નથી. રિષભ પંત તેમ જ યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલને આરામ આપવામાં આવ્યો છે. બે વિકેટકીપર સંજુ સૅમસન અને ધ્રુવ જુરેલને ટીમમાં સમાવાયા છે. બૅટિંગ ઑલરાઉન્ડર રિયાન પરાગ ખભાની ઈજાને કારણે ઉપલબ્ધ નથી.

નવેમ્બરમાં સાઉથ આફ્રિકા સામે ભારત ૩-૧થી જે ટી-૨૦ સિરીઝ જીત્યું હતું એ માટેની ટીમના પાંચ ખેલાડી (રમણદીપ સિંહ, જિતેશ શર્મા, આવેશ ખાન, યશ દયાલ, વિજયકુમાર વૈશાક)ને આ વખતની ૧૫ પ્લેયરવાળી ટીમની બહાર રાખવામાં આવ્યા છે.

### ભારતની ટી-૨૦ ટીમ:

સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), અક્ષર પટેલ (વાઇસ-કૅપ્ટન), સંજુ સૅમસન (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ, નીતીશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, મોહમ્મદ શમી, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ અને વૉશિંગ્ટન સુંદર. ■

# રોહિત ૧૩૪ રન બનાવશે એટલે સચિનથી આગળ અને કોહલી પછી બીજા નંબરે

નવી દિલ્હી: આગામી બાવીસમી જાન્યુઆરીએ ઘરઆંગણે ભારતીય ટીમ ઇંગ્લૅન્ડ સામે પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ શરૂ કરશે અને રોહિત શર્મા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ગયો હોવાથી એમાં રમતો નહીં જોવા મળે, પરંતુ ત્યાર બાદ છઠ્ઠી ફેબ્રુઆરીએ બ્રિટિશરો સામે જે વન-ડે શ્રેણી શરૂ થશે ત્યારથી તે મેદાન પર ફરી જોવા મળશે અને એ સિરીઝમાં તેને એક મોટી સિદ્ધિ મેળવવાની તક મળશે.

રાઇટ-હૅન્ડ બૅટર રોહિત શર્માના વન-ડેમાં ૧૦,૮૬૬ રન છે અને તે બીજા ૧૩૪ રન બનાવશે એટલે ૧૧,૦૦૦ રન પૂરા કરશે અને આ સિદ્ધિ મેળવનાર સેકન્ડ-ફાસ્ટેસ્ટ બૅટર બનશે. તેણે ૨૫૭ ઇનિંગ્સમાં ૧૦,૮૬૬ રન બનાવ્યા છે. વિરાટ કોહલી ૨૨૨ ઇનિંગ્સમાં ૧૧,૦૦૦ રન પૂરા કરવા બદલ ફાસ્ટેસ્ટ બૅટર બન્યો છે. સચિન તેન્ડુલકરે ૨૭૬ ઇનિંગ્સમાં ૧૧,૦૦૦ રન બનાવ્યા હતા એટલે રોહિત તેના કરતાં આગળ થશે એની પાકી સંભાવના છે. તે આગામી ૧૮ વન-ડે ઇનિંગ્સમાં ૧૩૪ રન બનાવશે તો ૧૧,૦૦૦ રન બનાવનાર વિરાટ પછીનો સેકન્ડ-ફાસ્ટેસ્ટ બૅટર કહેવાશે. વિરાટ કોહલીએ ૧૧,૦૦૦ રનની સિદ્ધિ ૨૦૧૯ના વન-ડે વર્લ્ડ કપમાં મેળવી હતી.

ઇંગ્લૅન્ડ સામેની વન-ડે સિરીઝ પછી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી રમાશે અને એમાં મોટા ભાગે રોહિતને કૅપ્ટન્સી સોંપાશે. તે સુકાની તરીકે બીજી આઇસીસી ટ્રોફી જીતવા માગે છે. જૂન, ૨૦૨૪માં તેના સુકાનમાં ભારતે આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો હતો.

### વન-ડેમાં ૧૧,000 રન સૌથી ઝડપે પૂરા કરનાર ખેલાડીઓ

(૧) વિરાટ કોહલી, ૨૨૨ ઇનિંગ્સમાં ૧૧,૦૦૦ રન
(૨) સચિન તેન્ડુલકર, ૨૭૬ ઇનિંગ્સમાં ૧૧,૦૦૦ રન
(૩) રિકી પૉન્ટિંગ, ૨૮૬ ઇનિંગ્સમાં ૧૧,૦૦૦ રન
(૪) સૌરવ ગાંગુલી, ૨૮૮ ઇનિંગ્સમાં ૧૧,૦૦૦ રન
(૫) જૅક કૅલિસ, ૨૯૩ ઇનિંગ્સમાં ૧૧,૦૦૦ રન

નોંધ: રોહિત શર્માએ ૨૫૭ ઇનિંગ્સમાં ૧૦,૮૬૬ રન બનાવ્યા છે અને તે ૧૧,૦૦૦ રનના આંક સુધી પહોંચવા જરૂરી ૧૩૪ રન હવે કેટલી વન-ડેમાં બનાવશે એ જોવું રહ્યું. ■

# ક્રીઝમાં બૅટરની છેલ્લી ઘડીની મૂવમેન્ટના ‘નખરાં’ પર કાબૂ આવશે, બોલરને વાઇડ બૉલ વિશે મોટી છૂટ અપાશે

દુબઈ: સાઉથ આફ્રિકાના ક્રિકેટ-લેજન્ડ શૉન પોલૉકે કહ્યું છે કે ‘વાઇડ બૉલની બાબતમાં હાલનો નિયમ ખૂબ કડક લાગી રહ્યો છે એટલે આઇસીસી વાઇડ બૉલ સંબંધમાં બોલરને થોડી છૂટછાટ આપવાની દિશામાં આગળ વધી રહી છે. બોલર બૉલ ફેંકે એ પહેલાંની બૅટરની છેલ્લી ઘડીની ઓચિંતી મૂવમેન્ટને કારણે આઇસીસી નિયમમાં આ ફેરફાર કરવા વિચારે છે. બોલરને પૂરો અધિકાર હોવો જોઈએ કે તે રન-અપ પર જ નક્કી કરી શકે કે પોતે કેવા પ્રકારનો બૉલ ફેંકવાનો છે.’

વન-ડે તથા ટી-૨૦ મૅચમાં ઘણી વાર બોલરને લાઇન ઍન્ડ લેન્થમાં ખલેલ પહોંચાડવા બૅટર અક્રૉસ ધ ક્રીઝ છેલ્લી ઘડીએ ઓચિંતી મૂવમેન્ટ કરતો હોય છે. આનાથી ક્યારેક બોલરથી વાઇડ બૉલ પડી જતો હોય છે.

પીટીઆઇના અહેવાલ મુજબ પોલૉકે એસએ૨૦ સ્પર્ધા દરમ્યાન કહ્યું છે કે ‘હું આઇસીસી ક્રિકેટ કમિટીનો મેમ્બર છું. અમારી આ સમિતિ વાઇડની બાબતમાં બોલરને થોડી છૂટ આપવા વિચારે છે. મારું એવું માનવું છે કે રન-અપની શરૂઆતમાં બોલરને નક્કી કરવાનો હક છે કે તેણે બૉલ ક્યાં ફેંકવાનો છે. જોકે તે બૉલ ફેંકવાની તૈયારીમાં હોય એ પહેલાં છેલ્લી ક્ષણે બૅટર અક્રોસ ધ ક્રીઝ જમ્પ મારે તો બોલરે જે પ્રકારનો બૉલ ફેંકવાનું નક્કી કર્યું હોય એના અમલમાં તેને ખલેલ પહોંચે અને તેનાથી વાઇડ બૉલ પડી જાય.’

૫૧ વર્ષના પોલૉકે એવું પણ કહ્યું હતું કે ‘હું ઇચ્છું છું કે બોલરને રન-અપ પર જ એ નક્કી કરવાનો અધિકાર છે કે તેણે શા માટે કેવા પ્રકારનો બૉલ ફેંકવાનો છે. બોલર બૉલ ફેંકવા આવે ત્યારે છેલ્લી ઘડીએ પોતાની રણનીતિ બદલે એવી અપેક્ષા તેની પાસેથી કેવી રીતે રાખી શકાય? પોતે ક્યાં અને કેવો બૉલ ફેંકવાનો છે એ તેના મનમાં પહેલાથી સ્પષ્ટ હોવું જરૂરી છે અને એ નક્કી કરવાનો હક તેને મળવો જોઈએ. આ મુખ્ય મુદ્દો છે જેના પર અમે ચર્ચા કરી રહ્યા છીએ.’ ■

# વિશ્વના નંબર-વન ઑલરાઉન્ડર જાડેજા ‘બાપુ’ ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ રહ્યા છે કે શું?

રાજકોટ: ટેસ્ટ જગતના નંબર-વન ઑલરાઉન્ડર અને નવમા નંબરના બોલર રવીન્દ્ર જાડેજાએ ઇન્સ્ટાગ્રામ પર કંઈક સંકેત આપતી સ્ટોરી સાથે સિડની ખાતેની તાજેતરની આઠ નંબરવાળી સ્પેશિયલ પિન્ક જર્સીનો ફોટો પોસ્ટ કર્યો એ સાથે ક્રિકેટ જગતમાં ચર્ચા થવા લાગી છે કે ‘બાપુ’ ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ રહ્યા છે.

૩૬ વર્ષનો જાડેજા ઘણા વર્ષોથી ભારતીય ટીમનો મુખ્ય હિસ્સો રહ્યો છે. તેણે ભારતને ઘણી મેચો જિતાડી છે. હેડ-કોચ ગૌતમ ગંભીર ત્રણેય ફૉર્મેટની ટીમને નવું રૂપ આપી રહ્યો હોવાથી જાડેજા હવે એમાં ફિટ બેસે એમ છે કે નહીં એના પર ચર્ચા થઈ રહી છે.

આગામી મહિનાઓમાં ટી-૨૦ અને વન-ડે મૅચો તેમ જ આઈપીએલ રમાવાની હોવાથી ગૌતમ ગંભીર હાલમાં તો ટેસ્ટ ટીમમાં ફેરફાર કરવાના મૂડમાં નથી એવું માનવામાં આવે છે, કારણકે આગામી ટેસ્ટ સિરીઝ છેક જૂનમાં ઇંગ્લૅન્ડ સામે રમાવાની છે, પણ જાડેજા પોતાના ટેસ્ટ ભાવિ વિશે કંઈક નિર્ણય લઈ રહ્યો હોય એવું લાગે છે.

હાલમાં ભારતીય બૅટિંગના મિડલ ઑર્ડરમાં અનુભવી ખેલાડી ન હોવાથી જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં આ વર્ષ તો ડિમાન્ડમાં રહેશે એવું લાગે છે. આખરે તે વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર હોવાથી સિલેક્ટરો તેને સાવ અવગણી નહીં શકે.

રવિચંદ્રન અશ્વિન અચાનક રિટાયર થઈ ગયો હોવાથી ટેસ્ટ ટીમમાં ભરોસાપાત્ર ઑલરાઉન્ડરની જરૂર પણ છેએટલે જાડેજા જેવા અનુભવીની જરૂર ટીમને છે જ. ■



જાડેજા ‘બાપુ’ હાફ સેન્ચુરી અને સેન્ચુરી ફટકાર્યા પછી સામાન્ય રીતે તલવારબાજીની સ્ટાઇલ અચૂક કરી લે છે.

# અઘઘઘ...ફૂટબોલર નેમાર વર્ષ ૨૦૨૪માં માત્ર ૪૨ મિનિટ રમ્યો અને કમાયો ૮૯૨ કરોડ રૂપિયા!




રિયો ડિ જાનેરો: બ્રાઝિલના એક સમયના સુપરસ્ટાર ફૂટબૉલ ખેલાડી નેમારની કરીઅર થોડાં વર્ષોથી ઈજાઓને કારણે ખોરવાઈ ગઈ છે. ૨૦૨૪ના વર્ષમાં તો એવું બન્યું કે એ વર્ષમાં તે વારંવાર ઈજા પામ્યો જેને કારણે ૧૨ મહિનામાં કુલ મળીને ફક્ત ૪૨ મિનિટ સુધી રમ્યો હતો. એ તો ઠીક છે, પણ ફક્ત ૪૨ મિનિટ રમવાના તેને ૧૦.૧૦ કરોડ યુરો (અંદાજે ૮૯૨ કરોડ રૂપિયા)નો મસમોટો ચેક મળ્યો હતો.

વાત એવી છે કે નેમાર ૨૦૨૩ની સાલમાં ફ્રાન્સની પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી) ટીમ છોડીને સાઉદી અરેબિયાની અલ-હિલાલ ક્લબની ટીમમાં જોડાયો હતો. આ કરાર તેણે સાઉદી પ્રો લીગમાં રમવા માટે કર્યો હતો. જોકે ૨૦૨૪માં તે ઈજાને કારણે બહુ જ ઓછું રમી શક્યો હતો.

બાર્સેલોનાના આ ભૂતપૂર્વ ફૉર્વર્ડ ખેલાડીને મેળવવા અલ-હિલાલે મસમોટી ટ્રાન્સફર ફી ચૂકવી હતી. જોકે ૨૦૨૪ના વર્ષમાં ઈજાએ નેમારનો પીછો ન છોડ્યો અને અલ-હિલાલના ટીમ-મૅનેજમેન્ટે તેને એક પછી એક ટૂર્નામેન્ટ અને એક પછી એક મૅચની બહાર રાખવો પડ્યો. હવે સ્થિતિ ત્યાં સુધીની આવી ગઈ છે કે અલ-હિલાલ ક્લબ તેની સાથેનો કૉન્ટ્રેક્ટ ટૂંકાવી નાખીને વધુ આર્થિક નુકસાન પર લગામ મૂકવા વિચારે છે.

૨૦૨૪માં આ ક્લબે નેમારને ૧૦.૧૦ કરોડ યુરો (અંદાજે ૮૯૨ કરોડ રૂપિયા) ચૂકવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭ની સાલમાં ફ્રાન્સની પીએસજી ક્લબે નેમારને એક સીઝનના ૨૦ કરોડ પાઉન્ડ (આશરે ૨૧ અબજ રૂપિયા)ની તોતિંગ રકમ ચૂકવી હતી.

### વર્ષ ૨૦૨૪ના હાઇએસ્ટ-પેઇડ ફૂટબૉલ ખેલાડીઓ

ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (પોર્ટુગલ): ૨૬.૩૦ કરોડ યુરો (૨૩.૨૨ અબજ રૂપિયા)

લિયોનેલ મેસી (આર્જેન્ટિના): ૧૨.૪૦ કરોડ યુરો (૧૦.૯૫ અબજ રૂપિયા)

નેમાર (બ્રાઝિલ): ૧૦.૧૦ કરોડ યુરો (૮.૯૨ અબજ રૂપિયા)

કરીમ બેન્ઝેમા (ફ્રાન્સ): ૯.૬૦ કરોડ યુરો (૮.૪૮ અબજ રૂપિયા)

કીલિયાન ઍમ્બાપ્પે (ફ્રાન્સ): ૮.૩૦ કરોડ યુરો (૭.૩૩ અબજ રૂપિયા)

નોંધ: તમામ ફૂટબોલરને પ્રોફેશનલ ફૂટબૉલમાં તેમની ક્લબે ચૂકવેલી રકમ અહીં દર્શાવવામાં આવી છે. ■

# ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો ૯૧૭મો ગોલ, લક્ષ્યાંક ૧000

રિયાધ: પોર્ટુગલનો સુપરસ્ટાર ફૂટબૉલ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અઢી દાયકાની કરીઅરમાં કુલ ૯૧૭ ગોલ કરી ચૂક્યો છે અને ૧,૦૦૦ ગોલ કરનાર વિશ્વનો સૌપ્રથમ ફૂટબૉલ ખેલાડી બનવાનો તેનો લક્ષ્યાંક છે.

૩૯ વર્ષનો રોનાલ્ડો આવતા મહિને ૪૦ વર્ષનો થશે અને આ ઉંમરે પણ તે એક પછી એક મૅચમાં ગોલ કરતો જાય છે અને તેની ક્ષમતાની સૌથી મોટી ખાસિયત એ છે કે તેણે સતત ૨૪ કૅલેન્ડર યરમાં ગોલ કર્યા છે. ૨૦૦૨ તેની ફૂટબૉલ કારકિર્દીનું પહેલું વર્ષ હતું. ત્યારથી માંડીને ૨૦૨૫ના નવા વર્ષ સુધીમાં તેણે એકધારા ૨૪ વર્ષમાં એક કે વધુ ગોલ કર્યા છે. ગુરુવારે તેણે સાઉદી અરેબિયાની અલ નાસર ટીમ વતી અલ-અખદોઉદ ક્લબની ટીમ સામેની મૅચમાં ગોલ કરીને તેમ જ અન્ય ગોલમાં સહાયક બનીને અલ નાસરને વિજય અપાવ્યો હતો. તેણે મૅચની ૪૨મી મિનિટમાં પેનલ્ટી કિકમાં ગોલ કર્યો હતો જે તેની કરીઅરનો ૯૧૭મો ગોલ હતો. એકધારા ૨૪ કે વધુ વર્ષમાં ગોલ કરવાની અનેરી સિદ્ધિ બીજા કોઈ જ ફૂટબોલરે હાંસલ નથી કરી.



પોર્ટુગલનો સુપરસ્ટાર સતત ૨૪ કૅલેન્ડર યરમાં ગોલ કરનાર વિશ્વનો પહેલો ફૂટબોલર બન્યો

ફૂટબૉલના ઇતિહાસના શ્રેષ્ઠ ફૉર્વર્ડ ખેલાડીઓમાંથી એક રોનાલ્ડોએ ૨૦૨૩ના વર્ષમાં ૫૪ ગોલ કર્યા હતા જે વિક્રમ હતો. ૨૦૨૪નું વર્ષ તેણે ૪૩ ગોલ સાથે પૂરું કર્યું હતું.

રોનાલ્ડોની આગામી મૅચ ૧૭મી જાન્યુઆરીએ સાઉદી પ્રો લીગમાં અલ-તાવૉન સામે રમાશે.

રોનાલ્ડોએ અલ નાસર ક્લબ સાથે બે વર્ષનો કરાર કર્યો છે જે આ વર્ષે પૂરો થશે. ગઈ સીઝનમાં તે સાઉદી ફૂટબૉલમાં હાઈએસ્ટ ગોલ-સ્કોરર બન્યો હતો. ■

# વડોદરામાં બરોડાનો સેકન્ડ-લાસ્ટ બૉલ પર કર્ણાટક સામે પરાજય

## મહારાષ્ટ્ર પણ પહોંચી ગયું વિજય હઝારે ટ્રોફીની સેમિ ફાઇનલમાં

વડોદરા: વન-ડે ફૉર્મેટની વિજય હઝારે ટ્રોફીમાં ચાર વખત ચૅમ્પિયન બનેલા કર્ણાટકે ગઈ કાલે અહીં બરોડાની યજમાન ટીમને ક્વૉર્ટર ફાઇનલમાં છેલ્લી ઓવરના પાંચમા બૉલ પર ઑલઆઉટ કરીને પાંચ રનના માર્જિન સાથે વિજય મેળવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી રોમાંચક ક્વૉર્ટરમાં મહારાષ્ટ્રએ પંજાબને ૭૦ રનથી હરાવી દીધું હતું.

વડોદરાના મોતીબાગ સ્ટેડિયમમાં બરોડાના કૅપ્ટન કૃણાલ પંડ્યાએ ફીલ્ડિંગ પસંદ કર્યા બાદ કર્ણાટકે ઓપનર દેવદત્ત પડિક્કલ (૧૦૨ રન, ૯૯ બૉલ, બે સિક્સર, પંદર ફોર)ની સેન્ચુરી અને કે. વી. અનીશ (બાવન રન, ૬૪ બૉલ, એક સિક્સર, ચાર ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી આઠ વિકેટે ૨૮૧ રન બનાવ્યા હતા. બરોડા વતી રાજ લિંબાણીએ અને અતિત શેઠે ત્રણ-ત્રણ વિકેટ તેમ જ લુકમાન મેરિવાલા અને કૃણાલ પંડ્યાએ એક-એક વિકેટ લીધી હતી.

બરોડાની ટીમે જોરદાર વળતી લડત આપી હતી. ઓપનર શાશ્વત રાવત (૧૦૪ રન, ૧૨૬ બૉલ, એક સિક્સર, નવ ફોર)ની સેન્ચુરી અને અતિત શેઠ (૫૬ રન, ૫૯ બૉલ, એક સિક્સર, સાત ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી બરોડાની ટીમે ૨૮૨ રનનો લક્ષ્યાંક મેળવવા ‘મરતે દમ તક’ના પ્રયાસો કર્યા હતા. ખુદ કૃણાલ ૩૦ રન તથા ભાનુ પનિયા બાવીસ રન બનાવી શક્યો હતો. ભાર્ગવ ભટ્ટે ફક્ત ૧૨ બૉલમાં એક સિક્સર અને બે ફોરની મદદથી ૨૦ રન બનાવ્યા હતા, પણ અંતિમ ઓવરના પાંચમા બૉલ પર તે આર. સ્મરણના બૉલમાં રનઆઉટ થઈ ગયો હતો. બરોડાની ટીમ ૪૯.૫ ઓવરમાં ૨૭૬ રને ઑલઆઉટ થઈ હતી. પ્રસિદ્ધ ક્રિષ્ના, વાસુકી કૌશિક, અભિલાષ શેટ્ટી તેમ જ શ્રેયસ ગોપાલે બે-બે વિકેટ લીધી હતી. પડિક્કલને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો.

વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં રમાયેલી બીજી ક્વૉર્ટર ફાઇનલમાં મહારાષ્ટ્ર (૫૦ ઓવરમાં ૨૭૫/૬)એ પંજાબ (૪૪.૪ ઓવરમાં ૨૦૫/૧૦)ને ૭૦ રનથી હરાવ્યું હતું. મહારાષ્ટ્ર વતી ઓપનર અર્શિન કુલકર્ણી (૧૦૭ રન)ની સેન્ચુરી તેમ જ અંકિત બાવણે (૬૦ રન) તેમ જ નિખીલ નાઇક (બાવન અણનમ)ની હાફ સેન્ચુરી બનતાં મહારાષ્ટ્ર ૨૭૫ રનનો સ્કોર નોંધાવી શક્યું હતું.

જોકે પંજાબ વતી એકેય હાફ સેન્ચુરી નહોતી થઈ શકી. મહારાષ્ટ્રની ત્રણ વિકેટ લેનાર અર્શદીપ સિંહ (૪૯ રન, ૩૯ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ની આક્રમક ફટકાબાજી એળે ગઈ હતી. અર્શિનને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો.

આવતી કાલે (રવિવારે) બીજી બે ક્વૉર્ટર ફાઇનલ (સવારે ૯.૦૦ વાગ્યાથી) ગુજરાત-હરિયાણા તથા વિદર્ભ-રાજસ્થાન વચ્ચે રમાશે. ■

# ‘નવા મલિન્ગા’ સહિતના શ્રીલંકન બોલર્સે ન્યૂ ઝીલૅન્ડને ક્લીન-સ્વીપ ન કરવા દીધી

ઑકલૅન્ડ: શ્રીલંકા (૫૦ ઓવરમાં ૨૯૦/૮)એ અહીં આજે ન્યૂ ઝીલૅન્ડ (૨૯.૪ ઓવરમાં ૧૫૦/૧૦)ને ત્રીજી અને છેલ્લી વન-ડેમાં ૧૪૦ રનના તોતિંગ માર્જિનથી હરાવીને સિરીઝમાં શાનથી પરાજય સ્વીકાર્યો હતો. ન્યૂ ઝીલૅન્ડે સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. ટૂંકમાં, શ્રીલંકન બોલર્સે યજમાન કિવીઓને ૩-૦થી વાઇટ-વૉશ નહોતો કરવા દીધો. ૨૩ વર્ષનો ફાસ્ટ બોલર એશાન મલિન્ગા આ મૅચનો સ્ટાર બોલર હતો. તેણે સાત ઓવરમાં ૩૫ રનના ખર્ચે ત્રણ વિકેટ લીધી હતી. એમાંની બે વિકેટ તેણે મૅચની છેલ્લી પળોમાં લીધી હતી.

શ્રીલંકાએ પથુમ નિસન્કાના ૬૬ રન, કુસાલ મેન્ડિસના ૫૪ રન, જેનિથ લિયાનાગેના ૫૩ રન તેમ જ કામિન્ડુ મેન્ડિસના ૪૬ રનની મદદથી આઠ વિકેટે ૨૯૦ રન બનાવ્યા હતા. કિવી ફાસ્ટ બોલર મૅટ હેન્રીએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. જોકે તેનો એ પર્ફોર્મન્સ બૅટર્સની નિષ્ફળતાને લીધે છેવટે પાણીમાં ગયો હતો.

૨-૦થી સરસાઈ મેળવ્યા બાદ ન્યૂ ઝીલૅન્ડે આ મૅચની બૅટિંગમાં ખૂબ જ ખરાબ શરૂઆત કરી હતી. ૨૧ રનમાં એના પાંચ બૅટર આઉટ થઈ ગયા હતા. માર્ક ચૅપમૅને ૧૪૩ મિનિટની બૅટિંગમાં ૮૧ રન ન બનાવ્યા હોત તો કિવીઓની મોટી નાલેશી થઈ હોત. ચૅપમૅનની વિકેટ થીકશાનાએ લીધી હતી.

બીજો કોઈ કિવી બૅટર ૨૦ રન પણ નહોતો બનાવી શક્યો.


ત્રણ કિવી બૅટરના ઝીરો અને ત્રણ બૅટરના સિંગલ ડિજિટમાં રન હતા.

થીકશાનાએ પણ એશાન મલિન્ગાની માફક ૩૫ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. જોકે ૨૬ રનમાં ત્રણ વિકેટ લેનાર અસિથા ફર્નાન્ડોને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

## ૧૪૪ વર્ષે યોજાતો પૂર્ણ કુંભ મેળો

# મૅનેજમેન્ટનો માસ્ટરપીસ એવો મહાકુંભ મેળો

### દર ૧૨ વર્ષે યોજાતા એવા ૧૨પૂર્ણ કુંભ પૂરા થાય ત્યારે જે ૧૪૪ વર્ષે યોજાય એ છે સૌથી મોટો કુંભમેળો, જે હવે યોજાઈ રહ્યો છે.



કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આ સોમવાર ને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫થી મહાકુંભ મેળાનો પ્રારંભ થાય એ પહેલાં આખો દેશ મહાકુંભમય થઈ ગયો છે.

હિંદુઓની બહુમતી ધરાવતા ભારતમાં દર ૧૪૪ વર્ષે યોજાતો મહાકુંભ ધાર્મિક આસ્થાનો સૌથી મોટો મહોત્સવ મનાય છે તેથી લોકોમાં કુંભ માટે આસ્થા-ઉત્સાહ સ્વાભાવિક છે. આ વર્ષે મહાકુંભમાં ૫૦ કરોડ લોકો ભાગ લે એવી શક્યતા છે. ઉત્તર ભારતમાં અત્યારે કડકડતી ઠંડી પડી રહી છે, છતાં આ કરોડો લોકો ગંગા-યમુના અને અદૃશ્ય સરસ્વતીના પવિત્ર સંગમમાં વિવિધ સ્નાન કરી પોતાનાં પાપ ધોશે ને પવિત્રતા અનુભવશે.

આ વખતનો મહાકુંભ તો વિશિષ્ટ છે. ભારતીય પરંપરામાં અર્ધ કુંભ, કુંભમેળો અને પૂર્ણ કુંભ એમ ત્રણ પ્રકારના કુંભમેળા યોજાય છે. અર્ધ કુંભ દર છ વર્ષે હરિદ્વાર અને પ્રયાગરાજમાં યોજાય છે. કુંભમેળો દર ત્રણ વર્ષે હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિકમાં વારાફરતી યોજાય છે તેથી કોઈ પણ સ્થળે દર ૧૨ વરસે કુંભ યોજાય છે. પૂર્ણ કુંભમેળો દર ૧૨ વર્ષે પ્રયાગરાજમાં યોજાય છે. તેને કુંભનું પૂર્ણ સ્વરૂપ માનવામાં આવે છે. મહાકુંભ ચોથો અને સૌથી મોટો કુંભ મેળો છે કે ૧૨ પૂર્ણ કુંભ પૂરા થાય ત્યારે એટલે કે દર ૧૪૪ વર્ષે યોજાય છે.

મહાકુંભ માત્ર પ્રયાગરાજમાં જ યોજાય છે, કેમ કે પ્રયાગરાજમાં હિંદુ પરંપરામાં પવિત્ર મનાતી ગંગા-યમુના- સરસ્વતી નદીઓનો ત્રિવેણી સંગમ થાય છે. કુંભમેળાનો મુખ્ય ઉદ્દેશ્ય આત્માની શુદ્ધિ અને મોક્ષની પ્રાપ્તિ છે. ગંગા-યમુના અને સરસ્વતી નદીનું સંગમસ્થાન મોક્ષની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ છે તેથી મહા કુંભ પ્રયાગરાજમાં જ યોજાય છે. મહા કુંભમેળાનો દિવસ ગ્રહોની ચોક્કસ સ્થિતિ અને ખગોળીય જોડાણના આધારે નક્કી થાય છે. વિષ્ણુ પુરાણ પ્રમાણે, ગુરુનો કુંભ રાશિમાં અને સૂર્યનો મેષ રાશિમાં પ્રવેશ થાય છે ત્યારે હરિદ્વારમાં કુંભ યોજાય છે. સૂર્ય અને ગુરુ સિંહ રાશિમાં હોય ત્યારે નાસિકમાં, ગુરુ જ્યારે કુંભ રાશિમાં પ્રવેશે ત્યારે ઉજ્જૈનમાં અને માઘ અમાસના દિવસે સૂર્ય અને ચંદ્રમા મકર રાશિમાં આવે અને ગુરુ મેષ રાશિમાં હોય ત્યારે પ્રયાગરાજમાં કુંભ યોજાય છે. ગુરુ, સૂર્ય અને ચંદ્ર એક વિશેષ સ્થિતિમાં હોય ત્યારે મહાકુંભ યોજાય છે. આ ૧૩ જાન્યુઆરીએ હિન્દુ કૅલેન્ડર પ્રમાણે પોષ પૂર્ણિમા છે. પોષ પૂર્ણિમાના દિવસે આ સુભગ સંયોગ હોવાથી પોષી પૂનમના સ્નાન સાથે કલ્પવાસ એટલે કે મહાકુંભનો આરંભ થશે.

કલ્પવાસ એટલે શું?

મહાકુંભને સમજવા માટે કલ્પવાસને સમજવો જરૂરી છે. કલ્પવાસ એક હિંદુ ધાર્મિક અને આધ્યાત્મિક વિધિ છે કે જે કોઈ પણ પવિત્ર નદીના કિનારે રહીને કરવામાં આવે છે. હિંદુ શાસ્ત્રોમાં, કલ્પવાસને સંન્યાસ અને વાનપ્રસ્થ આશ્રમનું સંયોજન કહેવાય છે. કલ્પવાસ કરવાથી મનની ઇચ્છાનું ફળ મળે છે અને જન્મ-જન્માંતરનાં બંધનોથી મુક્તિ મળી જાય છે. ગંગા-યમુના-સરસ્વતીના સંગમ પર કરાતી આખા માઘ માસની સાધનાને કલ્પવાસ કહેવામાં આવે છે.

શાસ્ત્રો પ્રમાણે, ૯ વર્ષ સુધી કંઈ પણ ખાધા-પીધા વગર તપસ્યા કરો તેનું જેટલું ફળ મળે એટલું ફળ માઘ મહિનાના કલ્પવાસથી મળે છે. કલ્પવાસ એક રાત્રિથી શરૂ કરીને આજીવન હોઈ શકે છે. કલ્પવાસ દરમિયાન બ્રહ્મ મુહૂર્તમાં ઊઠવું, દરરોજ ત્રણ વખત પવિત્ર નદીમાં સ્નાન કરવું, પિતૃનું પિંડદાન, દાન કરવું, જપ, સંકલ્પિત ક્ષેત્રની બહાર ન નીકળવું વગેરે નિયમો પાળવા પડે છે.

કુંભમેળાનો સંબંધ પૌરાણિક કાળ સાથે છે. પુરાણો અનુસાર દેવતાઓ અને દાનવોએ મળીને સમુદ્રમંથન કર્યું ત્યારે લક્ષ્મી, કામધેનુ ગાય, પારિજાત વૃક્ષ સહિતની ઘણી અમૂલ્ય ચીજો નીકળી હતી. આ પૈકી સૌથી મહત્ત્વનો અમૃત કલશ હતો કેમ કે અમર થવા માટે જરૂરી અમૃત કલશ મેળવવા જ સમુદ્રમંથન કરવામાં આવ્યું હતું.

અમૃત મળ્યું પછી દેવતાઓ અને દાનવો વચ્ચે ભારે સંઘર્ષ થયો. રાક્ષસો દેવો પાસેથી અમૃતનું પાત્ર ઝૂંટવીને ભાગ્યા પછી દેવતાઓએ અમૃત કળશ પાછો લાવવાની જવાબદારી ઇન્દ્રના પુત્ર જયંતને સોંપી હતી. જયંત પણ ભારે બહાદુરી બતાવીને રાક્ષસો પાસેથી અમૃતનું પાત્ર ઝૂંટવીને ભાગ્યો ત્યારે સૂર્ય, ચંદ્ર, ગુરુ અને શનિ પણ તેની સાથે હતા. દેવતાઓએ સૂર્યને અમૃત કલશને તૂટવા નહીં દેવાની જ્યારે ચંદ્રને અમૃત છલકાય નહીં એ જોવાની જવાબદારી સોંપી હતી તો ગુરુ-બૃહસ્પતિને રાક્ષસોને રોકવાનું કાર્ય સોંપાયું હતું, જ્યારે શનિને જયંત એકલો અમૃત ન પી જાય એ જોવાની જવાબદારી સોંપાઈ હતી. દેવતાઓ અમૃતના પાત્ર સાથે સ્વર્ગમાં પાછા ફરતા હતા ત્યારે રઘવાટમાં ચંદ્રની ભૂલથી અમૃતનાં ચાર ટીપાં પૃથ્વી પર પડ્યાં. આ ટીપાં પ્રયાગરાજ, હરિદ્વાર, નાસિક અને ઉજ્જૈનમાં પડ્યાં ત્યારથી આ સ્થાનોને અતિપવિત્ર માનવામાં આવે છે અને અહીં કુંભમેળાનું આયોજન કરવામાં આવે છે.

ઐતિહાસિક રીતે કુંભમેળો સિંધુ ખીણની સભ્યતાથી પણ પ્રાચીન મનાય છે. કુંભમેળાનું આયોજન ગુપ્ત કાળ (ત્રીજીથી પાંચમી સદી)માં સુવ્યવસ્થિત રીતે શરૂ થયું હોવાનો ઇતિહાસમાં ઉલ્લેખ છે. ચીની યાત્રી હ્યુ-એન-ત્સાંગે પણ ઈસવી સન ૬૨૯થી ૬૪૫ વચ્ચે સમ્રાટ હર્ષવર્ધનના શાસનકાળમાં યોજાયેલા પ્રયાગરાજના કુંભમેળાનું વર્ણન કર્યું છે. વિશાળ અને ભવ્ય કુંભમેળામાં હજારો સાધુઓ, વિદ્વાનો અને શ્રદ્ધાળુઓ આવ્યા હતા એવો એમણે ઉલ્લેખ કર્યો છે.

મુસ્લિમોના આક્રમણ પછી શંકરાચાર્યે હિંદુ ધર્મના પુનરુત્થાન માટે કુંભમેળાને ધર્મ અને સમાજને જોડવાનું માધ્યમ બનાવ્યું તેથી કુંભમેળાથી હિંદુ ધર્મ ટક્યો એમ કહી શકાય. કુંભમેળો આધુનિક સમયમાં મૅનેજમેન્ટ ક્ષમતાનું અનોખું ઉદાહરણ છે. દોઢ મહિના સુધી ચાલનારા કુંભ મેળામાં કરોડો લોકો ઊમટશે, છતાં કોઈ પ્રકારની અરાજકતા કે અંધાધૂંધી ન સર્જાય એ બહુ મોટી વાત છે. એકસાથે એક કરોડથી વધારે લોકોની હાજરી છતાં કોઈ અપરાધ નહીં, કોઈ ઝઘડા નહીં એ ખરેખર તો દેશ માટે જરૂરી આદર્શ સ્થિતિનું ઉદાહરણ રજૂ કરે છે. દેશભરમાંથી આવતા અલગ અલગ પ્રકારના અખાડાના સાધુ-સંતો પોતપોતાની રાવટીઓ નાખીને રહે અને શિસ્તબધ્ધ રીતે સ્નાન કરવા જાય એવાં દૃશ્યો કુંભમેળામાં જ જોવા મળે. કુંભમાં સ્નાન કરવાથી વ્યક્તિનાં અનેક જન્મોનાં પાપ ધોવાઈ જાય છે એવી હિંદુ પરંપરામાં માન્યતા છે. કુંભમાં સ્નાનથી એવી માનસિક શાંતિ અને આધ્યાત્મિક શક્તિ મળે છે કે જે મોક્ષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે એવી શ્રદ્ધા છે. મોટા ભાગના હિંદુઓ કુંભમેળામાં એક વાર તો સ્નાન કરવું જ એવી શ્રદ્ધા ધરાવે છે તેથી કરોડો લોકો ઊમટે છે.



#### કુંભમેળાનું મહા-કૅલેન્ડર....

- પોષ પૂર્ણિમાએ કલ્પવાસના પ્રારંભ સાથે મહાકુંભ શરૂ
- બીજા દિવસે મકરસંક્રાંતિ એટલે કે ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે પ્રથમ અમૃત સ્નાન કરાશે.
- મૌની અમાસ એટલે કે ૨૯ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ દ્વિતીય અમૃત સ્નાન કરાશે
- વસંત પંચમી એટલે કે ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ તૃતીય અમૃત સ્નાન થશે.
- માઘ પૂર્ણિમા એટલે કે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના દિવસે કલ્પવાસનું સમાપન થશે
- મહાશિવરાત્રી એટલે કે ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના દિવસે મહાકુંભ ૨૦૨૫નું સમાપન થશે.

આ કરોડો લોકોનાં ભોજન, પાણી, શૌચ સહિતની વ્યવસ્થા નિર્વિઘ્ને થઈ જાય તેને હિંદુ શ્રદ્ધાળુઓ ચમત્કાર જ માને છે.

જોકે કુંભમેળો માત્ર એક ધાર્મિક મહોત્સવ નથી, પણ ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. ભારતીય સંસ્કૃતિ વિવિધતાથી ભરેલી છે.

ભારતના અલગ અલગ વિસ્તારોની અલગ અલગ પરંપરાઓ, માન્યતાઓ વગેરેથી ભારતીય સંસ્કૃતિ બની છે. કોઈ પણ ટકરાવ વિના આ પરંપરાઓ અને માન્યતાઓ સચવાઈ છે. કુંભમેળામાં આ અલગ અલગ માન્યતાઓ ધરાવતાં લોકો ઊમટે છે ને એકબીજાને નડ્યા વિના પોતાની આસ્થા પ્રમાણે વર્તે છે એ જોતાં કુંભમેળો ભારતની એકતાનું એક આદર્શ પ્રતીક છે. ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

neil@veenaworld.com

# આપણી મિની ઓલિમ્પિક્સથી વૈશ્વિક સાહસો સુધી

### આપણા સમાજનો રમતગમત દિવસ પ્રવાસ થકી વૈશ્વિક જોડાણનો સાર્વત્રિક જોશ કઈ રીતે દર્શાવે છે

નવું વર્ષ શરૂ થયું છે ત્યારે આપણા સમાજની એક સૌથી બહુપ્રતિક્ષિત ઈવેન્ટમાંથી એક કેન્દ્રમાં રહેશે. તે છે વાર્ષિક રમતગમત અને ફન ગેમ્સ સ્પર્ધા, જેને સમાજની મિની ઓલિમ્પિક્સ તરીકે પણ વહાલથી ઓળખવામાં આવે છે. આ મજેદાર પરંપરા રમતગમત, મૈત્રી અને મૈત્રીપૂર્ણ સ્પર્ધાની ખુશીની ઉજવણી કરવા માટે પાડોશીઓ, મિત્રો અને પરિવારોને એકત્ર લાવે છે. રમતગમતના દિવસથી પણ વિશેષ તે આપણા સમુદાયને એકત્ર લાવતા અતૂટ બંધનનું પ્રતિક છે. પ્રવાસ આપણને દુનિયાના સૌથી દૂરના ખૂણાને જોડે તે જ રીતે આપણને એ યાદ અપાવે છે કે રમતગમતનો જોશ પ્રત્યક્ષ સીમાઓની પાર જાય છે.

ઉત્સવનો આરંભ કરતી સ્વર્ણિમ પરેડથી લઈને ફૂટબોલ, ક્રિકેટ, પિકલબોલ અને વોટર પોલોની રોમાંચક મેચો સુધી, દરેક ઈવેન્ટ દુનિયાભરમાં રમતગમતની ભવ્ય પરંપરાની ઊર્જાનું પ્રતિબિંબ પાડે છે. પ્રવાસ આપણને વિવિધ સંસ્કૃતિઓનો પરિચય કરાવે છે તે જ રીતે રમતગમત આપણને ટીમવર્ક, પડકાર અને વિજયોત્સવ થકી એકત્ર લાવે છે. આ ઈવેન્ટ મોજથી પણ વિશેષ છે. તે સહકાર, દ્રઢતા અને ખુશીનાં સાર્વત્રિક મૂલ્યોનો દાખલો છે.

**પરેડ: ભવ્ય શુભારંભ**

દરેક મોટી ઈવેન્ટ પરેડથી શરૂ થાય છે અને આપણી ઈવેન્ટ્સ પણ તેમાં અપવાદ નથી. સ્વર્ણિમ રંગો, સંગીત અને એકત્રિત રોમાંચ સાથે પરેડ એકતા અને ક્રિયાત્મકતાની ઉજવણી કરીને મિની ઓલિમ્પિક્સ માટે મંચ સ્થાપિત કરે છે. રંગબેરંગી વસ્ત્રોમાં બાળકો, પરિવારો દ્વારા લહેરાવવામાં આવતા ધ્વજ અને પાડોશીઓની એકત્રિત કૂચ મંત્રમુગ્ધ કરનારો નજારો નિર્માણ કરે છે. આ અવસર દુનિયાભરની પરેડના પડઘા પાડે છે, જેમ કે, ઓલિમ્પિક શુભારંભ સમારંભ, બ્રાઝિલની કાર્નિવલ પરેડ, ભારતની પ્રજાસત્તાક દિવસ પરેડ, સ્પેનમાં સાન ફર્મિન ફેસ્ટિવલ દરમિયાન જાયન્ટ્સ અને બિગહેડ્સનું સરઘસ વગેરે દરેક સંસ્કૃતિ, ઊર્જા અને વારસો દર્શાવે છે.

સ્થાનિક કે વૈશ્વિક, પરેડ ઉજવણી અને એકતાની ખૂબીને મઢી લે છે. તે એ યાદ અપાવે છે કે પરંપરાઓનું આદાનપ્રદાન કરવામાં આવે ત્યારેપોતીકાપણાનું આપણું ભાન મજબૂત બને છે અને આપણા સમુદાયોમાં ગૌરવ પ્રેરિત કરે છે. આપણી મિની-ઓલિમ્પિક્સ ખાતે પરેડ રમતગમતનારોમાંચ માટે આનંદિત શુભારંભ કરાવે છે, જે દરેકને ભાગ લેવા અને ઉત્સાહ વધારવા માટે આમંત્રિત કરે છે.

**ફૂટબોલ અને ક્રિકેટ: સાર્વત્રિક ફેવરીટ્સ**

ફૂટબોલ અને ક્રિકેટ આપણી મિની ઓલિમ્પિક્સનો આધાર છે, જે ખુશી અને મૈત્રીપૂર્ણ સ્પર્ધા લાવે છે. આ રમત ફક્ત જીત કે હાર માટે નથી, પરંતુ તે લગની, વ્યૂહરચના અને ટીમવર્કનો રોમાંચ છે. યુઈએફએ ચેમ્પિયન્સ લીગ ફાઈનલથી બ્રાઝિલની ગલીઓમાં સ્પર્ધા સુધી વૈશ્વિક સ્તરે ફૂટબોલનું આકર્ષણ બેજોડ છે. ક્રિકેટ પણ સ્પર્ધાત્મક જોશ સાથે ઉત્સવને સંમિશ્રિત કરતાં લોર્ડસ અને વાનખેડે સ્ટેડિયમ જેવાં પ્રતિકાત્મક સ્થળે ચાહકોને દોરી લાવે છે.

પ્રવાસની જેમ આ બંને રમતો સમાન લગની થકી લોકોને જોડીને રમતની પાર અવિસ્મરણીય અનુભવો નિર્માણ કરે છે. આપણી મિની ઓલિમ્પિક્સમાં ફૂટબોલની મેચો ઊર્જાનો સ્રોત હોય છે, જેમાં ખેલાડીઓ પોતાની કુશળતા બતાવે છે અને દર્શકો તેમનો જોશ વધારે છે. ક્રિકેટની મેચો પોતાની ખૂબી ધરાવે છે, જેમાં બાળકો તેમના મનગમતા ખેલાડીઓનું અનુકરણ કરે છે, જ્યારે પુખ્તો તેમની યુવાનીના દિવસોને ફરીથી જીવે છે. આ અવસરો રમતગમત પેઢી દર પેઢી અને સીમાપાર લોકોને કઈ રીતે એકત્ર લાવે છે તે આપણને યાદ અપાવે છે.

**પિકબોલ: ધ રાઈઝિંગ સ્ટાર**

પિકલબોલનો આપણી ઈવેન્ટમાં સમાવેશ તેની વૈશ્વિક વૃદ્ધિનો પરચો કરાવે છે. ટેનિસ, બેડમટન અને ટેબલ ટેનિસનું આ ઝડપી સંમિશ્રણ સર્વ પેઢીઓને આકર્ષિત કરે છે. યુએસમાં ઉદભવ પછી તે વૈશ્વિક સ્તરે પહોંચી છે, જે પ્રવાસની સાર્વત્રિક પહોંચને પ્રતિબબિત કરે છે,જે પ્રવૃત્તિ લોકોને ખોજ અને મોજ કરવા માટે







એકત્ર લાવે છે. આપણા સમાજમાં પિકલબોલ કોર્ટસ હાસ્ય અને સ્પર્ધાત્મક જોશ સાથે ગૂંજી ઊઠે છે,જે આ રમત કેટલી સહાયથી મન જીતી રહી છે તે દર્શાવે છે.

પિકલબોલની સાદગી તેના સહભાગી પ્રકારને જોડીને સર્વ વયજૂથ માટે તેને ઉત્તમ રમત બનાવે છે. તે યુવા અને વયસ્કો વચ્ચેનું અંતર દૂર કરીને પરિવારોને સમાન પ્રવૃત્તિમાં જોડાવાની તક પ્રદાન કરે છે. પ્રવાસની જેમ જ પિકલબોલ આપણને મોજમસ્તી સાથે નવા અનુભવો અપનાવવાઅને પડકારો ઝીલવાનું શીખવે છે.

**વોટર પોલો: પૂલમાં રોમાંચ**

સહનશીલતા, વ્યૂહરચના અને ટીમવર્કને જોડતી વોટર પોલો ખેલાડીઓ અને દર્શકોને પણ તેટલી જ રોમાંચિત કરે છે. મોટે ભાગે 'ફૂટબોલ ઈન વોટર' તરીકે ઓળખાતી આ રમત હંગેરી જેવા દેશોમાં સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. તેમનો તે રાષ્ટ્ર જોશ છે. આપણી મિની ઓલિમ્પિક્સમાં વોટર પોલો સ્પેશીઝ, ડાઈવ્ઝ અને વ્યૂહાત્મક પ્લેઝ દરેકને તેમની બેઠક સાથે જકડી રાખે છે.

પૂલની પાર પોલોની ખૂબી ક્રોએશિયા અને ઓસ્ટ્રેલિયા જેવાં પ્રવાસના હોટસ્પોટમાં સમુદ્રિ સાહસોના પડઘા પાડે છે. નયનરમ્ય સમુદ્રકાંઠામાં કાયાકિંગ હોય કે કોરલ રીફના ઊંડાણમાં ડાઈવ કરવાનું હોય, જળ આધારિત પ્રવૃત્તિઓ આપણને જળનું સૌંદર્ય અને શક્તિની યાદ અપાવે છે.આપણી મિની ઓલિમ્પિક્સમાં વોટર પોલો રમતગમત અને પ્રવાસ આપણી સીમાઓની પાર નીકળવા આપણને પડકારે છે અને દુનિયાનીનૈસર્ગિક અજાયબીઓની ખુશી પણ આપે છે.

**ટેબલ ટેનિસ અને પૂલ: નાનું ક્ષેત્ર, મોટી ખુશી**

ટેબલ ટેનિસ અને પૂલ નાની જગ્યાઓને સ્પર્ધા અને ખુશીનાં કેન્દ્રોમાં ફેરવી નાખે છે. આપણા સમાજમાં આ રમતો ઝડપી,કુશળતાસભર મેચો ચાહતા સહભાગીઓમાં ફેવરીટ છે. પિંગ પોંન્ગ બોલનો ઊછળવાનો અવાજ અથવા તેનું ખિસ્સું શોધતોપૂલ બોલનો ઉછાળ વાતાવરણને ઊર્જા અને રોમાંચથી ભરી દે છે.

વૈશ્વિક સ્તરે પિંગ પોંન્ગ ચીન અને સાઉથ કોરિયા જેવા દેશોમાં રમાય છે, જ્યાં તે સમય પસાર કરવાની રાષ્ટ્રીય રમત છે. બીજી બાજુ પૂલ ન્યૂ યોર્કથી બેન્ગકોક સુધી સ્થળો ખાતે શાંત છતાં સમાન સહભાગી લહેર પ્રદાન કરે છે. આ રમતો પ્રવાસમાં આત્મીય અવસરોની જેમ જ જોડાણને વધારે છે. આહલાદક પબમાં મૈત્રીપૂર્ણ રમત હોય કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ગળાકાપ હરીફાઈવાળી મેચ હોય, આ રમત આપણને સહજ મોજમાં ખુશીશોધવાની યાદ અપાવે છે.

**ટગ ઓફ વોર: સમકાલીન જોડાણ**

હંમેશાં ટાળાઓની ફેવરીટ રહેલી ટગ ઓફ વોર અથવા રસ્સીખેંચ સ્પર્ધા એકતા અને શક્તિનું દ્યોતક છે. આ સમકાલીન રમત ટીમવર્ક અને વ્યૂહરચનામાં શ્રેષ્ઠતમ બહાર લાવે છે, જ્યાં સહભાગીઓ સર્વ તાકાત લગાવીને રસ્સી પોતાની તરફ ખેંચે છે. ઐતિહાસિક રીતે ઓલિમ્પિક ઈવેન્ટ ટગ ઓફ વોર વૈશ્વિક સ્તરે મહોત્સવમાં સાંસ્કૃતિક રમત રહી છે, જેમાં જાપાનનો નાહા ટગ-ઓફ-વોર ફેસ્ટિવલ અને કોરિયાનો ગિજિસી ટગ-ઓફ-વોર ભાઈચારો અને ખંતનું પ્રતિક છે.

આપણી મિની ઓલિમ્પિક્સમાં ટગ ઓફ વોર મેચો હાઈલાઈટ છે, જે ખુશીની ચીચિયારીઓ પાડવા અને મનથી હસવા પ્રેરિત કરે છે. પરિવારો અને મિત્રો બળમાં જોડાય છે ત્યારે તેમના ચહેરા કટિબદ્ધતા અને ખુશી સાથે ચમકી ઊઠે છે. આ સરળ છતાં મજબૂત રમતગમત નવાં સ્થળો અને સંસ્કૃતિઓની ખોજ કરવા માટે જરૂરી એકત્રિત પ્રયાસોની જેમ જ આપણને એકત્ર આવવાનું શીખવે છે, આપણે કોઈ પણ પડકારોમાંથી બહાર આવી શકીએ છીએ.

**જીવનની ઉજવણી**

પ્રવાસ આપણને દુનિયા સાથે જોડે છે તે જ રીતે આપણી મિની ઓલિમ્પિક્સ આપણને એકબીજા સાથે જોડે છે. ફૂટબોલ મેચમાં જોશ વધારવાનું હોય, જાપાનની પરંપરાઓ માણવાની હોય કે બેક્યાર્ડ ગેમનું આદાનપ્રદાન કરવાનું હોય, આ અનુભવો આપણને વાર્તાઓ, મૈત્રી અને જીવનનાં સાહસો માટે ઊંડી સરાહના સાથે આપણો અનુભવ સમૃદ્ધ બનાવે છે. રમતો આપણને મોટાં સપનાં જોવાં, ઊંચાં લક્ષ્યો રાખવા અને આપણી આસપાસની વૈવિધ્યતાને અપનાવવા માટે પ્રેરિત કરે છે.

આપણે મિની ઓલિમ્પિક્સ તરફ પાછળ જોઈએ ત્યારે આપણને એકતા, ઊર્જા અને ઉદ્ધાર કરવાની રમતની શક્તિ યાદ અપાવે છે. તે સ્પર્ધાના દિવસથી પણ વિશેષ છે. તે જીવન, પ્રેમ અને રમતના એકત્રિત બળની ઉજવણી છે. આ વર્ષ જોડાણ, ખોજ અને રમતની ખુશીથી ભરચક બની રહેશે. દરેક મેચ, દરેક જોશ અને દરેક આદાનપ્રદાન કરાતા અવસરોમાં આપણને એકતા, લગની અને સાહસ પર ભાર આપતી દુનિયાનું પ્રતિબબ જોવા મળે છે.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

નોર્ધર્ન યુરોપ, વેસ્ટર્ન યુરોપ, ઈસ્ટર્ન યુરોપ, બાલ્ટિક યુરોપ, મેડિટરેનિયન યુરોપ...
યુ નેમ ઈટ, વી હેવ ઈટ!

વીણા વર્લ્ડ યુરોપ માટે અતુલનીય વિકલ્પો લાવી છે. વીણા વર્લ્ડ એટલે સર્વ-સમાવિષ્ટ ટુર કિંમત.કોઈ ડિસ્કાઉન્ટ્સ નહીં ! કોઈ છૂપા ખર્ચ નહીં! કોઈ વૈકલ્પિકો નહીં! વીણા વર્લ્ડમાં તમારા વહાલાજનો સાથેતમારી યાદગીરીઓને આનંદમય બનાવવાનું લક્ષ્ય હોય છે. આથી જ ગયા 9 મહિનામાં 17,000+ સહિત છેલ્લાં 11 વર્ષમા 87,000 થી વધુ મહેમાનોએ વીણા વર્લ્ડ સંગાથે યુરોપ જોયું છે. હવે તમારો વારો છે! હમણાં જ પગલાં લો,આજે જ બુક કરો અને કોન્સ્યુલેટ્સમાં ગિરદી વધવા પૂર્વે તમારી વિઝા પ્રક્રિયા શરૂ કરાવો.

ચાલો, બેગ ભરો, નીકળી પડો, વીણા વર્લ્ડ સંગાથે!

યુરોપ ટુર્સ બુકિંગ પુરજોશમાં જલદી કરો!

દ અલ્ટીમેટ કોન્ટિનેન્ટ
યુરોપ
વીણા વર્લ્ડ સંગાથે

50+ યુરોપ ટુર્સના વિકલ્પોની માટે સ્કેન કરો

Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 22 7979

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




આદિલ ખાનનો અવાજ સાંભળીને બસ્તા શેઠે કહ્યું: 'અરે આપકો કૌન નહીં જાનતા...હુકમ કરો આદિલભાઇ.'

બસ્તા શેઠ સાથે આદિલ ખાનની ઓળખાણ હબીબે કરાવેલી....અને હબીબ અને બસ્તા શેઠનો વિદેશમાં બેઠેલો માયબાપ એક જ હતો એટલે એમની ઓળખાણ તો હતી જ. ગુલાટીની પાર્ટીમાં ત્રિપુટી સાથે જ આવેલી. આદિલ ખાન અલગથી બસ્તા શેઠને ક્યારેય મળ્યો નહતો....અચાનક એનો ફોન આવતા બસ્તા શેઠને જરા નવાઇ લાગી હતી

'બસ્તા શેઠ, આપકો અકેલે મેં મિલના હૈ.' આદિલ ખાને કહ્યું.

'હુકમ કરો, આદિલભાઇ. કબ ઔર કહાં મિલના હૈ.?'

'આજ શામ, મેરે ઘર આ જાઇએ.'

'કૂછ તૈયારી કર કે આના હૈ.....આદિલભાઇ.?'

'નહીં.....તૈયારી ઘર પર હી કર લેંગેં....હાં, હમારી યે મુલાકાત ખુફિયા હૈ.

હબીબથી પણ છૂપી મુલાકાત.' બસ્તા શેઠને વિચારતા મૂકી દઇને આદિલ ખાને ફોન મૂકી દીધો.

* * * * *

એ દિવસે અભિએ સીમાને પોતાની સાથે રહેવા માટે તૈયાર કરવી પડી. સીમાએ ઘણી આનાકાની કરી હતી.

'અભિ, આપણા સંબંધને મારી નાનકડી રૂમ સુધી સીમિત રહેવા દે.'

'સીમા, હું આપણા આ સંબંધને આમ ગૂંગળાતા જોઇ નથી શકતો.'

'અભિ, પ્લીઝ...એને ખુલ્લી હવાની આદત ન પડે એ જ સારું છે.'

'તું તારા સ્ટેટસની વિરુદ્ધ જઇ રહ્યો છો અભિ.'

'આપણું જીવન છે, આપણો સંબંધ છે, આપણી મરજી છે...જાહેર થઇ જવા દે, સીમા. હું નહીં રહી શકું તારા વિના.'

'હું પણ જીવું છું ને તારા વિના અભિ.'

'હવે સાથે જીવવું છે.....લોકોની પરવા કર્યા વિના' અભિ બોલ્યો.

'બહુ અઘરું થઇ પડશે અભિ.'

'જો હોગા વો દેખા જાયેગા' અભિએ કહ્યું ને સીમાએ મૂક સંમતિ આપતી હોય એમ આંખો ઢાળી દીધી હતી.

* * * * *

સાંજે બસ્તા શેઠ આદિલ ખાનના આલીશાન ઘરમાં પ્રવેશ્યો એ પહેલાં એણે આદિલ ખાનના ઇરાદા વિશે બહુ વિચારી લીધેલું. એવું શું કામ હશે...શેની તૈયારી કરવાની હશે જે હબીબથી છૂપી હોય. આદિલ ખાન મારા કરતાં હબીબની વધુ નિકટ છે.....એ હબીબથી શું છુપાવવા માગે છે.

'શુક્રિયા બસ્તા શેઠ, આપ હમારે ગરીબ ખાને તશરીફ લાયે' આદિલ ખાને એને ભેટતા કહ્યું. બસ્તા શેઠ આદિલ ખાનનો નબળો અભિનય જોતા હતા.

'આદિલભાઇ આપને મેરે જેસે મામૂલી આદમી કો યાદ કિયા....બાત ક્યા હૈ' બસ્તા શેઠે બેસતા જ પૂછી લીધું.

'હબીબભાઇ કો રાસ્તા સે હટાના હૈ.'

બસ્તા શેઠની ધ્રૂજારી છૂટી ગઇ. એણે સોફાના બંને હાથા પકડી લીધા.

આ માણસ શું બકવાસ કરી રહ્યો છે એનું એને કાંઇ ભાનબાન છે કે નહીં? હબીબ કોણ છે એની જાણ હોવા છતાં.? એને ખબર નથી કે હબીબ એની ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં એને આ દુનિયામાંથી રિલીઝ કરી નાખશે.

'આદિલભાઇ આપને ગલત આદમી કો પસંદ કિયા હૈ' બસ્તા શેઠે ધીમે સાદે કહ્યું.

'આપ ગલત સોચ રહે હો બસ્તા શેઠ....ઝરા સોચો...અગર હબીબભાઇ નહીં રહેગા તો ઉસકી જગહ આપ હોંગે. પૂરી ફિલ્મ ઇન્ડસ્ટ્રી આપ કે હાથોં મેં હોગી.'

બસ્તા શેઠે સોફાના બંને હાથા પરથી હાથ હટાવ્યા. આરામથી આલરીને બેઠા. આદિલ ખાનને લાગ્યું કે પાણીમાં ગલ નાખતા માછલી સપડાય એમ બસ્તા શેઠ સપડાઇ ગયા છે.

'સોચ કર બોલતા હું....' બસ્તા શેઠે કહ્યું.

'ઠીક સે સોચ લો....લેકિન અગર હબીબભાઇ કે પાસ જા કર હગ દિયે તો મૈં ઉપર બૈઠે ભાઇજાન કો બતા દુંગા કિ આપકી નિયત મેં ખોટ હૈ ઔર આપને હબીબભાઇ કો રાસ્તે સે હટાને કા પ્લાન મુઝે બતાયા થા' આદિલ ખાનનો આ ડાયલોગ બસ્તા શેઠના દિમાગની બહાર હતો.

બસ્તા શેઠ થોડી મૂંઝવણ લઇને નીકળ્યા ત્યારે એના દિમાગના કોશેટોમાંથી હબીબની જગ્યા લેવાનો કીડો સળવળીને બહાર નીકળી રહ્યો હતો.

**બસ્તા શેઠ મૂંઝવણ સાથે નીકળ્યા ત્યારે એના દિમાગના કોશેટોમાંથી હબીબની જગ્યા લેવાનો કીડો સળવળીને બહાર નીકળી રહ્યો હતો**

* * * * *

'મિનિસ્ટર અપ્પા સાહેબના ત્રણ ફોન આવી ગયા. તારા માટે પૂછતા હતા.' અકબર પીઆરે સવાર સવારમાં અભિને કહ્યું.

'પાર્ટી માટે ફંડ જોઇતું હશે...બીજું શું કામ હોય એને મારું.' અભિએ કહ્યું.

'ના...ફંડની વાત નથી...તને મળીને વાત કરવા માગે છે.'

'મને મળવા માગે છે..?' અભિએ ખભા ઉછાળતા આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'ફોન કરીને પૂછી લઉં' અભિએ ફોન લગાડ્યો....અકબર પીઆર રૂમની બહાન નીકળી ગયો.

'અપ્પા સાહેબ નમસ્કાર...આપને યાદ કિયા...મતલબ આપકી સરકારને મુઝે યાદ કિયા.' અભિએ મજાક કરી.

'અરજન્ટ મિલના હૈ....પ્રાઇવ્હેટ મેં' અપ્પા સાહેબે કહ્યું.

'આજ પૂરા દિન શુટિંગ મેં બિઝી હું.....રાત કો ફ્રી મિલ સકતે હૈ.' અભિએ કહ્યું.

'ઠીક હૈ....આજ રાત કો તુમ્હારે બંગલે પે મિલતે હૈ.' કહીને અપ્પા સાહેબે ફોન કાપી નાખ્યો.. અભિ વિચારતો હતો એ જ વખતે અકબરે એન્ટ્રી કરી.

'એક મિનિસ્ટર કક્ષાના માણસને મારી સાથે અરજન્ટ પ્રાઇવેટ મિટિંગ કરવાની શું જરૂર પડી હશે.?'

'રાજકારણી છે.....મુલાકાત પાછળ કોઇ નાનુસનું કારણ તો નહીં જ હોય.' અકબર પીઆરએ કહ્યું.

* * * * *

રાતે બારને ટકોરે અપ્પા સાહેબ લાલ લાઇટ વગરની સાદી કારમાંથી ઊતરીને અભિના બંગલામાં પ્રવેશ્યા. અકબર પીઆરે શંકાભરી નજરે એમનું સ્વાગત કર્યું. એમને અંદર લઇ ગયો જ્યાં અભિ એમની રાહ જોઇ રહ્યો હતો.

'અપ્પા સાહેબ.....મુઝે બુલા લિયા હોતા.' અભિ નાટકીય ઢબે ડાયલોગ માર્યો.

'હમારી લાઇન મેં કૂછ ઇમ્પોર્ટન્ટ ડિસિઝન રાત કો બારા બજે લિયે જાતે હૈ.' અપ્પા સાહેબે સોફા પર બેસીને અકબર પીઆર સામે જોતા કહ્યું. એમનો ઇશારો સમજીને અકબર પીઆર બહાર જતો રહ્યો.

'એસે કૌન સે ડિસિઝન્સ હૈ, જો આપકો મેરે ઘર મેં લેને હૈ, અપ્પા સાહેબ.?'

'અરે બાબા, પહિલા તૂ મિનરલ વાટર પીલા મુજે.' અપ્પા સાહેબનો ઇરાદો પામી ગયેલા અભિએ કહ્યું: 'ઔર મિનરલ વોટર મેં.....વ્હિસ્કી કી બ્રાન્ડ વહી હૈ ના.' અભિએ ગમ્મત કરી.

'મૈ પાર્ટી ઔર બ્રાન્ડ નહીં બદલતા.' અપ્પા સાહેબે પણ મજાક કરી.

ચિયર્સ કરતાની સાથે જ અપ્પા સાહેબે કહ્યું: 'તૂ પોલિટિક્સ જોઇન કર લે, એસી મેરી ઇચ્છા હૈ.'

'અપ્પા સાહેબ, મૈં અભિનેતા હું, નેતા નહીં હું.' અભિ હસી પડ્યો.

'મૈ મજાક નહીં કરતા....મૈ આજ હી દિલ્હી સે આયા.....હાઇ કમાન્ડ ભી યહી ચાહતી હૈ...ઇલેક્શન આ રહે હૈ.....તુજે ટિકટ દેને કી બાત ચલ રહી હૈ.'

'અપ્પા સાહેબ, મેરે પાસ શાદી કરને કી ફુરસદ નહીં હૈ ઔર આપ મુઝે કહાં ઇસ ઝમેલે મેં ડાલ રહે હો.. આપકો પાર્ટી ફંડ ચાહિયે લે લો, મુજ સે પ્રચાર કરવાના હૈ કરવા લો...લેકિન પ્લીઝ.'

અપ્પા સાહેબે અભિની વાત કાપી નાખતા કહ્યું: 'અભિ, તૂ ભલે હી બડા પોપ્યુલર સ્ટાર હો....તુમ્હારે પાસ લાખો રૂપયા હોને દો....લેકિન પોલિટિક્સ કે પાવર કા તુમકો અંદાજા નહીં હૈ. એકબાર તૂ પોલિટિક્સ મેં આ ગયા તો કોઇ તુમ્હારા બાલ ભી બાંકા નહીં કર સકતા.'

અભિ ગ્લાસમાં તરી રહેલા આઇસ ક્યૂબને તર્જનીથી ગોળ ગોળ ફેરવવા લાગ્યો. બરફ ઓગળી ગયો ત્યાં સુધી આંગળી ફરતી રહી.....સાથે એના વિચારો પણ ઘૂમરાતા રહ્યા.

'અપ્પા સાહેબ, મૈં તૈયાર હું.' અભિએ ગ્લામાંનો દારૂ એક જ ઘૂંટમાં ગળે ઊતારતા કહ્યું.

* * * * *

'પોલિટિક્સ જોઇન કરવા પાછળનો તારો આશય સમજાયો નહીં.' અપ્પા સાહેબના ગયા પછી અકબર પીઆરે અભિને પૂછ્યું.

'પાવર.....પોલિટિક્સનો પાવર.....રાજકારણીની સામે ભલભલા ડોન લોકો, ભાઇ લોકો ગુંડાઓ માથું ઝુકાવે.'

'મોટાભાગે એ લોકો જ ભાઇલોગ હોય છે.' અકબર પીઆરે કહ્યું.

'હબીબ અને આદિલ ખાન જેવા કે ભવિષ્યમાં આવા ઊભા થનારા આપણાથી ચેતતા રહેશે. પાવર ઓફ પોલિટિક્સ યુ સી.' અભિએ મુઠ્ઠી વાળીને અભિનય કર્યો.

'અભિ, હું ફિક્સર છું....અને મારે જે ફિક્સ કરવું હોય એ.....મારા પાવર ઓફ બ્રેઇનથી ફિક્સ કરું છું, પાવર ઓફ પોલિટિક્સથી નહીં.'

'....અને હું ટોચ પર પહોંચવા માટે વચ્ચે આવતા દરેક માર્ગનો ઉપયોગ કરું છું. રસ્તે ચાલતા પગમાં કાંટો વાગે તો કાંટાથી જ કાંટાને કાઢવો પડે...એ વખતે સોય શોધવા ન બેસાય.' અભિએ કહ્યું ને અકબર પીઆર હસીને નીકળી ગયો. (ક્રમશઃ)■

## ફોકસ

કિરણ ભાસ્કર
feedback@bombaysamachar.com

# બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ બનાવવા AIનો સહારો ન લો..!




માન્યું કે કૃત્રિમ બુદ્ધિમતા પૂર્વગ્રહોથી ભરેલી માનવીય બુદ્ધિ કરતાં ઘણી શ્રેષ્ઠ છે. તેમ છતાં, અત્યંત વ્યક્તિગત અને ભાવનાત્મક સંબંધો માટે મનોવૈજ્ઞાનિકો એઆઇ પર આધાર ન રાખવાની ગંભીરતાપૂર્વક ભલામણ કરે છે. જો કે એ નક્કી છે કે એઆઇ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તમારા વાસ્તવિક સંબંધોને સંપૂર્ણ રીતે નષ્ટ કરી શકતું નથી, તેમ છતાં તેની અસર એટલી ઘાતક છે કે તે તમને દરેક પરિસ્થિતિમાં ઈમોશનલ રીતે ડિસ્કનેક્ટ કરી શકે છે. તેથી વ્યક્તિગત સંબંધો માટે, ભાવનાત્મક સંબંધો માટે એઆઇ પર નિર્ભર રહેશો નહીં. જો કે, એ વાત સાચી છે કે આવી બધી ચેતવણીઓ વચ્ચે એઆઇ વિકસી રહ્યું છે અને લોકો તેમની સૌથી એકાંત પળોની લાગણીઓને બચાવવા માટે અલાદ્દીનના આ જીનનો આડેધડ ઉપયોગ કરી રહ્યા છે.

આજે, ડઝનબંધ ડેટિંગ એપ્સ ઉપલબ્ધ છે જે તમારા માટે સંબંધો શોધે છે, તમારા માટે મિત્રો શોધે છે અને માત્ર મિત્ર શોધવા જ નહીં પણ મિત્રતા કરાવવામાં પણ મદદ કરે છે. આ થોડી અતિશયોક્તિ જેવું લાગે છે, પરંતુ તે સાચું છે કે લોકો ૭૦ થી ૮૦ ટકા ઓનલાઈન મિત્રતાના નિર્ણયો એઆઈની મદદથી લે છે. આ સારું નથી, કારણ કે એઆઇ મનુષ્યો વચ્ચેના સંબંધોને જબરદસ્ત રીતે પ્રભાવિત કરી રહ્યું છે.

જો કે આ પ્રભાવના પોતાના કેટલાક ફાયદા છે, ગેરફાયદા તેના કરતા વધારે છે. તેનો સૌથી મોટો ગેરલાભ એ છે કે જ્યારે લોકો એઆઇ ચેટ બોટ્સ અથવા વર્ચ્યુઅલ પાર્ટનર્સ સાથે સમય પસાર કરે છે, ત્યારે વાસ્તવિક સંબંધોમાં તેમની રુચિ ઘટી જાય છે. આ ખરેખર ખતરનાક છે. કારણ કે આવા લોકો ધીમે ધીમે માનવીય સંબંધોની સરળતા અને જટિલતા બંનેને સમજવામાં નિષ્ફળ જાય છે અથવા તેને ઓછી આંકવા લાગે છે. પરિણામ એ આવે છે કે ધીરે ધીરે આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં ગુલામ બની જઈએ છીએ.

જો કે આજે એઆઇ ને કારણે ઘણી બધી નકારાત્મક બાબતો યુવાનોમાં ઘર કરી રહી છે, પરંતુ આપણને તેમના નુકસાનનો એવો અનુભવ અને અનુભૂતિ નથી કે આપણે આવી પરિસ્થિતિઓને કારણે થતા નુકસાનની વાસ્તવિકતાથી સમીક્ષા કરી શકીએ અથવા તે થાય તે પહેલાં તેનું અનુમાન લગાવી શકીએ. પરંતુ એ ૧૦૦ ટકા સાચું છે કે એઆઇ આપણા વાસ્તવિક સંબંધોને નષ્ટ કરી શકે છે. તે વાસ્તવિક સંબંધોને સંપૂર્ણપણે નષ્ટ કરશે નહીં, કારણ કે જ્યારે વ્યક્તિ સભાનપણે પોતાની જાતને તમામ પ્રકારની વિવિધતા અને જટિલતાથી દૂર રાખશે, ત્યારે તે હવે રોજિંદા જીવનની મુશ્કેલ બાબતોને સમજવા માટે સક્ષમ નથી. હકીકતમાં, વાસ્તવિક અને વર્ચ્યુઅલ વચ્ચે જબરદસ્ત મૂંઝવણ છે.

આ દિવસોમાં યુવાનો જે રીતે વર્ચ્યુઅલ સાથે સંપર્ક કરે છે તે ખૂબ જ મૂંઝવણભર્યું છે. યાદ રાખો, માણસ સાથે માણસનો ઓર્ગેનિક સંબંધ એ સંવેદનશીલતાની નિશાની છે. કોઈપણ આર્ટિફિશિયલ સંબંધો કે જેને જાળવવામાં બેમાંથી કોઈ પણ વ્યક્તિને

રસ ન હોય, તેવા સંબંધો યોગ્ય રહેતા નથી અને આવા સંબંધો લાંબા ગાળે આપણને ટેકો આપતા નથી. તેથી વર્ચ્યુઅલ અને વાસ્તવિક સંબંધો વચ્ચે અંતર રાખવું જરૂરી છે. ઘણી વખત લોકો વર્ચ્યુઅલ સંબંધોને વાસ્તવિક સંબંધોની જેમ ટ્રીટ કરવાનું શરૂ કરે છે અને આ કારણે તેઓ વાસ્તવિક સંબંધો પ્રત્યે ઇમોશનલ ડિસ્કનેક્ટ થઈ જાય છે. ભાવનાત્મક સંબંધો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તેમાં પ્રસંગની નાજુકતા અનુસાર એડજેસ્ટ કરવાની ક્ષમતા હોય છે. તેથી, ઘણા લોકો એઆઇ ડેટિંગ અલ્ગોરિધમ્સની ચુંગાલમાં ફસાઈને વાસ્તવિક સંબંધોથી કાયમ દૂર થઈ રહે છે. યાદ રાખો કે એઆઇ ડેટિંગ અલ્ગોરિધમ્સ તમને ઝડપથી કનેક્ટ કરી શકે છે, પરંતુ તે એક પડકાર પણ બની શકે છે.

જ્યારે લોકો વર્ચ્યુઅલ સંબંધોમાં વાસ્તવિક ઈમોશનલ કનેક્ટ કરે છે, ત્યારે તે ન રહેવા પર તેમનો વાસ્તવિક આંચકો લાગે છે. જે વ્યક્તિ માટે કનેક્ટ કરે છે, તેને કોઈ ફરક પડતો નથી કારણ કે તે આર્ટિફિશિયલ છે. તેથી, પશ્ચિમના સમાજશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકો વારંવાર ખાસ કરીને યુવાનોને કહેવા અને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેઓએ તેમના અંગત જીવન અને ઇમોશનલ સંબંધો માટે એઆઇ પર આધાર રાખવો જોઈએ નહીં.

એઆઇ પર નિર્ભરતા ખતરનાક બની શકે છે. જો એઆઇ પાસે કોઈપણ પ્રશ્નનો જવાબ છે, તો તે જવાબ ખૂબ જ સામાન્ય અને યાંત્રિક છે. તેના જવાબો માનવીઓ જેવા સંબંધો સાથે સંકળાયેલા નથી. તેથી, મિત્રતા માટે ધાબા પર બાજુમાં રહેવાની ઇચ્છાનું મનોવિજ્ઞાન સાચું હતું, પરંતુ વિશ્વના એક ખૂણામાં બેસીને બીજા ખૂણાની વ્યક્તિ માટે સ્નેહ રાખવો એ આવા કૃત્રિમ પ્લેટફોર્મ માટે ભલે રોમાંચિત કરે, પરંતુ માનવી જાણે છે કે આ જોડાણ યોગ્ય નથી. કારણ કે આમાં વાસ્તવિકતા કંઈ નથી. તેથી, ગમે તેટલું મુશ્કેલ હોય, તમારા અંગત સંબંધો અને અંગત જીવન માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો સહારો ન લો. આ માટે તમારા દિલ અને દિમાગ પર પણ વિશ્વાસ રાખો. યાદ રાખો, તમારા માટે તેના કરતાં સારું શુભચિંતક કોઈ નથી. ■

## આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# સુખની શોધમાં

જ્વેલરી માર્કેટનો અનમોલ હીરો એટલે હર્ષિલ મહેતા. વિલેપાર્લાના જુહૂ વિસ્તારમાં બાપીકો ધંધો સંભાળતો હર્ષિલ ગોલ્ડ તથા ડાયમંડ જ્વેલરીનો મોટો વેપારી ગણાય છે. પૂરી ઈમાનદારી સાથે ધંધો કરનાર હર્ષિલ મહેતાનું નામ લોકપ્રિય છે.

માતા-પિતાનો એકનો એક આ લાડકો હર્ષિલ આજ્ઞાંકિત, પ્રેમાળ અને સમજુ દીકરો છે. જયારથી હર્ષિલે ધંધો સંભાળ્યો છે, ત્યારથી પિતા મહેન્દ્રભાઈ તેમના અંબિકા જ્વેલર્સમાં જાય ખરાં, પણ જયારે જરૂર હોય ત્યારે જ સલાહ આપતા. મમ્મી સુનીતાબેન તો કંકુવરણાં પગલાં પાડતી પુત્રવધુની રાહ જોતા હતા.

રાજકોટમાં રહેતા તેમના મામાના મિત્ર પિનાકીન ત્રિવેદીના ઘરેથી તેમની દીકરી સ્નેહાનું હર્ષિલ માટે માંગું આવ્યું. સ્નેહા શાળામાં શિક્ષિકા છે, વિડિયોકોલ પર વાત કરતાં જ સુનીતાબેન, મહેન્દ્રભાઈ ખુશ થઈ ગયા. હર્ષિલે કહ્યુ- એમને અહીં બોલાવીએ, અમે એકબીજા સાથે બે-ત્રણ મિટિંગ કરીએ. પછી જ આગળ વાત કરીશું. મુંબઈની એ બે ત્રણ મિટિંગે તો હર્ષિલ અને સ્નેહાનું જીવન જ રોમાંચિત કરી દીધું.

હવે સ્નેહા જ ઘરનું કેન્દ્ર, એની જ વાતો. જો, મારી સ્નેહા માટે મને એકદમ નવી ડિઝાઈનનો બેસ્ટ સેટ જોઈએ. એનું મંગળસૂત્ર તો હું જ પસંદ કરીશ. મારે તો બેસ્ટ હોલમાં લગ્ન લેવા છે.- હર્ષિલ કહેતો.

બીજી તરફ વોટસ-એપમાં બંને લવબર્ડ ખોવાઈ ગયાં.

પોતાની લાડલી સ્નેહા હવે મોટા ઘરની વહુ બનશે, એકના એક દીકરાની વહુ તરીકે મોભો મળશે. સુખી- ધનાઢ્ય કુટુંબ છે તો મારે કોઈ ચિંતા કરવી ન જોઈએ. હંસાબેને વિચાર્યું. પણ, ત્યાં જ એમનું શંકાશીલ મન બોલી ઉઠ્યું-હર્ષિલ તો એકનો એક દીકરો છે તો એ મા-બાપના દાબમાં જ હોય, મારી દીકરીને પણ દાબમાં રાખશે. એક વાર ચૂપચાપ સહન કરીએ એટલે આખી જીંદગી દબાયેલા રહેવું પડે. મેં પોતે કેટલું સહન કર્યું. જીવ્યા ત્યાં સુધી ડોસીએ મને ત્રાસ આપ્યો હતો. મારા પિનાકીન કશું બોલતા જ નહીં. મારે સ્નેહાને સમજાવવી પડશે.



આણાની સાડીઓ પેટીમાં ગોઠવતા હતા, ત્યાં જ સ્નેહા વાવાઝોડાની જેમ આવી અને વોટસએપ પરના ફોટા હરખથી બતાવવા લાગી. મમા, જો આ ફોટામાં મારાં સાસુજીએ કેવી સરસ હેરસ્ટાઈલ કરી છે, એ તો પાર્લરમાં જઈને મેકઅપ-ડ્રેસિંગ કરાવે છે.

હા, સરસ ફોટા છે. પણ, સ્નેહા મારી વાત જરા સાંભળ. આ મુંબઈના લોકો ખૂબ સ્માર્ટ અને અભિમાની હોય છે. એમના પેટમાં પાપ હોય એટલે ઓછું બોલે, આપણને ગામડાંના સમજે. જરા, સાચવીને રહેજે. હંસાબેને કહ્યું.

મંમા, ના એવું નથી. મારી સાથે ખૂબ સારી રીતે બોલે છે.

સ્નેહા, તું ભોળી છે. એટલે સમજાવું છું. લગ્ન પછી તારા દાગીના તારા કબાટમાં જ રાખજે. એમને આપીશ તો ગયા જ સમજજે. અને આખો દહાડો ઘરકામના ઘસરડા કરવાના નહીં. આખા દહાડાનો નોકર કે બાઈ હોવી જોઈએ.

અરે, આટલી બધી ચિંતા ન કર. તું જ તો કહે છે કે આપણા ઘરનું કામ આપણે કરવું જોઈએ.

હું તારી મા છું, મને ચિંતા ન થાય? કહેતા હંસાબેનથી ડૂસકું ભરાઈ ગયું.

મંમા, આમ રડે છે શું. હર્ષિલ તો ખૂબ કેરીંગ છે.

જો, સાંભળ એ એકનો એક દીકરો છે. એ માવડિયો જ હશે. લગ્ન પછી જો તારા દાબમાં નહીં રાખે તો તારે આખી જિંદગી ઓશિયાળા રહેવું પડશે. આટલો મોટો ધીખતો ધંધો એમાં તારો પણ ભાગ હોવો જોઈએ. જરા હોશિયાર રહેવાનું. હું કંઈ ત્યાં સુધી રોજ આવી શકીશ નહીં.

મમ્મીની વાત પરથી સ્નેહાને સમજાયું કે મારે હર્ષિલ પર મારો દાબ રાખવો પડશે.

સુનીતાબેન રંગેચંગે જાન લઈ રાજકોટ આવ્યા. હર્ષિલ અને સ્નેહાની જોડી જોઈને જાનૈયાઓ ખુશ હતા. હર્ષિલના એક મિત્રે ગાયું- લે, જાયેંગે દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે. વહાલસોયી કન્યાને વિદાય આપતાં આ માંડવો પણ આંસુ સારી રહ્યો હતો. માઈક પર એક ગીત સંભળાતું હતું.

કાળજા કેરો કટકો મારો હાથથી છૂટી ગયો--- પિનાકીનભાઈએ હંસાને માંડમાંડ સંભાળી.

હર્ષિલ અને સ્નેહા હનીમુન માટે ગયા ખરા, પણ એક જ અઠવાડિયામાં માલદીવથી પાછા આવ્યા. એવામાં મોટાકાકાને ગંભીર માંદગી આવી તો હર્ષિલ જ દોડધામ કરતો. અતિ વ્યસ્તતાને કારણે હર્ષિલ સ્નેહાને સમય આપી શકતો નહીં. સાસુમા એમના સામાજિક કામમાં બીઝી રહેતાં.

સુનીતાબેન એક કીટી પાર્ટીમાં સ્નેહાને લઈ ગયાં, બે-ત્રણ બહેનોએ ટકોર કરી કે સુનીતા તારી વહુ તો સમજુ લાગે છે, પણ આ કલ્ચરમાં એને એડજેસ્ટ થતાં વાર લાગશે. તારો હર્ષિલ તો સ્માર્ટ છે.

તારી વાત સાચી ગામડાંની ખરી પણ કામકાજમાં ખૂબ ડાહી છે. સુનીતાબેન અણગમાના ભાવે બોલ્યાં.

સ્નેહાને ખૂબ લાગી આવ્યું. એણે કહ્યું- મેં શાળામાં શિક્ષિકા તરીકે કામ કર્યું છે. હું એમ.એ, બી.એડ વીથ ફર્સ્ટ ક્લાસ છું.

મમ્મીજી કશું ન બોલ્યાં અને એક બેને હાથમાં જ્યુસનો કપ મોંએ માંડતા કહ્યું- લેટ્સડાન્સ. મયુઝીકના શોરબકોરમાં પચાસ-સીત્તેર વર્ષની પણ પોતાને પાંત્રીસની સમજતી હોય તેમ આ માનુનીઓ નાચવા લાગી. પોતાને મોર્ડન સમજતી આ સુધરેલાં ગણાતાં બેનો સ્નેહાના મનને ન સમજી શકયાં.

રાત્રે હર્ષિલે પણ એમ જ કહ્યું તારે હવે આ સોસાયટીમાં ભળતા શીખવાનું છે. આ કંઈ રાજકોટ નથી કે બધા પાર્ટીમાં ભજનો ગાશે કે રાસડાં લેશે. અંગ્રેજીમાં વાત કરતાં આવડવું જ જોઈએ. મારી સાથે તને બિઝનેસ ટુર પર કેવી રીતે લઈ જઉં, જો, તું અસલ ગામડિયણ જ રહે.

મારે આવું કલ્ચર નથી જોઈતું, જયાં બધા મળી એક જણની મશ્કરી કરે, અને મમ્મીજી પણ બધાની જેમ હસે. હું કયારેય આવી પાર્ટીમાં નહીં જઉં.

સ્નેહાએ નજીકની એક સ્કૂલમાં શિક્ષિકા તરીકે એપ્લાય કર્યું. ઈંટરવ્યુ આપવા જતી હતી ત્યારે સુનીતાબેને કડક અવાજે બોલ્યાં- લો, હવે આ પંતુજી બનશે.

આટલા મોટા સમૃદ્ધ ઘરની વહુ વીસ હજાર રૂપરડી માટે નોકરી કરશે.

હર્ષિલ અને સસરાજી સામે જ હતા પણ બંને ચૂપ.

સ્નેહા ઈંટરવ્યુ આપવા ગઈ , તેની પસંદગી પણ થઈ. આખરે સ્નેહાએ નમતું જોખ્યું કારણ કે એને કોણ સમજે?

હર્ષિલ અને સ્નેહાના દાંપત્ય જીવનમાં ન દેખાય તેવી તિરાડ પડી હતી. લગ્ન પછીની પહેલી દિવાળીમાં તો હું અને હર્ષિલ સિંગાપુર ફરવા જઈશું એવું સ્નેહાએ નક્કી જ કર્યું અને હર્ષિલે પણ હા પાડી હતી.

ત્યાં જ સુનીતાબેને ફરમાન કર્યું કે મેં વૈષ્ણોદેવીની બાધા રાખી છે, મારે તમને પગે લગાડવાના છે. હર્ષિલ, આપણા ચાર જણની વ્યવસ્થા કર.

પણ મમ્મી, અમે સિંગાપુર જવાના છીએ.

અમે એટલે ?તમે બે જણાં જ નકકી કેવી રીતે કરી શકો? મારે બાધા પૂરી કરવાની કે નહીં- કાલે ઊઠીને મને કંઈ થઈ ગયું તો- કહેતા રડવા જ લાગ્યાં.

બીજી તરફ સ્નેહાએ પણ બળાપો કાઢયો. હંમેશાં મમ્મી કહે તેમ જ કરવાનું- હું નથી આવવાની- હું મારા મમ્મી-પપ્પા પાસે જઈશ.

એવું ન કરાય સ્નેહા. મારાં મા-બાપનું આપણા સિવાય કોણ છે, મમ્મીની બાધા પૂરી કરવા આપણે જવું જ પડશે.

આખરે મહેતા ફેમિલી ભારે હૈયે સાથે ગયાં. હર્ષિલે મુંબઈથી જમ્મુ એરપોર્ટની ટિકિટ લીધી. બેસ્ટ હોટલ અને વૈષ્ણોદેવીના દર્શન માટે પણ ચાર્ટડ પ્લેન કર્યું. મા બાપને જાત્રા કરાવવાનો આનંદ હતો.

બીજી તરફ સ્નેહાની નારાજગી અને મમ્મીની કેટલીક જોહુકમીનો સામનો કરવો પડતો. કુટુંબમાં કલેશ ન થાય એટલે મહેન્દ્રભાઈ મૌન સેવતા.

સ્નેહાના મનનો અજંપો કયારેક ઝગડાનું રૂપ લેતો. વૈષ્ણોદેવીના દર્શન અને પૂજા સરસ થઈ. પણ, મનમેળ ન થયો.

હવે એક સમૃદ્ધ કુટુંબ અજંપાના અડાબીડ જંગલમાં અટવાઈ ગયું. હર્ષિલે પોતાના એક ખાસ મિત્ર કેતન ભટ્ટ સાથે ખુલ્લા મને વાત કરી.

હર્ષિલ, આનો તારે જ ઉકેલ આણવાનો છે. લાગણી સાથેના અતૂટ સંબંધને તારે સમૃદ્ધ કરવાના છે. તમે બધા એકમેકને ખૂબ ચાહો છો પણ એકમેકની લાગણીને સમજવાની ખાસ જરૂર છે. તું સ્નેહાની લાગણીને પણ સમજ એને પણ ખુશ રાખ.

બીજું, ખાસ તું મમ્મીને પણ સમજાવ કે સ્નેહાને પ્રેમથી આવકારે, એ તો પ્રેમની જ ભૂખી હોય. મને લાગે છે કે દરેકે પોતાનો ઈગો છોડીને થોડા પોઝીટીવ માઈંડથી વર્તન કરવું જોઈએ. પરિસ્થિતિને સમજીને સમભાવથી રહેવું.

થેંકસ દોસ્ત તેં મારું ટેન્શન દૂર કર્યું. સુખની શોધમાં આપણે ભટકીએ છીએ, પણ, કામ-ક્રોધ-મદ-મોહ અને મત્સરને છોડીને સમભાવથી રહીએ તો કેવું?

તારી સલાહ મને ગમી, હું મારી મમ્મીને પણ સમજાવીશ. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# બધે તાળાં જ દેખાય, ચાવી એકેય નહીં!

**માણસના** વ્યવસાયની, એના કાર્યક્ષેત્રની, એના મગજ પર કે વિચારવાની શૈલી પર અસર થતી હોય ખરી? કસાઈવાડે કામ કરનારો ખાટકી નિજી જીવનમાં નિર્દય હોય? કોર્ટમાં દલીલબાજીથી કેસ પર કેસમાં વિજય મેળવનાર વકીલ ઘરમાં પત્નીને આર્ગ્યુમેન્ટમાં મહાત કરી શકે? અનેક નાટકોમાં કામ કર્યા પછી એક વાત સુપેરે સમજાઈ ગઈ હતી કે સ્ટેજ પર તાળીઓના ગડગડાટ સાથે ગમે એવી પ્રભાવી એન્ટ્રી લીધા પછી અંતે તો એક્ઝિટ જ લેવાની હોય છે. અનેક શો કર્યા પછી એન્ટ્રીનો જબ્બર મોહ રહે નહીં અને એક્ઝિટ અકળાવનારી કે વ્યથિત કરનારી ન લાગે. વ્યવસાયી જીવનની આ એન્ટ્રી-એક્ઝિટની ખાસિયત અંગત જીવનમાં પણ રૂઢ થઈ ગઈ હતી. ઘર લીધાં પછી અચાનક છોડવાનો વખત આવે ત્યારે આંચકો લાગવાનું કે દુ:ખી થવાનું બંધ થઈ ગયું હતું. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગીતકાર સાહિર લુધિયાનવીની પંક્તિઓ 'ગમ ઔર ખુશી મેં ફર્ક ન મેહસૂસ હો જહાં, મૈં દિલ કો ઉસ મકામ પે લાતા ચલા ગયા' મારા જીવનમાં અજાણતા જ વણાઈ ગઈ હોય એવું હું માનતી હતી. આજે સુધ્ધાં માનું છું.

નાટકમાં તો એક્ઝિટ લીધા પછી બીજા શોની એન્ટ્રી નક્કી હોય છે, એની ચિંતા નથી કરવી પડતી. અહીં તો ઘરમાંથી એક્ઝિટ લેવી પડી હતી, કાયમી સ્વરૂપની. બોરીવલીના યોગી નગરના યોગ પૂરા થયા હતા અને નવી એન્ટ્રી ક્યાં મળશે એ ખબર નહોતી. એની કલ્પના પણ નહોતી. આવા પ્રસંગે સંકટ સમયની સાંકળ જેવાં જ્યોતિબહેન (વિનય દ્વિવેદીનાં પત્ની)ને ફોન જોડ્યો. ટ્રીઈઈઈન.. છએક વાર રિંગ વાગી, પણ કોઈએ ફોન ન ઉપાડ્યો. જ્યોતિબહેન બપોરની નીંદર લેતા હશે? એવો સવાલ થયો. તરત ઘડિયાળમાં જોયું તો હજી બપોરનો એક વાગવામાં ૧૦ મિનિટની વાર હતી. ના, ના, આટલાં વહેલાં તો ઊંઘી ન જાય જ્યોતિબહેન. કદાચ કોઈ કામસર બહાર ગયાં હશે. દસેક મિનિટ પછી ફરી ફોન જોડ્યો. એક રિંગમાં ફોન ઉપાડ્યો અને મારું હેલો સાંભળી સામે છેડેથી જ્યોતિબહેન બોલ્યાં, 'ક્યાં છો તમે? કેટલા દિવસથી ફોન નથી. બધું ઠીકઠાક છે ને.' બે ક્ષણ તો મારાથી કશું બોલાયું નહીં, પણ તરત સ્વસ્થ થઈ ગઈ અને બોલી, 'જ્યોતિબહેન, તમારું કામ પડ્યું છે.'

'કેમ? ઘર છોડવાનો વખત આવી ગયો? નવા ઘરની શોધમાં છો?' કદાચ મારો અવાજ કે પછી ફોન કરવાના સમય પરથી તેઓ મારી અવસ્થા પારખી ગયા હશે. પોતાના માણસોની આ જ તો ખાસિયત હોય છે. મેં હા પાડી અને અચાનક ઘર છોડવું પડે એમ છે એની વિગતે વાત કરી. હું વાત કરતી હતી અને મને એમના નિ:સાસા સંભળાઈ રહ્યા હતા. તકલીફ મારી હતી ને પીડા જાણે કે તેમને થઈ રહી હતી. તાત્કાલિક ઘર તો નહીં મળે એમ તેમણે કહ્યું. સેનેટોરિયમમાં પણ જઈને ઊભાં રહો એટલે રહેવા જગ્યા મળી જાય એ શક્ય નહોતું. બીજો એક વિકલ્પ હતો પેઈંગ ગેસ્ટ તરીકે રહેવાનો, પણ મારા કામનો નહોતો. એટલા માટે કે મારી પાસે એટલા પૈસા નહોતા કે હું એ રીતે રહી શકું. ભાડાના ફ્લેટમાં પણ રહેવું પોસાય એમ નહોતું. ટૂંકમાં કહું તો જ્યાં જ્યાં મારી નજર પડતી હતી ત્યાં ત્યાં મને તાળું જ દેખાતું હતું અને એકેય તાળાની ચાવી મારી પાસે નહોતી. જે દુકાનમાંથી હું ફોન જોડી રહી હતી ત્યાં એક ભાઈ ટ્રાન્ઝિસ્ટર પર ગીત સાંભળી રહ્યા હતા. એમાં કોઈ ગીત વાગતું હતું જેની બે પંક્તિ મારા કાને પડી કે 'બિન તાલે કી ચાબી લેકર ફિરતે મારે મારે' અને એ સાંભળી મને હસવું આવી ગયું.

જ્યોતિબહેને કહ્યું હતું એ પ્રમાણે સાંજે તેમને ફરી ફોન કર્યો. તેમણે કહ્યું એ મુજબ તેમના જુહુના ઘરની સામે ઍરપોર્ટ કોલોની હતી. કોલોનીના એક ઘરમાં બાપ-દીકરો અને બે દીકરી રહેતાં હતાં. વડીલનાં પત્ની ગુજરી ગયાં હતાં. એક મહિના માટે ત્યાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. સારી વાત એ હતી કે આ નવા ઘરમાં તાત્કાલિક રહેવા માટે જઈ શકાય એમ હતું. વ્યવસ્થા થઈ જતાં નિરાંત થઈ અને તરત ઉદયભાઈના ઘરે ગઈ. એમણે મને સહકાર આપ્યો હતો એ બદલ તેમનો આભાર માન્યો. ફોનની સગવડ આપતાં બહેનની પણ રજા લીધી. એમના ફોનની સગવડને કારણે જ મને કાંતિ મડિયાના નાટકમાં કામ કરવા મળ્યું હતું એ હું ક્યારેય નહીં ભૂલું. જોકે, અચાનક જ હું ઘર છોડીને જઈ રહી હતી એની એમને નવાઈ તો લાગી. એમણે મને કંઈ પૂછ્યું નહીં અને મેં કોઈ ફોડ પાડ્યો નહીં. અમારી જીભ સિવાયેલી હતી, પણ મારી આંખો તેમણે એમની આંખોથી વાંચી લીધી. મારો હાથ હાથમાં લઈ એટલું જ બોલ્યા કે 'હશે. જીવનમાં આવી પડતી મુશ્કેલીઓનો સામનો કરવામાં તો તમે પાવરધાં છો જ. મારે લાયક કંઈ કામ હોય તો ગમે ત્યારે ફોન કરજો.'



એક મહિના માટે બોરીવલીના યોગી નગરથી ઉચાળા ભરી જુહુની ઍરપોર્ટ કોલોનીમાં પહોંચી ગયાં. મહિનો જતાં વાર લાગે? જોકે, આ વખતે ખબર હતી એટલે કે નવા ઘરમાં પહોંચી બીજા જ દિવસથી સેનેટોરિયમની તપાસ શરૂ કરી દીધી. અરજી કરી, બધી વાત સમજાવી અને થોડા પ્રયત્ન પછી અંધેરીમાં નવરંગ થિયેટરની આગળ, ભવન્સ કૉલેજ નજીક રાજકુમાર સેનેટોરિયમમાં વ્યવસ્થા થઈ ગઈ. નાટકના શો તો ચાલુ જ હતા, પણ ત્યારે આજે મંડળો છે એવું નહોતું. એટલે અઠવાડિયે એક શો થાય. રવિવારથી રવિવાર. બાકીના દિવસોમાં નવરા. જોકે, અહીં મરાઠી નાટ્ય સૃષ્ટિ સાથેનું મારું અનુસંધાન કામ આવ્યું. મરાઠી નાટકોમાં કામ મળ્યું અને આ નાટકના શો તો દરરોજ થાય એટલે મારું ગાડું ગબડી રહ્યું હતું. ■

## શેઠનો અહમ્ ઘવાયો અને...

વીસમી સદીના પહેલા દાયકામાં નાટક કંપનીઓનું અને એ કંપનીના શેઠ લોકોનું ખાસ્સું વર્ચસ્વ હતું. 'મારું નાટક એટલે સર્વશ્રેષ્ઠ, બીજા બધા મારી આગળ પાણી ભરે અને હું બીજાનાં નાટકો કે અભિનય જોવા જાઉં નહીં' એવી માન્યતામાં અનેક શેઠિયા કેદ રહેતા હતા. 'મુંબઈ ગુજરાતી કંપની'માં છોટાલાલ શેઠે બાપુલાલ નાયક, જયશંકર 'સુંદરી' અને નાટ્યલેખક મૂળશંકર મુલાણીને ભાગીદાર બનાવ્યા હતા. ૧૯૧૦ આસપાસની વાત છે. મુંબઈના તાડદેવ વિસ્તારમાં આવેલી બાલીવાલા ગ્રાન્ડ થિયેટરમાં નકુભાઈ શાહની 'આર્ય નૈતિક નાટક સમાજ' કંપનીનાં નાટકોને અફાટ લોકપ્રિયતા પ્રાપ્ત થઈ હતી. એ સમયે હરિહર 'દીવાના' રચિત 'સતી તોરલ' નાટક પૂરબહારમાં ચાલતું હતું. નાટકની પુસ્તિકામાં 'કચ્છી પ્રેક્ષક વર્ગને ધ્યાનમાં રાખી લખેલું નાટક' એવી નોંધ હતી. આવી લોકચાહના મેળવનાર નાટકમાં એવું તે શું છે એ વિચાર લેખકશ્રી મુલાણીને ઘેરી વળ્યો. નાટકની લાક્ષણિકતા તપાસવા લેખક નાટક જોવા ગયા. છોટાલાલ શેઠને આ વાતની જાણ થઈ અને તેમનો અહમ્ ઘવાયો. પોતાની નાટક કંપનીના લેખક - કવિ અને ભાગીદાર બીજી કંપનીનું નાટક જોવા જાય એ એમને જરાય ન ગમ્યું. બંને વચ્ચે અત્યંત ઉગ્ર ચર્ચા થઈ અને અંતે સિદ્ધાંતવાદી લેખક મૂળશંકર મુલાણી કંપનીમાંથી છૂટા થયા.

(સંકલિત)■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# શું ભવિષ્ય માટે તમે તૈયાર છો?



**આ અઠવાડિયે બે વાત ચર્ચામાં રહી.**

એક, 'માઇક્રોસોફ્ટ'નાં સત્યા નડેલા ભારત આવ્યા. એમણે કહ્યું કે AI અને કલાઉડના વેપાર માટે 'માઇક્રોસોફ્ટ' ૩ બિલિયન ડૉલર ભારતમાં રોકશે. બીજુ, 'ઈન્ફોસિસ'ના નારાયણ મૂર્તિના ૭૦ કલાકના નિવેદન બાદ L&T ના ચેરમેન સુબ્રમન્યનનું ૯૦ કલાક કામ કરવાનું નિવેદન અને એમાં પાછું તેમ કહેવું કે રજાના દિવસોમાં તમારી પત્ની તમને કેટલો વખત જોયા કરશે? એના કરતાં રવિવારે પણ ઓફિસમાં આવી કામ કરો.

આમ એક વ્યક્તિ આવીને કામ આસાન કરવાની વાત કરે છે. આપણે જાણીયે છીએ કે AI ના આવવાથી કામ ફટાફટ થશે. તેનો એક ઉદેશ્ય કામ આસાન અને ફટાફટ કરવાનો છે. બીજી વ્યક્તિ વધુ કામ કરોની વાત કરે છે. બંનેમાં કામ વધુ કરવાની વાત છે, એક ટેક્નોલોજીને કહે છે કે 'તું કામ કર' અને બીજી વ્યક્તિ માણસને કહે છે કે

'તું વધુ કામ કર!'

આનાથી બીજો પ્રશ્ન એ ઉદ્ભવે છે કે શું આવી ટેક્નોલોજીના આવવાથી બેરોજગારી વધશે? જે વેપારીઓને આવી ટેક્નોલોજી નહિ પરવડે તેઓ શું વેપાર નહીં કરી શકે? આવા સમયમાં યુવાનોએ શું ભણવું જોઈએ અથવા આપણે પોતાનાં બાળકોને શું ભણાવવું જોઈએ? અંગત અને વ્યવસાયિક બંને જીવનમાં આવા ઘણા પ્રશ્ન સામે આવે છે.

વેપાર હોય કે અંગત જીવન, તેને ભવિષ્ય માટે સુરક્ષિત કરવું પડે. આના માટે અંગ્રેજીમાં સરસ શબ્દ છે : 'ફ્યુચર પ્રૂફિંગ.' ટેક્નોલોજી આવશે તો તેનો સદુપયોગ અને દુરુપયોગ બંને થશે પણ તેના ડરે આપણે તેનું ડેવલપમેન્ટ ના રોકી શકીયે. AI થી લોકો કહે છે ફ્રોડ વધશે તો કદાચ આજ AI ના સહારે તમારી જાન પણ બચશે. આનો ઉપયોગ હરેક ક્ષેત્રમાં થશે. આપણે જો થોડાં વર્ષો પહેલાની વાત કરીયે તો આપણે ફોન ડાયરી રાખતા, એલાર્મ ઘરે રાખતા, જો સામાન બહારથી લાવવાનો હોય તો એક ચબરખીમાં તેનું લિસ્ટ બનાવતા. આજે આ બધું ફોનમાં થઇ જાય. આપણું બાળક આપણને કહેશે : 'મેસેજ કરી દો શું લઇ આવવું છે તે'. કહેવાનું તાત્પર્ય તે છે કે વાત તે જ છે, પણ તેના આયામ બદલાઈ ગયા છે અને હજુ આથી આગળ દુનિયા જશે.

કહેવાય છે કે ૨૦૩૦ સુધીમાં ઓટોમેશન વિશ્વભરમાં ૮૫ મિલિયન નોકરીઓને વિસ્થાપિત કરી શકે છે. આવી જ વાતો ઔદ્યોગિક ક્રાંતિ કે પછી કમ્પ્યુટરના આવવાથી થઇ હતી, પણ તેમ થયું? ઊલ્ટુ, રોજગારી વધતી ગઈ. આનું કારણ આવી ઊથલપાથલો એવી નવી તક-ભૂમિકાઓ પણ લાવે છે જે નવી કુશળતા, માનસિકતા અને અનુકૂળક્ષમતા માગે છે. આવા સમયે વેપારને ફ્યુચર પ્રૂફ કરવા માટે અમુક વાતો પર ધ્યાન આપવું પડશે. કહે છે ને કે બદલાવ નિરંતર છે અને આવનારા સમયમાં બદલાવની ગતિ પણ વધશે. આપણી માનસિક તૈયારી બદલાવ માટે જરૂરી છે. જેમ માનસિક તૈયારી જરૂરી છે તેમ ટેક્નલોજીને પણ અપનાવવી પડશે. જો તમે નહિ અપનાવો તો તે તમને અપનાવી લેશે અને તમને ખબર પણ નહિ પડે.

ઇનોવેશન અને ટેક્નોલોજી મહત્ત્વનો ભાગ ભજવશે આથી તમે પણ આના માટે અત્યારથી તૈયારી કરો.

તમારું ઉત્પાદન કે સેવા કોઈપણ હોઈ શકે , પણ તેમાં ટેક્નોલોજી કઈ રીતે ભાગ ભજવી શકે તેના પર વિચારો આના માટે તમારે અને તમારા સહકર્મીઓએ પોતાને માત્ર અપડેટેડ રાખવા પડશે સાથે નવી નવી સ્કિલ વિકસાવવી પડશે. તમે જે ભણ્યા છો તે તમે બહાર આવશો તેવામાં જૂનું થઇ જશે. આવા સમયે, આગળ રહેવા માટે ઓનલાઇન અભ્યાસક્રમ અને વર્કશોપ દ્વારા પોતાને સતત અપસ્કિલ કરો-અપડેટ કરો. તમારી સોફ્ટ સ્કિલ પણ વિકસિત કરવી પડશે, કારણ કે તમારા મોટાં ભાગનાં કામ ટેક્નોલાજીના સહારે થશે ત્યારે તમારામાં ઉચ્ચ-ક્રમની વિચારસરણી, સર્જનાત્મકતા, નિર્ણય લેવા,ઈત્યાદિની ક્ષમતા અથવા સ્કિલ તમને ભવિષ્યમાં ઊભા રાખશે.

જેમ જેમ અભ્યાસ અને સ્કિલ નવી નવી આવતી રહેશે ત્યારે શક્ય છે કે તમે બધી વાતો ના શીખી શકો. આવા સમયે કોલોબ્રેશન-સહયોગ પણ જરૂરી થઇ પડશે. કોલોબ્રેશન ભવિષ્ય છે. તમારી પાસે કોઈ ચોક્કસ જરૂરિયાતને અન્ય કંપની પૂરી કરી શકે છે અને તમે બીજી કંપનીની જરૂરિયાતોને સંતોષવા માટે સક્ષમ હોઈ શકો.પરસ્પર લાભદાયી ભાગીદારી અર્થાત કોલોબ્રેશન તમારા વેપારને વિસ્તૃત કરી શકે છે. આને બીજી રીતે જોઈએ તો; 'ગીગ ઈકોનોમી' અર્થાત ફ્રીલાન્સિંગ હજુ વધશે, કારણ કે લોકોને પોતાની રીતે કામ કરવું છે ને બંધાવું નથી. આવા સમયે એક્સપર્ટ લોકો સાથે કોલોબ્રેશન નફારૂપ થઇ શકે છે.

આ બધામાં ન ભૂલવાની વાત એટલે વેપાર ફક્ત અને ફક્ત બ્રાન્ડનો થશે. બ્રાન્ડ બનશે તો બિઝનેસ વધશે. આથી બ્રાન્ડ બનાવવાની શરૂઆત પહેલેથી કરો. બ્રાન્ડ તમારા વેપારને ફ્યુચર પ્રૂફ કરશે, કારણ કે બ્રાન્ડ તમને જવાબદાર બનાવે છે અને સમય સાથે ચાલવા મજબૂર કરે છે ભવિષ્યમાં ૯૦ કલાક કોઈ કામ નહિ કરે. ટેક્નોલોજી લોકોને પોતાના માટે વધુ સમય આપશે અને લોકો તેનો ઉપયોગ વિવિધ પ્રવૃત્તિઓ માટે કરશે. આથી પોતાનું અંગત જીવન અને વેપાર બંનેને ફ્યુચર પ્રૂફ કરવા આજથી શિક્ષણમાં રોકાણ કરો, પરિવર્તનને સ્વીકારો અને તમારી જાતને ટકી રહેવા અને ખીલવા માટેનાં સાધનોથી સજ્જ કરો. ■

કેન્વાસ


અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com


# સિનેમાના પડદે હિંસા બતાવવાની કોઈ લિમિટ ખરી?

**ગયા અઠવાડિયે** 'માર્કો' નામની એક મલયાલમ ફિલ્મ રિલીઝ થઈ. મલાયલમ સિનેમાના ઇતિહાસની તો સૌથી વધુ હિંસક ફિલ્મ એવું લેબલ 'માર્કો' ઉપર લાગ્યું છે. જોકે હિન્દી સિનેમામાં આવેલી સૌથી હિંસક ફિલ્મ ગયા વર્ષે આવેલી 'કિલ' ગણાય છે. 'કિલ'માં મુખ્ય વિલન તરીકે પેલો જાણીતો ડાન્સર કમ હોસ્ટ રાઘવ હતો. 'કિલ' વાર્તાની દૃષ્ટિએ નબળી ફિલ્મ હતી. કરણ જોહરના પણ એમાં કોઈ રીતે પૈસા લાગેલા હતા એવી વાત આવી હતી. માટે 'કિલ'ને પ્રમોટ કરવામાં બહુ પ્રયાસો થયા, પણ તે ફિલ્મ હીટ થઈ ન હતી. 'કિલ' અને 'માર્કો' બંને જોયા પછી કહી શકીએ કે એ બેમાંથી વધુ હિંસક અને લોહિયાળ ફિલ્મ 'માર્કો' છે... તો શું એના પરથી એ કહી શકાય કે હિન્દુસ્તાનના સિનેમાના ઇતિહાસમાં આવેલી સૌથી વધુ લોહિયાળ ફિલ્મ મલયાલમમાં બનેલી 'માર્કો' છે? આ સવાલ કરતાં પણ અગત્યનો સવાલ એ છે કે સિનેમાના પડદે કેટલી હદે છેલ્લી કક્ષાનાં હિંસાત્મક દૃશ્યો બતાવવાં યોગ્ય છે?

'માર્કો'ની વાત કરીએ. એ મલયાલમ ફિલ્મ ભલે હોય, પણ દક્ષિણ ભારતના સિવાયના ઑડિયન્સ માટે 'માર્કો' એટલે સાઉથની ફિલ્મ. આપણે ગુજરાતીઓ પણ સાઉથની સિનેમા તરીકે જ ત્યાંની ફિલ્મોને ઓળખીએ છીએ, પછી એ તમિલ સિનેમા હોય કે તેલુગુ. સાઉથની ફિલ્મોમાં મારધાડ બહુ હોય છે એ આપણે જાણીએ છીએ. ફાઈટિંગ સિક્વન્સના ત્યાંના લોકો શોખીન છે. ફિલ્મોમાં અતિ-નાટકીયતા દર્શાવવી ત્યાંના ફિલ્મ મેકર્સને ગમે છે. ટેક્નિકલી 'માર્કો' પણ એક્શન-થ્રિલર જોનર- કેટેગરીમાં આવતી ફિલ્મ છે, પણ એક્શન જયારે એક હદથી વધી જાય અને માણસના શરીરની કાપાકૂપીની વાત થવા માંડે તો એ કેટેગરી માટે એક ઈંગ્લિશ શબ્દ છે - ગોર સિનેમા. ગોર એટલે અતિહિંસક અને લોહીથી લથબથ. કૅમેરાના લેન્સ ઉપર પણ લોહીના છાંટા ઊડતા બતાવવા પડે એટલે એ ફિલ્મની હિંસાની પરાકાષ્ઠા થઈ ગઈ તો એ સવાલ થવો સ્વાભાવિક છે કે એક્શન ફિલ્મ હોય એટલે આ હદની હિંસા બતાવવી જરૂરી છે? 'માર્કો' તો આજ સુધીની સૌથી વધુ વકરો કરનારી એડલ્ટ મલયાલમ ફિલ્મ સાબિત થઇ ચૂકી છે. આમાં નવાઈ પામવા જેવું કશું નથી કારણ કે સાઉથનાં સિનેમા આ હિંસાના તત્ત્વના જોરે ચાલી જાય છે. 'પુષ્પા' અને 'પુષ્પા-ટુ'માં પણ મારામારીનાં અનેક દૃશ્યો છે. 'કેજીએફ' અને 'આરઆરઆર'માં પણ માણસોને મારી નાખવાનાં દૃશ્યો આવે છે. હિંસક ફિલ્મની વાત નીકળે તો આજકાલ હિન્દી ફિલ્મ 'એનિમલ'ને યાદ કરીને તેને બદનામ કરવાનો ટ્રેન્ડ છે. 'એનિમલ' એક્શન ફિલ્મ કહી શકાય, ગોર કે હિંસક ફિલ્મ નહિ. 'એનિમલ'માં સૌથી વધુ ટેન્શન સર્જે એવાં બે દૃશ્ય બાપ-દીકરા વચ્ચેની ગરમ ચર્ચાના હતા. બાકી બઝુકા ને બંદૂકની ગોળી ચાલતી હોય એ સીન ગોર સિનેમાની વ્યાખ્યામાં બેસે નહિ. જેને 'ગ્રાફિક વાયોલન્સ' કહી શકાય એવું 'કિલ' કે 'માર્કો'માં છે, જે 'કબીર સિંઘ' કે 'એનિમલમાં' ન હતું.

'માર્કો' આમ જોઈએ તો સીધી સાદી રિવેન્જ સ્ટોરી છે. પરિવારના એક સભ્યને ખોટી રીતે મારી નાખવામાં આવ્યો તો એનો બદલો લેવા માટે સાવકો દીકરો જાનની બાજી ખેલી નાખે અને આખા શહેરને પોતાના દુશ્મન બનાવી લે. તેનો શરૂઆતનો સીન પણ બહુ હિંસક છે. જે લોકોએ આ જોનરની ઘણી ફિલ્મો જોઈ હોય એમને પણ અરેરાટી થઈ જાય એવું અહીં બને છે.








-તો અહીં સવાલ એ છે કે સિનેમાના પડદે આટલી જઘન્ય હિંસા બતાવવી જરૂરી છે ખરી?

આ સવાલનો સરળ-સ્પષ્ટ જવાબ છે ના. જરૂરી નથી ને અમુક અંશે યોગ્ય પણ નથી. ભલે આપણે દલીલો માટે કહીએ કે આ તો ફિલ્મ છે, ફિક્શન છે, વાર્તા છે, સાચું નથી તોપણ નાટકીય રીતે પણ લોહીના ફુવારા ઊડતા બતાવવા જોઈએ નહીં... ભલે સામાન્ય માણસને એના દુશ્મન માટે આનાથી પણ વધુ ખરાબ વિચારો આવી જતા હોય તોપણ સિનેમાને માનવમનનું એક્સ્ટેન્શન કહીને પણ આવી હિંસા બતાવવાની જરૂર નથી. કારણ જાણવું હોય તો એક પ્રયોગ કરો. 'માર્કો' કે આવી કોઈ હિંસક ફિલ્મ જોવા થિયેટરમાં જઈએ ત્યારે ફિલ્મ શરૂ થાય તે પહેલાંનું માણસનું બ્લડ પ્રેશર અને ફિલ્મ પૂરી થાય પછી તેનું બ્લડ પ્રેશર માપો. હિંસક ફિલ્મ જોયા પછી પુખ્તવયના માણસનું બ્લડ પ્રેશર પણ વધી જાય છે. બ્લડ પ્રેશર તો માપી શકીએ માટે માપ્યું. બાકી હિંસાત્મક દૃશ્યો જોઈને મનમાં જે રઘવાટ થાય, દિમાગમાં જે વિકૃત વિચારો જન્મે અને મગજ અને તેની વિચારસરણી ઉપર આવા લોહિયાળ દૃશ્યોની ટૂંકા કે લાંબા ગાળાની અસરો પડે છે તેનું શું? તો શું એક્શન ફિલ્મો બનાવવી જ નહિ? રસપ્રદ સવાલ છે. ફિલ્મને સમાજનો આયનો કહેવાય છે. જે સમાજમાં છે તે સિનેમાના પડદે દેખાય છે. હકીકત એ છે કે 'માર્કો'માં બતાવી તેના કરતાં અનેકગણી વધુ ક્રૂરતા માણસે અસલી જિંદગીમાં જોઈ છે. ચંગીઝ ખાન હોય કે બીજું વિશ્વયુદ્ધ, હિટલરના કોન્સન્ટ્રેશન કૅમ્પ હોય કે જાપાની સૈનિકોનો ભારતીય સૈનિકો કે પછી ચીનના નાનકિંગ શહેર ઉપરનો જુલમ, વાસ્તવિકતામાં માણસ ફિલ્મ કરતાં વધુ હિંસક અને વિકૃત થઈ શકે છે - થયો છે. હિન્દી ફિલ્મોના વિલન સગી દીકરી કે બહેન કે માસી ઉપર બળાત્કાર કરતા નથી, જયારે એવા સમાચાર આપણે છાપામાં જોઈએ છીએ. માટે દરેક બદી માટે ફિલ્મોને જવાબદાર ઠેરવવી યોગ્ય નથી. અલબત્ત, એનો મતલબ એ પણ નથી કે હિંસા કે અત્યાચારને ગ્લોરીફાય કરવામાં આવે અને તે આપણી ફિલ્મો કે સંસ્કૃતિનો ભાગ બની જાય. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સબ બંદર કા વ્યાપારી એવા બહુમુખી પ્રિતીશ નંદીને અલવિદા...



ભારતમાં, અંગ્રેજી ભાષાના પત્રકાર કમ એડિટર બીજી ભાષાના લોકોમાં પણ એટલા જ લોકપ્રિય હોય તેવું બહુ ઓછાં નામો સાથે બનતું હોય છે. વાસ્તવમાં, એવા અંગ્રેજી પત્રકારોને આંગળીના વેઢે ગણી શકાય. જેમ કે - કુલદીપ નૈયર, ખુશવંત સિંહ, વિનોદ મહેતા, અરુણ શૌરી, શેખર ગુપ્તા, એમ. જે. અકબર અને વીર સંઘવી. એવું જ એક નામ પ્રિતીશ નંદીનું છે. આખા દેશમાં નામના કાઢનારા પત્રકારોની એક વિશેષતા એ હોય છે કે એમનું કામ માત્ર સમાચાર સુધી સીમિત નથી હોતું. એ સારા વિચારક હોય છે અને સમાજની તાસીર અને તવારીખના અચ્છા નિરીક્ષક હોય છે એટલે એમનું લેખન સમાચાર પત્રો કે પત્રિકાઓની સામયિકતાથી ઉપર ઊઠીને સમકાલીન સમયનું સાહિત્ય બની જતું હોય છે.

પ્રિતીશ નંદી પણ પત્રકારત્વના ક્ષેત્રમાં એક મોટું નામ. એમણે પત્રકારત્વ દ્વારા સમાજનું સત્ય બહાર લાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. નંદીએ 'ધ ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા'ના તંત્રી તરીકે પણ સેવા આપી હતી. એમણે ધ ઇન્ડિપેન્ડન્ટ, ફિલ્મફેર અને અન્ય અગ્રણી સામયિકોના સંપાદક તરીકે પણ સેવા આપી હતી, જેણે ભારતના સાહિત્યિક અને પત્રકારત્વના પરિદૃશ્યને આકાર આપ્યો હતો.

તંત્રી-સંપાદક તરીકે નંદીના કાર્યકાળ દરમિયાન 'ધ ઇલસ્ટ્રેટેડ વીકલી'એ કેટલીક એક્સ્લુઝિવ સ્ટોરીઓ કરી હતી. એમના પ્રખ્યાત અહેવાલોમાં ફ્રેન્ક કેમ્પરની મુલાકાત હતી, જે એક ભાડૂતી ગુંડો હતો અને જેણે અમેરિકાનાં અલાબામાનાં જંગલોમાં તાલીમ શિબિર ચલાવી હતી. કિશોર કુમાર સાથેના નંદીના ઇન્ટરવ્યુએ આ મહાન ગાયકના મનની સમજ આપી હતી. એક સંપાદક તરીકે એમને ક્વિઝ, રમતગમત અને સિનેમા સંબંધિત વિશેષ મુદ્દાઓ માટે પણ શોખ હતો. એ પોતાના સાહસિક વિચારો માટે જાણીતા હતા. આ ઉપરાંત, નંદી ૧૯૯૦ ના દાયકા દરમિયાન દૂરદર્શન પર 'ધ પ્રીતિશ નંદી શો' નામના ટૉક-શોની યજમાની પણ કરતા હતા. આ શોમાં અનેક હસ્તીઓનો એમણે ઇન્ટરવ્યુ લીધો હતો.

પ્રિતીશદાનો મુખ્ય વ્યવસાય પત્રકારત્વ હતો, પરંતુ એમની રેંજ સમાજ, સાહિત્ય અને કળા સુધી વિસ્તરી હતી અને એટલે જ અન્ય ભાષાના વાચકો પણ એમના નામથી આકર્ષાયા હતા. નંદી એડિટર, ફિલ્મ નિર્માતા અને ટેલિવિઝન હોસ્ટ હોવા ઉપરાંત, કવિ અને લેખક પણ હતા. એમણે અંગ્રેજીમાં કવિતાનાં ચાળીસથી વધુ પુસ્તકો લખ્યાં હતાં તેમ જ સાહિત્ય અને અનુવાદ માટે પણ કામ કર્યું હતું.

નંદીની કવિતા 'કલકત્તા ઇફ યુ મસ્ટ એક્સાઇલ મી' ખૂબ જ પ્રખ્યાત છે. તેને આધુનિક ભારતીય સાહિત્યમાં અગ્રણી ક્લાસિક માનવામાં આવે છે. ભારતીય સાહિત્યમાં એમના યોગદાન બદલ ભારત સરકારે ૧૯૭૭માં એમને 'પદ્મશ્રી'થી સન્માનિત કર્યા હતા. સંસ્કૃત સહિત અન્ય ભાષાઓમાં પ્રાચીન પ્રેમ કવિતાઓનો અનુવાદ કર્યો છે, જેના માટે એમની પ્રશંસા પણ થઈ છે. પ્રિતીશ નંદીની સર્જનાત્મક પ્રતિભા પેઇન્ટિંગ સુધી વિસ્તરેલી હતી, એમણે આર્ટવર્કનાં ઘણાં પ્રદર્શનો પણ યોજ્યાં હતાં.

નંદી 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના એડિટર હતા, ત્યારે ૧૯૮૯માં એમણે પોતે કેવી રીતે લખતા થયા તેની રસપ્રદ વાત વર્ણવી હતી...

'હું ૧૭ વર્ષનો હતો અને લેખનમાં કારકિર્દી બનાવવાની આશા સાથે પ્રેસિડેન્સી કૉલેજમાંથી ડ્રોપ આઉટ થયો હતો ત્યારે હું પી. લાલને મળ્યો હતો. એ પ્રોફેસર હતા. હું બધેથી હડધૂત થયેલો હતો. પી. લાલ પહેલા પ્રકાશક હતા, જેમણે મારા જેવા એક શિખાઉ કવિને પ્રોત્સાહિત કર્યો હતો અને કહ્યું હતું કે હું બરાબર કામ કરી રહ્યો છું. તે અર્થમાં, એમણે મને એવો આત્મવિશ્વાસ આપ્યો જે બીજું કોઈ આપવા તૈયાર ન હતું.

'મને હજુ પણ યાદ છે કે એમણે મારી કવિતાઓનું પ્રથમ પુસ્તક કેટલી ઝડપથી બહાર પાડ્યું હતું. એમણે અન્ય ઘણા લોકો પ્રકાશિત કર્યા, જે ક્યારેય છાપામાં આવ્યા ન હોત. એમણે પ્રથમ વખત જે પુસ્તકો પ્રકાશિત કર્યાં તેમાંનાં ઘણાં આજે મોટા લેખકો છે અને તેમાંથી એક હું પણ છું. આપણે ક્યારેય આવા લોકોનો આદર કરતા નથી. આપણે એમને ભૂલી જઈએ છીએ. આપણને શરમ આવવી જોઈએ.'

એમનું જીવન અવરોધોને તોડવામાં અને પોતાના જોશને અવિરતપણે અનુસરવાનું એક શ્રેષ્ઠ ઉદાહરણ હતું. એમણે આપણને શીખવ્યું કે સફળતા એ કોઈ એક માર્ગને વળગી રહેવામાં નથી, પરંતુ જિજ્ઞાસા અને હિંમત સાથે દરેક માર્ગને શોધવામાં છે.

ગયા અઠવાડિયે રાત્રે, ૭૩ વર્ષની વયે, નંદીના અવસાન થયાના સમાચાર આવ્યા ત્યારે મનમાં કિશોર કુમાર સાથેનો એમનો ઇન્ટરવ્યુ ચમકી ગયો. આજે યાદગાર ગણાય છે તે ઇન્ટરવ્યુમાંથી થોડો અંશ....

નંદીઃ મેં સાંભળ્યું છે, તમે મુંબઈ છોડીને ખંડવા જઈ રહ્યા છો...

કિશોર કુમારઃ આ સ્ટુપીડ, ઉજ્જડ શહેરમાં કોણ રહી શકે, જ્યાં દરેક માણસ તમને દરેક પળે ચૂસતો જ હોય? કોઈનો વિશ્વાસ કરાય એવું છે? કોઈ ભરોસાવાળો દોસ્ત છે? હું ઉંદરોની જેમ દોડાદોડ કરવાની આ જિંદગીમાંથી નીકળી જ જવાનો છું અને મારા વતન, મારા વડવાઓના ખંડવામાં જતો રહીશ. આ ગંદા શહેરમાં થોડું મરી જવાય?

નંદીઃ તમારે કોઈ બહુ દોસ્ત નથી?

કિશોરઃ એક પણ નહીં.

નંદીઃ એ દિલચસ્પ કહેવાય.

કિશોરઃ લોકોથી હું બોર થાઉં છું. ખાસ કરીને ફિલ્મી લોકોથી. એના કરતાં મને મારાં ઝાડ સાથે વાતો કરવાનું ગમે.

નંદીઃ લોકો તમને ગાંડો કહે છે.

કિશોરઃ કોણે કહ્યું હું ગાંડો છું. દુનિયા ગાંડી છે, હું નહીં.

નંદીઃ આ શેની ફાઈલો છે?

કિશોરઃ મારા ઇન્કમ-ટૅક્સનો રેકોર્ડ.

નંદીઃ ઉંદરોએ કોતરી કાઢેલો?

કિશોરઃ અમે (આ રેકોર્ડને) પેસ્ટીસાઈડ તરીકે વાપરીએ છીએ. બહુ જ અસરકારક છે. ઉંદર એને બચકું ભરે તો તુરંત મરી જાય છે.

નંદીઃ ઇન્કમ ટૅક્સવાળા માગે તો શું બતાવો છો?

કિશોરઃ મરેલા ઉંદર.

નંદીઃ અચ્છા.

કિશોરઃ તમને મરેલા ઉંદર ગમે?

નંદીઃ ખાસ નહીં. ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# રિઝર્વ બૅન્કનાં ગોલ્ડ રિઝર્વ વધારવાનાં કારણ શું?

**હાલમાં અર્થતંત્રનો વિકાસદર ધીમો પડવાની શક્યતાને કારણે રિઝર્વ બૅન્કની ચિંતા વધી છે. આવા સંજોગોમાં રિઝર્વ બૅન્કે અનેક મોરચે સતત સતર્ક અને સાવચેત રહેવું પડશે...**



છેલ્લાં અમુક સમયથી ભારતીય રૂપિયો ડૉલર સામે સતત નબળો પડી રહ્યો હોવાના અહેવાલછે. આ માટે ચોક્કસ કારણ-પરિબળો કામ કરી રહ્યાં છે, પરંતુ આને વધુ પડતી ચિંતાનો કે પેનિકનો વિષય બનાવવાની જરૂર નથી. હાલ રિઝર્વ બૅન્ક ગ્લોબલ સંજોગોને ધ્યાનમાં રાખી શું કરી રહી છે એ સમજવું મહત્ત્વનું છે. વૈશ્વિક સ્તરે હાલ યુદ્ધ-તનાવ અને અનિશ્ચિતતાનો માહોલ ચાલી રહ્યો છે.

દરેક દેશ એક યા બીજા પ્રકારની સમસ્યાનો સામનો કરી રહ્યો છે. વિકસિત રાષ્ટ્રની પોતાની અને વિકસિત થઈ રહેલાં રાષ્ટ્રોની પોતાની સમસ્યા વચ્ચે પછાત દેશોની સમસ્યાઓનો પાર નથી. દરેકના અમુક પડકારો કોમન છે, જ્યારે અમુક પડકારો પોત-પોતાના છે. બાય ધવે, આવા સમયમાં 'સેફ હેવન' કે 'સેફ એસેટ' તરીકે મોટા ભાગના દેશોની સેન્ટ્રલ બૅન્કો ગોલ્ડ પર વધુ ધ્યાન આપી રહી છે.

ભારતીય રિઝર્વ બૅન્ક પણ હાલના સમયમાં ગોલ્ડ રિઝર્વ વધારવા પર જોર આપી રહી છે. એક અહેવાલ અનુસાર રિઝર્વ બૅન્કે ઓકટોબર અને નવેમ્બરમાં નોંધપાત્ર સોનું ખરીદ્યું છે. આમ કરવાનું કારણ ફોરેન એક્સચેંજના જોખમ સામે ટકવાનું અને કરન્સીની વોલેટિલિટીને નિયંત્રણમાં રાખવાનું છે. એક કારણ રૂપિયાનાં ઘટતાં મૂલ્ય સામે રક્ષણ ઊભું કરવાનું પણ છે અને હા, મોંઘવારીના વધતા દર સામે પણ રિઝર્વ બૅન્કને સોનું જ વધુ કામ લાગે.

સોનાની આયાત - રિઝર્વ બૅન્કની ખરીદી ચાલુ નાણાકીય વરસના પ્રથમ છ માસમાં ૩૦ ટન સોનું ખરીદનાર રિઝર્વ બૅન્કે ઓકટોબર-નવેમ્બરના માત્ર બે મહિનામાં જ ૨૦ ટન ગોલ્ડ ખરીદ્યું છે. રિઝર્વ બૅન્ક પણ તેના ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયોનું વૈવિધ્યીકરણ કરવામાં માને છે, જેથી કરન્સીની ખરીદી કરતાં રહી જોખમ વધારવાને બદલે ગોલ્ડમાં રોકાણ વધારવાનું મુનાસિબ માને છે.

ડિસેમ્બરના અંતે રિઝર્વ બૅન્કના ફોરેન એક્સચેંજ રિઝર્વમાં ૪.૧૧ અબજ ડૉલરનો ઘટાડો થયો છે. 'વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ'ના રિપોર્ટ મજુબ ૨૦૨૪માં રિઝર્વ બૅન્કે સતત સોનાની ખરીદી ચાલુ રાખી છે. તેણે નવેમ્બરમાં ૮ ટન સોનું ખરીદીને વરસના અત્યાર સુધીના સમયગાળામાં ૭૩ ટન સોનું ખરીદ્યું છે, જેને પગલે તેની ગોલ્ડ રિઝર્વ ૮૭૬ ટન સુધી પહોંચી છે. આ સાથે તે ૨૦૨૪માં વિશ્વની સૌથી વધુ ગોલ્ડ ખરીદનાર બીજી સેન્ટ્રલ બૅન્ક બની છે, જ્યારે પોલૅન્ડ પ્રથમ ક્રમે રહી છે. અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે ચીનની સેન્ટ્રલ બૅન્ક પણ સોનામાં રોકાણ વધારવા પર ધ્યાન આપે છે. યુદ્ધના માહોલમાં આજે પણ સોનું સલામત ગણાય છે. સોનામાં રોકાણ ને વળતર ૨૦૨૪ દરમિયાન ભારતમાં સોનાના સતત વૃદ્ધિ પામેલા ભાવ સોનાની ડિમાંડની સાક્ષી પૂરે છે. એક અંદાજ મુજબ આ વિતેલા વરસે સોનાએ સ્ટોક માર્કેટ કરતાં વધુ વળતર આપ્યું છે. આમ ભારતમાં સોનાનું મહત્ત્વ એક યા બીજા કારણસર રહ્યું છે અને રહેશે એમ જણાય છે. જોકે નિષ્ણાતો કહે છે કે આને કારણે સોનામાં વધુપડતું રોકાણ કરવાની ભૂલ કરવા જેવી નથી. તેને બદલે સ્ટોકસ બહેતર ગણાશે.

અલબત્ત, સોનામાં પરંપરાગત કરતાં વધુ એકસપોઝર લેવું હોય તો વર્તમાન સમયમાં લઈ શકાય. બીજા વિકલ્પ તરીકે ઈક્વિટી અને ગોલ્ડના મિશ્રણવાળી યોજનામાં પણ રોકાણ કરી શકાય.

એક જમાનામાં સોનું ગીરવી મૂકનાર આપણો દેશ હવે સોનામાં સધ્ધર બની રહ્યો છે. એક અતિમહત્ત્વની નોંધ લેવા જેવી વાત એ છે કે એક સમયે (ચંદ્રશેખર સરકાર વખતે) ભારતની આર્થિક સ્થિતિ એવી થઈ ગઈ હતી કે ભારતે વિશ્વમાંથી ધિરાણ મેળવવા સોનું ગીરવી મૂકવું પડ્યું હતું, ડૉ. મનમોહન સિંહ અને પી. નરસિંહરાવની સરકારના આર્થિક સુધારા બાદ સંજોગો બદલાતા ગયા એ પછી અને મોદી સરકારના આ એક દાયકામાં જે વિકાસ થયો તેને કારણે આજની તારીખમાં રિઝર્વ બૅન્ક આ વિષયમાં સધ્ધર થઈ છે, એટલું જ નહી, રિઝર્વ બૅન્કે તાજેતરમાં બૅન્ક ઑફ ઈંગ્લૅન્ડ પાસેથી ૧૦૦ ટન જેટલું ગોલ્ડ પરત મેળવ્યું છે.


દરમિયાન આપણા દેશની સોનાની આયાતમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. નવેમ્બરમાં પાંચ અબજ ડોલર જેટલી સોનાની આયાતમાં કાપ મુકાયો છે. અર્થાત્ અગાઉના ૧૪.૮ અબજ ડોલરના ગોલ્ડની આયાતના અંદાજ સામે સરકારે ૯.૮૪ અબજ ડૉલરના ગોલ્ડની આયાત કરી છે. આમ સરકારે ફોરેન એકસચેંજની બચત પણ કરી છે. ક્રિપ્ટોના હાલ-હવાલ શું છે? અત્યારે ક્રિપ્ટોકરન્સી જેવી અસેટસમાં પણ રોકાણ વધી રહ્યું છે, જેને અમુક દેશો ભરપૂર સ્વિકૃતિ આપી રહ્યા છે, પરંતુ ભારત આમાં હજી વિશ્વાસ રાખતું નથી અને તેને રિસ્કી એસેટસ માને છે.

બીજી બાજુ, ક્રિપ્ટોમાં બિટકોઈન જેવી કરન્સીના ભાવ એક લાખ ડૉલરને પાર કરી એની આસપાસ ફરી રહ્યા હોવાથી તેમાં આકર્ષણ વધી રહ્યું છે. ઉપરથી અમેરિકા જેવી મહાસત્તા અને ગ્લોબલ સાહસિક બિલિયનર ઈલોન મસ્ક ક્રિપ્ટોકરન્સીને મહત્ત્વ આપી રહ્યા હોવાથી પણ ક્રિપ્ટો પ્રત્યેનું ખેંચાણ વધી શકે છે. અન્ય કેટલાક દેશો પણ સાવચેતીપૂર્વક ક્રિપ્ટોને માન્યતા આપતા થયા છે. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ટિટલાગઢનું શિવમંદિર બહાર ભયંકર ગરમી છતાં ઠંડું રહે છે!

ભારતના સૌથી ગરમ વિસ્તારોમાં ઓરિસાના બાલનગીરનું નામ આવે. બાલનગીરના કુમ્હાડ પર્વત પર આવેલા ટિટલાગઢમાં એક મંદિર છે. આ શિવમંદિરની વિશિષ્ટતા ખૂબ આશ્ચર્યજનક છે. એના રહસ્યનો તાગ વિજ્ઞાનીઓ આજ સુધી મેળવી શક્યા નથી. આ વણઉકલ્યો કોયડો ક્યારેય ઉકેલાશે ખરો? આ સવાલ તો તર્ક, પુરાવા અને વિજ્ઞાનના સંદર્ભમાં છે. શ્રદ્ધાળુઓ માટે તો આ ભગવાન શંકર અને માતા પાર્વતીની કૃપા છે, ચમત્કાર છે, પ્રસાદ છે અને આશીર્વાદ છે.





આ શિવમંદિર ખૂબ જ પ્રાચીન છે. ખૂબ ખાંખાખોળા કરવા છતાં એ ક્યારે બંધાયું અને કોણે બાંધ્યું એની માહિતી મળતી નથી. સૌથી મહત્ત્વની બાબત છે આ મંદિરની વિશિષ્ટતાની. શું વિશિષ્ટતા છે એમાં?

એક તો કુમ્હાડા પર્વતીય વિસ્તાર. સૂરજનો તડકો સીધો માથા પર આવે. પાછા ઠેરઠેર પથ્થર એટલે એ ગરમ થાય અને ઉષ્ણતામાનમાં વધારો કરે. આ બધુ સ્વાભાવિક છે. આ કારણોસર જ ૨૦૨૨માં ભારતના સૌથી ગરમ વિસ્તારોમાં બાલનગીર જિલ્લાનો સમાવેશ થયો હતો.

અહીં સુધી બધું સરળ અને સમજાય એવું છે, પરંતુ આ પર્વત પર આવેલા મંદિરમાં તમે પગ મૂકો કે તરત જ આનંદ અને આશ્ચર્ય થાય. મંદિરની અંદર ખૂબ જ ઠંડક લાગે. કહેવાય છે કે બહાર જેમ જેમ ગરમી વધતી જાય એમ એમ મંદિરની અંદર ઠંડી વધતી જાય. ના પરિસરમાં કે મંદિરમાં સેન્ટ્રલી એસી નથી કે નથી ક્યાંય કોઈ કુલર. ભોળાનાથ અને પાર્વતીનો ચમત્કાર ગણાવવા સામે કહે છે કે ક્યારેક બહાર ગરમી વધી જાય તો અંદર ખૂબ ઠંડી લાગે ધાબળો ઓઢવાની જરૂર પડે. આવું શું કામ થાય છે એ શોધવાના અનેક પ્રયાસ થયા પણ આજ સુધી કોઈને કારણ હાથ લાગ્યું નથી.



ભેદી આધ્યાત્મિક ચેતનાના મંદિર તરીકે પણ ઓળખાતા આ શિવ-પાર્વતી મંદિરના પૂજારી દૃઢતાપૂર્વક કહે છે કે ભોલાનાથ-પાર્વતી માતાની મૂર્તિમાંથી આવતી ઠંડી હવાને લીધે મંદિરમાં હવામાન એકદમ આહ્લાદક અને કુલ કુલ રહે છે. કોઈકને આ સ્થળ રહસ્યમય લાગે છે, તો અન્ય એને ચમત્કારનો સાક્ષાત અનુભવ ગણે છે.

આશ્ચર્યની બાબત એ છે કે મંદિરમાં ઠંડક અનુભવવા મળે પણ પરિસરની બહાર નીકળ્યા કે તરત કાળઝાળ ગરમી ઘેરી વળે. જૂનમાં બહાર ૫૫ ડિગ્રી સેલ્સિયશ જેટલી ગરમી હોય ત્યારે મંદિરની અંદર ઠંડકથી ધ્રૂજારી અનુભવાય.

રોજ સવારે છ વાગ્યાથી રાતે આઠ વાગ્યા સુધી ખુલ્લા રહેતા આ અનોખા મંદિરના દર્શને જવું હોય તો શું કરવું? ટ્રેન કે મોટરમાં બાલનગીર પહોંચી શકાય છે. ત્યાંથી બસ, ટેક્સી કે અન્ય વાહન મળી શકે. હવાઈ માર્ગે જવું હોય તો બાલનગીર પહોંચવા માટે છત્તીસગઢના રાયપુરમાં આવેલું સ્વામી વિવેકાનંદ એરપોર્ટ સૌથી નજીકમાં પડે. એ ૨૪૦ કિ.મી. દૂર છે. એ ફ્લાઇટની ટિકિટ ન મળે તો ઓરિસાના ભુવનેશ્વરમાં આવેલા બીજુ પટનાયક ઇન્ટરનેશનલ એરપોર્ટ પણ જઈ શકાય. પણ અહીંથી બાલનગીર જવા માટે ૩૪૦ કિ.મી.નું અંતર કાપવું પડે. હા, ભુવનેશ્વરથી બાલનગીર કે ટીટલાગઢ સુધી જવા માટે ટેક્સી મળી જાય.

અને હા, ટિટલાગઢમાં જોવા લાયક સ્થળોમાં ચમત્કારિક શિવમંદિર ઉપરાંત રાધા-કૃષ્ણ મંદિર, પાટણોશ્વર મંદિર, રાણીપુર મંદિર અને ધાબળેશ્વર મંદિર પણ છે.

તો ક્યારે બનાવો છો ગરમીમાં ઠંડીનો પ્રસાદ મેળવવાનો પ્રોગ્રામ? □■

વિશેષ
કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# પંખીઓ પણ કરે છે ખુશીનો એકરાર

પંખીઓને જ્યારે ચણ નાખીએ ત્યારે એ દાણા મોંમાં નાખીને તેમના માટે રાખેલા પાણીમાં ઘૂસીને પાંખો ફેલાવીને કલરવ કરતા હોય તો એ દૃશ્ય જોવા જેવું લાગે છે. એ પળ તેમની ખુશી અને મસ્તીની હોય છે. આપણી બાલ્કનીમાં આપણે રાખેલા પાણીના વાસણમાં પણ તેઓ ભીંજાઈને મન મૂકીને આનંદ લેતા હોય છે. એની અંદર પોતાના પીંછા ફેલાવીને આનંદ કરતા હોય છે. એવું કહેવાય છે કે તેઓ જ્યારે પાંખ ફફડાવે છે એનો અર્થ એ કે તેઓ તમારી હાજરીમાં પોતાને સલામત અનુભવે છે. એવી અનેક લાગણીઓ તેમને પણ હોય છે અને તેઓ વ્યક્ત પણ કરે છે. ખુશીનો એકરારઃ પંખીઓ દાણા ચણવાની સાથે પાણીમાં છપાક છપાક કરીને ન્હાતા હોય છે તો એ દૃશ્ય જોઈને તો આપણું મન પણ હરખાઈ જાય છે. એનાથી જાણ થાય છે કે તેઓ ખુશ છે અને તેમનું પેટ ભરાઈ ગયું છે.



સફાઈનો સંકેતઃ પંખીઓ જ્યારે તેમનાં માટે રાખેલા પાણીના વાસણમાં ઘૂસીને પોતાની પાંખો ફેલાવે છે અને ભીની પાંખોને સુકાવવા માટે એને ફફડાવે છે તો એનું કારણ છે કે તેના શરીર પર જામેલી માટીને હટાવવા માટે તેઓ આવું કરે છે. તો કેટલીક વખત પંખીઓના શરીર પર કોઈ જીવજંતુઓ પણ ફેલાઈ જાય છે તો એને હટાવવા માટે પણ તેઓ આવી રીત અપનાવે છે. એના માટે તેઓ થોડા સમય માટે પાણીમાં ડૂબકી લગાવે છે. એથી તેમની સાફસફાઈની સાથે કુદરતી સલામત હોવાનો પણ તેઓ સંકેત આપે છે.

ગરમીથી રાહતઃ બળબળતા ઉનાળામાં ગરમીથી રાહત મળે એ માટે પારેવડા પાણીમાં પડ્યાં રહે છે અને પોતાને ઠંડક આપવાનો પ્રયાસ કરે છે. પોતાના શરીરના તાપમાનને કુદરતી રીતે નિયંત્રિત રાખવાની આ તેમની રીત છે. એથી તેઓ ગરમીથી પણ રાહત અનુભવે છે. ખુશી અને ખેલનો એકરારઃ પંખીઓ માટે રાખેલા પાણીના વાસણમાં ઘૂસીને એમાં છપાક છપાક કરતાં તેઓ જ્યારે પાણીને આમ-તેમ ઉડાવે છે તો એનો અર્થ એ થાય છે કે તેઓ મનોવૈજ્ઞાનિક સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. અનેક વખત એવું બને છે કે કેટલાંય પંખીઓ એક સાથે પાણીમાં ઊતરે છે. એનાથી તેઓ પરસ્પર સંબંધોને પણ સશક્ત બનાવે છે. સાથે જ તેઓ એ વાતને પણ સારી રીતે સમજે છે કે પાણી કેટલું અગત્યનું છે.

વાસ્તવમાં તેમની આવી રમત સહજતાને પણ દર્શાવે છે. ઘણી વખત તેઓ પોતાની હરકતોથી તમારા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતા હોય છે. જાણે કે કહી રહ્યાં હોય કે તમે તેમનાં માટે પાણી રાખીને મોટું કામ કર્યું છે. ઝડપથી થતાં શહેરીકરણને કારણે તેમના પ્રાકૃતિક સંસાધનો ખૂબ ઓછાં થઈ ગયાં છે. શહેરોમાં તો પંખીઓ હવે માનવતાની રહેમ નજર પર જ ટકેલાં છે. તેમનાં ભોજનના પણ ફાંફાં છે અને તેમના રહેવાના પણ ઠેકાણાં નથી રહ્યાં. એથી જ્યારે પણ પંખીઓ પાણીની અંદર ઘૂસીને છબછબિયા કરે તો માનવું કે તેઓ પાણીનો વેડફાટ નથી કરી રહ્યાં, પરંતુ તમારી કરુણાનો ધન્યવાદ માની રહ્યાં છે. ■

## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અન્યાય - અતિન્યાય



આમ તો જગતનો સમગ્ર વ્યવહાર-પારલૌકિક જગતનો પણ ન્યાયથી ચાલવો જોઈએ, પણ હકીકતમાં ચાલે છે અન્યાય અથવા અતિન્યાયથી. આપણે રાતદિવસ જેને ભજતાં અને જેની પાસ સતત માગતા રહેતાં થાકતાં નથી એ ઈશ્વર, અલ્લાહ, ગોડ અને અન્ય નામોનો વ્યવહાર પણ એવો જ છે. ઉદાહરણરૂપે આ એક જ વિશ્વ છે અને અહીં સ્વિત્ઝરલેંડ અને ઈથીઓપિયા સાથે જ છે.

મારા હિસાબે કદાચ એનું અંગ્રેજી નામ annihilation day છે, હિંદુઓ પ્રલય તરીકે એને પિછાણે છે અને ઈસ્લામીઓ કયામતના નામે એને ઓળખે છે. આગળના સૌ મૃત આત્માઓ અને અત્યારના જીવંતો જે એકસાથે મૃતાત્મા થઈ જાય અને આ અગાઉના અને અત્યારના અબજો પોતપોતાના પરમાત્મા સમક્ષ ઉપસ્થિત થાય અને પછી એમનો ન્યાય થાય અને પછી પાછું નવું અસ્તિત્વ શરૂ થાય, એવો કોઈ કોયડા જેવો અર્થ છે કદાચ. તો હવે જણાવું આટલા પિષ્ટિપેષણમાં કેમ પડ્યો એ... જલન માતરી આ જગતના અન્યાય - અતિન્યાય (વધુ અન્યાય) નીરખીને હાજર થયા છે કયામતમાં અને આજીવન જેની હુકમબાજી વેઠી છે એને જોઈને એટલું જ કહે છે.

***કયામતમાં જવાબો આપવા બદલે 'જલન' હું તો***
***ત્યાં ધારીધારીને જોતો રહીશ ચહેરો જ ઈશ્વરનો!***

એટલા અન્યાય સહન કર્યા છે જિંદગીભર કે આ બધા આણે જ કર્યા છે?નો વિચાર આવતાં જ જવાબો આપવાનું ભૂલી જ જવાય છે.

હવે મૂળ વાત પર આવું. ગુજરાતી ભાષા અને એના રખોપા જેને સોંપાયા કે જેના દ્વારા છીનવાયા એ આખી તવારીખમાં ન પડીએ તો પણ એ જ અન્યાય અને અતિન્યાય આજે પણ અવારનવાર 'કલાપી'ની યાદીની માફક તરવરે છે. ગાંધી યુગથી માંડીને અતિઅર્વાચીન સમય સુધી ખૂબ પૂજાયા ઉમાશંકર જોશી, આખી જિંદગી ખૂબ positions ભોગવી, અર્ધ જ્ઞાનપીઠથી લઈને કુલપતિ-પ્રમુખ ઈત્યાદિ એવું એક પણ આસન નહીં હોય જ્યાં એ ન રહ્યા હોય અને આ ભવ્યાતિભવ્ય ઝાકઝમાળ શરૂ થઈ એમની કવિતાથી. બસ વાત, જૂની ગ્રામોફોનની રેકોર્ડ પરની પીનની માફક અહીં અટકે છે. છેલ્લાં ૫૦ વર્ષથી સાહિત્યમાં છું અને મહાસમર્થ સુરેશ જોશી પચાવીને બેઠો છું એટલે અત્યંત અધિકૃત છું એ વાતમાં મને તો શંકા નથી જ એ રુએ મને ઉમાશંકર જોશીની કવિતાઓ ઉજવાઈ છે એ કરતાં ઓછી સારી લાગે છે. ચમત્કૃતિ એટલે કવિતાના કોષ્ટક પ્રમાણે ઉત્તમ કવિતા એટલે પરમ ચમત્કૃતિ કેમ ઝંઝોડતી નથી મને એમના પદ્યમાંથી? 'વહેતા ઝરણાની આંખ લ્હોવી'ને (અને અશ્રુના સ્પર્શને) ભૂતકાળ શેં પહેરાવાય! એ તો સદાના ચાલુ વર્તમાનકાળ છે... અચ્છા... કવિતામાં ચમત્કારના વાઘા સજ્યા વગર જો માત્ર ઈચ્છા પ્રદર્શિત થાય તો તો એ પેલા ચાલાક પ્રધાનનાં સૂચન મુજબ પહેરેલા કપડા સજાવીને આવેલા નાગા રાજા જેવી લાગે... (વાર્તા તો ખબર જ હશે) તો કોઈકે તો ભાષાના ગળે ઘંટ બાંધીને વગાડવો જ પડશે ને! તેં મેં આ બાંધ્યો અને એ ઘંટ વગાડ્યો કે ભોમિયો વિના ડુંગરા ભમવાં કે જંગલની કુંજ કુંજ કે કોતરો કે કંદરા જોવાં એક વાત જ છે, એને જ્ઞાનપીઠ સુધી લઈ જવાય કાં તો દેશની અને ભાષાની, ખાસ તો સાહિત્યની દિનબદિન વધતી જતી સડાઉ તિક્કડમબાજીથી અથવા તો પરમ ચમત્કારથી. હું બીજાની રાહ જોઉં છું... હું અને અશરફ એક વાર શિકાગોમાં એટલા અંગત થઈ ગયા આ વાત પર કે સહમત થઈ ગયા. અમે બન્નેએ ઉમાશંકરનું મુલ્યાંકન તો કર્યું જ, સાથે સાથે કેટલા બધા પાયરીબાજોનાં ratingsને પુનર્મૂલ્યાંકિત કર્યા.

ઉમાશંકર શ્રેષ્ઠ ગણાયા છે, એટલે આજે, 'ઉદાહરણ તો શ્રેષ્ઠનાં જ લેવાય ને!' ને નાતે વાત જરા માંડી એમની... બાકી એકેએક over projected, સાહિત્યને ધંધો બનાવી ટૂંકી મૂંડીએ બહોળો વેપાર કરનાર એકેએકને ખડા કરી દઉં ફરિયાદ પક્ષના વકિલ બનીને અને અદાલતમાં સૌથી વધુ કેસ જીતનારનું બિરુદ મેળવું નો ફાંકો રાખું છું. હજી પણ આ સડો એટલો જ પ્રવર્તમાન છે, ગુજરાતી ભાષાના સાહિત્યિક કારોબારમાં. હજી પણ ગાંધીનગર અને દિલ્હીમાં બિરાજમાન ઠગ ટોળકી પોતપોતાના રાજકીય સામંતોને પૂરેપૂરી 'નિષ્ઠાપૂર્વક favouritism'નાં ભોગ ધરી રહી છે. હજી પણ સાત કરોડ ગુજરાતીઓની ભાષા સમજતા અને સાત કરોડ ગુજરાતીઓ જેની ભાષા સમજે છે એ સાહિત્ય કલાકારો અને મર્મજ્ઞોને સરકારશ્રી સ્પોન્સર્ડ સર્વથી દૂર અને વંચિત બન્ને રાખવામાં આવે છે, અને એટલે જ તો ભાષા રાહ જોઈને બેઠી છે રવીન્દ્રનાથ...

*પુષ્પ*
*'મારું ઝાકળનું ટીપું ખોવાઈ ગયું છે'*
*કહેતાંક ને રડ્યું*
*એ આભની સામે*
*જે પોતાના બધા જ તારા ખોઈ ચૂક્યું છે.*

*કે ઓરોબિંદો...*

*મેં એમને વચનો ઉંબરો ઓળંગતાં દીઠાં...*
*સૂર્ય જેવાં નેણ ધરાવનારા,*
*અદ્‌ભુત પ્રભાતનાં સંતાનો...*
ની.

તમારા જેવા અતિઅંગત સાથે આજે આ ફૂંફાડા એટલે દર્શાવ્યા કે ૧૯૭૪થી ગઝલ લખવાનું શરૂ કર્યું એના એક વર્ષ અગાઉ તાર શરણાઈ નામના વાદ્યના શોધક અને સાંગિતિક ઓલિયા પંડિત વિનાયક વોરાનું એક સ્વરાંકન કાને પડ્યું હતું. પૂર્ણ જ્ઞાનપીઠને બાદ કરતાં લગભગ અપૂજ રહી ગયેલા અને મારા મતે મહાન રાજેન્દ્ર શાહની કવિતાનો સ્વરદેહ અમારી ત્રણ દીકરીઓ ગોરજ-લેખિની-ત્વરાની બે ત્રણ વખતની તાજેતરની રજૂઆત દ્વારા અંગડાઈ લઈ રહ્યો છે. અમારા મા જાન્હવિકા વિનાયકભાઈ પાસેથી શીખ્યા હતા આ સ્વરાંકન અને એમણે ગુંથ્યું ગોલેત્વમાં. અને સાહેબો! રજૂઆત દરમ્યાન સહરાપણું ત્યાગીને ભાષા આખી સ્કોટલેંડ બની જાય એવા તો શબ્દો કવિવર રાજેન્દ્ર શાહના...

*પાતળી કેડી કેરકાંટાળી*
*અંટેવાળે આવતાં એખણ એરું,*
*સાવ જ કેરી ખાલની મને આલ મજાની મોજડી*
*એને હોંશથી રે કંઈ પહેરું.*

આવો તો એનો ઉપાડ!!! આખું ગીત અને વિવરણ આવતે રવિવારે.

આજે આટલું જ... ■

## ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# મન મૂકીને ખૂંદવા જેવાં વિસ્તાર...

● ગુજરાતનું સોનેરી ઘાસિયું મેદાન ● પટ્ટાઈનું વિશ્વનું સહુથી મોટું સામૂહિક રૂસ્ટિંગ રૂફ
●કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર







ગુલાબી ઠંડીની મોસમ ખીલી છે ત્યારે આપણા દેશમાં અને રાજ્યમાં વનરાઈ અને વગડો જાણે આપણને બોલાવી રહ્યો હોય છે. ધીરે ધીરે સાઈબિરિયન અને ઉત્તર ધ્રુવિય પ્રદેશોમાંથી ગુજરાત રાજ્યના કાઠિયાવાડ વિસ્તારમાં ખેતીનું પ્રમાણ વધારે હોઈ પ્રાકૃતિક વારસો અદ્દલ સચવાયો છે અને સીમ - વાડી વિસ્તાર મન મૂકીને ખૂંદવા જેવા છે. આવા સીમ વિસ્તારથી ઘેરાયેલ પ્રદેશમાં વિશાળ ઘાસનું મેદાન આવેલું છે જેમાં અઢળક યાયાવર પક્ષીઓ, સ્થાનિક વન્યજીવો, પ્રાણીઓ વગેરે કુદરતી માહોલમાં વસવાટ કરે છે. અહીંના જીવને એમના મિજાજમાં જોઈએ એટલે તેઓ આપણી સાથે ખરેખર સંવાદ કરતા હોય એવું દીસે. સૌરાષ્ટ્રના મુખ્ય મથક ભાવનગરથી આશરે ૪૦ કિમિના અંતરે વેળાવદર નામના નાનકડા ગામની સીમમાં બ્લેકબક નેશનલ પાર્ક આવેલો છે જે વિશ્વભરના પટ્ટાઈઓનું શિયાળુ ઘર છે. અહીં પટ્ટાઈઓનો વિશ્વનો સહુથી મોટો સમૂહ દર વર્ષે શિયાળાના ઓક્ટોબર માસથી લઈને છેક માર્ચ મહિના સુધી જોવા મળે છે. ૧૫મી ઓક્ટોબરથી દેશભરના રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રકૃતિપ્રેમીઓ માટે ખુલ્લાં મુકાયાં છે ત્યારે આ ઉદ્યાનની મુલાકાત લેવી જ રહી.


કાઠિયાવાડમાં આવેલા ભાવનગરના રાજવી પરિવારની જમીન આઝાદી પહેલાં શિકારના મેદાન તરીકે વપરાતી હતી અને મહારાજા સાહેબ ચિત્તાને સાથે રાખીને અહીં બ્લેકબક એટલે કે કાળિયારનો શિકાર કરાવડાવતા અને મોજ માણતા હતા. પ્રકૃતિ અંતે તો સહુ કોઈને પોતાના તરફ ખેંચીને હૃદયપરિવર્તન કરે જ છે. આખરે રાજ પરિવાર સંરક્ષણ તરફ વળ્યો અને કાળિયારને રક્ષણ આપ્યું. આખરે આ સ્થળ સરકાર હસ્તગત કરવામાં આવ્યું અને રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે અહીં વસતા વન્યજીવોને સંરક્ષણ પૂરું પાડ્યું. આજે અહીં અઢળક સંખ્યામાં કાળિયાર ઊછળતાં કૂદતાં જોવા મળે. દરેક કાળિયારના પગમાં જાણે કોઈ કુદરતી સ્પ્રિંગ ગોઠવેલી હોય એ રીતે ત્વરા અને જુસ્સાથી આશરે ચારેક ફૂટથીય પણ ઊંચો કૂદકો મારી શકે છે અને એ પણ સતત લાંબા અંતર સુધી. અહીં આશરે ૫૦૦૦ કરતાં વધારે કાળિયારની સંખ્યા ૩૪ ચોરસ કિમિ વિસ્તારના ઉદ્યાનમાં જોવા મળે છે. માત્ર અભ્યારણ્ય વિસ્તાર જ નહિ, પણ આસપાસના વિસ્તારમાં પણ કાળિયાર દોડીને રખડતાં જોવા મળે છે. સૂર્યોદય સમયે વિશાળ લહેરાતા ઘાસનાં મેદાનમાં કાળિયારને જોવાં એ એક લહાવો છે. કાળિયાર પોતાના વિસ્તાર પર પ્રભુત્વ જમાવવા માટે બીજા નર સાથે લડાઈ કરે છે જે લડાઈમાં એક બીજાને ગંભીર રીતે ઘાયલ પણ કરે છે એ સિવાય સંવનન કાળ દરમ્યાન પણ કાળિયાર એકબીજા નર સાથે હરીફાઈના ભાગ રૂપે લડતા હોય છે. કાળિયાર સિવાય અહીં ઝરખ, વરુ, શિયાળ વગેરે જોવા મળે છે.

વિશ્વભરમાંથી પક્ષીવિદો ખાસ અહીં પટ્ટાઈઓને જોવા અને અભ્યાસ કરવા માટે આવે છે. અહીં પુષ્કળ પ્રમાણમાં ઘાસ પાર બેસ્ટ તીડ જોવા મળે છે અને એ તીડને ખોરાક તરીકે ઉપયોગમાં લઈ શકાય માટે અહીં પટ્ટાઈઓ આવે છે. પટ્ટાઈ એ એક વિશિષ્ટ પ્રકારનું શિકારી પક્ષી છે જે ખૂબ જ ત્વરાથી હવામાં શિકાર કરી જાણે છે. અહીં વિશ્વમાં ક્યાંય ન જોવા મળે એટલી પટ્ટાઈઓ એકસાથે જોવા મળે છે. દિવસ દરમ્યાન પાર્ક છોડીને પટ્ટાઈઓ સીમ વિસ્તારમાં ફરતા હોય છે અને ઢળતી સાંજે ફરી તેઓ આકાશમાં એકસાથે વિશાળ ચક્કર મારીને પાર્કમાં સુરક્ષિત રીતે આરામ ફરમાવે છે અને આ ક્રમ દર વર્ષે શિયાળા દરમ્યાન ચાલુ જ રહે છે. વેળાવદર નેશનલ પાર્કના વગડામાં પાન પટ્ટાઈ, પટ્ટી પટ્ટાઈ, ઊજળી પટ્ટાઈ જેવી અનેક જાતો જોવા મળે છે. પટ્ટાઈઓ સિવાય અહીં ૨૫૦ કરતાં પણ વધુ પ્રકારનાં પક્ષીઓ જોવા મળે છે જેમાં સ્થળાંતર કરતાં પક્ષીઓનો મોટો મેળાવડો આખા શિયાળા દરમ્યાન જામે છે. ક્યારેક અહીં આકાશમાં જ નાનકડાં સ્થાનિક પક્ષી અને શિકારી પક્ષી વચ્ચે અસ્તિત્વને ટકાવી રાખવાની લડત જોવા મળે છે. કંઈક નોખું કે અનોખું જોવા માટે સહુથી નજીક અને શાંત સ્થળ એટલે કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન વેળાવદર.

વેળાવદર નેશનલ પાર્ક પહોંચવા માટે ભાવનગરથી પહોંચી શકાય છે. અહીં સફારી માટે ડાયરેક્ટ પાર્ક વિન્ડો પરથી જ બુકિંગ કરી શકાય છે અને જીપ્સી તથા પોતાના વાહનમાં સફારીનો આનંદ લઈ શકાય છે. પક્ષીઓને સારી રીતે માણી શકાય માટે સવારના છ વાગે પાર્ક ખૂલે છે એટલે વહેલી સવારે જવું જ હિતાવહ છે. અહીં પાર્ક અંદર પ્રવેશતાં જ ઇન્ટરપ્રિટેશન સેન્ટર છે જ્યાં અહીં દેખાતાં દરેક પક્ષીઓ અને પ્રાણીની પ્રતિકૃતિ, તસવીરો, અભ્યાસ ઉપયોગી માહિતી, તેઓનું વર્તન વગેરેની સંપૂર્ણ સમજ દર્શાવેલી છે. અહીં નાનકડાં તળાવો છે જે અહીંના વન્યજીવો માટે આશીર્વાદ સમાં છે. આ પાર્ક જલ પ્લવિત ક્ષેત્ર એટલે કે વેટલૅન્ડ અને ગ્રાસલૅન્ડ એમ બે વિસ્તારોમાં વહેંચાયેલો છે. વેટલૅન્ડ વિસ્તારમાં પાણીમાં વસતાં પક્ષીઓ શિયાળુ મુલાકાત લે છે જેમાં હંસ, રાજહંસ, ગાજહંસ, કાજિયાઓ, ગુલાબી પેણ વગેરે જોવા મળે છે. સામાન્ય રીતે ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં અહીં પક્ષીઓ આવવા લાગે છે અને માર્ચ મહિનાના અંત સુધી તેઓ અહીં જ વસવાટ કરે છે. ગ્રાસલૅન્ડ વિસ્તારમાં નાનકડાં પક્ષીઓ જેવાં કે સાઇબિરિયન સ્ટોનચેટ, યુરેશિયન રોલર, વર્ષા લાવરી, ચંડુલ, લટોરો, દેવચકલી જેવી અઢળક જાતો અહીં જોઈ અને સાંભળી શકાય છે, શિકારી પક્ષીઓમાં ફાલ્કન, સાપમાર ગરુડ, શકરો, બાજ, શાહી ઝુમ્મસ, ઇગલ આઉલ વગેરે શિકાર કરતાં જોવા મળે છે. અહીં કુદરતે દરેકને પૂરતા પ્રમાણમાં ખોરાક મળી રહે તેવા યોગ્ય વાતાવરણની રચના કરી છે.

બ્લેકબક નેશનલ પાર્ક સામાન્ય રીતે ૧૫મી ઓક્ટોબરથી મુલાકાતીઓ માટે ખુલ્લો મૂકવામાં આવે છે જે ૧૫ જૂન સુધી ખુલ્લો રહે છે. સવારે ૬-૩૦ થી ૧૧ સુધીની પહેલી સફારી હોય છે ત્યાર બાદ બપોરે ૨-૩૦થી સૂર્યાસ્ત સુધી બીજી સફારી કરી શકાય છે જોકે પાર્કમાં આખો દિવસ પણ વિતાવી શકાય છે, અહીંનું મુખ્ય આકર્ષણ વરુ અને ઝરખ છે. શાંત રહીને ધીરજથી શોધીએ તો સોનેરી ઘાસમાં વરુને ક્યારેક શિકાર કરતું તો વળી ક્યારેક રસ્તા પર મહાલતું જોઈ શકાય છે. આ સિવાય સૂર્યોદય પછી બધાં જ કાળિયાર એક તરફથી બીજી તરફ જતાં હોય ત્યારે એમને હજારોની સંખ્યામાં એકસાથે જોવાં એ સુવર્ણ તક છે. અહીં રહેવા માટે એક સામાન્ય સુવિધાઓ સાથે વનવિભાગ તરફથી ડોર્મેટરીની વ્યવસ્થા છે જે નજીવા ખર્ચે બુક કરાવી શકાય છે અને અહીં રહીને જ એક-બે દિવસ પાર્કનો આનંદ લઈ શકાય. આ સિવાય આસપાસ એક-બે રિસોર્ટ્સ છે જ્યાં રહીને પણ પાર્કને માણી શકાય. બ્લેકબક નેશનલ પાર્કને સારી રીતે જોવા માટે આશરે બે દિવસ ઘણા છે, પણ હું જેટલી વાર આ પાર્કમાં ગયો છું મને હંમેશા કંઈક ને કંઈક નવું મળ્યું જ છે.

ગુજરાત રાજ્યના નૈસર્ગિક વાતાવરણમાં ખૂબ સુંદર સ્થળ તરીકે ઓછા જાણીતા એવા આ સ્થળની મુલાકાત બાળકોમાં જિજ્ઞાસા અને પ્રકૃતિપ્રેમની ભાવના અચૂક જગાવી શકે છે. આ સ્થળે કોઈ પણ જાતનાં આગોતરાં બુકિંગ કે પ્લાનિંગ વગર પણ જઈ શકાય છે. વધારે દૂર ન જતાં પરિવાર સાથે આ સ્થળને માણ્યું હોય તોપણ એક અલગ આનંદનો અનુભવ મેળવી શકાય. ટૂંકમાં પ્રકૃતિથી નજીક જવાના દરેક રસ્તાઓ સરળ છે જો આપણે પ્રયત્નો કરીએ તો અને તો જ... ■



## ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ફોરવર્ડ થતી બધી લિંક સાચી નથી હોતી




સોશિયલ મીડિયાથી સીધા જ કોઈ બીજી એપ્સમાં જંપ એટલે ફ્રોડની પહેલી એન્ટ્રી...

'ફેસબુક' ની માલિકી કંપની 'મેટા'એ જ્યારે 'ઈન્સ્ટાગ્રામ' ટેકઓવર કર્યું એ સમયે ટેકનોલોજીની દુનિયામાં એક અસાધારણ ઘટના બની હોય એવો માહોલ હતો. જોકે, ઘટના જ એવી હતી એટલે દરેક આઈટી નિષ્ણાત તો ઠીક, સામાન્ય માણસ પણ આશ્ચર્ય અનુભવે એ સ્વાભાવિક છે. ડિજિટલ અરેસ્ટ અને સાયબર ફ્રોડને અટકાવવા માટે સરકારે દરેક વ્યક્તિના મોબાઈલના ડાયલ સમયે વધી રહેલા ટાઈમગેપનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો છે. ખોટી લિંકથી બચવા માટે જનજાગૃતિ ફેલાવવા માટે એ ઉત્તમ વિકલ્પ સાબિત થયો છે. સતત અને સખત રીતે ફોરવર્ડ થતી લિંક કે ક્યૂઆર કોડમાં ભલભલો નિષ્ણાત પણ ભોળવાઈ જાય છે. નકલીની શૃંખલાથી નોટથી ભરેલી તિજોરી ખાલી ન થાય એ માટે આવી લિંકની પહેલા તો ઓળખ જરૂરી છે. આજની આ કોલમમાં જોઈએ લિંક પરના કેટલાક ફેક્ટ, ફેક અને ફેકમાંથી બચવાના રસ્તા.

શરૂઆત હકીકતથી કરીએ. વર્ષ ૧૯૯૦માં જેને એક વેબસાઈટ કહી શકાય એવું એક પોર્ટલ શરૂ થયું. 'યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યૂક્લિયર રિસર્ચ' નામની સંસ્થા CERN એ બર્નર લી (WWWના શોધક) ને એક પ્રોજેક્ટ આપ્યો. એમનો તમામ ડેટા ઓનલાઈન કરવા અને વેબપેજ તરીકે એ ડેટાનો એક્સેસ થાય એવું પ્લેટફોર્મ તૈયાર કરવા પ્રોગ્રામિંગ શરૂ થયું. આ એ સમય હતો જ્યારે વેબસાઈટના તૈયાર મોડ્યુલ સીધા જ ઉપયોગમાં લઈ શકાય એમ ન હતા. લીના પ્રયાસોથી દુનિયાને મળી પહેલી વેબસાઈટ. સંપૂર્ણપણે 'રીડઓન્લી'. આ આઈટનું નામ અને લિંક હતી. info.cern.ch. એપ્રિલ ૧૯૯૩ પછી વ્યવસ્થિત રીતે નવી નવી વેબસાઈટનો જે તે વિષયને લીઈને જન્મ થયો.

પછી તો પબ્લિક ડોમેઈન સાથે એવા નંબરથી ખૂલતી વેબસાઈટ શરૂ થઈ. એ હાલ 'આઈપી એડ્રેસ'થી ઓળખવામાં આવે છે. વેબ એડ્રેસની સાથે સાથે ઈન્ટર કનેક્ટિવિટી અને નેટવર્કિંગથી વગર કોઈ સ્પેલ સાથે વેબસાઈટને એક્સેસ કરવી સરળ બની. દુનિયાની પહેલી આ વેબસાઈટનો હેતુ માત્ર ને માત્ર મેસેજની આપ-લેનો હતો. પછી વેબસાઈટ પર ઈ-મેલથી લઈને જુદી જુદી સર્વિસ શરૂ થઈ. કોમ્યુનિટીઓના પોર્ટલ શરૂ થયા. બલ્કમાં ઈ-મેલ સર્વિસ શક્ય બની, જેની લિંક શેર કરવામાં આવે તો પણ બીજાના મોબાઈલ કે સિસ્ટમમાં ખુલે નહીં. બરોબર એક વર્ષ પહેલા એટલે કે, ૨૦૨૪માં જાન્યુઆરી મહિનામાં જ 'રામ મંદિર'ના નામે એક લિંક ફરતી થઈ હતી. લિંકમાં એક એપ્લિકેશન એડ્રેસ હતું . એ લિંક ફેક હતી. એટલું જ નહીં, એપ્લિકેશન પણ ફરતી થઈ હતી. એમાં વિગત એવી હતી કે, મંદિરમાં દર્શન હેતું વીઆઈપી બુકિંગ થાય છે.

રામના નામે ખિસ્સા ખંખેરવાનો ખોટો રસ્તો હતો. લિંક પણ ખોટી હતી એવું માધ્યમોમાં સત્તાવાર આવ્યું. આવી કેટલીય ફેક લિંકથી ઘણા લોકો આ ફ્રોડના શિકાર થયા છે.

હવે જોઈએ લિંક ખોટી છે કે સાચી એ ખબર કેમ પડે? 'ફેસબુક' કે વોટ્સેપમાં લિંક થઈ કોઈ ચેનલ શરૂ થાય એ સંપૂર્ણપણે સાચી જ હોય એવું જરૂરી હોતું નથી. વોટ્સએપ જે લિંકથી ખુલે એટલે એ સમજવું કે તમારો મોબાઈલ નંબર જે તે ફ્રોડ સુધી શેર થવાનું શરૂ થઈ ચૂક્યું છે. હવે આમાં કોઈ કોડ આવ્યો એટલે ખાતું ખાલી. ગ્રામ્ય વિસ્તારમાં આવું ન થાય એ માટે ઘણા વેપારીઓએ ઓનલાઈન પૈસા લેવાના પણ બંધ કરી દીધા છે. ફોનમાં આવતા 'ઓટીપી'થી જે તે ગઠિયાને આ લિંક પરના એક્સેસ મળતા હોય છે. આ સમગ્ર કાવતરાને ડિજિટલ ભાષામાં 'ફિશિંગ' કહે છે.

ફ્રોડ કરનારા સૌથી વધારે ફિશિંગ લિંકનો ઉપયોગ કરે છે. પહેલી નજરે પકડાતું નથી કે, લિંક સાચી છે કે ખોટી. આ માટેની એક વેબસાઈટ છે. જેનું નામ છે virustotal. આને ઓપન કરશો એટલે સાવ સામાન્ય સાઈટ લાગશે, પણ કામ આનું ઘણું અસામાન્ય કહી શકાય એવું છે. ફાઈલ, યુઆરએલ અને સર્ચ એમ ત્રણ ઓપ્શન જોવા મળશે. યુઆરએલ પર ક્લિક કરતા એક સર્ચ કરવા માટે બારી ખુલશે. એમાં લિંક પેસ્ટ કરતા જ જે તે લિંકના આખા જન્માક્ષર ખુલી જશે. ફોરેન ફ્રોડથી બચવા easydmarc.com પર લિંક પેસ્ટ કરીને ચેક કરી શકશો. આ ખૂબ જ પાવરફૂલ છે. લિંક સેફ છે કે નહીં એ પણ આ બન્ને સાઈટમાં સ્પષ્ટતા હશે. જે તે ફાઈલમાં કંઈક ડખો હશે કે કેમ એ ચેક કરવા માટે આ ઉપયોગી સાબિત થઈ છે. નાણાંકીય વ્યવહારો માટે આવતી લિંક વિશ્વાસુ છે કે નહીં એ માટે ઘણા લોકો f-secure નો ઉપયોગ કરે છે. જે બિલકુલ ફ્રી અને લાઈવ સાઈટ છે. ■

### આઉટ ઓફ બોક્સ

*ભારતની પહેલી વેબસાઈટ તૈયાર કરનાર નિષ્ણાત તરીકે રાજેશ જૈનનું નામ લેવામાં આવે છે. જ્યારે સૌથી વધુ ચર્ચામાં રહેલી સાઈટ તરીકે 'રેડીફ' પહેલા ક્રમે રહી હતી.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# નોખા-અનોખા શાયર 'નાઝિર' દેખૈયા

## હું હાથને મારા ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી
## હું માગું ને તું આપી દે એ વાત મને મંજૂર નથી

ગુજરાતી ગઝલના આકાશમાં અનેક સિતારા ચમકતા હતા ત્યારે પરંપરાના શાયરોમાં શયદા, મરીઝ, શૂન્ય, બેફામ, ઘાયલ, સૈફ, આસીમ રાંદેરી, શેખાદમ રૂસ્વા, ગનીભાઈ, જલન માતરી, હરીન્દ્ર દવે જેવા સમર્થ ગઝલકારો પોતાના નોખા- અનોખા ભાવવિશ્વમાં વિવિધ વિષયો લઈને ગઝલની સાધના કરતા હતા ત્યારે ભાવનગરમાં 'નાઝિર' દેખૈયા નામનો ગઝલકાર નવા નવોન્મેષ સાથે આવે છે અને પોતાના વિશિષ્ટ સર્જનની જ્યોત જલાવે છે.



મૂળ નામ નૂરમહમદ. ભાવનગર રાજ્યમાં માનપાન ધરાવતા દેખૈયા પરિવારમાં એમનો જન્મ ૧૩.૨.૧૯૨૧ના રોજ થયો હતો. બાળપણમાં માત-પિતાની છત્રછાયા જતી રહી પણ મોટા ભાઈ 'બેબસ' અને ભાભીએ લાડકોડથી રાખ્યા. મરીઝની જેમ વધારે શિક્ષણ નહીં પામ્યા, પણ દુનિયાની યુનિવર્સિટીમાં સ્નાતકના સ્નાતક થયા. 'નાઝિર'ને વારસામાં સંગીત મળ્યું હતું. ઈન્ડિયન અભુ બેન્ડના નામે કૌટુંબિક વ્યવસાય હતો. એમણે કલેરીઓનેટ વાદનની તાલીમ લઈ અને મોટાભાઈની રાહબરીમાં કામ શરૂ કર્યું. બેન્ડ વાજાના વ્યવસાયમાં આગળ જવાની શક્યતાઓ ઓછી એટલે ૧૯૫૬માં જિલ્લા લોકલ બોર્ડની ચતુર્થ શ્રેણીની નોકરી સ્વીકારી અને કાર્યદક્ષતાથી બધાની ચાહના પ્રાપ્ત કરી.

આંબા ચોકમાં ઈન્ડિયન અભુ બેન્ડની ઓફિસ એ જમાનામાં સાહિત્ય- સંસ્કૃતિનું ધબકતું કેન્દ્ર બની ગઈ હતી. ભાવનગરમાં 'ગઝલ સભા'ના સભ્યો નિયમિત ત્યાં મળતા અને મોડી રાત સુધી ગઝલની મહેફિલ યોજાતી. એ જમાનાના ભાવનગરના આગેવાન શાયરો હાજર રહેતા. બેફામ પણ સામેલ હોય અને કિસ્મત કુરેશી પણ હોય. આ મહેફિલમાં યુવાન નાઝિર ગઝલના રંગે રંગાય છે. ધીરે ધીરે કિસ્મત કુરેશીના માર્ગદર્શન નીચે ગઝલ સર્જનની શરૂઆત કરે છે.

કિસ્તમ કુરેશીએ નાઝિરના પ્રથમ ગઝલસંગ્રહ 'તુષાર'ની પ્રસ્તાવનામાં ૧૯૬૨માં નોંધ્યું હતું કે શિષ્ટ મુશાયરા, રેડિયો, સમારંભો, મહેફિલો તથા પ્રતિષ્ઠિત સામયિકોમાં માનભર્યું સ્થાન મેળવનાર, હૃદયસ્પર્શી ભાવસભર શિષ્ટ ગઝલોના સર્જક 'નાઝિર'ને મધુર મુલાયમ સ્વર સાંપડ્યો છે. દિમાગની નહીં, પરંતુ સર્વથા દિલની કવિતા લઈને આવનારા આ અનેકોના માનીતા ગઝલકાર છે.

'તુષાર'ની બીજી પ્રસ્તાવનામાં કવિ હરીન્દ્ર દવે નોંધે છે કે અનુભવની એક જીવંત સૃષ્ટિને સાંકેતિક અભિવ્યક્તિ આપવામાં 'નાઝિર'ને જ્યાં સફળતા મળી છે ત્યાં એમની કાવ્યત્વની ઉચ્ચ ભૂમિકા પર પહોંચી છે જ. જેમ કે

બની તન્મય પ્રતિમા કોતરી નીરખી જો શિલ્પીએ
*તો પોતાને જ એવા દમ ભરી જાવાની ઈચ્છા થઈ*

પોતાના સર્જન સાથેનું આ એકત્વ, સર્જનનો પ્રાણ બનવાની ઉત્કંઠા 'નાઝિર'માં છે. ગઝલના સ્વરૂપની આ સાહજિક સૂઝ, ભાવોની અનાયાસ અને વેધક અભિવ્યક્તિ અને બાનીની સરળતા નજરે પડે છે. એમણે 'તુષાર', 'તુષાર-૨' અને 'નાઝિરની ગઝલો' આપ્યા પછી 'સૂના સદન' સંગ્રહ આપ્યો. એમના ઈન્તેકાલ પછી પુત્ર અફઝલહુસૈન અને ઝાકીરે પ્રગટ- અપ્રગટ રચનાઓ વ્યવસ્થિત સાચવીને રાખી. એક ડાયરી બનાવી. છેક ૨૦૨૧-૨૨માં એમના પૌત્ર અને કવિ ફિરદૌસ દેખૈયાએ 'એ વાત મને મંજૂર નથી'ના નામે પ્રકાશિત કરેલા સંગ્રહમાં એમની અપ્રગટ રચનાઓ, ગીત, ગઝલ, દુહા, હઝલ, કટાક્ષ કાવ્યો, સ્તુતિ વગેરેનો સમાવેશ કર્યો છે.

એમનો આખો પરિવાર સંગીત અને શબ્દની સાધનામાં વ્યસ્ત હતો. મોટાભાઈ 'બેબસ' દેખૈયા સારા ગઝલકાર અને સાહિત્યકાર. ગુલ દેખૈયા સંગીતકાર. આજે સલીમ અને ફિરદૌસ દેખૈયા પણ સંગીત, શબ્દ અને સૂરની સાધના કરી રહ્યા છે.

ગઝલના ભાવની અને ભાવનાની ખેવના રાખીને સર્જનમાં રત રહેલા 'નાઝિર' પાસે કહેવાની જુદી રીત હતી. પોતીકી મુદ્રા હતી, ભાવ- સંવેદનમાં નવીનતા હતી એટલે આજે પણ એમની ગઝલોમાં તાજગી દેખાય છે. જીવનની સાર્થકતા કોને કહેવાય તેનું નિરૂપણ નાઝિર આ રીતે કરે છે:

**કદી કોઈ 'નાઝિર'! કરે યાદ તમને**
***તો સમજો એ સાચું જીવનનું છે ગૌરવ***

નાઝિરના જમાનામાં પરંપરાના શાયરો ઉર્દૂ- ફારસી શબ્દો છૂટથી પ્રયોજતા ત્યારે નાઝિર સરળ, સાદી ભાષામાં ગઝલ આપે છે. ગઝલના રોજ-બ-રોજ વપરાતા મુહાવરા, કહેવતો, રૂઢિપ્રયોગોનો ઉપયોગ એમણે કાબેલિયતથી કર્યો છે. 'પાછી પાની' કરવી એટલે શું? જુઓ એમનો આ શેર:

**મરું છું તે છતાં પાછી કદી પાની નથી કરતો;**
***જગતવાળાઓ જાણે છે, જીવન મગરૂર રાખું છું***

આ કવિએ પોતાની ગઝલોમાં સામાન્ય રદીફ નથી લીધા. રદીફમાં અર્થબોધ અને નવીનતા બધે જ દેખાય છે. બહુ મોટી રદીફનો મોહ નથી રાખ્યો. 'છેડછાડ' શબ્દમાં જુદી જ નજાકત છે. આ શબ્દને રદીફ બનાવીને છ શેરની ગઝલ આપી છે, જેનો 'મત્લા' છે:

બિન્દુ ઝાકળનાં, ન કરજો કંઈ સુમનની છેડછાડ
***આંસુઓ શીખી જશે કરતાં નયનની છેડછાડ***

આમ ભાષા, ભાવ, સંવેદન, અભિવ્યક્તિ અને અનુભૂતિના અનેક આયામોમાં પોતાના પોતને સાર્થક કરનાર આ શાયર ગુજરાતીની જેમ જ ઉર્દૂમાં પણ ગઝલ લખતા જે એમના સમગ્ર સર્જનના પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. એમણે ૧૯૫૬માં 'સુરાલય' નામનું સામયિક શરૂ કર્યું હતું અને ચાર વર્ષ ચલાવ્યું હતું. 'સુરાલય' પછી ગુજરાતમાં ઘણાં આ પ્રકારનાં સામયિકો શરૂ થયાં તેનો યશ આ કવિને જાય છે.

નાઝિર દેખૈયાના વિશાળ સર્જનમાંથી થોડાક શેરોનું રસપાન કરી કવિની સ્મૃતિને તાજી કરીએ. એમની બહુ જ પ્રખ્યાત ગજલ જે અનેક નામી ગાયકોએ ગાઈ છે, સ્વરબધ્ધ કરી છે તેનાથી શરૂઆત કરીએ:

**શા હાલ થયા છે પ્રેમીના,**
**કહેવાની કશી ય જરૂર નથી,**
**આ હાલ તમારા કહી દેશે,**
**કાં સેંથીમાં સિંદૂર નથી?**
**હું હાથને મારા ફેલાવું તો**
**તારી ખુદાઈ દૂર નથી.**
**હું માગું ને તું આપી દે એ**
**વાત મને મંજૂર નથી.**

* * *

**ખુદાયા! આટલી તુજને**
**વિનંતી છે આ 'નાઝિર'ની**
**રહે જેનાથી અણનમ શીશ,**
**મુજને એ નમન દેજે.**

* * *

**ગગનવાસી! ધરા પર બે**
**ઘડી શ્વાસો ભરી તો જો**
**જીવનદાતા! જીવન કેરો**
**અનુભવ તું કરી તો જો.**

* * *

**મને લૂંટી જનારાએ અનોખી રીતથી લૂંટ્યો,**
**નથી રે'વા દીધું મારા કને મારાય મન જેવું**

* * *

**કેવાં હશે એ પ્યારથી ભરેલાં માનવી**
**અપમાનમાંય જેમનાં આદર ભર્યા હશે**

* * *

**સભા છોડી અને ચાલ્યા જવું મુશ્કિલ હતું 'નાઝિર'**
**'અહીં આવો' કહી બોલાવનારે રંગ રાખ્યો છે**

* * *

**પાથિક તું ચેતજે પથના સહારા પણ દગો દેશે**
**ધરીને રૂપ મંઝિલનું ઉતારા પણ દગો દેશે**

* * *

**આવીને ગર્વમાં ભલે છોડી દે સાથ એ**
**'નાઝિર' કહી દો એને અમારો ય રામ છે.**

* * *

**જગતની દૃષ્ટિએ 'નાઝિર' નિહાળે છે ફક્ત તમને**
**હકીકતમાં તો એ ચૌદે ભવન પર મીટ માંડે છે.■**

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# શિયાળાનું ઊનું ઊનું ખાણું સંબંધો સાચવવાનું ભાણું

**ટાઈટલ્સ:**
**ખાલી કે ભરેલ બેઉ પેટ અવાજ કરે (છેલવાણી)**

'જમવા હાલો' ગુજરાતી ભાષાનાં સૌથી મીઠડા શબ્દો છે. 'તમે જમ્યા?' જેવા શબ્દો સ્ત્રીનાં કર્ણમંજૂલ સ્વરે પુરુષને સંભળાય ત્યારે બે જ મિનિટમાં ભલભલા પુરૂષો પેટનાં માર્ગે દિલ દઇ બેસે! એમાંયે શિયાળાની 'ભૂખ-નુમા' કે ખુશનૂમા મોસમમાં લગ્નસગાઈ પ્રસંગે સતત ડિનર લંચમાં જવાનું થાય. પછી ઊંઘમાં પણ 'ઓળોઊંધિયું', 'ઊંધિયુંઓળો' બોલાતું રહે છે.

વળી 'જમવું' માત્ર શારીરિક નહીં, પણ સામાજિક પ્રવૃત્તિ પણ છે, કારણ કે મનુષ્ય સાલુ, સામાજિક પ્રાણી રહ્યું ને? માણસને પ્રાણીઓની જેમ એકલાંએકલાં ઘાસ વાગોળીને કે બીજાનો શિકાર કરી કે કોઇના શિકાર પર તરાપ મારીને ખાવામાં મજા નથી આવતી. આપણે કાળા કે ડાઇ કરેલા કે ટકલા માથાનાં માનવીઓ, ઘરે કે સમાજમાં સાથે મળીને ખાઇએ-પીએ છીએ. દરેક સંસ્કૃતિમાં સહ-ભોજન કે જમણવારનો મહિમા



છે. મનાય છે કે પઠાણો કોઇને ત્યાં જમે તો 'ઉસકા નમક ખાયા હૈ' કહીને જીવનભર વફાદાર રહે.

સલમાન ખાને એક સમયના જાનીદુશ્મન સુભાષ ઘઇને ત્યાં ડિનર લીધું ત્યાર પછી જ ફિલ્મલાઇનમાં સૌને ખાતરી થઇ કે

'હવે સલમાન, સુભાષજીની ફિલ્મોમાં ચોક્કસ કામ કરશે.' અને થયું પણ એમ જ!

જોકે આજકાલનાં સંવેદનશીલ વાતાવરણમાં, ડિનર પર કોનીકોની સાથે જવું કે નહીં એ રિસ્કી છે. કોણ જાણે ક્યારે થાળીઓ ઉછળશે કે વરસોનો સંબંધ ખતમ થઇ જશે?

(સંબંધબંબંધ તો સમજ્યા પણ 'ગરમાગરમ તૈયાર ભાણું છોડવું પડે' એ કેમ ચાલે?)

વળી ઘણીવાર તો આખું અઠવાડિયું ડિનરલંચ માટે બૂક થયેલું એવામાં તમે કહો કે 'ડિનર નહીં, બિયર ! સાંજે ૫ વાગે બિયર પીવા મળીએ?' તો સામેનો માણસ તમને બેવડો કે દારૂડિયો માની બેસશે! અથવા તમે પૂછો 'ચાર વાગે ચણા ખાવા મળીએ?' તો સામેનો તમને કડકો સમજશે અથવા એમ પૂછીએ કે 'ડિનર-લંચ છોડો, મોર્નિંગ-વોક પછી ગાર્ડનમાં લીમડાનો જ્યૂસ પીવા મળીએ?' તો?

આનાથી તમારી હેલ્થ સુધરી શકે પણ દોસ્તી તો બગડી જ શકે.!

જગતમાં ૨ પ્રકારના લોકો હોય છેઃ એક, જેને ખાવા-પીવામાં સખત રસ છે ને બીજા કે જેને માત્ર ચા કોફી પીને ફક્ત કામ પૂરતું જ મળવું છે. અહીં પ્રેમ અને માત્ર વાસના જેવો ઊંડો ભેદ છે. અમુક 'મળવા' માટે 'જમતા' હોય છે તો ઘણાંખરા 'જમવા' માટે જ 'મળતા' હોય છે. આપણને બિઝનેસ મીટિંગોમાં પણ કોઇ 'ફોકલપોઇંટ'ની જરૂર પડે ને એ 'કેંદ્ર બિંદુ' એટલે જમવાનું! આમ તો ઝાડની આસપાસ ફરતાં ફરતાં પણ મીટિંગ કરી શકીએ, પણ એમાં પ્રોબ્લેમ એ છે કે તમને સમજાશે નહીં કે કયારે મીટિંગ પતાવવી? એની સામે લંચડિનરમાં જમવાનું પતે કે તરત વાત આટોપીને મીટિંગ પતાવી શકાય. ક્યારેક મીટિંગમાં કોઇ વાતનો જવાબ ના સૂઝે ત્યારે 'અહીંયાનો સંભાર તો ઇડલી કરતાં પણ બેટર છે, હોં' જેવી સેન્સલેસ વાતને સબડકાં સાથે લઇને મેન ટોપિકને ટાળી શકાય.

બગીચા મીટિંગમાં વાત બદલવા બહુ બહુ તો શું કહેશો કે 'પેલાં બે સામસામાં ઝાડ છે એ દૂરદૂરના કઝિન લાગે છેને?' અથવા તો કંઇ ના સૂઝતાં 'પ્રકૃતિ' વિશે કે ફૂલ-પતંગિયા-ઝાકળ વિશે વાતો કરી શકો, પણ એ માટે તમારે કવિ કે ચિંતક બનવું પડે.(એવાં રિસ્ક લેવા કરતાં કોફીપાસ્તાના નાસ્તા સાથે મીટિંગ કરવી સારી.)

**ઇન્ટરવલઃ**
**હમ તો ન ચાંદ સમઝેં, ન સૂરજ હૈં જાનતે,**
**બાબા હમેં તો યે નઝર આતી હૈં રોટીયાં! (નઝીર અકબરાબાદી)**

જેમ ગાંધીજીનો જન્મ અહિંસા એકતા જેવા સંદેશ માટે થયેલો, ઇશુનો અવતાર પ્રેમ-કરૂણાનાં સંદેશને ફેલાવવા થયેલો એમ અમુક લોકોનું ધરતી પર અવતરવાનું કારણ 'જમવા માટે કે કોઇકને જમાડવા માટેનું હોય છે.' એવા લોકો સતત પાર્ટી કે જમણવારની વેતરણમાં હોય. હજુ અત્યારનું જમવાનું ગળે ઊતર્યું ના ત્યાં તો 'આવતા અઠવાડિયે આપણે બધાંએ જમવા મળવાનું છે' એવું એ સામેનાંનાં ગળે ઉતારવા માંડે. અમુક ખોરાકઘેલા લોકો તો 'મેન્યુ' નક્કી કરવા માટે પણ પાછું જમવાનું રાખે! એવા લોકો જમતાં જમતાં નક્કી કરે કે આવનારાં જમણવારમાં શું શું આઇટેમો હશે! ટૂંકમાં, લોકો કારણો શોધે છે ખાવા-પીવા માટે. મોટાંમોટાં લગ્નોમાં ઘણાં મોટા નેતાઓ ને ઉદ્યોગપતિઓ મોટામોટા સોદાઓ કરે છે કે 'કોની કંપની બંધ કરાવવી' 'કોનું પત્તું કાપવું' વગેરેની ચર્ચા કરતા હોય છે.

એકવાર ફિલ્મકાર મહેશ ભટ્ટ સાથે ડિનર પર અમે ગયેલા ત્યારે એક મહેમાને જમતી વખતે હલકી વાત કરી. ભટ્ટસાહેબે ભાણાં પરથી તરત જ ઊભા થઇને કહ્યું : 'આઇ વિલ નોટ ઇટ બ્રેડ વિથ યુ બિકોઝ યુ આર નોટ 'વેલ બ્રેડ!'

અહીં 'વેલ બ્રેડ નથી' એટલે 'તારો ઉછેર સારો નથી'. 'બ્રીડિંગ' પરથી 'ઉછેર' અને 'હું તારી સાથે 'બ્રેડ' (રોટી) નહીં જમું!' એમ પણ..

આમ તો એકબીજાને મળવા, નાતજાત બિરાદરીમાં જમણવાર શરૂ થયા, પણ કાળક્રમે એમાં માત્ર જમવાનું જ મેન થઇ ગયું. જ્ઞાતિનાં સમૂહભોજનમાં ખબર પડે કે જમવામાં લાડુ-ગાંઠિયા જ છે તો 'સાવ, બેક્કાર ખાવાનું છે. વળી એનાંએ કાકા-મામા-ફોઇ અથડાશે. એમાં શું જવાનું?' આમ કહીને 'સંસારમાં લોહીનાં સંબંધો કેટલાં વ્યર્થ છે' એને પણ સાબિત કરી દેવાશે. પરંતુ જો એ જ જમણવારમાં ડ્રાયફ્રૂટ રબડી, ચાર જાતનાં ફરસાણ વગેરે હોય તો લોકો તરત કહેશે, 'ચાલો જમવા જઇએ. એ બ્હાને સગાં-વ્હાલાંઓને મળી લેવાશે. આમેય આજકાલ આપણાં પોતીકાઓને ક્યાં મળી શકાય છે?' અર્થાત જમણવારના ભાણાનું મેન્યુ બદલાય કે આપણી લાઇફ તરફ જોવાની દૃષ્ટિ બદલાઇ જાય.

**એન્ડ - ટાઇટલ્સઃ**
**આદમઃ જમવા જઇએ?**
**ઈવઃ ના, થાળી સામેથી ચાલીને આવશે.** ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# શરૂઆત કરવા માટે કોઈ ઉંમર મોટી નથી હોતી!

## એંસી વર્ષે દોડવીર તરીકે શરૂઆત કરી, સો વર્ષની ઉંમરે સૌથી મોટી ઉંમરના મેરેથોન રનર તરીકે રેકોર્ડ નોંધાવ્યો અને ૧૦૫ વર્ષની ઉંમરે નિવૃત્તિ લીધી. હવે ૧૧૩ વર્ષની ઉંમરે કડેધડે - તંદુરસ્ત જીવન જીવનારા ફૌજા સિંઘની અનેરી જીવનસફર!

થોડા દિવસો અગાઉ હિન્દી પત્રકાર અનુભવ કુમારે લીધેલી ફૌજા સિંઘની મુલાકાત વાંચી. એ મુલાકાત તો બહુ ટૂંકી હતી, પણ ફૌજા સિંઘ વિશે વાંચીને એમના વિશે કશુંક લખવાની ઇચ્છા થઈ.

૧૧૩ વર્ષની ઉંમરે ફિટનેસના પાઠ ભણાવવાનો જેને અધિકાર છે એવા આ અનોખા માણસ વિશે જાણવા જેવું છે. એમણે ૧૦૦ વર્ષની ઉંમરે ફુલ મેરેથોન દોડીને 'સૌથી વધુ વૃદ્ધ રનર' તરીકે પોતાના નામનો રેકોર્ડ બનાવ્યો હતો અને આજ સુધી એ રેકોર્ડ કોઈ તોડી શક્યું નથી!

પંજાબના જાલંધર જિલ્લાના બિયાસ પિંડમાં ૧ એપ્રિલ, ૧૯૧૧ના દિવસે એક સીખ કુટુંબમાં ચોથા સંતાન તરીકે ફૌજા સિંહનો જન્મ થયો ત્યારે એના માતા-પિતાને ચિંતા થઈ હતી, કારણ કે ફૌજાના પગ બહુ નબળા હતા. નબળા પગને કારણે ફૌજા પાંચ વર્ષની ઉંમર સુધી ચાલતા ન શીખી શક્યો. એની ઉંમરનાં બાળકો દોડાદોડ કરતા હોય ત્યારે ફૌજા નિઃસહાય બનીને એમને જોઈ રહેતો. એ ભાંખોડિયાભેર જ ચાલી શકતો. માતા-પિતાને બહુ ચિંતા થતી કે આ છોકરાનું શું થશે. એને બે પગે ઊભા રાખીને ચલાવવાની કોશિશ કરતા, પણ જેવા હાથ છોડતા એ સાથે એમનો દીકરો 'ભફ્ફ' કરતો જમીન પર પડી જતો.

ફૌજાની આવી સ્થિતિને કારણે બીજાં બાળકો એની મજાક ઉડાવતા હતા અને એને 'ડંડા' કહીને ચીડવતાં. છેવટે ફૌજા સિંઘ પાંચ વર્ષની ઉંમરે ચાલતા શીખ્યો તો ખરો, પણ ચાલતા શીખ્યા પછી પણ ફૌજા બહુ લાંબા અંતર સુધી ચાલી શકતો નહીં . થોડું અંતર કાપતા જ એના પગ જવાબ દઈ જતા.

નબળા પગને કારણે ફૌજા અભ્યાસ પણ ન કરી શક્યો. ગામમાં શાળા નહોતી. ભણવા માટે દૂર-દૂર સુધી ચાલીને જવું પડતું એટલે દૂર ચાલીને જવું ફૌજા માટે સંભવ નહોતું એટલે ફૌજા સિંઘ અભણ જ રહ્યો.

જો કે ફૌજા સિંઘ યુવાન થયા પછી એના પગ મજબૂત બન્યા. ખેતરમાં કામ કરવા માંડ્યુ. થોડું પણ ચાલી શકતા નહોતો એવો ફૌજા સિંઘ દોડવા લાગ્યો. સરખી ઉંમરના યુવાનો સાથે ખેતરથી ઘર સુધી દોડવાની એ સ્પર્ધા કરતો થઈ ગયો! બાળપણમાં જેમના પગ દોરડી જેવા હતા તે ફૌજા સિંઘ યુવાનીમાં મજબૂત પગ ધરાવતો થઈ ગયો ને એની ઊંચાઈ પણ પાંચ ફૂટ આઠ ઇંચ (આશરે પોણા છ ફૂટ) થઈ ગઈ.

સમય જતા ફૌજા સિંઘ પંજાબના નાનકડા ગામમાં સામાન્ય ખેડૂત જેવું જીવન ગાળી રહ્યા હતા. એમને સંતાનો થયાં. પોતે અભ્યાસ નહોતા કરી શક્યા, પણ એમણે સંતાનોને બહુ ભણાવ્યા. દીકરો સુખવિન્દર ભણી ગણીને લંડન રહેવા ગયો. જો કે ફૌજા સિંઘ અન્ય સંતાનો અને પત્ની સાથે ગામમાં જ રહેતા હતા. દીકરો સુખવિન્દર એમને લંડન આવી જવાનું કહેતો હતો, પણ એ પોતાની જિંદગીથી ખુશ હતા, પરંતુ ૧૯૯૨માં પત્નીનુ મૃત્યુ થયું. એ પછી થોડા સમય બાદ તેમની પુત્રી પણ સુવાવડ દરમિયાન મૃત્યુ પામી. એ આઘાત ઓછો હોય એમ એમનો નાનો દીકરો કુલદીપ અકસ્માતે છત પરથી પડીને મૃત્યુ પામ્યો. પત્ની અને પુત્ર-પુત્રીની આકસ્મિક વિદાયથી ફૌજા સિંઘ એ ત્રણેયની યાદમાં સતત રડતા રહેતા હતા. એ સમયમાં દીકરા સુખવિન્દરે એમને કહ્યું કે 'તમે મારી સાથે લંડન ચાલો'. છેવટે ૧૯૮૯માં ફૌજા સિંઘ દીકરા સાથે રહેવા લંડન ચાલ્યા ગયા.

ફૌજા સિંઘ ભણ્યા નહોતા એટલે એમને પંજાબી સિવાય કોઈ ભાષા આવડતી નહોતી. લંડનમાં દીકરાનાં ઘરમાં પુરાયેલા રહેતા હતા. પત્ની અને પુત્ર-પુત્રીનાં મૃત્યુનું દુ;ખ ભૂલવા અને સમય પસાર કરવા તેઓ ટીવી જોતા રહેતા. એમાંથી એમને મેરેથોન દોડ જોવાનો રસ જાગ્યો. ફૌજા સિંઘને મેરેથોન દોડનું એવું ઘેલું લાગ્યું કે એમણે દીકરાને કહ્યું કે મારે મેરેથોન દોડમાં ભાગ લેવો છે. દીકરા સુખવિન્દરને પહેલાં તો આશ્ચર્ય પછી ચિંતા થઈ કે પિતા એંસી વર્ષની ઉંમરે મેરેથોનમાં ભાગ લેવાની વાત કરતા હતા! જો કે ફૌજા સિંઘ મક્કમ હતા.



ફૌજા સિંઘ



છેવટે પિતાની ઈચ્છાને કારણે દીકરાએ કોચની શોધ શરૂ કરી. યુવાન માણસ પણ વિચાર આવે એ સાથે તરત મેરેથોન દોડવા ન નીકળી શકે. પૂરતી તાલીમ લેવી પડે, જ્યારે ફૌજા સિંઘ તો વૃદ્ધ હતા. સુખવિન્દરે એક કોચ હરમિન્દર સિંઘને શોધી કાઢ્યા. ફૌજા સિંહે તેમની પાસે તાલીમ લેવા માંડી. એમણે થોડુંથોડું દોડવાનું શરૂ કર્યું. પછી લાંબી તાલીમ બાદ ફૌજા સિંઘ ચોર્યાસી વર્ષની ઉંમરે ૧૩ માઈલ દોડ્યા. એમાં પણ પહેલા તો એમની ગેરસમજ થઈ હતી. એ સમજતા હતા કે ૧૩ કિલોમીટર દોડવાનું છે. જોકે કોચે તેમને સમજાવ્યું કે ૧૩ માઈલ એટલે આશરે બાવીસ કિલોમીટર જેટલું અંતર થાય! એ પછી ૮૯ વર્ષની ઉંમરે એમણે ૨૦૦૦ના વર્ષમાં લંડન મેરેથોનમાં ભાગ લીધો અને એ ફુલ મેરેથોન (૪૨ કિલોમિટર) દોડ્યા!

એ પછી તો ફૌજા સિંઘ જુદી-જુદી મેરેથોનમાં ભાગ લેવા માંડ્યા. લંડન પછી કેનેડા, અમેરિકા અને હોંગકોંગ સહિત અનેક મેરેથોનમાં ભાગ લીધો. અને ૧૬ ઑક્ટોબર, ૨૦૧૧ના દિવસે કેનેડાના ટોરન્ટોમા ૬ કલાક ૫૪ મિનિટમાં ૪૨ કિલોમીટર લાંબી મેરેથોન દોડ પૂરી કરીને તેમણે વિશ્વવિક્રમ સર્જ્યો. મેરેથોન દોડ પૂરી કરનારા 'સૌથી મોટી ઉંમરના માણસ' તરીકે એમનું નામ 'ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ્સ'માં નોંધાયું હોત, પરંતુ તેમની પાસે એમની સાચી ઉંમર દર્શાવતું બર્થ સર્ટિફિકેટ નહોતું એટલે 'ગિનેસ'વાળાએ એમનો રેકોર્ડ સ્વીકાર્યો નહીં!

જોકે એ પછી પણ એમણે મેરેથોન દોડમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું. ૨૦૧૨માં એમને ઓલિમ્પિક ટોર્ચ સાથે દોડવાનું બહુમાન મળ્યું.

૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ના દિવસે એમણે મેરેથોન રનર તરીકે નિવૃત્તિ લીધી. એ પછી પણ એમણે ક્યારેક-ક્યારેક મેરેથોનમાં દોડવાનું ચાલુ રાખ્યું. એમણે મુંબઈમાં ૨૦૧૬માં યોજાયેલી મેરેથોન દોડમાં પણ ભાગ લીધો હતો. ૮૯ વર્ષની ઉંમરે મેરેથોન દોડમાં ભાગ લેવાનું શરૂ કરનારા ફૌજા સિંઘે છેલ્લે ૨૦૨૩માં દિલ્હીમાં ડ્રગ્સ વિરુદ્ધ સંદેશ આપવા યોજાયેલી મેરેથોનમાં ભાગ લીધો હતો.

જે ફૌજા સિંઘને પાતળા પગને કારણે ગામના લોકો ડંડા કહીને બોલાવતા હતા એને ૧૦૦ વર્ષની ઉંમરે 'ટરબન્ડ ટોર્નેડો', 'રનિંગ બાબા' અને 'સીખ સુપરમેન' જેવાં ઉપનામ મળ્યાં અને 'એડિડાસ' જેવી વિશ્વવિખ્યાત શૂઝ કંપનીએ એની જાહેરાતમાં મુહમ્મદ અલી અને ડેવિડ બેકહેમ જેવા ધુરંધરો સાથે ચમકાવ્યા હતા.

બાય ધ વે, ૨૦૧૭માં ફિલ્મ અભિનેતા અનિલ કપૂર ફિટનેસ જાળવવા માટેની ટિપ મેળવવા લંડનમાં ફૌજા સિંઘને મળ્યા ત્યારે ફૌજા સિંઘની ઉંમર ૧૦૫ વર્ષની હતી!

આજે ૧૧૩ વર્ષના ફૌજા સિંઘ અત્યંત સાદગીભર્યુ જીવન જીવે છે. એમને કોઈ જ વ્યસન નથી. એ ચુસ્ત શાકાહારી છે અને એમાં પણ એ તળેલી વાનગીઓથી તો હંમેશાં દૂર જ રહે છે.

ફૌજા સિંઘનું નામ ભલે 'ગિનેસ'માં ન નોંધાઈ શક્યું, પણ એંસી વર્ષની ઉંમરે મેરેથોન દોડવાનું શરૂ કરીને ૧૧૩ વર્ષની ઉંમર સુધી મેરેથોનમાં ભાગ લેનારા આ માણસનું જીવન જ સૌથી મોટા વિક્રમ સમાન છે. પત્રકારો એમને પૂછે છે કે 'તમારી આટલી લાંબી અને તંદુરસ્ત જિંદગીનું રહસ્ય શું છે?' ત્યારે ફૌજા સિંઘ જવાબ આપે છે કે :

'કોઈ પણ પ્રકારનું વ્યસન ન રાખો, સ્ટ્રેસ ફ્રી જિંદગી જીવો, તમારી પાસે જે કઈ છે એના માટે ઉપરવાળાના આભારી રહો, નેગેટિવ લોકોથી દૂર રહો, હસતા રહો અને દોડતા રહો. બીજું કશું કરવાની જરૂર નથી!' ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સાંસદ - ફારગતી - તાકીદ



**વિવિધ** ભાષાઓ વચ્ચે શબ્દોનું આદાનપ્રદાન ચાલતું રહે છે. હિન્દીના કેટલાક શબ્દો ગુજરાતીમાં પ્રવેશી હવે કાયમી ધોરણે વસવાટ કરી રહ્યા છે. આજકાલ રાજકારણના સમાચારમાં એક શબ્દ બહુ વાંચવા મળે છે, સાંસદ. અમુક પક્ષના સાંસદે આમ કહ્યું અને તમુક પક્ષના સાંસદે એનો વિરોધ કર્યો વગેરે વગેરે પ્રગટ થયા કરે છે. ગુજરાતીમાં રૂઢ થઈ ગયેલો સાંસદ મૂળે હિન્દી શબ્દ છે. **सांसद, संसद के सदस्य को कहते हैं. सांसद, मतदाताओं का प्रतिनिधि होता है. भारत में संसद के दोनों गृहों (लोकसभा एवं राज्यसभा) के सभी सदस्यों को सांसद कहा जाता है.** ગુજરાતીમાં સંસદ સભ્ય કહેવાય. બીજો એક શબ્દ છે નિસ્બત (સંબંધ) જે અરબી શબ્દ **निसबत (मूल शब्द नसब)** પરથી ઊતરી આવ્યો છે.

અસલના વખતમાં રાજા નીકળતા ત્યારે એમની સાથે નીકળતી ઘોડેસવારી સેના રસાલો તરીકે ઓળખાતી. આધુનિક સમયમાં વડા પ્રધાન કે મુખ્ય પ્રધાન અથવા કોઈ વિદેશી હસ્તી નીકળે ત્યારે એની સાથે બાઈક સવાર અને કાર સવાર લોકોનો રસાલો હોય છે. રસાલો શબ્દ મૂળ અરબી શબ્દ છે. **अरबी शब्द है रिसाला, जिसका मतलब होता है अश्वारोही सेना.**

છૂટા થવા માટે ફારગતી આપી એમ કહેવાય છે. ફારગતી આપવી એટલે ભાગીદારી વગેરે જવાબદારીમાંથી મુક્ત કરવાનો દસ્તાવેજ અથવા બંધનમાંથી રાજીખુશીથી કે પતાવટ કરીને છૂટા થઈ જવું. **मूलत: यह अरबी शब्द फरागत से उतरा है. फ़राग़त अरबी शब्द है जिसका अर्थ होता है आनंद, छुटकारा, रिहाई, मुक्ति. अहमद फ़राज़ का एक शेर है की 'इस ज़िंदगी में इतनी फ़रागत किसे नसीब, इतना न याद आ कि तुझे भूल जाएँ हम.'**

તાકીદ કરવી શબ્દ તમે ઘણી વાર વાંચ્યો હશે અથવા બોલચાલમાં વાપર્યો પણ હશે. તાકીદ મૂળ ફારસી શબ્દ છે. **ताकीद का अर्थ है किसी कार्य के लिए बार-बार चेताने की क्रिया, हिदायत, चेतावनी, किसी बात की आज्ञा या अनुरोध ज़ोर देकर कहना, कड़ा निर्देश देना.** આગ્રહ કરવો, દબાણ કરવું, ચેતવણી આપવી વગેરે.

राष्ट्र भाषा

## 'विदेशी आक्रमण'



**शुक्रवार को विश्व हिन्दी दिवस था. उस उपलक्ष्य में आज हिन्दी में घुसे हुए अन्य भाषाओं के शब्दों की जानकारी लेते हैं.** શુક્રવારે વિશ્વ હિન્દી દિવસ હતો એ નિમિત્તે હિન્દીમાં આવકાર પામી કે ઘૂસણખોરી કરી સ્થાયી થઈ ગયેલા પરભાષી શબ્દો વિશે જાણીએ. છપાયેલી હિન્દી ભાષામાં હિન્દી ઉપરાંત અરબી, ફારસી અને અંગ્રેજી શબ્દોનો વ્યાપક સ્વરૂપે ઉપયોગ થાય છે. પરિણામે થયું છે એવું કે બોલાતી અને લખાતી ભાષામાં અંતર આવી ગયું છે. અન્ય ભાષાના ઘૂસી ગયેલા શબ્દો વિશે ઉદાહરણથી જાણીએ. **हम चाय के कप में बिस्कुट डुबोकर खाते हैं.** મજા એ વાતની છે કે ચાય શબ્દના મૂળ તો ચીનમાં છે. **चीन के राजा शेंग नुंग ने चाय पेय पदार्थ का नाम चा-आ रखा था. जब चाय भारत आई तो इसका नाम भी चीन से ही आ गया. उस समय लोग चा-आ को चाय बुलाने लगे और तभी से इस पेय पदार्थ का नाम चाय पड़ गया.** મુંબઈ શહેરમાં અનેક ગુજરાતીઓની સવારની શરૂઆત ચાની ચુસ્કી અને 'મુંબઈ સમાચાર'થી થાય છે, પણ એમાં અખબાર ગુજરાતી છે. ગુજરાતીઓની ખૂબ માનીતી હોવા છતાં ચા મૂળે ચીની શબ્દ છે. હવે બીજી વાત. ચા સાથે ખાવામાં આવતો બિસ્કુટ શબ્દ ફ્રાંસીસી છે. ખણખોદ કરતાં જાણવા મળે છે કે બિસ્કુટ શબ્દ રોમન લિપિમાં લખવામાં આવતા Biscuit નું સ્વરૂપ છે અને આ Biscuit comes from the Latin word biscotus, which means 'twice-cooked'. The word entered the English language through the French word biscuit. ટૂંકમાં બિસ્કુટ શબ્દ લેટિનમાં જન્મી પછી ફ્રેન્ચ અને ત્યાર બાદ ઈંગ્લિશ અને અંતે હિન્દીમાં ઠરીઠામ થયો છે.

ચાની લિજ્જત જરા આગળ વધારીએ. **चाय में जो चीनी और पानी होता है, वहां चीनी चीनी शब्द है, जबकि पानी हिंदी शब्द है.** સવારે પીવામાં આવતી ચાયમાં પાણી અને સાકર હોય છે. સાકર હિન્દીમાં **चीनी या शक्कर के नाम से जानी जाती है. शक्कर शब्द संस्कृत शब्द शर्करा से आया है.** જોકે, ચીની શબ્દ ચીન સાથે નાતો ધરાવે છે. સાકરની આયાત ચીનથી ભારતમાં થતી હતી ત્યારે હિન્દીમાં **चीन से आई हुई इसलिए चीनी कहलाने लगी.** ચા બનાવવા વપરાતો 'પાની' શબ્દ હિન્દી છે. તમે ચા પ્યાલામાં રેડી ગટગટાવો છો અથવા કપમાં રેડી રકાબીમાં ઠારી પીઓ છો નહીંતર મગમાં ગાળી સ્ટાઈલથી લિજ્જત માણો છો. **अब देखो मज़ा जिसमें आप चाय पी रहे हो वो प्याला फारसी है, लेकिन कप अंग्रेजी शब्द है।** પ્યાલા શબ્દ ફારસી છે અને કપ પોર્ટુગીઝ ભાષામાંથી અંગ્રેજીમાં દાખલ થઈ હિન્દી, ગુજરાતી અને મરાઠીમાં સ્થાયી થયો છે. **फ़ैज़ान हाशमी का एक शेर है कि तेरा बोसा ऐसा प्याला है जिस में से, पानी पीने वाला प्यासा रह जाएगा। बोसा मतलब चुंबन।** And Mug is an English word. મગ તો અંગ્રેજી શબ્દ (MUG) છે. ■

ENગ્લિશ વિંGLISH

## हिन्दी शब्द अंग्रेजी में




જેમ હિન્દી ભાષામાં કેટલાક અંગ્રેજી શબ્દો સ્થાયી થઈ ગયા છે એમ અંગ્રેજી ભાષાએ પણ કેટલાક હિન્દી શબ્દો અપનાવી લીધા છે. વિખ્યાત ગણાતી ઓક્સફર્ડ ડિક્શનરીમાં કેટલાક હિન્દી શબ્દો સ્થાન ધરાવે છે. Let's examine a few Hindi Words In Oxford Dictionary. The most famous word of Hindi having been included in English Dictionary and widely accepted and understood by many countries is JUGAAD. According to the dictionary, the noun Jugaad means a flexible approach to solve a problem, that uses limited resources in an innovative way. **जुगाड़ का मतलब है आवश्यक साधन, वस्तु आदि को हाज़िर करना। कठिन कार्य सिद्ध करने की युक्ति।**

The word 'bangle' comes from the Hindi word bangri, which means 'colored glass bracelet or anklet'. **हिन्दी में प्रचलित शब्द चूड़ी है (मेरे हाथों में नौ नौ चूड़ियाँ है, थोडा ठहरो सजन मजबूरियां है) लेकिन बांगड़ी शब्द भी है जिसका मतलब है, मनगट में पहनाई जाने वाली अलंकार. बांगडी पर से अंग्रेजी शब्द 'बेंगल' बना है.**

હિન્દી ફિલ્મ 'દીવાર'નો આક્રોશ વ્યક્ત કરતો અમિતાભ બચ્ચનનો ડાયલોગ યાદ કરો: **आज मेरे पास बंगला है, गाडी है, प्रॉपर्टी है. कुंदनलाल सेहगलजीने गाया हुआ और बेहद लोकप्रिय होनेवाले गाने में 'एक बंगला बने न्यारा' है और इंग्रेजी में भी है.** According to Collins dictionary BUNGALOW means a one-storey house, sometimes with an attic. in India it means a one-storey house, usually surrounded by a veranda. By the way veranda is not pure English word. It is derived from **हिन्दी शब्द बरामदा,** ગુજરાતીમાં વરંડો. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ચંદુ ચૌદસ રાજુ સાથે કઈ ગેમ રમી ગયો?



'આ ૧૩૫વાળા તમાકુના મસાલાના સોંગદ ખાઈને કહું છું કે કે કે મારી સગાઈ થઈ તેના બે મહિના સુધી મને એટલી જ ખબર હતી કે મારા સસરા ચંદુ ચૌદસને એક જ દીકરી છે. સાલા ચંદુ ચૌદસે આપણી સાથે ગેમ રમી. એની બીજી રતન જેવી છોકરી છુપાવી રાખીઇઇ.....' રાજુ રદીનો અવાજ લથડ્યો.

રાજુનો અવાજ લથડે નહીં તો શું થાય?

મારો બેટો સિગ્નેચરના ખંભામાંથી ચાર પેગ એક ઘૂંટડે ગળા નીચે ઠાલવી ગયો હતો. એ પણ નીટ. મતલબ કે પાણી કે બરફ મિકસ કર્યા સિવાય. માનો કે ગંદું પાણી શુદ્ધ કરવાનો પ્લાંટ ન હોય!

રાજુ રદી રેગ્યુલર પીનાર નહીં. ગુજરાત બહાર નીકળે એટલે ગળામાં એસીડીટીને લીધે બળતરા થાય તેમ પીવાની તલબનું શરાબી જાળું બાઝી જાય. આમ તો ઉંદરડી ખરલ ચાટી જાય તેવો તાશેરો. આ તો ચ્ચાર ચ્ચાર પેગ ગટકાવી ગયેલો. બોલે એટલે જીભ થોથવાય. બે હોઠ ખુલ્લા રાખી પેટમાંથી હવા બહાર કાઢી સિસોટી વગાડે!! માનો વંદે ભારત ટ્રેનની વ્હીસલ.

રસ્તા પર ગાયનો પોદળો પડ્યો હોય તેમ રાજુ રદી વુડન ચેર પર પડેલો. સમજો કે કરોડરજ્જુ વગરનો પોદળો લાગે.

રાજુ રદીનો સ્થિતપ્રજ્ઞ લવારો નદીના ધસમસતા વારિની જેમ અસ્ખલિત. જીવનના કૈં સંતાપ, ઉતાપ, તાપ, અભાવ, પ્રભાવ ઊલટીની માફક મુખગંગામાંથી વહેતા રહ્યા. તમાકુવાળા મસાલા અને રાજુ રદીની પારસ્પરિક બાદબાકી કરવાની હોય તો કોને બાદ કરવા તે નક્કી થઈ ન શકે તેવી પાન-મસાલાની જુગલબંધી.

રાજુ રદી ચંદુ ચૌદસના કન્યારત્નને લગ્ન માટે જોવા ગયેલો. છોકરો કે છોકરી જોવાના કુરિવાજ કેટલાંક વરસોથી રોગની જેમ વકર્યા છે. બાકી, છોકરીનું મોઢું 'સુહાગરાત હૈ ઘૂંઘટ ઉઠા રહા હૂં મેં હો હો હોહોઓઓ.' સમયે જ જોવા મળે. એ મુખદર્શન કર્યા પછી હાસ્ય કવિ સુરેન્દ્ર શર્માની જેમ કહેવું પડે કે 'મારી ઘરરાળી અમાસ કા ચાંદ લાગે હૈ!'

માત્ર તીન પત્તી કે રમી બ્લાઇન્ડ રમવાની ન હોય. લગ્નની બાજી બ્લાઇન્ડમાં રમવાની. પછી રોન નીકળે કે કલર નીકળે. જેવું જેનું ફૂટેલું નસીબ.

રાજુ રદીને કન્યા બતાવવામાં આવેલી. (વાસ્તવમાં એ મોટી કન્યા હતી. કન્યા વજનના માપદંડ કે ધોરણોએ મોટી ન હતી, પરંતુ સંતાનના ક્રમની દૃષ્ટિએ મોટી હતી, જેની રાજુ રદીને સગાઈના ત્રણ-ચાર માસ પછી ખબર પડી કે ચંદુ ચૌદસને બે કન્યા રત્ન છે. મોટી કન્યા કરતાં નાની વધુ સુંદર છે, એ પાણી પીવે તો ગળામાં પાણી ઊતરતું દેખાય. મોટી શ્યામ તન્વી હતી. માનો કે કૃષ્ણનું નારી સ્વરૂપ. નાની કન્યા સુંદર હતી. મોટી કન્યાને જોવા આવેલા મુરતિયાની ભૂલેચૂકે નાની છોકરી પર નજર પડે તો નાની છોકરી પર પસંદગીની મહોર મારે તો પછી ગરબડ થઈ જાય. મોટીનો મેળ પડવામાં મુશ્કેલી પડે અને નાનીનો ચેક વટાવાઈ જાય. આવી ક્ષોભજનક પરિસ્થિતિ નિવારવા માટે જ્યારે મુરતિયો મોટીને જોવા આવે ત્યારે નાની કન્યાને બહેનપણી કે બૉયફ્રેન્ડ (જો હોય તો) ને મળવા મોકલી આપવામાં આવે. આ બધી વ્યવહારિક સમજદારી છે. દરેક ઘરમાં આવું બનતું જ હોય છે.

અમારા મોટા ભાઈના કિસ્સામાં પણ આવું બનેલું. અમારા મોટા ભાઈને જોવા માટે છોકરીનાં મા-બાપ અમારા ઘરે આવે ત્યારે અમને એક દિવસની પચીસ રૂપિયાની જંગી પોકેટમની આપી સેકટર ૨૮ના બગીચામાં હવાફેર કરવા મોકલી આપવામાં આવતા હતા, જેથી અમારો ચડિયાતો દેખાવ મોટા ભાઈની લગ્નની ગાડી પાટા પરથી ઉતારી ન દે.

રાજુ રદીએ મોટી કન્યાને જોઈ. કન્યા અનુકૂળ ન આવી. આઠ મહિના પછી એ જ કન્યા સાથે લાકડેમાંકડું વળગાડી દેવાયું. બોલો, આજે પણ આવા 'ચમત્કાર' બને છે? કદાચ, 'આઇને કોઈ દેતું ન હતું અને આતાને કોઈ લેતું ન હતી' જેવી કાઠિયાવાડી કહેવત કામ કરી ગઈ હોય.

રાજુ રદી એ કન્યા રત્નને પરણી પણ ગયો. બંનેનો સંસાર રગડદગડ સુંદર ચાલે છે. શેરડીના સાંઠા જેવી હરીભરી સુંદર સાળીને જોઈને રાજુ રદી મનમાં મીઠાઈની દુકાન સામે ઊભું રહેલું બાળક મીઠાઈ જોઈને લલચાઈ જાય તેવી લાલચમિશ્રિત લાગણી થાય છે. જે તેને મળવાની શક્યતા નથી. રાજુ રદી દરેક વખતે ચીડિયા ચુગ ગઈ ખેત જેવું ફિલ કરે છે.

દ્રાક્ષ મળી નથી એટલે મીઠી લાગે છે. સાળીને જોયા કરે છે. જોકે, કોઈ દુર્વ્યવહાર કરતો નથી, પરંતુ, જ્યારે દારૂના બે-ત્રણ પેગ પેટમાં જાય ત્યારે આધી ઘરવાળી પૂરી ઘરવાળી ન થયાનો વસવસો સોડા વોટરના ઊભરાની જેમ ઊંડે ઊંડે મનમાં ધરબાયેલી ઇચ્છા આળસ મરડીને તળિયેથી ઉપર આવે છે.

રાજુ ત્યારે તમાકુવાળો મસાલો બેડ પર ગોઠવે છે. પોતે બેડ પાસેની ચેર પર ગોઠવાય છે. બેડ તરફ ઝૂકીને ક્રિશ્ચયનની જેમ ક્રોસ કરે છે અને લડખડાતા અવાજે તગતગતા આંસુની સાથે કહે છે:

'આ ૧૩૫ના મસાલાના સમ ખાઈને કહું છું કે કે કે મારી સગાઈ થઈ તેના બે મહિના સુધી મને એટલી જ ખબર હતી કે મારા સસરા ચંદુ ચૌદસને એક જ દીકરી છે. સાલો ચંદુ ચૌદસ આપણી સાથે ગેમ રમી ગયો. એની બીજી રતન જેવી છોકરી છુપાવી રાખીઇઇઇઇ' એવો કારુણ્યસભર લવારો કરે છે જાણે વ્હીસલવાદનનો લાઇવ શો... શાસ્ત્રીયસંગીતની હિચકિયા અને સિસકિયા વાગે છે.

દરેક વખતે મનની વાત સારી હોતી નથી, રાજુ રદી પીધા પછી મનની વાત કરે છે ત્યારે ખળભળાટ થઈ જાય છે. સસરા-સાસુ-સાળી-સાઢુ અને ઘરવાળી એમ તમામ નારાજ થઈ જાય છે. ગૃહશાંતિનો ભંગ થાય છે ને વગર વાયરે વીજળીના કડાકાભડાકા થાય છે અને એ બધાની વચ્ચે રાજુ રદીની એક જ ઘસાયેલી રેકોર્ડ ચાલુ રહે છે:

'સાલો ચંદુ ચૌદસ આપણી સાથે ગેમ રમી ગયો. એની બીજી રતન જેવી છોકરી છુપાવી રાખીઇઇઇઇ!' ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છની સરોજિની

**પાનબાઈનો રાષ્ટ્રપ્રેમ તો ઉજ્જવળ અને પ્રદીપ્ત હતો. શ્રી વિદ્યાવિજયજી મુનિએ પણ પોતાની કચ્છયાત્રા સમયે પાનબાઈની પ્રશંસા કરી હતી. બે વખત તો તે જેલમાં ગયાં હતાં.**



અધ્યાત્મ સાથે શૂરવીરતાના દર્શન કચ્છની સન્નારીઓના કિસ્સા પરથી ફલિત થાય છે. વાત કરીશું, પાનબાઈની! જેની વાણીમાં વિદ્વતા, મીઠાશ, બુદ્ધિક્ષમતા હતી, તેમનો જન્મ વીસા એસવાળ જ્ઞાતિના સુપ્રતિષ્ઠિત પટેલ લાધા કાંથડના પૌત્રી અને ઠાકરશી લાધાની સૌથી નાની દીકરી તરીકે થયો હતો. મૂળ ગામ માંડવીનું હાલાપૂર.

કોડાયની સદાગમ સંસ્થાના સ્થાપક અને વ્યવસ્થાપકો પ્રસંગોપાત હાલાપુર અને નારાયણપુર જતા, આઠ - દસ દિવસ રહેતા અને જ્ઞાનચર્ચા વગેરે કરી સુસંસ્કાર અને વિદ્યાપ્રેમ જ્યોત જગાવતા. આમ વિવિધ પ્રકારે સંસ્થાનો પરિચય વધે તેવા બીજા કિસ્સાઓ પણ આ પરિવારમાં ઊભા થયા.

ઠાકરશી લાધાના મોટા પુત્રી કંકુબાઈને કમનસીબે નાની ઉંમરે વિધવાપણું આવ્યું હોવાથી તેઓ જ્ઞાન અને સેવાભાવ આવે તથા સાચી શાંતિ પ્રાપ્ત થાય તે દૃષ્ટિએ હંસરાજ ભીમશીના વિધવા પાંચીબાઈના સહવાસમાં સદાગમ સંસ્થામાં જ રહેવાં આવી ગયાં હતાં. પાંચીબાઈ સ્વભાવે શાંત, સંતોષી અને ઉદાર હતા એટલે તેમના સંસ્કારોની મહેક કંકુબાઈ સાથે પાનબાઈ પર પણ પડી હતી. કારણકે પાંચીબાઈ કુ. પાનમાં રહેલી કુદરતી શક્તિના વિકાસ માટે તેમને પણ સંસ્થામાં લઈ આવ્યા હતા. હાલાપુરમાં માત્ર અક્ષરજ્ઞાન મેળવેલું અને ૧૪ વર્ષની ઉંમરે કોડાય સંસ્થામાં આવીને તેમણે પોતાના જીવનના કેળવણીના અન્ય પાઠ ભણ્યા. સંસ્થાની પ્રવૃતિ અને ત્યાંનું વાતાવરણ હવે પાનબાઈને ગમી ગયું હતું. તેમણે સંસ્કૃતમાં અભ્યાસ શરૂ કર્યો. આમેય મૂળ સંસાર તરફ લક્ષ ન હોવાથી તેઓ વૈરાગ્ય ભાવથી અધ્યાત્મને માર્ગે નિકટ જવા લાગ્યા હતા. તેમાં પણ ગ્રંથરત્નોના વાંચન-મનનથી તેઓ આજીવન કૌમાર્ય વ્રત ધારણ કરવા પર વધુ મજબૂત બન્યા.

મહાત્મા ગાંધીજીનો રાષ્ટ્ર સંદેશ કચ્છના ગામેગામમાં પહોંચતો હતો ત્યારે કોડાયમાં સદાગમ સંસ્થા પણ સ્વરાજ્ય અને આઝાદીના રંગે રંગાઈ હતી. પાનબાઈ, જીવીબાઇ તથા માંકબાઇને આ રાષ્ટ્ર સંદેશે જગાડ્યાં. તેઓ મહાત્મા ગાંધીજીના દર્શન માટે તથા તેમની વાણી સાંભળવા માટે અમદાવાદ મહાસભાના અધિવેશનમાં ગયાં હતાં.

ગાંધીજીના પ્રાણપ્રેરક પ્રવચને એવી ધૂણી લગાડી કે સેવાપ્રિય અને મમતાળુ આત્માએ ગમે તે પરિસ્થિતિમાં આઝાદી કાજે ખપી જવા નિર્ધાર કર્યો હતો.

પાનબાઈનો રાષ્ટ્રપ્રેમ તો ઉજ્જવળ અને પ્રદિપ્ત હતો. શ્રી વિદ્યાવિજયજી મુનિએ પણ પોતાની કચ્છયાત્રા સમયે પાનબાઇની પ્રશંસા કરી હતી. બે વખત તો તે જેલમાં ગયાં હતાં. તેઓ જ્યારે બીજીવાર જેલમાં ગયાં હતાં ત્યારે શિવજીભાઈ મઢડાવાળાએ તેમના 'વિવેક વાટિકા' કાવ્યસંગ્રહમાં 'કચ્છની સરોજિની' નામનું સંબોધન આપ્યું હતું.

ભાવાનુવાદ: અધ્યાત્મ ભેરા શૂરવીરતાજા દર્શન કચ્છજી સન્નારીએંજા કિસ્સા મિંજા ફલિત થિએતા ઇતરે અજ઼ંપાં ગ઼ાલ કરીયુંતા પાનબાઈ ઠાકરશીજી! જેંજી વાણીમેં વિદ્વતા, મીઠાશ, બુદ્ધિક્ષમતા હૂઇ. પાનબાઇજો વીસા એસવાળ જાતિજા પટેલ લાધા કાંથડજા પોતરી નેં ઠાકરશી લાધાજી મિણીયા નિંઢી ધી તરીકે જનમ થ્યો હો. મૂર ઇ લોકો હાલાપૂર મડઇ ગોઠજા.

કોડાયજી સદાગમ સંસ્થાજા સ્થાપક ને વ્યવસ્થાપક અવારનવાર હાલાપુર ને નારાયણપુર વેંધા વા, અઠ - ડો ડીં રે નેં જ્ઞાનચર્ચા કરે. સુસંસ્કાર નેં વિદ્યાપ્રેમજી જ્યોત જગાઇંધલ હી જ્ઞાનવાર્તા લાધાભાઇકે પ વિદ્યાપ્રેમી ભનાયો હો નેં પિંઢજે કુટંભમેં વિદ્યાજો પ્રચાર વધારેજી દૃષ્ટિવારા હિની પિંઢજે પોતરે મેઘજી ભાણજીકે સંસ્કૃતજે અભ્યાસલા કોડાય ગોઠ છડે આયા વા. હિન પ્રકારે સંસ્થાજો પરિચય વધેલા મિંઢ્યો સે એંડા બ્યા કિસ્સા પ હિન પરિવારમેં ઊભા થીંધ રયા.

ઠાકરશી લાધાજી વડી ધી કંકુબાઈકે નિંઢી ઉંમરમેં જ વિધવાપણું આયો. બાઈજે જીયણમેં જ્ઞાન નેં સેવાભાવ અચે તીં સચી શાંતિ જુડે હુન દૃષ્ટિસે હંસરાજ ભીમશીજા વિધવા પાંચીબાઈ ભેરો સદાગમ સંસ્થા મેં રેલા અચી વ્યા. પાંચીબાઈ સ્વભાવસે શાંત, સંતોષી નેં વડો મન રખીને હલંધા હોઆ ઇતરે ઇનીજે સંસ્કારેજી મહેક કંકુબાઈ ભેરા પાનબાઈ તે પ પ્યા. કુલા ક પાંચીબાઈ કુ. પાનમેં રેલ કુધરતી શક્તિજે વિકાસલા ઇનીકે પ સંસ્થામેં કુઠી આયા વા. બાઇ હાલાપુરમેં ખાલી અક્ષરજ્ઞાન ગ઼નલ હો નેં ચોડો વરેજી ઉંમરમેં કોડાય સંસ્થામેં અચીને હિની પિંઢજે જીયણ જે કેડ઼વણી જા બ્યા પાઠ ભણ્યા વા. સંસ્થાજી પ્રવૃતિયું નેં હૂતેજો વાતાવરણ હાણે પાનબાઈકે ગમી વ્યો હો. ઇનીમેં રેલ સુષુપ્ત શક્તિએંકે નેં પિંઢજે વિકાસકે હી જિગ્યા ભારી માફક આવઇ હૂઇ. હિની સંસ્કૃતમેં અભ્યાસ ચાલુ ક્યો. હુઇં મૂર સંસાર તરફ લક્ષ નં રે જે કારાણ બાઇ વૈરાગ્યભાવસે જ અધ્યાત્મજો માર્ગ પસંધ કર્યો.. તેમેં પ ગ્રંથરત્નજા વાંચન-મનન સે હિની આજીવન કૌમાર્ય વ્રત ખપાય ડિનોં.

સં ૧૯૭૫ મેં મહાત્મા ગાંધીજીજો રાષ્ટ્ર સંદેશ કચ્છજે ગામેગામ પુજાયમેં અચીંધો હો તેર કોડાયજી સદાગમ સંસ્થા પ સ્વરાજ્ય નેં આઝાદીજે રંગમેં રંગાણી હુઇ. પાનબાઈ, જીવીબાઇ તિંઇ માંકબાઇકે પ હી રાષ્ટ્રસંદેશ જગાયો. ઇ ત્રોય બાઇયું ગાંધીજીજા ડરસણ કરેલા તીં ઇનીજી વાણી સોણેલા અમદાવાદ મહાસભાજે અધિવેશનમેં વ્યા વા. પાનબાઇ જા પોતરા બુધિચંદભા મારુ ચે તા ક, ગાંધીજીજા પ્રાણપ્રેરક પ્રવચન સોણે પૂંઢ્યા ઇનીકે એંડી લૂણી લગ઼ની લગઇ ક સેવાપ્રિય નેં મમતામયિ આત્મા ગમે તીં પરિસ્થિતિમેં આઝાદી કાજે ખપી વિનેલા તૈયાર થિઇ વિઇ. ઇતરો જ નં હિની સુરતજે પેલે અધિવેશનમેં તીં મુંભઇજે અધિવેશન મેં પ હાજરી ડિનો નેં ઉત સજી જમાર હિની ખાદી ધારણ કરેજો વ્રત પ ગ઼િડો.

પાનબાઈજો રાષ્ટ્રપ્રેમ ત ઉજવળ નેં પ્રદિપ્ત હો. શ્રી વિદ્યાવિજયજી મુનિ પ પિંઢજી કચ્છજી જાત્રા વખતજી નોંધમેં પાનબાઇજી પ્રશંસા કેં વે. બો થી ત્રે વાર જેલમેં વેંધલ સ્વાતંત્ર્ય સેનાની પાનબાઇ કે શિવજીભાઈ મઢડાવારા 'વિવેક વાટિકા' કાવ્યસંગ્રહ મેં 'કચ્છજી સરોજીની' નાંલે સે સંબોધન ડિનોં હો જેંજી અમુક પંક્તિયું નીચે ડનલ આય,

*જેનું સેવાના રંગે રંગાયું જીવન,*
*એ દેવીના દર્શનની અભિલાષ;*
*કરે અર્પણ દેશને તન, મન, ધન,*
*એ દેવીના દર્શનની અભિલાષ;*
*પ્રગટી એ પુણ્યે હાલાપુરમાં,*
*દેશ પ્રેમની જ્યોત એના ઉરમાં;*
*એણે પ્રસરાવી જગમાં કચ્છની સુવાસ.* ■

# એક નજર ઇધર ભી...

અનંત મામતોરા
feedback@bombaysamachar.com

## સફળ ફેમિલી બિઝનેસ છોડી હેન્ડિક્રાફ્ટ તરફ વળ્યું આ દંપતી

**બગરુના** પ્રાચીન હસ્તકલા ગામથી લઈને આધુનિક ઘરો સુધી, પુનિત અગ્રવાલ અને ચાંદની ગુપ્તાએ ઓરમ ક્રાફ્ટ્સની સ્થાપના કરી છે, જે સ્થાનિક કારીગરો દ્વારા હાથથી બનાવેલા લાકડાના રસોડાનાં વાસણોમાં નિષ્ણાત છે.

રાજસ્થાનના બગરુની સાંકડી ગલીઓમાંથી પસાર થતાં તમને એવા કારીગરો દેખાશે, જે લાકડાના બ્લોક્સને સમૃદ્ધ રંગોમાં ડુબાડી, તેની કાપડમાં ડિઝાઇન બનાવી રહ્યા હશે.

બીજી તરફ લાકડામાં હસ્તકલા કરતાં કારીગરો પણ દેખાશે જે હાથેથી લાકડામાં સુંદર કોતરણી કરી રહ્યા હશે અને જેમણે પેઢી દર પેઢી હસ્તકળામાં નિપુણતા મેળવી છે.


પુનિત અગ્રવાલ – ચાંદની ગુપ્તા

જયપુરનાં એક દંપતીએ આધુનિક સમયની સૌંદર્યલક્ષી સંવેદનાઓને પ્રદેશની વર્ષો જૂની વુડનવર્ક અને હેન્ડ પેઇન્ટિંગ સાથે મર્જ કરવાનો માર્ગ શોધી કાઢ્યો છે. ઓરમ ક્રાફ્ટ્સના પુનિત અગ્રવાલ અને તેમની પત્ની, ચાંદની ગુપ્તા, હાથ બનાવટના કિચનવેર સાથે તેમની છાપ બનાવી રહ્યા છે, જે સાબિત કરે છે કે ટકાઉ અને ધીમી ઉત્પાદિત ઉત્પાદનો લોકો, સ્થાનિક સમુદાયો અને સ્થાપકો માટે એક નફાકારક સાહસ બની શકે છે.

પુનિત અને ચાંદની માટે, જયપુરની વિશાળ કલા અને હસ્તકલાની વ્યક્તિગત અનુભૂતિ દરમિયાન ઓરમ ક્રાફ્ટ્સનો વિચાર આકાર લેવા લાગ્યો. એક કોમ્પ્યુટર એન્જિનિયરની ટ્રેનિંગ લીધી હોવા છતાં કારકિર્દીની શરૂઆતમાં પુનિત તેના પિતાના મેટલ ફેબ્રિકેશનના વ્યવસાયમાં જોડાયો. કૌટુંબિક વ્યવસાયમાં સફળતા અને સ્થિરતા હોવા છતાં, તેનું આ કામમાં મન લાગતું ન હતું.

'આખરે, તે સમય આવ્યો જ્યારે અમે કંઈક એવું કરવા માગતાં હતાં જે જીવનના સર્જનાત્મક પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે'. એવું ચાંદની કહે છે.

'ઓરમ', સોના માટે લેટિન શબ્દ, જે બ્રાન્ડ માટેની ઓળખ દર્શાવે છે. 'મને યોગ્ય નામ શોધવામાં છ મહિના લાગ્યા કારણ કે હું કંઈક એવું ઇચ્છતો હતો જે આ વ્યવસાય અને આ કારીગરીનું મૂલ્ય દર્શાવે.' પુનિત કહે છે. પરંપરાગત ડિઝાઇનને આધુનિક સૌંદર્ય શાસ્ત્ર સાથે મિશ્રિત કરતા 'ઓરમ ક્રાફ્ટ્સ'માં બ્રાન્ડ માર્કેટિંગ અને સોશિયલ મીડિયા દેખરેખ રાખતી ચાંદની જણાવે છે કે 'હેન્ડીક્રાફ્ટના ઉદ્યોગને જીવંત રાખવા માટે અમે આ મહેનત કરી રહ્યા છીએ.'

દંપતી તેમની હસ્તકળા માટે જરૂરી લાકડાને સ્થાનિક રીતે જયપુર અને જોધપુરના પ્રખ્યાત હેન્ડીક્રાફ્ટ કેન્દ્રોમાંથી ખરીદે છે તેઓ સુનિશ્ચિત કરે છે કે જેઓ કાચા માલનો સપ્લાય કરે છે અને જેઓ તેને બનાવે છે તેઓને યોગ્ય ચૂકવણી કરવામાં આવે.

લાકડાની ચીઝ પ્લેટર, સર્વિંગ ટ્રે, કટિંગ બોર્ડ અને બાઉલ્સ સહિતની પ્રોડક્ટ રેન્જ સેમી હેન્ડીક્રાફ્ટ અને હાથથી પેઇન્ટ કરેલી છે, જે પરંપરાને આધુનિકતા સાથે મર્જ કરે છે. લાકડાને મશીનો દ્વારા પ્રોસેસ કરવામાં આવે છે, કાપવામાં આવે છે અને ઘસવામાં આવે છે અને દરેક ભાગની એસેમ્બલી અને ફિટિંગ હાથ દ્વારા કરવામાં આવે છે. હેન્ડ-પોલિશિંગ સહિત ફિનિશિંગ ટચ પણ મેન્યુઅલી કરવામાં આવે છે. મશીન-આસિસ્ટેડ અને હાથથી બનાવેલી કારીગરીનું આ સંયોજન પરંપરાગત લાકડાના કામની અધિકૃતતા જાળવી રાખે છે.

બિઝનેસ બેકગ્રાઉન્ડમાંથી આવતા હોવા છતાં, પુનિત અને ચાંદની બંનેને પ્રોડક્ટ ડિઝાઇન, મેન્યુફેક્ચરિંગ અને કારીગરો સાથે કામ કરવાનો થોડો અનુભવ હતો. તેમણે પરંપરાગત છૂટક વેચાણની પદ્ધતિને અવગણીને ઓનલાઇન, ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર મોડલ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય પણ લીધો. પુનિતનું માનવુ હતું કે ભવિષ્ય ઓનલાઈન બિઝનેસનું છે. પરંતુ ઓનલાઈન બિઝનેસ શરૂ કર્યા બાદ તેમણે ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો. પરંતુ ટ્રાયલ એન્ડ એરર દ્વારા તેઓ ઘણું શીખી ગયા. આ દંપતીએ બગરુ પ્રદેશના કેટલાક પ્રતિભાશાળી કારીગરો સાથે નજીકથી કામ કર્યું છે. ચાંદનીએ તેમની હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ કંઇ રીતે બને છે તે જાણવા માટે પ્રોડક્શન હાઉસની પણ મુલાકાત લીધી, જેથી તે હેન્ડીક્રાફ્ટની વસ્તુના ખરીદદારોને પણ આ વિશે જણાવી શકે.

દર મહિને પાંચ લાખની આવક ધરાવતા ઓરમ ક્રાફ્ટ્સના પુનિત અને ચાંદની તેમના ટકાઉપણું, સર્જનાત્મકતા અને સામાજિક જવાબદારીના મૂલ્યો માટે ખૂબ જ પ્રતિબદ્ધ છે. પુનિત કહે છે, 'અમે એવી બ્રાન્ડ બનાવવાનું ચાલુ રાખવા માગીએ છીએ જે અમારા મૂળને પ્રતિબિંબિત કરે અને અર્થપૂર્ણ, હેન્ડીક્રાફ્ટ ઉત્પાદનો માટેની લોકોની ઇચ્છાને અનુરૂપ હોય.' તેઓ તેમની પ્રોડક્ટ લાઇનને વિસ્તૃત કરવાની અને સમગ્ર વિશ્વમાં વધુ ગ્રાહકો સુધી પહોંચવાની આશા રાખે છે. ■

રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

## શિયાળાની મોસમમાં તમારો બગીચો વેરાન બનતો અટકાવો



**શિયાળાની** મોસમ શરૂ થવાની સાથે જ હરિયાળો રહેતો મની પ્લાન્ટ ખરાબ થવા લાગતો હોય છે. તેનાં પાંદડાં પીળાં થઇને ખરવા લાગતાં હોય છે. તેનો ગ્રોથ પણ અટકી જતો હોય છે. વધુ પડતી ઠંડીને કારણે એ ખલાસ થઇ જતો હોય છે. તુલસીનો છોડ પણ શિયાળાની શરૂઆતમાં મુરઝાઈ જતો હોય છે અને તેના પર જો ઝાકળ પડી જાય તો એ પૂરી રીતે સુકાઈ જતો હોય છે. કૂંડામાં મૂકવામાં આવેલા બીજા નાના છોડ પણ ઠંડીને કારણે ખરાબ થઇ જતા હોય છે. શિયાળાની શરૂઆત થાય એ પહેલાં ઠંડીનો પ્રકોપ તમારા હર્યાભર્યા બગીચાને વેરાને કરી દે એ પહેલાં થોડા ઉપાય કરશો તો તમારા એ છોડ હર્યાભર્યા રહેશે.

**પાણી આપો પણ ઓછી માત્રામાં**

શિયાળાની મોસમમાં છોડોને ઓછાં પાણીની જરૂર રહેતી હોય છે. તેને રોજ પાણી આપો તો એ ખરાબ થવાની સંભાવના રહેતી હોય છે. કૈક્ટ્સ અને સેકુલૈંટ્સ જેવા છોડને તો પાણીની જરૂર અન્ય છોડ કરતાં પણ ઓછી રહેતી હોય છે. કૂંડામાં માટી જ્યારે સુકાયેલી દેખાય ત્યારે જ શિયાળામાં તેને પાણી આપવું જોઇએ.

**જંતુઓથી બચાવો**

શિયાળાની મોસમમાં હવાનું દબાણ ઓછું રહેતું હોવાથી અને તડકો બહુ ઓછી માત્રામાં રહેતો હોવાથી છોડોમાં જંતુઓ થવાની સંભાવના રહેતી હોય છે. આના માટે પેસ્ટિસાઈડ્સનો છંટકાવ કરો. જો બની શકે તો કુદરતી પેસ્ટિસાઈડ્સનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરો.

**છોડનું સ્થાન બદલાવો**

જો તમારો છોડ ખુલ્લી જગ્યામાં ટેરેસ પર રાખ્યો હોય તો તેના પર પ્લાસ્ટિકનું કવર નાખીને રાખો. કેમ કે તેના પર ઝાકળની અસર ન થાય. છોડોને એવી જગ્યાએ રાખો જ્યાં તેને ઠંડી અને બરફવાળી હવા ન લાગે. તેને ઘરની અંદર કોઇ તડકો આવતો હોય એવા સ્થાન પર રાખો કે પછી બારીની નજીક બાલ્કનીમાં રાખો.

**માટી ઉપર સૂકાં પાંદડાં રાખો**

શિયાળામાં છોડોના મૂળને બચાવવા ખૂબ જરૂરી છે. આ માટે તેની માટી ઉપર સૂકાં પાંદડાં, ઘાસ કે પછી લાકડીની એક નાનકડી છાલનો ઉપયોગ કરી શકો છો. આને કારણે છોડને ગરમી મળતી રહે છે અને તેનું તાપમાન પણ સ્થિર રહે છે.

**થોડા સમયે પાંદડાં કાપવાં**

વધારે ઠંડી લાગવાથી જે છોડોનાં પાંદડાં પીળાં થઇ જતાં હોય છે, તેને હટાવી નાખો. આને કારણે તેનો ગ્રોથ અટકી જાય છે અને તેને કારણે બહારના રોગો અને જંતુઓથી પણ તેનો બચાવ થઇ શકે છે.

**વધુ ખાતર ન નાખો**

ઉનાળાની સરખામણીએ શિયાળાની મોસમમાં છોડોનો ગ્રોથ ખૂબ ધીમો થતો હોય છે. કેમ કે છોડ સુષુપ્તાવસ્થામાં રહેતા હોવાથી અને જો તેને વધારે ખાતર આપવામાં આવે તો તેનાં પાંદડાં ખરાબ થઇ શકે છે અને છોડ પણ મરી શકે છે. એટલે એ દિવસોમાં છોડને ઓછું ખાતર આપવું જોઇએ.

**છોડોને કવર કરો**

ખેતરોમાં લાગેલી શાકભાજી કે પછી રુફ ગાર્ડન જ્યાં તમે છોડોને ઘરમાં ટ્રાન્સફર નથી કરી શકતા, એવા છોડોને શિયાળાની ઠંડીથી બચાવવા માટે તેને પોલિથિન, ન્યૂઝ પેપર, પ્લાસ્ટિકની ગૂણ, પ્લાસ્ટિકનાં બોક્સ ઢાંકીને રાખવાં જોઇએ. જેને કારણે ઠંડીમાં પડતી ઝાકળથી બચાવી શકાય.

**તડકો પણ જરૂરી છે**

શિયાળાની મોસમમાં છોડોને કેટલો તડકો આપવો જોઇએ, એનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. ઈન્ડોર પ્લાન્ટ્સને પણ સમયાંતરે તડકો આપવો જરૂરી છે અને તેને પણ એવી જગ્યા પર રાખો, જ્યાં તડકો આવતો હોય. ફળ અને ફૂલોના છોડોને વધારે તડકાની જરૂર રહેતી હોય છે, તો એને લાંબા સમય સુધી ખુલ્લી જગ્યામાં રાખવા જોઇએ.

**કૂંડાની માટીને ખોદવી**

ઠંડીના દિવસોમાં છોડનાં મૂળિયાંને શ્વાસ લેવા માટે તાજી હવા મળતી રહે અને તેનો ગ્રોથ સારી રીતે થાય એ માટે તેમાં થોડા થોડા દિવસે કૂંડામાંની માટીને ખોદીને ફરી વાર નાખવાનું કરવું જોઇએ. છોડની સૂકી ડાળીઓ, પીળાં પાંદડાને કાપીને અલગ કરી નાખો, જેનાથી એનો ગ્રોથ ન અટકે. ■

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

## આજના યુવાન બહુ ઝડપથી ડિજિટલ એલર્જીનો શિકાર બની રહ્યો છે!



**ડિજિટલ** એલર્જી એ એક સંપૂર્ણપણે નવી અને જીવલેણ લાઇફસ્ટાઇલ સમસ્યા છે, જે આ દિવસોમાં માત્ર વિકસિત પશ્ચિમી વિશ્વમાં જ નહીં, પણ ભારતમાં પણ યુવાનોને પોતાનો શિકાર બનાવી રહી છે. આ એલર્જી વાસ્તવમાં ડિજિટલ ઉપકરણોના વધુ પડતા ઉપયોગ અને દિવસેને દિવસે વધતા સ્ક્રીન ટાઇમને કારણે થઈ રહી છે. જો કે, 'ડિજિટલ એલર્જી' એ કોઈ મેડિકલ ટર્મ નથી અને ન તો તેની સારવાર દવાઓથી થઈ શકે છે. વાસ્તવમાં, આ ડિજિટલ ઉપકરણોના વધુ પડતા ઉપયોગથી ઉદ્‌ભવતી સમસ્યા છે, જેનું સૌથી મોટું કારણ ઇન્ટરનેટ અથવા તેના દ્વારા બનાવેલ વર્ચ્યુઅલ વિશ્વ છે. આજની યુવા પેઢીમાં, ખાસ કરીને મહાનગરોમાં ઉછરેલી પેઢીમાં, શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્તરે ડિજિટલ એલર્જીના ખતરનાક લક્ષણો દેખાવા લાગ્યા છે.

આ દિવસોમાં, યુવાનોમાં ડિજિટલ આઇ સ્ટ્રેનની સમસ્યા જોવા મળી રહી છે જેમાં બળતરાં, અસ્પષ્ટ દ્રષ્ટિ અને આંખોમાં શુષ્કતાનો સમાવેશ થાય છે.

સતત કલાકો સુધી મોબાઈલ અને લેપટોપમાં વ્યસ્ત રહેવાને કારણે માથાનો દુખાવો હવે યુવાનોની કાયમી સમસ્યા બની ગઇ છે.

આ ડિજિટલ એલર્જી યુવાનોમાં ઊંઘના ઘટાડાને કારણે જોઈ શકાય છે. વાસ્તવમાં, સતત મોબાઈલ અને લેપટોપ પર રહેવાને કારણે, બ્લૂ લાઇટની ખતરનાક અસર એટલી વધી ગઈ છે કે તેમની ઊંઘની પેટર્ન પણ બદલાઈ ગઈ છે.

સામાન્ય રીતે, આ દિવસોમાં, મહાનગરોના યુવાનો રાત્રે ૨.૩૦ થી ૩ વાગ્યે સૂવે છે અને સવારે ૮ થી ૮.૩૦ વાગ્યે વારંવાર ઉઠાડવા બાદ મુશ્કેલીથી ઊઠી શકે છે અને દિવસભર ઊંઘમાં રહે છે.

આજકાલ યુવાનોમાં પીઠનો દુખાવો અને ગરદનનો દુખાવો સામાન્ય બની ગયો છે. વાસ્તવમાં, આ સમસ્યા લાંબા સમય સુધી વાંકા વળીને ડિજિટલ ઉપકરણો સાથે વ્યસ્ત રહેવાને કારણે ઊભી થઈ છે.

એ જ રીતે મોબાઈલના કીબોર્ડ પર ટાઈપ કરવા માટે અંગૂઠાનો સતત ઉપયોગ કરવાને કારણે તેના હાથોમાં દુખાવો થવા લાગે છે અને તે સમયાંતરે સુન્ન થવા લાગે છે.

ડિજિટલ એલર્જીના લક્ષણો માત્ર શારીરિક રીતે જ નથી દેખાતાં, તેના માનસિક લક્ષણો પણ આ યુવાનોમાં જોવા મળી રહ્યાં છે, જેમ કે અન્ય સમય કરતાં આ દિવસોમાં તેમનામાં વધુ તણાવ અને ચીડિયાપણું જોવા મળે છે. યુવાનોમાં સતત ફોકસનો અભાવ જોવા મળી રહ્યો છે. તે સતત ડિપ્રેશન અને ચિંતાથી પીડાય છે. હકીકતમાં, આ સોશિયલ મીડિયામાં રહેલી ભયંકર નકારાત્મકતાને કારણે છે. એટલું જ નહીં આ દિવસોમાં યુવાનોમાં જબરદસ્ત સોશિયલ આઇસોલેશન જોવા મળી રહ્યું છે. મોટાભાગનો સમય ડિજિટલ વિશ્વમાં વ્યસ્ત હોવાને કારણે, યુવાનોમાં વાસ્તવિક સામાજિક સંપર્કનો અભાવ હોય છે. પારિવારિક સંબંધો અને સંબંધીઓ માટે તેમની પાસે બિલકુલ સમય નથી. ડિજિટલ એલર્જીના કારણે યુવાનોના ટાઇમ મેનેજમેન્ટ પર ખરાબ અસર પડી છે. તેઓ ડિજિટલ પ્રવૃત્તિઓમાં ધાર્યા કરતાં વધુ સમય વિતાવી રહ્યા છે અને જ્યારે અન્ય મહત્ત્વપૂર્ણ કાર્યો માટે સમય બચતો નથી, ત્યારે તેઓ અત્યંત ચિડાઈ જાય છે.

હાલમાં ભલે ખુલ્લેઆમ ન કહી શકાતું હોય અથવા દરેક વ્યક્તિ કદાચ આ શબ્દથી પરિચિત ન હોય, પરંતુ 'ડિજિટલ એલર્જી' આજે યુવાનો માટે એક નવી લાઇફસ્ટાઇલ ડિઝીઝ જેવી બની ગઈ છે. આ કારણે ડિજિટલ ડીવાઈસ પર યુવાનોની નિર્ભરતા અન્ય સમય કરતા વધુ વધી છે. આજે યુવા પેઢી તેનું ત્રણ-ચતુર્થાંશ કામ ડિજિટલ ઉપકરણો દ્વારા કરી રહી છે. પછી તે અભ્યાસ હોય, ઓફિસનું કામ હોય, મનોરંજન હોય કે પછી સામાજિક સંપર્કો માટે લોકો સાથે જોડાયેલા રહેવાનું હોય. બધું માત્ર ડિજિટલ ઉપકરણો દ્વારા જ થઈ રહ્યું છે. આ કારેલા પર લીમડો ત્યારે ચડ્યો જ્યારે કોવિડ-૧૯ને કારણે સમગ્ર વિશ્વમાં 'વર્ક ફ્રોમ હોમ'ની સંસ્કૃતિએ જોર પકડ્યું. તેના કારણે યુવાનોના ૨૪ કલાકના સ્ક્રીન ટાઈમમાં પણ ઘણો વધારો થયો. હદ તો એ છે કે વર્ક ફ્રોમ હોમને કારણે મોટાભાગે સ્ક્રીનની સામે રહેવાના કારણે ઘણા લોકો માટે વર્ક ફ્રોમ હોમ સમસ્યા બની ગઈ.

વાસ્તવમાં, ઘરેથી કામ કરતી વખતે ઓફિસમાં જવાની જે સ્વતંત્રતા મળી છે તેનાથી આપણને લાગે છે કે આપણે એકદમ સ્વતંત્ર બની ગયા છીએ. પરંતુ કર્મચારીઓ ઓફિસમાં ન આવવાને કારણે એમ્પ્લોયર ઘણા પ્રકારના મૂળભૂત ખર્ચમાં ઘટાડો કરી શકે છે, સાથે જ તેને માનસિક રીતે એવું લાગે છે કે ઘરેથી કામ કરતા કર્મચારીઓ ઓછું કામ કરે છે. આ કારણોસર, એમ્પ્લોયર ઘરેથી કામ કરતા કર્મચારીઓ પર મહત્તમ કામ અને લક્ષ્યોનું દબાણ લાવે છે. આનું એક કારણ એ પણ છે કે કર્મચારીઓ ઓફિસ ન આવવાના કારણે ઘરેથી ઓફિસ જવા અને ઓફિસથી ઘરે આવવા વચ્ચે જે સમય બચે છે તેનો તેઓ મહત્તમ લાભ લઈ શકે છે. તેથી ઘરેથી કામ કરતા કર્મચારીઓ પર કામનું વધુ દબાણ નાખવામાં આવે છે.

આ બધાને કારણે યુવાનોમાં ડિજિટલ એલર્જીની પકડ મોટા પાયે મજબૂત થઈ રહી છે. તેમની પર માનસિક બીમારીઓનું જોખમ વધી રહ્યું છે. શારીરિક વિકાસ પ્રભાવિત થઈ રહ્યો છે, સંબંધો અને સામાજિક જીવન અવરોધાઈ રહ્યું છે અને તેમના કામમાં ઉત્પાદકતા અને સર્જનાત્મકતાનો પણ અભાવ છે. આવી સ્થિતિમાં, વિશ્વભરના મનોવૈજ્ઞાનિકો લોકોને ડિજિટલ એલર્જી વિશે સાવચેત રહેવાની ચેતવણી આપી રહ્યા છે અને આ માટે કેટલાક સરળ ઉપાય પણ આપી રહ્યા છે, જેમ કે ડિજિટલ એલર્જીથી બચવાના કેટલાક ઉપાયો આ પ્રમાણે છે-

દરરોજ થોડા કલાકો માટે ડિજિટલ ડિટોક્સ કરો એટલે કે ડિજિટલ ઉપકરણોથી દૂર રહો. અઠવાડિયામાં એક દિવસ સંપૂર્ણપણે ડિજિટલ ઉપકરણો વિના વિતાવો, તો જ તમે ઓફિસની માનસિક ગૂંચમાંથી દૂર રહી શકશો.

મનોવૈજ્ઞાનિકો કહે છે કે સ્ક્રીન પર સતત તાકી રહેવાને કારણે, જ્યારે આપણે અચાનક ૨૦ ફૂટ કે તેથી વધુ દૂર જોઈએ છીએ, ત્યારે આંખો મોટી થઈ જાય છે અને તણાવ અનુભવવા લાગે છે. તેથી, દર ૧૫-૨૦ મિનિટ પછી, આપણે આપણી આંખો સ્ક્રીન પરથી હટાવીને ઓછામાં ઓછી એક મિનિટ માટે દૂર જોવું જોઈએ. ■

**ભાવનગર ગ્રીનસીટી સંસ્થા દ્વારા વૃક્ષોને રોજ ૬૦૦૦૦ લીટર પાણીનું સિંચન**

## ભાવનગરમાં ઔદ્યોગિક ક્રાંતિ ભલે ન થઈ પરંતુ ગ્રીનસીટીએ હરીયાળી ક્રાંતિ જરૂર લાવી દીધી

**શેઠ બ્રધર્સના યુવા ઉદ્યોગપતિ દેવેનભાઈ શેઠનું સરાહનીય કાર્ય**



રાજકોટ તથા અન્ય શહેરોની સરખામણીમાં ભાવનગર શહેર ઉદ્યોગ ક્ષેત્રે ઘણું જ પાછળ રહી ગયુ છે. આમાં નેતાઓની નિષ્ક્રિયતા, પ્રજામાં કોઈપણ પ્રશ્નને અવાજ ઉઠાવવાની નીરસતા તથા ચેમ્બર ઓફ કોમર્સની મર્યાદા મુખ્ય કારણભૂત છે. પરંતુ ભાવનગર ગર્વ લઈ શકે તેવું પરિવર્તન છેલ્લા દસકા દરમિયાન જરૂર જોવા મળ્યું છે. અને તે છે ભાવનગરની લીલીછમ હરીયાળી. હાલમાં ભાવનગર શહેર એટલુ હરીયાળુ બની ચૂકયુ છે કે ગાંધીનગર પછી ગુજરાતનું બીજા નંબરનું હરીયાળુ શહેર બની ચૂકયું છે અને આનો સંપૂર્ણ શ્રેય કાયમચૂર્ણ વાળા શેઠ બ્રધર્સ પરિવારના દેવેનભાઈ શેઠ ને જાય છે. દેવેનભાઈ શેઠ એ તેમની ગ્રીનસીટી એન.જી.ઓ. દ્વારા છેલ્લા ૧૪ વર્ષોથી દર વર્ષે સતત વૃક્ષારોપણ કરી આજ સુધીમાં શહેરમાં આશરે ૨ લાખ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી ચૂકયા છે. દેવેનભાઈ શેઠ માત્ર વૃક્ષારોપણ કરીને જ સંતોષ માનતા નથી. પરંતુ વૃક્ષની સતત ચાર થી પાંચ વર્ષ માવજત કરી, વૃક્ષોનો કાળજીપૂર્વક ઉછેર કરે છે.

તેમનું માનવું છે કે વૃક્ષારોપણ કરેલ કોઈપણ વૃક્ષ પાણીના અભાવે કે યોગ્ય કાળજીના અભાવે સુકાવું ન જોઈએ. દાતાશ્રીઓએ વૃક્ષારોપણ માટે જે ડોનેશન આપ્યું હોય તે કોઈપણ ભોગે વ્યર્થ ન જવું જોઈએ. વૃક્ષોને નિયમિત રીતે પાણી મળી રહે તે માટે ગ્રીનસીટી સંસ્થાના ત્રણ ટેન્કર દિવસ-રાત ફરતા હોય છે. સંસ્થા દ્વારા વૃક્ષોને દિવસનું ૬૦,૦૦૦ લીટર જેટલું પાણીનું સિંચન કરવામાં આવે છે. દેવેનભાઈ જણાવે છે કે વૃક્ષોના પાણી માટે મહીનામાં અંદાજે ૫૦,૦૦૦ રૂપીયા જેટલો ખર્ચ થાય છે. તે ઉપરાંત સ્ટાફનો પગાર, ટેન્કરના ડીઝલનો ખર્ચ વિગેરે મળીને દર મહિને ૨ લાખ જેટલો ખર્ચ વૃક્ષોને લીલાછમ રાખવા માટે થાય છે. આ માટે વર્ષે રૂા. ૨૪ લાખનું અનુદાન દેવેનભાઈ શેઠ પોતે ગ્રીનસીટી સંસ્થાને આપે છે.

ગ્રીનસીટી સંસ્થાએ ભાવનગર કોર્પોરેશનના રોડ પરના ૪૧ જેટલા ડીવાઈડરો દત્તક લીધા છે અને તેના મેઈન્ટેનન્સ માટે પણ ઘણો જ ખર્ચ થાય છે. સંસ્થાને વૃક્ષારોપણ માટે ભાવનગર તથા મુંબઈના અનેક પર્યાવણર પ્રેમી ઉદાર દાતાશ્રીઓનો સહયોગ મળી રહ્યો છે. સંસ્થા ૮૦-જી તથા સી.એસ.આર. સર્ટીફીકેટ ધરાવે છે. એક વૃક્ષના ડોનેશન માટે રૂા. ૩૦૦૦ થાય છે જેમાં ટ્રી- ગાર્ડ પર ડોનરનું કે કંપનીનું નામ લખવામાં આવે છે.

દેવેનભાઈ શેઠ કોઈપણ ભોગે ભાવનગર ને ભારતનું સર્વશ્રેષ્ઠ હરીયાળુ શહેર બનાવવા માંગે છે. આ માટે તેઓ છેલ્લા ૧૪ વર્ષોથી તન-મન અને ધનથી સમર્પિત છે. આમ બધા ભેગા મળીને પણ ભાવનગરમાં ઔદ્યોગિક ક્રાંતિ નથી લાવી શક્યા પરંતુ દેવેનભાઈએ એકલા હાથે વન મેન આર્મીની જેમ હરીયાળી ક્રાંતિ તો જરૂર સર્જી દીધી છે. પર્યાવરણના માર્ગ દર્શન તથા ડોનેશન માટે આપ દેવેનભાઈ શેઠનો મો. નં. ૯૮૭૯૫૧૧૩૫૦ પર સંપર્ક કરી શકો છો.

# ટ્રમ્પની કહીં પે નિગાહે કહીં પે નિશાના

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

અમેરિકન પ્રમુખની ચુટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પના વિજયના મિશ્ર પ્રત્યાઘાતો આવેલા છે. જનરલી એવુ જોવા મળે છે કે અને ૫૦ પ્લસ એજ ગ્રુપના લોકો ટ્રમ્પના વિજયને વધાવે છે કે અમેરિકાને અને વિશ્વને ટ્રમ્પ જેવા કડક નેતાની જરૂર છે જે વિશ્વમાં દરેક જ્ગ્યાએ ચીનની ડખલગીરી અને આતંકવાદીઓને અંકુશમાં રાખી શકે. જ્યારે યુવા પેઢીના મતે ટ્રમ્પ અમેરિકા અને જગત માટે તેની અમેરિકા ફર્સ્ટની કડક નિતીઓના કારણે ખોટી ચોઇસ ગણે છે. એનીવે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫થી ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાની બાગડોર પ્રમુખ તરીકે સંભાળશે, ત્યારબાદના તેના એકશનની દુનિયા કાગની ડાળે રાહ જોઇ રહી છે, પણ તેની ઝલક તો ટ્રમ્પના પનામા કેનાલ અને ગ્રીનલેન્ડ દેશો ટેઇકઓવર કરવાના સ્ટેટમેન્ટથી સંદેશાઓ આપી ચુકયા છે કે આવતા ચાર વર્ષો અમેરિકા અને દુનિયા માટે અકલ્પનીય હશે. ટ્રમ્પના પનામા કેનાલ ગ્રીનલેન્ડ અને કેનેડાને અમેરિકા સાથે ભેળવી દેવાના કથનના કારણે આ દેશોમાં હાહાકાર મચી ગયો છે અને રાહ જુએ છે કે ૨૦ જાન્યુઆરી પછી કયા નવા ડેવલપમેન્ટસ આ દેશોએ જોવા પડશે.

પનામા કેનાલને કંટ્રોલ કરવા પાછળ મોટુ રાજકારણ છુપાયેલુ છે, કારણકે ૧૫ ઓગસ્ટ ૧૯૧૪ના દુનિયા માટે કેનાલ ખુલ્લી મુકાઇ, તે પહેલા તેના કન્સ્ટ્રકશનમાં અમેરિકાનો બહુ મોટો રોલ છે. સૌથી પહેલા ફ્રાન્સે ૧૮૮૧માં પનામા કેનાલ કન્સ્ટ્રકટ કરવાની શરૂઆત કરી હતી. પણ ૧૮૮૯ સુધીમાં ઝેરી જીવજંતુ અને મચ્છરના કારણે મેલેરીયા અને યલો ફીવરનાથી ૨૨૦૦૦ વર્કર્સ મૃત્યુ પામતા ફ્રાન્સે પનામા કેનાલ કન્સ્ટ્રકશનનુ કામ અડધુ છોડી દીધુ.

ચોથી મે ૧૯૦૪ના અમેરિકાએ એટલાન્ટિક ઓશન અને પેસીફીક ઓશનને આર્ટીફીશ્યલ લેકથી ૫૧ કિલોમીટરની પનામા કેનાલ બનાવાનુ કામ હાથમાં લીધું હતું. ૨૦૧૪માં પુરૂ કરેલુ સીવીલ એન્જીનીયરીંગ વર્ક ઇતિહાસમાં એક મહામુશ્કેલ અને યુનિક એચીવમેન્ટ છે, જેમાં શીપ એક મહાસાગરમાંથી બીજા મહાસાગરમાં એક આર્ટીફીશયલ મીઠા પાણીના લેકમાંથી કે જે દરિયાની સપાટીથી ૮૫ ફુટ ઉપરના પ્લેટફોર્મ ઉપર છે તેમાં લીફટ કરીને બીજા મહાસાગરમાં ઉતારવામાં આવે છે, જેમાં એક ટ્રાન્સફરમાં પાંચ કરોડ ૨૦ લાખ ગેલન મીઠુ પાણી વપરાય છે. દુનિયામાં જે શીપ બને છે તેને એવી રીતે બનાવવામાં આવે છે કે તે પનામા કેનાલની સાઇઝ પ્રમાણે જ હોય અને આસાનીથી એટલાન્ટીકથી પેસીફીક અને પેસીફીકથી એટલાન્ટીક મહાસાગરમાં લીફટ કરીને ઉતારી શકાય.

અમેરિકાએ પનામા કેનાલ કન્સ્ટ્રકટ કરવાનુ શરૂ કર્યું ત્યારે કેરીબીયન સી અને પેસીફીક ઓશન વચ્ચે એક નેરો લેન્ડ સ્ટ્રીપ હતી, જે કોલંબીયાના કંન્ટ્રોલમાં હતી. કોલંબીયા અમેરિકાના પનામા કેનાલ કન્સ્ટ્રકટ કરવાના પ્લાનનો વિરોધ કરતું હતું તેથી અમેરિકાએ કોલંબીયામાં રીબેલ ઉભા કયો અને અમેરિકન નેવીએ આ રીબેલીયનોએ બળવો કરાવવામાં રક્ષણ પુરૂ પાડીને કોલંબીયાના ટુકડા કરીને આ લેન્ડ સ્ટ્રીપ ઉપર પનામા દેશ ઉભો કર્યો અને આમ અમેરિકા પનામા કેનાલના કન્સ્ટ્રકટનુ કામ પુરૂ કર્યુ.

૨૦૧૪માં પનામા કેનાલ ખુલી મુકવામાં આવી ત્યારે એક વર્ષમાં ૧૦૦૦ શીપે આ કેનાલનો ઉપયોગ કરેલો કે જેના કારણે એક મહાસાગરમાંથી બીજા મહાસાગરમાં પ્રવેશવાના સમયમાં પાંચ મહિના અને ૮૦૦૦ કિલોમીટરની બચત થઈ. આના કારણે ફ્યુએલ ખર્ચમાં પણ કરોડો રૂપિયાની બચત થઈ. આજે દર વર્ષે ૧૫૦૦૦થી વધારે શીપ આ કેનાલનો ઉપયોગ કરી અબજો ડોલર્સ ટોલ ટેકસના ચુકવે છે, જેમાં મોટા ભાગના જહાજો અમેરિકન્સ છે.

પનામા કેનાલ અમેરિકન કંટ્રોલમાં હોવાના કારણે ૧૯૬૪માં યુએસ કંટ્રોલ પનામાં કેનાલ રીઝનમાં એન્ટી અમેરિકન બહુ મોટો બળવો થયો, જેના કારણે ૧૯૭૭માં અમેરિકન પ્રમુખ જીમી કાર્ટર અને પનામાના મિલીટરી બળવામાં સત્તામાં આવેલા સાશક ટોરીજોશ વચ્ચે કાર્ટર ટોરીજોશ ટ્રીટી સાઈન કરવામાં આવી, જેના અંતગેત ૧૯૯૯ સુધી પનામા કેનાલ અમેરિકા અને પનામાના જોઇન્ટ કંટ્રોલમાં રહેશે અને ૧૯૯૯ પછી તેના પર સંપુણ કબ્જો પનામાનો રહેશે એવું નક્કી થયું હતું અને આમ ૨૦૦૦ની સાલથી પનામા કેનાલ પુરેપુરી પનામાના કંટ્રોલમાં અને આમ ૨૦૦ની સાલથી પનામા કેનાલ પનામા દેશના સંપુણે તાબામાં છે.

પનામા કેનાલથી થતી વાર્ષિક આવક તો પાંચબીલીયન ડોલર્સની છે, જે અમેરિકા માટે સીંગચણા બરાબર છે. જોકે પનામા કેનાલ કંટ્રોલ કરીને અમેરિકા મહાસગરમાં સુરક્ષિત થઈ શકે છે તેથી ટ્રમ્પ કહી પે નિગાહે કહી પે નિશાનાની જેમ એવું બહાનુ આપે છે કે પનામા કેનાલમાં અમેરિકન શીપને બીજા દેશના શીપના પ્રમાણમાં વધારે ટોલ ટેકસ ચાર્જ કરવામાં આવે છે અને બીજુ કે ચીની સુરક્ષા પનામા કેનાલમાં છે. હકિકત તો એ છે કે ૧૯૯૯ સુધી અમેરિકન સુરક્ષા એજન્સી પનામાં કેનાલની સુરક્ષામાં હતી. તેથી અમેરિકા દરિયાઇ રસ્તે સુરક્ષિત મહેસુસ કરતુ હતુ પણ ટ્રમ્પનુ માનવુ છે કે ચીની સુરક્ષા દળોની પનામા કેનાલમાં હાજરી અમેરિકા માટે સારા એંધાણ નથી. ટ્રમ્પનુ માનવુ છે કે જ્યાં કોલંબીયા અને ફ્રાન્સ પનામા કેનાલ બનાવવમાં નિષ્ફળ ગયા તે કામ અમેરિકાએ તેના ૧૨૦૦૦ કારીગરોએ જીવ ગુમાવીને પુરી કરી અને જેમાં મોટા ભાગની રેવન્યુ અમેરિકન શીપમાંથી આવે છે તો શા માટે જીમી કાર્ટરે ૨૦૦૦થી પનામા કેનાલનો સંપુણે કંટ્રોલ પનામા સરકારને સોંપી દીધો તે અમેરિકાના હિતમાં નથી તેટલા માટે પનામા કેનાલના જન્મદાતા અમેરિકા હોય તે સ્વભાવીક રીતે તેના તાબામાંજ હોવી જોઈએ. અમેરિકા હકિકતમાં પનામા કેનાલમાંથી પસાર થતા દરેક શીપ અને તેના કાર્ગો ઉપર આર્થીક અને સુરક્ષાની દ્રષ્ટીએ બાજ નજર રાખવા માગે છે, જેથી દરિયાઈ રસ્તે અમેરિકા ફરી સુરક્ષીત થઇ જાય.

પાછલા ચાર વર્ષમાં અમેરિકાના પ્રમુખ જો બાઇડનના નબળા સાશનના કારણે અમેરિકા વર્લ્ડ પોલીટીકસમાં તેની પક્કડ ગુમાવતુ જઇ રહ્યું છે કારણકે પોલીટીકસ એ બહુ આટીઘુટીવાળી ગેમ છે અને ટ્રમ્પ તેમાં તેની મહાનતા પનામા અને ગ્રીનલેન્ડનો કંટ્રોલ હાથમાં લઈને પ્રુવ કરવા માગે છે.

કહેવાય છે કે શ્રુડનેશ ઇઝ ધ એસેન્શિયલ રીકવાર્યમેન્ટ ફોર સકસેસ ઇન પબ્લીક લાઇફ. -આ લેખ સાથે ઓપીનીયન કોલમ ૧૭માં વર્ષમાં પ્રવેશ કરે છે. મુ.સ.ના મેનેજમેન્ટ અને સ્ટાફના સભ્યોના સહકાર બદલ અને વાંચકોના સ્નેહ અને આર્શીવાદ બદલ આભાર.

## રિઝર્વ બેન્ક નવી સહકારી બેન્ક શરૂ કરવા લાઈસન્સ આપવાનું ફરી શરૂ કરશે

નવી દિલ્હીઃ રિઝર્વ બેન્ક નવી સહકારી બેન્ક શરૂ કરવા લાઈસન્સ આપવાનું ફરી શરૂ કરશે, એવા સંકેત સાંપડ્યા છે. કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે દેશના દરેક શહેર અને ગામડાઓમાં સહકારી બેન્કની સંખ્યામાં વધારો થાય, ત્યારે બીજી તરફ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ છેલ્લા ૨૦ વર્ષથી સહકારી બેન્કની સ્થાપના કરવા માટે લાયસન્સ આપવાનું અટકાવી જ દીધું છે.

માધવપુરા મર્કેન્ટાઇલ કોઓપરેટિવ બેન્કમાં કેતન પારેખ દ્વારા કરવામાં આવેલા ફ્રોડ થયા બાદ ગુજરાતની ૭૦થી ૮૦ જેટલી સહકારી બેન્ક ફડચામાં ગઈ હોવાથી રિઝર્વ બેન્કે સહકારી બેન્ક ચાલુ કરવા માટે નવા લાયસન્સ આપવાનું જ બંધ કરી દીધું છે. આ સ્થિતિમાં હવે ગમે ત્યારે નવી સહકારી બેન્કની સ્થાપના કરવા માટેના લાયસન્સ આપવાનું ચાલુ કરી દેવામાં આવે તેવી સંભાવના છે.

વર્ષ ૧૯૯૩થી ૨૦૦૧ સુધીના આઠ વર્ષના ગાળામાં રિઝર્વ બેન્કે સહકારી બેન્ક ચાલુ કરવા માટે ૮૨૩ લાઈસન્સ ઈશ્યૂ કર્યો હતા. પરંતુ આ બેન્કનું સંચાલન વ્યવસ્થિત ન થતાં તેમાંથી અંદાજે ૩૫ ટકા બેન્કોની આર્થિક હાલત બહુ જ ખરાબ થઈ ગઈ હતી. તેથી જ કદાચ રિઝર્વ બેન્કે નવી સહકારી બેન્કો ચાલુ કરવા માટે લાયસન્સ આપવાનું બંધ કરી દીધું હતું.

રિઝર્વ બેન્કે તાજેતરમાં જ બહાર પાડેલા ટ્રેન્ડ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેન્કિંગ ઈન ઈન્ડિયા અંગેના અહેવાલમાં આ સંદર્ભના સંકેત આપ્યા છે. ઉપરોક્ત નાણાકીય દૂર્ઘટનાને પરિણામે પાછલા વીસ વર્ષમાં સહકારી બેન્કોની સંખ્યા ૧૯૨૮થી ઘટીને ૧૪૭૨ પર આવી ગઈ છે.

દરમિયાન નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને નાના અને મોટા શહેરોની સહકારી બેન્કના માધ્યમથી ધિરાણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરવાની નેમ છે. દરેકના હાઉસિંગ અને એજ્યુકેશન લોન સરળતાથી અને નિશ્ચિતપણે મળી જાય તેવી વ્યવસ્થા ઊભી કરવા માગે છે.

આ જ રીતે કૃષિ અને કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓ માટે પણ સરળતાથી ધિરાણ મળી જાય તેવી વ્યવસ્થા ઊભી કરવા માગે છે.

રિઝર્વ બેન્ક હવે માત્ર એક શહેર કે વિસ્તારમાં ઓપરેટ કરતી સહકારી બેન્કને બદલે એક કરતાં વધુ રાજ્યોમાં સક્રિય બનીને કામ કરે તેવી સહકારી બેન્કોની સંખ્યામાં વધારો થાય તે માટેના પ્રયાસ કરી રહી છે.

## રોકાણકારોએ બોન્ડ તથા સ્ટોક માર્કેટમાંથી ત્રણ અબજ ડૉલર ઉઠાવી લીધાં!



મુંબઈ : ડોલર સામે રૂપિયામાં સતત દસ સપ્તાહથી એકધારું ધોવાણ જોવા મળ્યું છે. વિદેશી હૂંડિયામણ બજારમાં ડોલર સામે રૂપિયાના ભાવ વિકલી ધોરણે છેલ્લા સતત ૧૦ સપ્તાહથી ઘટતા જોવા મળ્યા છે. અમેરિકામાં બેરોજગારીના દાવા ઘટયા પછી જોબગ્રોથના આંકડાઓ પર ખેલાડીઓની નજર રહી હતી. આ મહિનામાં ફોરેન ઈન્વેસ્ટરોએ સ્ટોક તથા બોન્ડ બજારમાંથી આશરે ત્રણ અબજ ડોલર વિથ ડ્રો કર્યાની ચર્ચા હતી.

દરમિયાન, અમેરિકામાં જોબલેસ કલેઈમ્સ બેરોજગારીના દાવા બે લાખ ૧૧ હજારથી ઘટી બે લાખ એક હજાર આવ્યાના સમાચાર હતા. અમેરિકામાં નવા પ્રમુખની સોગંદવિધી ૨૦મી જાન્યુઆરીએ થવાની છે અને નવા પ્રમુખ ટ્રમ્પની નીતિ જોતાં ત્યાં ફુગાવાનો દર ઉંચો રહેવાની શક્યતા છે તથા તેના પગલે ત્યાં ફુગાવાનો દર ઉંચો રહેવાની શક્યતા છે તથા તેના પગલે ત્યાં હવે પછી વ્યાજના દરમાં ઘટાડો ધીમો પડશે તથા ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધુ વધી ઉંચામાં ૧૧૦ની ઉપર જતો રહેશે એવી ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા.

આવા સંજોગોમાં મુંબઈ કરન્સી બજારમાં રૂપિયો વધુ ગબડી રૂ.૮૬.૨૫થી ૮૬.૫૦ સુધી ઉતરી જવાની ભીતિ બજારમાં બતાવાઈ રહી હતી. જો કે આવા સંજોગોમાં હવે રિઝર્વ બેન્કના નવા ગવર્નરની ભૂમિકા પર બજારની નજર રહી હતી.

વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ ત્રણ ટકા ઉછળતાં તથા ભાવ ઉંચામાં બેરલના ૮૦ ડોલર નજીક પહોંચતા તેની અસર પણ રૂપિયા પર નેગેટીવ જોવા મળી હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

રૂપિયાની નબળાઈ વચ્ચે ફોરેકસ રિઝર્વ વધુ ઘટીને ૬૩૪.૫૮ અબજ ડોલર રહ્યું

ત્રીજી જાન્યુઆરીના સમાપ્ત થયેલા સપ્તાહમાં દેશનું ફોરેકસ રિઝર્વ ૫.૬૯ અબજ ડોલર ઘટી ૬૩૪.૫૮ અબજ ડોલર રહ્યું હતું. તે અગાઉના સપ્તાહમાં રિઝર્વમાં ૪.૧૧ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. ભારતીય શેરબજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત વેચવાલીને પરિણામે ફોરેકસ રિઝર્વમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

રૂપિયામાં વોલેટિલિટીને ટાળવા રિઝર્વ બેન્ક દ્વારા કરન્સી માર્કેટમાં સતત દરમિયાનગીરી પણ ફોરેકસ રિઝર્વમાં ઘટાડાનું એક કારણ રહ્યું છે. ડોલર સામે રૂપિયો નબળો પડી હાલમાં ૮૬ની આસપાસ પહોંચી ગયો છે. બીજી બાજુ ગોલ્ડ રિઝર્વનો આંક ૮૨.૪૦ કરોડ ડોલર વધી ૬૭.૦૯ અબજ ડોલર રહ્યો છે. ગયા વર્ષના સપ્ટેમ્બરના અંતે એકંદર ફોરેકસ રિઝર્વ ૭૦૪.૮૮ અબજ ડોલર સાથે ઓલટાઈમ જોવાયું હતું.

## ઓટોમોબાઈલ ક્ષેત્રે નવો રેકોર્ડઃ દેશમાં પ્રથમ વખત કારનું વાર્ષિક વેચાણ ચાલીસ લાખને વટાવી ગયું

નવી દિલ્હીઃ ભારતમાં કારનું છૂટક વેચાણ એક વર્ષમાં પ્રથમ વખત ચાલીસ લાખને વટાવી ગયું છે. ૨૦૨૪ દરમિયાન દેશમાં ૪૦.૭૩ લાખ કારનું વેચાણ થયું હતું. જે ૨૦૨૩માં વેચાયેલી ૩૮.૭૩ લાખ કાર કરતાં ૫.૧૮ ટકા વધુ છે.

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ એસોસિયેશન અનુસાર, ટુ-વ્હીલરનું રિટેલ વેચાણ પણ ગયા વર્ષે ૧૦.૭૮ટકાટકા વધીને ૧.૮૯ કરોડ થયું હતું. તેની સરખામણીમાં ૨૦૨૩માં ૧.૭૧ કરોડ ટુ-વ્હીલરનું વેચાણ થયું હતું.

જો કે, ટુ-વ્હીલરનું વેચાણ હજુ પણ કોવિડ પહેલાના સ્તરે પહોંચ્યું નથી. કોવિડ ૧૯ પહેલા દેશમાં ટુ-વ્હીલરનું વાર્ષિક વેચાણ ૨.૧ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું હતું. ગયા વર્ષે તે બે કરોડથી ઓછો હતો. કોમર્શિયલ વાહનોનું વેચાણ લગભગ સ્થિર રહ્યું છે.

ગયા વર્ષે ભારે ગરમી, ચૂંટણીઓ અને અસમાન વરસાદ જેવા પડકારો હોવા છતાં, વાહનોના કુલ છૂટક વેચાણમાં ૯.૧૧ટકાનો વધારો થયો છે. જોકે કોમર્શિયલ વાહનોના છૂટક વેચાણમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી.

મુખ્ય નેટવર્કના વિસ્તરણ અને બજારમાં નવા મોડલ્સના પ્રવેશને કારણે કારના વેચાણમાં વધારો થયો છે. ઊંચી ઈન્વેન્ટરીના કારણે બજારમાં ડિસ્કાઉન્ટ વોર પણ જોવા મળ્યું હતું. ઓટો ઉદ્યોગને આશા છે કે આ વર્ષે કારનું વેચાણ ૪૫ લાખની નજીક પહોંચી જશે.

ટુ-વ્હીલરનું વેચાણ પણ કોવિડ પહેલાના સ્તરને વટાવી જવાની ધારણા છે. આમાં ઇલેક્ટ્રિક વાહનોનો હિસ્સો વધી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ અને માર્ચ ૨૦૨૪માં વેચાયેલા વાહનોનો રિપોર્ટ મુજબ ૨૦૨૪માં કુલ બે કરોડ ૪૫ લાખ ૩૦ હજાર ૩૩૪ વાહનોનું વેચાણ થયું છે, જે પાછલા નાણાકીય વર્ષ કરતાં ૧૦.૨૯ ટકા વધુ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩માં બે કરોડ ૨૨ લાખ ૪૧ હજાર ૩૬૧ વાહનોનું વેચાણ થયું હતું. મારુતિ સુઝુકીએ સૌથી વધુ ૧૬ લાખ પાંચ હજાર ૨૬૪ વાહનોનું વેચાણ કર્યું છે. ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩માં કંપનીએ ૧૪ લાખ ૯૦ હજાર ૨૦૨ વાહનોનું વેચાણ કર્યું હતું. હ્યુન્ડાઈ મોટર પાંચ લાખ ૬૧ હજાર ૩૭૧ વાહનોના વેચાણ સાથે આ યાદીમાં બીજા સ્થાને છે.

ગત નાણાકીય વર્ષમાં હ્યુન્ડાઈએ પાંચ લાખ ૨૭ હજાર ૪૮૧ વાહનોનું વેચાણ કર્યું હતું. ઓક્ટોબરમાં પાંચ લાખથી વધુ કારનું વેચાણ થયું છે. ઓક્ટોબર ૨૦૨૪માં કારના વેચાણનો છૂટક આંકડો ૫ લાખને પાર કરી ગયો હતો.

વાહનના ડેટા અનુસાર, ૩૧ ઓક્ટોબર સુધી દેશમાં ૫.૧૩ લાખ વાહનો નોંધાયા હતા. એટલે કે દરરોજ ૧૬,૫૫૦ કાર વેચાતી હતી. આ પહેલા આ વર્ષે જાન્યુઆરીમાં રેકોર્ડ ૩.૯૯ લાખ કારનું રજીસ્ટ્રેશન થયું હતું.

ચાલુ નાણાકીય વર્ષમાં દર મહિને સરેરાશ ૩.૩૩ લાખ વાહનોનું વેચાણ થયું છે, જે ગયા વર્ષ કરતાં ૫ટકા વધુ છે.

ગયા વર્ષે ૩૮ લાખ કાર વેચાઈ હતી. પહેલીવાર ઈલેક્ટ્રિક કારનું વેચાણ ૧૦ હજારને પાર થયું, જે વાર્ષિક ધોરણે ૩૮ટકા વધુ છે. ગયા મહિને વાહનોના હોલસેલ ડેટા વિશ્લેષણ દર્શાવે છે કે દેશમાં ખરીદદારો એસયુવી અને પ્રીમિયમ કારને પસંદ કરી રહ્યા છે.

## ઊભરી રહેલી વિદેશ બજારોમાં હાજરી વધારવા ભારત પ્રયત્નશીલ

મુંબઈ : વૈશ્વિક બજારના બદલાઈ રહેલા ગણિતોને ધ્યાનમાં રાખી છ વર્ષ જૂની કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા સરકાર વિચારી રહી છે. ભારતની કૃષિ નિકાસ વધારવાના પ્રયાસો જરૂરી હોવાનું સરકાર માની રહી છે. કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા પાછળનો હેતુ દેશની કૃષિ જણશોની સ્પર્ધાત્મકતા વધારવા, વૈશ્વિક ધોરણોનું પાલન કરવા તથા વેલ્યુ એડેડ પ્રોડકટસને પ્રોત્સાહન આપવાનો રહેલો છે.

પરંપરાગત ભાગીદારો સાથે નિકાસ સંબંધો જાળવી રાખી સરકાર નવી ઊભરતી બજારોમાં દેશની કૃષિ પેદાશોને સ્થાન અપાવવા માગે છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

બદલાઈ રહેલી બજાર માગને ધ્યાનમાં રાખી કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવી રહી જેથી નિકાસ ટાર્ગેટસ સિદ્ધ કરી શકાય. નાણાં વર્ષ ૨૦૨૩માં ભારતની કૃષિ નિકાસનો આંક જે ૫૧.૧૨ અબજ ડોલર હતો તે નાણાં વર્ષ ૨૦૨૪માં ઘટી ૪૮.૭૭ અબજ ડોલર જોવા મળ્યો હતો.

વૈશ્વિક માગમાં ફેરબદલ, વેપાર ભાગીદારીમાં વિસ્તરણ તથા કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીના વિકાસે કૃષિ નિકાસ પદ્ધતિ તથા મથકો પર પ્રભાવ પાડયો હોવાનું સરકાર માની રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

## આયાતી કાચા માલ પર નિર્ભર કંપનીઓના માર્જિન પર પણ દબાણ

મુંબઈ : મંદ માગ વચ્ચે ડોલર સામે રૂપિયામાં જોરદાર ઘસારાને પરિણામે વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાના કંપનીના પરિણામો પણ નબળા જોવા મળવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. એટલું જ નહીં ડોલરના સ્વરૂપમાં વિદેશમાંથી ભંડોળ ઊભુ કરી ચૂકેલી કંપનીઓએ વધારાની જોગવાઈ કરવાની આવશે.

ડોલર સામે રૂપિયો હાલમાં ગબડી ૮૫ને પાર જતો રહ્યો છે. સામાન્ય રીતે મોટાભાગની કંપનીઓ પોતાના વિદેશી એકસપોઝરનું હેજિંગ કરી રાખતી હોય છે, પરંતુ લોનની સંપૂર્ણ રકમનું હેજિંગ કરાતું નથી હોતુ અન્યથા કંપનીઓને ઊંચો ખર્ચ ભોગવવાનો આવી શકે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

છેલ્લા બે વર્ષમાં ડોલર સામે રૂપિયો લગભગ સ્થિર રહ્યો હતો પરંતુ ૨૦૨૪માં રાજકીયભૌગોલિક ઘટનાક્રમોને કારણે ડોલર સામે રૂપિયામાં અચાનક મોટો ઘટાડો જોવા મળ્યો છે. રૂપિયામાં ઘસારાને કારણે રિઝર્વ બેન્ક પણ વ્યાજ દર ઘટાડવામાં સાવચેતી ધરાવી રહી છે અને કરન્સી બજારમાં અવારનવાર દરમિયાનગીરી કરે છે.

રૂપિયાના ઘસારાના કિસ્સામાં નિકાસકારોને લાભ થાય છે પરંતુ આયાતકારોને ફટકો પડે છે. ભારત તેની ક્રુડ તેલની ૮૫ ટકા આવશ્યકતા આયાત દ્વારા પૂરી કરે છે. અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે ગયા સપ્તાહની બેઠકમાં ૨૦૨૫ના વર્ષમાં વ્યાજ દરમાં માત્ર બે જ વખત ઘટાડો કરવાના કરેલા નિવેદનને જોતા આવતા વર્ષમાં ડોલર સામે રૂપિયામાં વધુ ઘસારો શકય બની શકે છે એમ પણ વિશ્લેષકે ઉમેર્યું હતું.

ડોલરના સ્વરૂપમાં વિદેશમાં લોન લઈ ચૂકેલા બોરોઅરો માટે રૂપિયાના સ્વરૂપની લાયાબિલિટીસ હાલમાં વધી ગઈ છે, જે તેમની બેલેન્સશીટસ પર દબાણ લાવી શકે છે અને નફાશક્તિ પર અસર જોવા મળવા સંભવ હોવાનું પણ જણાવાયું હતું.

વધુ હેજિંગ કરવાના કિસ્સામાં પણ કંપનીઓએ વધારાની નાણાંકીય જોગવાઈ કરવી પડશે. વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીઓના નફામાં સ્થિરતા જોવા મળી હતી.

આયાતી કાચા માલસામાન પર નિર્ભર રહેતી કંપનીઓના માર્જિન પર પણ દબાણ આવવાની શકયતા છે, કારણ કે તેમણે ડોલર મેળવવા વધુ રૂપિયાની જોગવાઈ કરવાનો વારો આવ્યો છે.

## આગામી વર્ષોમાં ગ્રામીણ ક્ષેત્રે વપરાશી માગ વધશે પરંતુ શહેરી માગમાં ઘટાડો થવાની સંભાવના

નવી દિલ્હીઃ દેશના મુખ્ય સેક્ટર્સમાં સ્લોડાઉનની સ્થિતિને કારણે ભારતીય અર્થતંત્ર અત્યારે મંદ માંગના તબક્કામાંથી પસાર થઇ રહ્યું છે. અનેક પરિબળો નિકાસ, વપરાશની પેટર્ન તેમજ આવકના ગ્રોથને અસર કરે છે, જે નાણાવર્ષ ૨૦૨૬ માટે પડકારજનક આઉટલુક તરફ ઇશારો કરે છે તેવું નુવામાએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે.

રિપોર્ટ ચાર પરિબળોની ઓળખ કરે છે. જેમાં સંપત્તિની અસર, આવક, લાભ અને રાજકોષીય પરિબળોને વપરાશ ચક્રના મુખ્ય ચાલકબળ દર્શાવાયા છે. છેલ્લા બે દાયકા દરમિયાન આ ચાલકબળોએ અનેકવિધ તબક્કામાં વપરાશને અસર કરી છે. નાણાવર્ષ ૨૦૨૫માં, આ તમામ ચાલકબળોએ નરમાઇના સંકેત આપ્યા છે.

પરિવારની આવકનો ગ્રોથ ઘટ્યો છે, જ્યારે ગ્રામીણ પગારનો ગ્રોથ સ્થિર રહ્યો હતો અને સંગઠિત ક્ષેત્રમાં આવકનો ગ્રોથ સતત ઘટી રહ્યો છે. વપરાશ માટે લેવામાં આવતી લોન જે પહેલા આવકમાં ઘટાડાની અસરને ઓછી કરતી હતી, તેમાં પણ હવે ઘટાડો થઇ રહ્યો છે. જેનો ગ્રોથ નાણાવર્ષ ૨૦૨૪ના ૨૫%થી ઘટીને નાણાવર્ષ ૨૦૨૫માં ૧૫% રહેવાની સંભાવના છે.

૨૦૨૬ માટે ગ્રામીણ અને શહેરી પરિવારોમાં આવકનો આઉટલુક નરમ રહેવાની શક્યતા છે અને સાથે જ કન્ઝમપ્શન લોનની પણ માંગ ઘટે તેવો અંદાજ છે. છેલ્લા કેટલાક વર્ષથી નબળા રહેલા ગ્રામીણ વપરાશમાં પણ રિકવરી જોવા મળી શકે છે પરંતુ શહેરી વપરાશ હજુ પણ ઘટે તેવી શક્યતા છે.

સામાજિક ક્ષેત્ર માટે ખર્ચમાં વધારો કર્યો છે અને કેન્દ્ર સરકાર પણ આ ટ્રેન્ડને અનુસરે તેવી શક્યતા છે. સરકાર દ્વારા ખર્ચમાં વધારાને કારણે ગ્રામીણ વપરાશને વેગ મળે તેવો સૂર વ્યક્ત કરી રહ્યા છે. રિયલ જીડીપી ગ્રોથ ૫%ના દરે વધ્યો છે.

રિપોર્ટ અનુસાર ભારતીય અર્થતંત્ર સપ્લાયને લઇને મજબૂત છે પરંતુ સામે માંગ નીકળી નથી. નાણાવર્ષ ૨૦૧૯થી નાણાવર્ષ ૨૦૨૫ દરમિયાન દેશનો રિયલ જીડીપી ગ્રોથ ૫%ના ઈઅત્રક્ષ્૭દરે વધ્યો છે. નિકાસમાં ઘટાડો, ખાધ ઘટાડવા પર સરકારનું ફોકસ જેવા પરિબળોએ માંગની નરમાઇને વધારી છે.

## વોડાફોને ઇન્ડસ ટાવર્સમાં તેનો સંપૂર્ણ હિસ્સો વેચી દીધો

નવી દિલ્હીઃ બ્રિટિશ ટેલિકોમ કંપની વોડાફોને ઈન્ડસ ટાવર્સમાં તેનો સંપૂર્ણ હિસ્સો રૂ. ૨,૮૦૦ કરોડમાં વેચી દીધો છે. ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીએ શુક્રવારે (૧૦ જાન્યુઆરી)ના રોજ રેગ્યુલેટરી ફાઇલિંગમાં આ માહિતી આપી હતી.

કંપનીએ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે, વોડાફોને ઇન્ડસ ટાવર્સમાં ૭.૯૨ કરોડ શેર અથવા ૩% હિસ્સો વેચ્યો છે. આમાંથી ઊભા થયેલા રૂ. ૮૯૦ કરોડના ફંડનો ઉપયોગ ધિરાણકર્તાઓના બાકી લેણાંની ચુકવણી માટે કરવામાં આવ્યો છે.

વોડાફોને ઇન્ડસ ટાવર્સમાં તેના બાકીના ૭૯.૨ મિલિયન શેર વેચ્યા છે. વોડાફોન ગ્રુપે જાહેરાત કરી છે કે તેણે પાંચ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઇન્ડસ ટાવર્સ લિમિટેડમાં તેના બાકીના ૭૯૨ કરોડ શેરનું વેચાણ પૂર્ણ કર્યું છે, જે ઇન્ડસની બાકી શેર મૂડીનું પ્રતિનિધિત્વ ૩.૦% છે.

કંપનીએ તેની પરોક્ષ સંપૂર્ણ માલિકીની પેટાકંપનીઓ ઓમેગા ટેલિકોમ હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ અને ઉષા માર્ટિન ટેલિમેટિક્સ લિમિટેડ દ્વારા ત્રણ ટકા હિસ્સો ધરાવે છે. વોડાફોને ઇન્ડસ ટાવર્સમાં ૭.૯૨ કરોડ શેર અથવા ૩% હિસ્સો વેચ્યો છે. વોડા આઇડિયામાં, વોડાફોનનો હિસ્સો ૨૨.૫૬ ટકાથી વધીને ૨૪.૩૯ ટકા થયો છે.

## નવા વર્ષમાં ઈક્વિટી અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ મારફત મૂડીબજારમાંથી રૂ. ૧૪ લાખ કરોડ એકત્ર કરાશેઃ સેબી

નવી દિલ્હી : સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ચેરપર્સન માધવી પુરી બુચે જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઈક્વિટી અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ સહિત મૂડી બજારોમાંથી એકત્ર કરવામાં આવેલી કુલ રકમ લગભગ ૨૧ ટકા વધીને રૂ. ૧૪.૨૭ લાખ કરોડ થવાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ રકમ ૧૧.૮ લાખ કરોડ રૂપિયા હતી. બુચે જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના છેલ્લા નવ મહિનામાં સંસ્થાઓએ ઇક્વિટીમાંથી રૂ. ૩.૩ લાખ કરોડ અને ડેટ માર્કેટમાંથી રૂ. ૭.૩ લાખ કરોડ એકત્ર કર્યા છે, જે કુલ રકમ રૂ. ૧૦.૭ લાખ કરોડ સુધી લઈ ગયા છે. જો આપણે ચોથા ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ) માટે અનુમાન લગાવીએ, તો સંભવતઃ વર્ષ દરમિયાન ઇક્વિટી અને ડેટ બંને સ્વરૂપે રૂ. ૧૪ લાખ કરોડથી વધુ મૂડી એકત્ર કરવામાં આવશે.

ભારતમાં રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ (રીટ્સ), ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટસ (ઈન્વિટ) અને મ્યુનિસિપલ બોન્ડસમાં આગામી દાયકામાં મજબૂત વૃદ્ધિ જોવા મળશે એમ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ચેરપર્સન માધવી પુરી બુચે જણાવ્યું હતું. આ વૃદ્ધિ માત્ર ઈક્વિટી દ્વારા એકત્ર કરવામાં આવેલા રૂપિયા ૩.૩ ટ્રિલિયન અને ગત નાણા વર્ષમાં ડેટ દ્વારા એકત્ર કરવામાં આવેલા રૂપિયા ૭.૩ ટ્રિલિયનની બરાબરી કરી શકે એમ નથી, પરંતુ તે આ આંકડાઓને પણ સંભવતઃ વટાવી શકે છે.

ત્રણ મહિના બાદ પ્રથમ વખત જાહેરમાં તેમણે સેબી અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સિક્યુરિટીઝ માર્કેટસ (એનઆઈએસએમ)ના 'સંવાદ' પરિસંવાદમાં આ ટિપ્પણીઓ કરી હતી.ઈક્વિટી જો કે, એક્ત્રિત કરવામાં આવેલી કુલ મૂડીના માત્ર એક ભાગનંવ પ્રતિનિધિત્વ કરે છે.

નાણા વર્ષ ૨૦૨૪-૨૫માં મૂડીની રચના રૂપિયા ૧૦.૭ ટ્રિલિયન સુધી પહોંચી ગઈ હતી. જેમાં રૂપિયા ૭.૩ ટ્રિલિયન પ્રાઈમરી ડેટ માર્કેટમાંથી આવ્યા હતા. વર્ષના અંત સુધીમાં ઈક્વિટી અને ડેટ બન્નેને જોડીને ઊભી કરવામાં આવેલી કુલ મૂડી રૂપિયા ૧૪ લાખ-કરોડથી પણ વધી શકે છે. નિયમનકાર મ્યુચ્યુઅલ ફંડની નવી દરખાસ્તોને ખૂબ જ ઝડપથી મંજૂરી આપી રહ્યું છે.

ઉપરાંત, રૂ. ૨૫૦ ની લઘુત્તમ રકમ સાથે સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (સિપ) ટૂંક સમયમાં રજુ કરવામાં આવશે.

# નિર્માણના ૨૦ વર્ષ બાદ ભુજના સાત રિંગ રોડનું ૩૦.૫૦ કરોડના ખર્ચે નવીનીકરણ હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧માં કચ્છમાં વ્યાપક તારાજી સર્જનારા મહાભુકંપ બાદ થયેલાં નવીનીકરણના ભાગરૂપે શહેરોમાં બનાવાયેલા મોટા ભાગના રિંગરોડની હાલત યોગ્ય જાળવણીના અભાવે અત્યંત ખરાબ થઈ હતી. અંદાજે ૧૪ કિલોમીટર લંબાઈ ધરાવતા જિલ્લાના મુખ્ય મથક ભુજ શહેરના વિવિધ ૭ જેટલા મહત્ત્વના રિંગ રોડના નવીનીકરણ માટે ગુજરાત સરકારે ખાસ કેસમાં ૩૦.૫૦ કરોડ રૂપિયા મંજૂર કર્યાં હતાં.

ભૂકંપ બાદ ૨૦૦૪માં ગુજરાત અર્બન ડેવલોપ કંપની એટલે કે, જીયુડીસી દ્વારા ભુજને સાંકળતા રિંગ રોડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેના મેઈન્ટેનન્સ અને રીસર્ફેસિંગની જવાબદારી ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ (ભાડા) હસ્તક હતી. જોકે, ભાડાએ ઠરાવ કરીને રોડ રીસર્ફેસિંગની જવાબદારી વીજ બિલનાં લેણાં ચૂકવી ના શકતી કે કર્મચારીઓના વેતનનો ખર્ચો માંડ કાઢી શકતી ભુજ નગરપાલિકા પર ઢોળી દેતાં નિર્માણ થયાના માત્ર બે દાયકામાં આ રિંગ રોડ ખસ્તાહાલ બની ગયા છે.



(તસવીર: ઉત્સવ વૈદ્ય ભુજ)

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે રિંગ રોડના નવનિર્માણ અંગે સંકલન સમિતિની બેઠકમાં શહેરીજનોને પડી રહેલી હાલાકી તેમ જ અહીં દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓ નેગેટિવ ઇમેજ લઈને સોશિયલ મીડિયામાં પ્રચાર કરતા હોવાની ગંભીર બાબતને જણાવી હતી. આ ઉપરાંત ભુજ આસપાસના તમામ રિંગરોડનો માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)માં સમાવેશ કરવા તેમણે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળીને અવારનવાર રજૂઆત કરી હતી જેના પગલે મુખ્ય પ્રધાને નવેમ્બર માસમાં શહેરી વિસ્તારના માર્ગોનો સ્ટેટ આર એન્ડ બીમાં સમાવેશ થતો ન હોવા છતાં 'સ્પેશિયલ કેસ' પૂરતાં ભુજના ૪૧ કિલોમીટરના ૧૮ જેટલા માર્ગોનો સ્ટેટ આર એન્ડ બીમાં સમાવેશ કરવા નિર્ણય કર્યો હતો. તમામ માર્ગોનું તબક્કાવાર રીસર્ફેસિંગ કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૭ રિંગ રોડના નવનિર્માણ માટે ૩૦.૫૦ કરોડ રૂપિયા મંજૂર કરાયા છે.

કેશુભાઈએ આ અંગે જણાવ્યું હતું કે, હવે કાયમી ધોરણે આ માર્ગોના મેઈન્ટેનન્સ અને રીસર્ફેસિંગનું કામ આર એન્ડ બી હસ્તક રહેશે. સૌથી સારી બાબત એ છે કે નિયમ મુજબ દર સાત વર્ષે તમામ માર્ગોનું નવનિર્માણ થતું રહેશે. પ્રથમ ફેઝમાં જે માર્ગોના નવનિર્માણ માટે નાણાં ફાળવવામાં આવ્યાં છે તેમાં નળ સર્કલથી એન્કર સર્કલથી ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી એરોપ્લેન સર્કલથી માંડવી રોડ પરની પ્રિન્સ રેસીડન્સી સુધીનો માર્ગ, આત્મારામ સર્કલથી જથ્થાબંધ બજારથી દિનદયાળ સ્કૂલ સુધી, મહિલા આશ્રમ સર્કલથી સરપટ ગેટ, ભીડ ગેટથી રેલવે સ્ટેશન રોડ, રાણી લક્ષ્મીબાઈના પૂતળાંથી ગાંધી સર્કલથી યક્ષ મંદિર સર્કલ સુધી તેમ જ જ્યુબિલી સર્કલથી વી.ડી. હાઈસ્કૂલથી બી. મંગતરામથી દેશલપર તળાવ સુધીના માર્ગનો સમાવેશ થાય છે. ■

# કચ્છનાં સરકારી દવાખાનાઓમાં કાર્યરત આઉટસોર્સિંગ એજન્સી સામે આરોગ્ય વિભાગે તપાસના આદેશ આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાજેતરમાં કચ્છના માંડવી, ગાંધીધામ, રાપર સહિતનાં મથકોમા સ્થિત સરકારી હૉસ્પિટલોમાં આઉટસોર્સિંગ સેવા પૂરી પાડતી એજન્સી દ્વારા કથિત રીતે આરોગ્યકર્મીઓનું શોષણ કરવા સાથે રાજ્ય શ્રમ આયુક્તની કચેરીના પરિપત્રનો સરેઆમ ભંગ થતો હોવા અંગે, કર્મચારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે રાજ્યના આરોગ્ય વિભાગે રાજકોટની રવિ એસોસિયેટ નામની એજન્સી સામે તપાસના આદેશ આપ્યા હતા.

કચ્છમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રચાયેલ કમિટી દ્વારા રવિ એસોસિયેટ એજન્સીને આઉટસોર્સ સેવા પૂરી પાડવાનો ઠેકો અપાયો છે, પણ આ એજન્સીએ સેક્યુરીટી ડિપોઝિટ પેટે ૫% રકમ જમા નથી કરી જે નિયમ વિરુદ્ધ હોવા છતાં ટેન્ડર અપાયું છે. આરોગ્ય વિભાગની સૂચના પ્રમાણે જિલ્લા કક્ષાની કમિટી દ્વારા રજા પગાર કર્મચારીના ખાતામાં જમા કરવાનો નિર્ણય લેવાયો છે તેમ છતાં આજ દિન સુધી દિન-રાત દર્દીઓની ચાકરી કરતા કર્મચારીઓને રજા પગાર ચૂકવાયો ન હોવાનું આ ફરિયાદમાં જણાવાયું હતું.

જીઈએમ ટેન્ડરમાં દર્શાવાયેલી તમામ શરતો અને નિયમો સ્પષ્ટ હોવા છતાં આ એજન્સી વિરુદ્ધ પણ કોઈ કાર્યવાહી કરાઈ નથી. ટેન્ડરની અવધિનો સમયગાળો ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવ્યો છે જે મનસ્વી નિર્ણય છે તેનાથી સરકારની છબી ખરડાઈ હોઈ તાત્કાલિક કર્મચારીઓના હિતમાં નિર્ણય લેવાની માગ કરાઈ રહી છે.

દરમ્યાન, માંડવીની સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા રજા પગાર માગવામાં આવતા એજન્સી દ્વારા ૧ જાન્યુઆરીથી કોઈ પણ પ્રકારની નોટિસ આપ્યા વગર આગલા દિવસે રાત્રે ઇ-મેલ મારફતે જાણ કરી તમામ કર્મચારીઓને છૂટા કર્યા હતા. જે બાબતે સમાચાર માધ્યમોમાં અહેવાલ આવ્યા પછી સરકારી સૂચનાથી તમામ કર્મચારીઓને પરત નોકરી પર લેવાયા હતા. ■

# કચ્છમાં ૫૯ વર્ષીય આધેડનો એચએમપીવીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો: રાજ્યમાં કુલ પાંચ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ચીનમાં ફેલાયેલા હ્યુમન મેટાન્યુમો વાઈરસે (એચએમપીવી) ગુજરાત સહિત ભારતનાં વિવિધ રાજ્યોમાં એન્ટ્રી કરી છે. ગુજરાતમાં અમદાવાદ અને હિંમતનગર સહિત એચએમપીવીના અત્યાર સુધીમાં ચાર કેસ નોંધાયા હતા. જ્યારે એચએમપીવીનો વધુ એક કેસ શનિવારે નોંધાયો હતો. જેમાં કચ્છના એક આધેડનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સાથે જ રાજ્યમાં કુલ પાંચ કેસ નોંધાતાં આરોગ્ય તંત્ર દોડતું થયું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં એચએમપીવીના કેસો નોંધાઈ રહ્યા છે. શનિવારે પણ વધુ એક કેસ નોંધાયો હતો. મૂળ કચ્છના રહેવાસી ૫૯ વર્ષીય આધેડનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેઓને સારવાર અર્થે અમદાવાદના થલતેજની ઝાયડસ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. દર્દીની કોઇપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી.

અગાઉ બોપલના ૯ માસના બાળકને સારવાર અર્થે ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. તો બીજી તરફ સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના એક ગામમાં ૭ વર્ષના બાળકનો શંકાસ્પદ એચએમપીવી વાઈરસનો રિપોર્ટ આવ્યા બાદ આરોગ્ય વિભાગે સેમ્પલ તપાસ માટે અમદાવાદ અને ગાંધીનગર મોકલ્યાં હતાં. તે ઉપરાંત અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતાં સારવાર અર્થે મેમનગરની સ્ટર્લિંગ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ■

# પોરબંદરમાં ૧૬ સરકારી અને ચાર ખાનગી હૉસ્પિટલમાં પીએમ જય યોજનાની કામગીરી અંગે તપાસ હાથ ધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના ખ્યાતિ હૉસ્પિટલ કાંડ બાદ સમગ્ર રાજ્યમાં પીએમજય યોજના હેઠળ કામગીરી કરી રહેલી હૉસ્પિટલોમાં સરકાર દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. તે અંતર્ગત પોરબંદરમાં પણ ૧૬ સરકારી અને ૪ ખાનગી હૉસ્પિટલમાં પીએમજય યોજનાની કામગીરી અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોરબંદરની ભાવસિંહજી સરકારી હૉસ્પિટલના સિવિલ સર્જન સહિતની ટીમ દ્વારા જિલ્લાની ૧૬ સરકારી અને ૪ ખાનગી હૉસ્પિટલમાં પીએમજય યોજના હેઠળ સારવાર આપવામાં આવતી હૉસ્પિટલની તપાસ હાથ ધરવામાં આવી હતી. તે અંતર્ગત કિલનિકલ એસ્ટાબ્લીસ એક્ટની કામગીરી પોરબંદરની જીએમઈઆરએસ ભાવસિંહજી જનરલ હૉસ્પિટલના સિવિલ સર્જનને આપવામાં આવેલ હતી. આ મુજબ પીએમજય યોજના અંતર્ગત સ્થળની રૂબરૂ તપાસ કરવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો.

પોરબંદર જિલ્લામાં પીએમજય યોજના અંતર્ગત સારવાર આપતી ૪ ખાનગી હૉસ્પિટલ અને ૧૬ સરકારી હૉસ્પિટલોમાં તપાસ ટીમ દ્વારા રૂબરૂ સ્થળ પર મુલાકાત કરી આ યોજના અંતર્ગત આપવામાં આવતી પાયાની સુવિધાઓની ચકાસણી કરવામાં આવી હતી. તેમજ ગાઈડ લાઇન મુજબ જરૂરી સુવિધાઓ અંગે પણ તપાસ કરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન પોરબંદર શહેર ઉપરાંત રાણાવાવ, કુતિયાણા શહેરમાં આવેલ આરોગ્ય સેન્ટરોની પણ મુલાકાત લીધી હતી. ■

# ગીર સોમનાથ જિલ્લામાં નવી ઓદ્યોગિક રેલવે લાઈનના વિરોધમાં ખેડૂતોએ આંદોલન શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના બાદલપરા ગામે નવી ઔધોગિક રેલવે લાઇનના વિરોધમાં ખેડૂતોની મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં ખેડુતોએ જાન દેંગે જમની નહીં દેંગેના નારા સાથે નવી ઔધોગિક રેલ્વે લાઇનનો જબરદસ્ત વિરોધ કર્યો હતો. ગીરસોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાનાં બાદલપરા ગામે સોમનાથ કોડીનાર છારા નવી ઔધોગિક રેલવે લાઇનના વિરોધમાં ખેડૂતોની મીટિંગ યોજાઈ હતી. આ મીટીંગમાં ખેડૂતોએ આ નવી ઔદ્યોગિક રેલ્વે લાઇનનો જબરદસ્ત વિરોધ કર્યો હતો.આ રેલવે લાઇન નું તા.૨૦/૦૧/૨૦૧૯ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું ત્યારે ખેડૂતોએ ૪૦૦૦ વાંધા અરજીઓ આપી હતી. રેલવે મંત્રી, રેલવેના જી.એમ. અને જિલ્લા કલેકટર સાથે મીટિંગો કરીને આવેદનપત્ર પાઠવ્યા હતા. ખેડૂતોની માગ હતી કે, આ ઓદ્યોગિક રેલવે લાઈનના સ્થાને વેરાવળથી વાયા તલાલા પ્રાચીથી કોડિનાર સુધી બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવે જેનાથી સાસણગીર પર્યટન ઉદ્યોગને પણ ફાયદો થશે. ખેડૂતોએ આ નવી ઓદ્યોગિક રેલવે લાઈન રદ કરવાની માગ સાથે આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી હતી. ખેડૂતોના મતે રેલવેના અધીકારીઓ અને સરકાર માત્ર ને માત્ર આ વિસ્તારમા આવેલ મસમોટી ખાનગી કંપનીઓ માટે જ કામ કરી કરી છે. આ નવી રેલવેલાઇનમાં કોઇપણ પેસેન્જર જવાના નથી. બીજી તરફ મોટી સંખ્યામાં ખેડૂતો ખાતા વિનાના થઈ જવાની શક્યતાઓ છે. ■

# પોલીસ ભરતીની શારીરિક પરીક્ષામાં નાપાસ થતાં માણાવદરના યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પોલીસમાં પીએસઆઈ અને લોકરક્ષક દળ માટેની ભરતી પ્રક્રિયા માટેની શારીરિક કસોટી ચાલી રહી છે. રાજ્યના ૧૫ ગ્રાઉન્ડ પર શારીરિક કસોટી લેવામાં આવી રહી છે. આ દરમિયાન શારીરિક કસોટીમાં નાપાસ થતાં જૂનાગઢના માણાવદર તાલુકાના ૨૯ વર્ષીય યુવકે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. યુવકના આપઘાતથી પરિવાર અને ગ્રામજનોમાં શોક છવાઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના દગડ ગામના ૨૯ વર્ષીય પરેશ કાનગડ નામનો યુવક તારીખ ૯ જાન્યુઆરીના રોજ પોલીસ ભરતીની શારીરિક કસોટી આપવા માટે જામનગર ગયો હતો. છેલ્લા આઠ વર્ષથી પરીક્ષાની તૈયારી કરતા આ યુવકને પોલીસ ગ્રાઉન્ડમાં સફળતા ન મળતા તેણે બાંટવા નજીક જંગલમાં જઇ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

મૃતકના પરિવારના જણાવ્યા પ્રમાણે યુવક શારીરિક કસોટી આપવા માટે જામનગર ગયો હતો. ઘણા કલાકો સુધી પરેશ ઘરે ન ફરતા અમે તેને ફોન કરતાં તેનો મોબાઇલ પણ બંધ આવતો હતો. શોધખોળ દરમિયાન આ યુવકનો મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે પરેશના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે માણાવદર હૉસ્પિટલ ખસેડ્યો હતો. ■

# મોરબી જિલ્લા પોલીસ વડાએ સાત પીઆઈની આંતરિક બદલી કરી: ત્રણ પીએસઆઈને વધારાની જવાબદારી સોંપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબી જિલ્લામાં પોલીસ વિભાગમાં આંતરિક બદલીનો દોર શરૂ થતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. જિલ્લાના એસપી રાહુલ ત્રિપાઠીએ શુક્રવારે મોડી સાંજે ૭ પોલીસ ઇન્સ્પેક્ટરની આંતરિક બદલીના આદેશ કર્યા હતાં.

જિલ્લા પોલીસવડાએ મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ હકુમતસિંહ જાડેજાની વાંકાનેર સિટી પોલીસ સ્ટેશન, મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એન.આર. મકવાણાની એસ.ઓ.જી, સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એસ.પટેલની મોરબી એ ડિવિઝનમાં બદલી કરી હતી, જ્યારે વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.વી. ઘેલાની ટ્રાફિક શાખામાં બદલી કરવામાં આવી હતી.

આ ઉપરાંત, જિલ્લા ટ્રાફિક શાખાના પીઆઈ કે.એમ. છાસિયાને ટંકારા પોલીસ સ્ટેશન, લીવ રિઝર્વના પીઆઈ આર.સી. ગોહિલને માળિયા પોલીસ સ્ટેશન અને લીવ રિઝર્વના પીઆઈ એસ.કે. ચારેલને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે નિયુક્ત કરવામાં આવ્યા હતાં.

મોરબી જિલ્લામાં એલસીબીના પીએસઆઈ બી.ડી. ભટ્ટ, એસઓજીના પીએસઆઈ એમ.એસ. અંસારી અને એ ડિવિઝનના પીએસઆઈ જે.સી.ગોહિલને એસઆઈટીની વધારાની કામગીરી સોંપવામાં આવી હતી. મોરબીના ઉદ્યોગકારોના ફસાયેલા નાણાં પરત મેળવવા માટે રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. ■

# જામનગર પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ૨૦.૯૧ લાખના ચોરાયેલા દાગીના અને રોકડ રકમ ફરિયાદીને પરત આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારના 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગુનાઓમાં જપ્ત કરાયેલો મુદ્દામાલ ઝડપથી મૂળ માલિકોને પરત કરવાનો અને નાગરિકોનો કિંમતી સમય બચાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત જામનગરમાં જિલ્લા પોલીસે લોકોને ૨૦.૯૧ લાખના ચોરાયેલા દાગીના અને રોકડ રકમ પરત આપી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગર પોલીસની એલસીબી શાખાએ ધરપકડ કરેલા બે આરોપી પાસેથી ૩૨૪ ગ્રામ ૩૫૦ મિલીગ્રામના સોનાના દાગીના (કિંમત રૂ.૧૯,૯૦,૫૦૦), ૩૬૬ ગ્રામના ચાંદીના દાગીના (કિંમત રૂ.૧૯,૦૦૦) અને રોકડ રૂ.૮૨,૦૦૦ મળી કુલ રૂ.૨૦,૯૧,૫૦૦નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરિયાદીને સરકારની 'તેરા તુજકો અર્પણ' યોજના અંતર્ગત મુદ્દામાલ પરત મેળવવાની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી.

કાલાવડ કોર્ટમાં અરજી કર્યા બાદ તાત્કાલિક ધોરણે મંજૂરી મળતાં, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ, ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, જયવીરસિંહ ઝાલા અને અન્ય પોલીસ અધિકારીઓની હાજરીમાં મુદ્દામાલ ફરિયાદીને સોંપવામાં આવ્યો હતો. કાલાવડ તાલુકાના નાની વાવડી ગામના મનસુખ સાંગાણીના ઘરમાંથી થયેલી ચોરીનો મુદ્દામાલ પોલીસે ઝડપથી શોધી કાઢ્યો હતો. ■

# એસ.ટી. બસના કંડકટર પાસેથી લાંચ માગવાના કેસમાં તત્કાલીન ટ્રાફિક અસિસ્ટન્ટને ચાર વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દસ વર્ષ અગાઉ રાજ્ય પરિવહનની બસમાં સરપ્રાઈઝ ચેકિંગ દરમ્યાન સરકારી વાહનમાં પાંચ મુસાફરો વગર ટિકિટે પ્રવાસ કરતાં હોવાનું સામે આવ્યા બાદ કંડકટરને ત્રણ ટિકિટની સજા માફ કરવાની અવેજમાં રૂા.૮,૦૦૦ની લાંચ સ્વીકારતાં રંગેહાથ પકડાયાના જે-તે સમયે ચકચારી બનેલા કેસમાં એસ.ટી વિભાગના તત્કાલીન આસિસ્ટન્ટ ટ્રાફિક સુપરિટેન્ડેન્ટ અબ્દુલગની ઈસ્માઈલ ખલીફાને લાંચ રૂશ્વત કોર્ટે તકસીરવાન ઠેરવી ચાર વર્ષની સખત કેદ અને રૂા. ૮,૦૦૦નો દંડ ફટકારતો હુકમ આપતાં આ વિભાગના કર્મીઓમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

કચ્છના રાપર શહેરના ડેપોમાં ફરજ બજાવતા કંડકટરની ફરજ દરમિયાન ટ્રાફિક ઈન્સ્પેક્ટરે બસની ઓચિંતી તપાસ કરતાં તેમાં ટિકિટ વિના પ્રવાસ કરતા ઉતારુઓ મળી આવ્યા હતા. બાદમાં ફરિયાદી સામે કેસ ચાલ્યો હતો, જે પૈકી પાંચમાંથી ત્રણ ટિકિટની સજા માફ કરાવવા ટ્રાફિક ઈન્સ્પેક્ટરે લાંચ માગી હતી. ફરિયાદીએ આ અંગે લાંચ રૂશ્વત વિરોધી શાખાને જાણકારી આપતાં છટકું ગોઠવાયું હતું, જેમાં આરોપી લાંચ સ્વીકારતો રંગેહાથ ઝડપાયો હતો.

આ કેસમાં ખાસ કોર્ટ (એસીબી)ના જજ કાનાબારે ૪૯ દસ્તાવેજી પુરાવા તથા ૬ સાક્ષી તપાસ્યા હતા, જેમાં આરોપી તકસીરવાર જણાતાં તેને ચાર વર્ષની સખત કેદની સજા તથા દંડ ફટકાર્યો હતો અને જો દંડની રકમ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર તરફે લાંચ રૂશ્વત સંલગ્ન કેસો માટે ખાસ નિયુક્ત સરકારી વકીલ એચ.બી. જાડેજા હાજર રહ્યા હતા. ■

# ભાવનગરમાં બેકાબૂ થયેલી કાર મેયરની ગાડી અને બાઈકને અડફેટે લીધાં બાદ મકાનની દીવાલમાં ઘૂસી



(તસવીર: વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરમાં બેકાબૂ બનેલી કારે મેયરની સરકારી કાર અને બાઈકને અડફેટે લીધાં બાદ મકાનની દીવાલમાં ઘૂસી ગઈ હતી. અકસ્માતની આ ઘટનામાં મેયરના ભાઈ અને મેયરની કારના ચાલકને ઇજા થઇ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના મેયર ભરતભાઈ બરડાના માતાનું અવસાન થયું હોવાથી શુક્રવારે તેમની ઉત્તરક્રિયા માટે તેમના મોટા ભાઈ રાજેશભાઈ બારડ અમદાવાદથી આવ્યા હતા. તેઓ શુક્રવારે રાત્રે ઘર પાસે શેરીમાં ઊભા હતા ત્યારે સફેદ કલરની કાર પૂરપાટ ઝડપે ધસી આવી હતી અને મેયરની સરકારી કારને અડફેટે લીધાં બાદ બાઈકને પણ અડફેટે લીધું હતું અને આગળ મકાનની દીવાલમાં ઘૂસી ગઈ હતી.

આ અકસ્માતમાં મેયરના ભાઈ રાજેશભાઈ બારડ અને મેયરની કારના ચાલક દર્શનભાઈને ઇજા થતાં બંનેને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયા હતા.આ બનાવ અંગે રાજેશભાઈ બારડે કારના ચાલક વિરુદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# સુરેન્દ્રનગરના ભાટિયા ગામમાં રમતાં રમતાં કૂવામાં ખાબકેલા બે ભાઈ-બહેનનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના ભાટિયા ગામમાં બે ભાઈ-બહેન મટુમાના મંદિર પાસેથી રમતાં-રમતાં નીકળી ગયાં હતાં. પરિવારજનોએ શોધખોળ કરતા બંનેના મૃતદેહ નજીકના ભાડિયા કૂવામાંથી મળી આવ્યા હતા. બંનેના મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ ઘટનામાં વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરેન્દ્રનગર જિલ્લાના ભાટિયા ગામમાં ૮ વર્ષનો ભાઈ અને ૬ વર્ષની બેન મટુમાના મંદિર પાસેથી રમતાં-રમતાં નીકળી ગયાં હતાં. તેમના પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરાઈ હતી. આ બંનેના મૃતદેહ ગામની સીમમાં સ્થિત એક કૂવામાંથી મળી આવ્યા હતા. બંને બાળકો રમતાં રમતાં કૂવામાં પડી જતાં મોત નિપજ્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં અનુમાન લગાવાઈ રહ્યું છે. ચુડા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને બાળકોના મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ચુડા સરકારી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

ચુડા નદીકાંઠે મટુમાના મંદિર પાસે રહેતા પ્રતાપ કાવેઠીયાના પુત્ર અને પુત્રી રમતાં રમતાં કૂવામાં પડી જતા મોતને ભેટ્યાં હતાં. બે બાળકોના મોતથી પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતું. આ ગોઝારી ઘટનાની જાણ થતાં ચુડા પોલીસ દોડી આવી હતી અને બંને મૃતક બાળકોની બોડીઓને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ચુડા પોલીસે બાળકોના શંકાસ્પદ મોત મુદ્દે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ધોરાજીમાં મગફળી ભરવા માટેના બારદાન નહીં હોવાથી ખરીદી બંધ રખાતા ખેડૂતો રોષે ભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લાના ધોરાજીમાં નાફેડ અને સરકાર દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી હતી.

મગફળી ભરવા માટેના બારદાન નહીં હોવાથી ખરીદી બંધ કરી દેવાતા ખેડૂતો રોષે ભરાયા હતાં.

બારદાનનો સ્ટોક આવ્યા બાદ ફરીવાર ખરીદી શરૂ કરાશે તેવું નાફેડના અધિકારીઓ દ્વારા જણાવાયું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ જિલ્લાના ધોરાજીમાં સરકાર અને નાફેડ દ્વારા ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી હતી.

મગફળી ભરવા માટે બારદાનનો સ્ટોક ખાલી થઈ જવાથી મગફળીની ટેકાના ભાવે ખરીદી બંધ રાખવાની ફરજ પડી હતી.

રાજ્ય સરકાર અને નાફેડ દ્વારા જે ગુજરાતમાં ટેકાના ભાવે છેલ્લા દોઢ માસથી શરૂ થયેલી ખરીદીમાં માત્ર ૫૦ ટકા જ મગફળીની ખરીદી થઈ હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

બીજી તરફ વાહનો ભરીને મગફળીનો જથ્થો લઈ ધોરાજી માર્કેટ યાર્ડમાં આવેલા ખેડૂતો ખરીદી બંધ થતાં રોષે ભરાયા હતા.

નાફેડના અધિકારીઓએ કહ્યું હતું કે, મગફળી ભરવા માટેના બારદાનનો સ્ટોક ખાલી થઈ ગયો હોવાથી હાલ પુરતી ટેકાના ભાવે થતી મગફળીની ખરીદી બંધ કરવાની ફરજ પડી છે.

સ્ટોક આવ્યા બાદ ફરીવાર ખરીદી શરૂ કરવામાં આવશે. બીજી તરફ સવારથી જ વાહનોની લાઈનો લગાવીને ઊભા રહેલા ખેડૂતો ખરીદી બંધ રખાતા રોષે ભરાયા હતાં. ■